શ્રી.

વડોદરા દેશી કેળવણી ખાતું

# કુમારપાલ ચરિત્ર.

મૂલ સંસ્કૃત ઉપરથી.

શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ
ગાયકવાડ સેનાખાસખેલ સમશેર
બહાદુર એમની આજ્ઞાથી

ભાષાન્તર કરનાર

મણીલાલ નભુભાઈ દ્વિવેદી, બી. એ.

વડોદરા "સરકારી છાપખાના" માં છાપ્યું.

સંવત ૧૯૫૫ સન ૧૮૯૯.

કિંમત ૧૨ આના.

( સર્વ હક્ક સ્વાધીન )

# પ્રસ્તાવના.

શ્રીમંત સરકાર મહારાજા સાહેબની સ્વારી કડી પ્રાંતમાં હતી, તે વખતે પાટણનો પ્રખ્યાત જૈન ભંડાર તેઓ સાહેબના જોવામાં આવતાં તેમાંના ઉપયોગી અને દુર્લભ ગ્રંથોની નકલો લેવાનું તથા તેમાંથી સારા ગ્રંથની પસંદગી કરી તેનું દેશી ભાષામાં ભાષાન્તર કરવાનું ફરમાન થયું.

જન સમૂહમાં કેળવણીનો બોહોળો પ્રસાર દેશી ભાષાની મારફતે થવાનો વિશેષ સંભવ હોવાથી પ્રાકૃત ભાષાઓનું સાહિત્ય (પુસ્તક ભંડોળ) વધારવાની અગત્ય શ્રીમંત સરકાર મહારાજા સાહેબને જણાઇ, એટલે સંસ્કૃત તથા અંગ્રેજી ભાષામાંથી સારાં પુસ્તક પસંદ કરી તેમનું મરેઠી તથા ગુજરાતી ભાષામાં ભાષાન્તર કરાવવાની કિંવા તે આધારે સ્વતંત્ર પુસ્તકો રચાવવાની આજ્ઞા કરવામાં આવી.

કુમારપાલ ચરિત્ર, એ પાટણ જૈન ભંડારમાંથી મેળવેલા ગ્રંથો પૈકી જે જે ભાષાંતર માટે મુકરર થયા છે તે માંહેલો, એક ગ્રંથ છે. અને તેનું ભાષાન્તર રા. રા. મણીલાલ નભુભાઇ દ્વિવેદી પાસે કરાવવામાં આવેલું, પરંતુ તે કેટલાંક કારણોથી તેમની હયાતીમાં બહાર પડી શકેલું નહી. તેથી પાછળથી વે. શા. સં. રા. રા. શાસ્ત્રી અમૃતરામ નારાયણ પાસે તપાસાવી છપાવવામાં આવેલું છે.

J. A. DALAL,

વિદ્યાધિકારી.

શ્રી.

# ઉપોદ્‌ઘાત.

## નમઃસર્વજ્ઞાય.

આપણી ભારત ભૂમી ઉપર પરાક્રમી રાજાઓનાં તથા મહાત્માઓનાં ચરિત્ર લખવાનો સંપ્રદાય પ્રાચીન કાળથી છે એ ચરિત્ર લખવાનો ઉદ્દેશ તો એજ છે કે, લોકો તે ચરિત્ર વાંચી બનતા સુધી પોતાનું વર્તન, તે ચરિત્રમા વર્ણવેલા પરાક્રમી તથા મહાત્માઓની પેઠે રાખે મહાભારત, રામાયણ આદિ ગ્રંથો વાંચીને પણ એજ અર્થ લેવાનો છે જે પાંડવોની પેઠે વર્તન રાખવું, પણ કૌરવોની પેઠે નહી). રામચંદ્રની પેઠે વર્તન રાખવું, એટલે પિતાની આજ્ઞા પાળવી, એક પત્નિવ્રત પાળવું, ઇત્યાદિ; પણ રાવણની પેઠે નીતિવિરૂદ્ધ વર્તન રાખવું નહીં.

ગુર્જર દેશમાં પ્રસિદ્ધિ પામેલા મૂળરાજના વંશમાં જન્મેલો કુમારપાલ પોતે પરાક્રમી, ધાર્મિક, રાજનીતિમાં કુશલ ઇત્યાદિ અનેક વર્ણનીય ગુણવાળો થઇ ગયો. તેનું ચરિત્ર **ચારિત્રસુંદર** કવિએ પદ્યાત્મક કાવ્યમાં રચેલું છે, જેની કવિતા રસમય હોવાથી મનોહર છે.

આપણા વિદ્યાવિનોદી **શ્રીમંત સરકાર ગાયકવાડ શ્રી સયાજીરાવ મહારાજા**ની સ્વારી જ્યારે પાટણની મુસાફરીએ ગઇ હતી ત્યારે, પક્ષપાત રહિત અને પ્રજાહિતને માટે ઉપાયો લેતા એવા પોતે જૈન ભંડારમાંનાં ઉપયોગી પ્રાચીન સંસ્કૃત પુસ્તકો પસંદ કરી તેમનાં ભાષાન્તર કરાવવાનો ઉદાર હુકમ કર્યો. તે અન્વયે એક સંસ્કૃત શોધક ખાતું સ્થાપી તેના ઉપરી તરીકે પ્રો. મણીલાલ નભુભાઇ દ્વિવે-

દીને નિમવામાં આવ્યા હતા, તેમની પાસે આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં ભાષાન્તર કરાવવામાં આવ્યું છે.

આં ગ્રંથમાં **નવ** સર્ગ પાડવામાં આવેલા છે.

**સર્ગ ૧ લોઃ**—વનરાજ રાજાએ વસાવેલા અણહિલ્લ પાટક (પાટણ) શેહેરનું વર્ણન, ત્યાં મૂળરાજના વંશનો ભીમદેવ રાજ્ય કરતો હતો, એને **જયંતી** નામની એક રાણી હતી, અને બીજી **કામલતા** નામની વેશ્યાને તેણે રાણી બનાવી હતી. કામલતાને પેટે ક્ષેમરાજ નામનો પુત્ર થયો. અને જયંતીને શ્રીકર્ણ નામનો પુત્ર થયો. સુતારા નામની મરૂ રાજની કન્યાને ક્ષેમરાજ, અને જયા (મીનલદેવી) નામની કર્ણાટક દેશના રાજાની કન્યાને શ્રી કર્ણ પરણ્યો હતો. શ્રી કર્ણ એના પિતાનો સ્વર્ગવાસ થયા પછી રાજ્યાસને બેઠો. એક વખતે અગણ્ય લાવણ્ય ગુણવાળી માતંગ કન્યા ઉપર તે આશક થયો. તેની સાથે રતીનો લાભ થયા વગર એનું શરીર શોષણ થવા લાગ્યું, એ જોઇ બુદ્ધિમાન મંત્રિએ રાત્રિને સમયે એની રાણી મીનલદેવીને માતંગ કન્યાનો વેષ ધરાવી રાજા પાસે મોકલી. રાજાએ તેની સાથે આનંદ ભોગવ્યો. તે સમયે મીનલદેવીએ યુક્તિથી રાજાના હસ્તની વીંટી કાઢી પોતે હાથે પેહેરી લીધી, અને તે પૂર્ણ કામ થઇ. બીજે દિવસે રાજા ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યો, અને પોતે કરેલા અઘટિત કૃત્યથી દૂષિત થએલા દેહને ચિતાગ્નિમાં આહુતી આપવાનો નિશ્ચય કર્યો. તે સમયે મંત્રીયે પોતાનો પ્રપંચ ખુલ્લો પાડી રાજાને જીવિતદાન આપ્યું.

એ મીનલદેવીએ તે વખતે ગર્ભ ધારણ કરેલો તેથી તેને સિદ્ધરાજ (જયસિંહ) નામે સિંહ જેવો પરાક્રમી પુત્ર થયો. તે કોઇ શુભ મુહૂર્તમાં પોતાની મેળેજ રાજ્યની ગાદીએ બેસી ગયો. તેથી રાજાએ હર્ષ પામી એનો રાજ્યાભિષેક કર્યો. ત્યારે પછી સિદ્ધરાજને નાહની વયનો મૂકી કર્ણ સ્વર્ગે ગયો. બાર વર્ષની વયમાં એણે માલવ દેશપર ચઢાઇ કરી યુદ્ધથી ધારા નગરી (ધાર) નું રાજ્ય સ્વાધીન

કરી લીધું હતુ. જ્યારે તે રાજા નમી પડ્યો ત્યારે પોતે તેનું રાજ્ય પાછું આપી દીધું હતું.

એ સિદ્ધરાજને હેમચંદ્રસૂરી નામના મોહોટા વિદ્વાન્ ગુરૂ હતા તેની પાસે રાજાએ પોતાની કીર્તિ માટે શ્રી **સિદ્ધહેમ** નામનું શબ્દ શાસ્ત્રનું પુસ્તક રચાવ્યું છે. એ પુસ્તકને દૂષિત ઠરાવવા માટે ઘણા વિદ્વાન્ બ્રાહ્મણો મંડયા હતા, પણ શ્રી હેમચંદ્રસૂરીને શારદાની ઉપાસના હતી તેથી એનો વિજય થયો હતો. તેથી એ ગ્રંથ વધારે ભાગે જૈન સાધુઓમાં પ્રસિદ્ધ છે.

સર્ગ ૨ જો:—જયસિંહ રાજા ઘણા સિદ્ધમંત્રો જાણતો હતો તેથી એની બીજી સંજ્ઞા સિદ્ધરાજ એવી પડી હતી. તેની પરીક્ષા માટે **સિદ્ધિ** અને **બુદ્ધિ** એ નામની બે યોગિનીઓ આવી હતી. તેમણે કહ્યુ કે, નામ પ્રમાણે કાંઈ ચમત્કાર બતાવો, નહિ તો નામ મૂકી દો. એ સાંભળી સ્તબ્ધ બની ગએલો રાજા રાત્રિએ વેષાંતર કરી નગર ચર્ચા જોવા નિકળી, શર્કરા કરનાર રત્નસિંહના ઘર આગળ આવી પહોંચ્યો. તે સમયે રત્નસિંહની પત્ની એના સ્વામીને વાત કરતી હતી જે આજે પ્રાત:કાળે બે યોગિનીઓએ આવીને આપણા રાજાને બુદ્ધિથી બાધી લીધો છે, તેમાંથી છૂટવાનો કોઈ ઉપાય હશે? હોય તો કહોએટલે તેણે કહ્યુ કે રાત્રિએ એવી ગુપ્ત વાત થાય નહી આ વાત રાજાને કાને પડવાથી તરત રાજાએ પોતાના મંત્રીને એને ઘેર મોકલી ઉપાય પૂછી લેતાં તેણે છ માસની મુદત માગી, તેની અંદર કંકલોહના હાથાની બે છરીઓ ચળકાટવાલીબનાવી કાશ્મિર દેશના પ્રધાનનો વેષ ધારી **રત્નસિંહ**, રાજાની સભામાં આવીને બેઠો અને તે વેળાએ પેલી યોગનીઓ પણ ત્યાં આવી બેઠી, એટલામાં રત્નસિંહે કહ્યું જે અમારા રાજા શ્રી બાળચદ્રે તમારી પરીક્ષા માટે આ બે કંકલોહની છરીઓ મોકલી છે સાધારણ છરીઓને ખાઈ જાય તે સિદ્ધ કહેવાય અને કંકલોહની છરીઓ જે ખાઈ જાય તે સિદ્ધ-રાજ કહેવાય, એમ કહી સોનાની થાળીમા તે છરિઓ સભા સમક્ષ રાજા આગળ મૂકી. રાજા તે સભાસમક્ષ ખાઈ ગયો,, એથી એ

સિદ્ધરાજ નક્કી ઠર્યો. એ બનાવ જોઈ યોગિનીઓનું સમાધાન થયું અને તે ગઈ. પછી લાંબી મુદતસુધી રાજાએ રાજ્ય કર્યું. કવિઓ એને " કૂટશલ્યવાળો " કરી વર્ણન કરતા હતા.

આણીપાસા ક્ષેમરાજને દેવપ્રસાદ નામે પુત્ર થયો અને તેને **ત્રિભુવનપાલ** પુત્ર થયો તેને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર જેવા **કુમારપાલ, મહીપાલ** અને **કીર્તિપાલ** નામના ત્રણ પુત્ર થયા. સિદ્ધરાજને પુત્રની પ્રજા ન હતી તેથી તેણે શંકરની આરાધના કરી. શંકરે પ્રસન્ન થઈ પ્રત્યક્ષ કહ્યું જે તારા ભાઈનો પૌત્ર કુમારપાલ તારા રાજ્યનો માલિક થશે. એટલું કહી શંકર અંતર્હિત થઈ ગયા, પછી સિદ્ધરાજે વિચાર કર્યો જે કુમારપાલનો વધ કરૂં તો મને શંકર ઔરસ પુત્ર આપે એમ ધારી કુમારપાલને મારી નંખાવવા માણસો મોકલ્યા એટલામાં જાગૃતિવાળો તે પોતાના પરિવારને લઈ ઉજ્જયિનીમાં રહ્યો.. તે પછી સિદ્ધરાજે એને મારી નાખવાના અનેક ઉપાય યોજ્યા પણ પુણ્યશાલી તે હાથમાં આવ્યો નહીં. એકસમયે **સ્તંભતીર્થ** (ખંભાત) માં તે શ્રી હેમચંદ્ર સૂરીને મળીને તેમને નમી તેમની પાસે બેઠો. એટલામાં **ઉદયન** નામનો મંત્રી ત્યાં આવી ગુરૂને પૂછવા લાગ્યો કે આ સુંદર પુરૂષ કોણ છે? ત્યારે પોતે જ્ઞાનબળથી જાણી ઉત્તર આપ્યો કે સંવત ૧૧૯૯ ની સાલ પૂરી થશે ત્યારે એ પૃથ્વીઉપર મહારાજાધિરાજ થવાનો છે. એટલામાં સિદ્ધરાજ ભૂપાલનું સૈન્ય એને મારવા આવેલું જાણી ત્યાંથી નાઠો તે **કોલંબ**પુરમાં ગયો. ત્યાં એક મોહોટા યોગીની સેવા કરવા માંડી, તેમણે પ્રસન્ન થઈ એને રાજ્યપ્રદ મંત્ર આપ્યો. એ મંત્રનો જપ એણે સ્મશાનમાં જઈ શબ ઉપર બેસીને કર્યો, અનેક ઘાતુક પ્રાણિઓ તથા રાક્ષસો વગેરે એને વિઘ્ન કરવા આવ્યા પણ એ નિશ્ચળ રહયો તેથી શ્રીમહાલક્ષ્મી પ્રસન્ન થઈ કહેવા લાગી કે હું તને પ્રસન્ન થઈ છું તને પાંચ વર્ષપછી ગુજરાતનું રાજ્ય મળશે. એટલું સાંભળી રાજ્ય મળવાની વાર છે એમ સમજી દેશ જોવાને નિકળી પડયો તે પલ્લી દેશમાં આવી કોલંબનગરના રાજાપાસે ગયો. ત્યાં રાજાપાસે પો-

તાની કીર્તિમાટે એક શિવાલય કરાવ્યું. ત્યાંથી ફરતો ફરતો તે યોગિનીપુરમાં આવી પહોંચ્યો. ત્યાં તેણે સિદ્ધરાજની સ્વર્ગ ગયાની વાત સાંભળી, પોતાને દેશ જવાને તૈયાર થયો. થોડી મુદતમાં દેશ આવી પોતાની બેનને ઘેર ગુપ્તરીતે મુકામ કરી રહયો.

ત્રિજો, ચોથો, અને પાંચમો સર્ગઃ—જયસિંહ સ્વર્ગે ગયા પછી તેના સેનાપતિ કૃષ્ણભટે કુમારપાલના આવતાં સુધી શત્રુ માત્રનો પરાજય કરી રાજ્ય સંભાળી રાખ્યું. થોડી મુદતમાં કુમારપાલ આવી પહોંચ્યો, અને બીજા એના ભાઇઓ કરતાં પોતાનું વિશેષ પરાક્રમ બતાવી પોતાની મેળેજ રાજ્યાસન ઉપર વિરાજીત થયો. એણે ઉત્તમ ગુણોથી ભરપૂર એવા ઉદયનને મંત્રિપદે રાખ્યો. જેણે જેણે સંકટની વખતમાં સહાય કરેલી તેમને બોલાવી કૃતજ્ઞ એવા તેણે સરા ઇનામ જાગીરો આપી. એક સમયે પોતાની આજ્ઞા ભંગ કરનાર સેનાપતિ કૃષ્ણભટનો સભાવચ્ચે શિરચ્છેદ કર્યો હતો, એથી સર્વ રાજાઓ એનાથી ભયભીત રહેતા હતા. સંગીત, નૃત્ય, સુરતોત્સવ, વિદ્વદ્ગોષ્ટી, દોલાધિરોહ, અને જલક્રીડા એ આદિ અનેક વિનોદ કરતાં અર્થિ જનોના કલ્પદ્રુમ જેવા કુમારપાલ ભૂપાલે આનંદમાં બહુદિવસ કહાડયા. એક વખતે કોંકણ દેશના મલ્લિકાર્જુનની "નૃપપિતામહ" તરીકે કીર્તિ સાંભળી મંત્રિપુત્ર અંબડને સૈન્યસાથે મોકલી ગર્વે ચઢેલા તે રાજાનો યુદ્ધ કરાવી નાશ કરાવ્યો, અને તેનું ૧૪ કોટી દ્રવ્ય, શ્વેતહસ્તી, દશહજાર અશ્વ વિગેરે સંપત્તિ પોતાને સ્વાધીન કરી. પછી ગુરૂ શ્રી હેમચંદ્રસૂરીની આજ્ઞાથી એ રાજાએ દ્યૂત, માંસ, સુરા, વેશ્યા, શિકાર ચોરી અને પરદારાગમન એ સાત વ્યસનોનો ત્યાગ કર્યો, અને ગુરૂના સમાગમથી અનેક શાસ્ત્રોમાં તથા ધર્મવિદ્યામાં તે ઘણો કુશળ થયો. એક સમયે દેવબોધ નામના પંડિતે હેમચંદ્રસૂરીનો પરાજય કરવાના હેતુથી એ રાજા પાસે આવી યોગશક્તિથી રાજાનું મન શૈવ સંપ્રદાયનો ધર્મ પાળવામાં દોર્યું. તે સમયે હેમચંદ્રસૂરીએ પદ્માદેવીની ઉપાસનાના બળથી પંડિતનો પરાજય કરી જૈનધર્મનું પ્રતિપાદન

કરી વૈદિકધર્મનું ખડન કર્યું, અને રાજાને જૈનધર્મનો ધુંરંધર બનાવ્યો.

સર્ગ છઠ્ઠો:—ચૌલુકયવંશના રાજાઓની કુળદેવી કંઠેશ્વરી નામની દેવી હતી. તેને નવરાત્રિમાં પડવાને દિવસે સો બકરા અને એક પાડો મારવામાં આવતાં અને બીજથી અનુક્રમે તે, દ્વિગુણ ત્રિગુણ એમ નવ દિવસ બળિદાન અપાતું હતું. હેમચંદ્રસૂરીએ એ દેવીને પ્રત્યક્ષ બોલાવી હિંસાનું નિરાકારણ કરવામાટે દયા પ્રધાન વચનોથી તેની સ્તુતિ કરી પણ દેવીને તે વાત રૂચી નહી તેથી દેવીના મંદિરમાં મદોન્મત નવ પાડાઓ અને નવસો બકરા પુરાવી દેવીની પ્રતિમાને પાદપ્રહાર તથા છાણ વિગેરેના લેપથી હેરાન કરાવી. દેવી રાજભવનમાં જઈ અરે દુષ્ટ ભૈરવીને ઓળખતો નથી, એમ રાજાને પાદપ્રહાર કરીને કહયું, અને રાજાનું શરીર દુર્ગંધમય કુષ્ટથી પીડાતું કરી દીધુ. તેને ગુરૂએ મંત્રોદક છાંટી રોગરહિત કર્યું; અને મુનિએ મંત્રશક્તિથી દેવીને અત્યંત સંકટમાં નાખી તેથી તે રાજાની શરણ ગઈ. રાજાએજ ગુરૂની પ્રાર્થના કરી કુલદેવીને સંકટમાંથી મુક્ત કરાવી. એઉપરથી ગુરૂના ઉપદેશ ઉપર સંપૂર્ણ વિશ્વાસવાળા તેણે જીવદયાનું વ્રત લીધું, અને પોતાના રાજ્યમાં મારીનો નિષેધ કરવામામાટે ઢોલ વગડાવી સાદ પડાવ્યો, તેમાં કેહેવડાવ્યું જે પ્રાણિહિંસાની વાત મનમાં પણ જે ધારશે તેનો ઉગ્રદંડ કરવામાં આવશે. એક સમયે કુમારપાલે કાશીના રાજા જયચંદ્રને પત્ર લખી તેના રાજ્યમાં જીવદયા પ્રવર્તાવી અને એક લક્ષ જાળો પોતાના પત્તનોદ્યાનમાં બાળી દીધી. પોતાના દેશમાં જીવદયા પ્રવર્તાવવા માટે પંચકુળની મંડળી સ્થાપી હતી તેણે સપાદલક્ષ દેશના મૂર્ખ વાણિઆની સ્ત્રીએ માથામાંથી જૂ કહાડીને મારી નાખી તે વાત પંચકુળની મંડળીએ રાજાઆગળ રજુ કરતાં તેનો એક લક્ષ રૂપિયાનો દંડ કરી યૂકાવિહાર કરાવવાનો રાજાએ હુકમ કર્યો. કુમારપાલને દેવળદેવી નામની બહેન હતી તેને શાકંભરીશ નામે આનરાજા પરણ્યો હતો, તેની સાથે દેવળદેવી

પાસાથી રમણ કરતી હતી. એક પ્રસંગે " સોગટીને હું મારી નાખુ છું, " એવો શબ્દ આનરાજાના મુખથી નિકળતાં દેવળદેવીએ કહયું જે દિગ્વિજયથી અને સર્વત્ર અહિંસા પ્રવર્તાવનારા મારા બંધુનું સ્મરણ કરીને બોલજો, કારણ તેમણે અહિંસામાટે સાદ ફેરવ્યો છે. તેઉપર તેનાં મર્મ વચન કુમારપાલનો તિરસ્કાર કરનારાં નિકળ્યાં અને દેવળદેવીને પાદપ્રહારનો માર આપ્યો. તેથી રિસાઈ પોતાને પિએર ગએલી દેવળદેવીએ એકાંતમાં પોતાના બંધુને સર્વ ઇતિહાસ સંભળાવ્યો તેથી રોષાવિષ્ટ થએલા નરેશે એકદમ સેનાસહિત જઈ તેનો પરાજય કરી મારી નાખવા માંડયો તે વેલાએ દેવળદેવીએજ પોતાના સ્વામીની ભિક્ષા બંધુપાસે માગીને સ્વામીને બચાવ્યો. એ પછી હિંસાની વાત તે ભુલી ગયો. દેવળદેવીની સાથે બહુમાનથી વર્તવા લાગ્યો. એ પ્રમાણે આખા પૃથ્વીમંડળને જૈનધર્માનુરત કરી મૂક્યું. પોતાની આજ્ઞામા વર્તતાં વિપુલ એવાં અષ્ટાદશ રાજ્યમંડળોમાં મારીનો નિષેધ કકી કીર્તિસ્તંભ જેવા ચૌદસો વિહાર કરાવ્યા એક સમયે સુસર નામના સૌરાષ્ટ્ર દેશના અધિપતીએ પોતાની જીભના સ્વાદને માટે એક બકરૂ માર્યું. તેનો નિગ્રહ કરવાને સેનાસમેત પોતાના મંત્રિ ઉદયનને મોકલ્યો. તે પોતાની સેનાને પ્રથમ વીરપુરમાં મૂકી સિદ્ધાચલની યાત્રા કરવા તે ગયો. ત્યાં શ્રી ઋષભદેવજીને નમ્યો એટલે હર્ષાશ્રુ આવ્યાં તે મિષે તેણે સંસારને જલાંજલિ આપી. એકાગ્રચિત્ત ઇશ્વરનું ધ્યાન કરતો બેઠો હતો તેવામાં એક ઉંદરને દિવાની બળતી દિવેટ લઇને ઉંચે ચઢતો જોઇને મંત્રિએ વિચાર કર્યો જે આ લાકડાનું બનાવેલું ચૈત્ય થોડા દિવસમા દગ્ધ થશે એવુ આ ચિન્હ છે, માટે મારે રાજાનું કાર્ય કર્યાપછી અહીં આવી આ લાકડાના ચૈત્યને બદલે પાષાણનું ચૈત્ય બનાવવું, એવો નિયમ કરી સુસરની સાથે લઢવા ગયો. ત્યાં રણાંગણમાં બાણગણથી ભેદાએલા શરીરવાળા સુસર રાજાએ પ્રાણ મૂક્યો. મંત્રીપણ બાણથી ભિન્ન શરીર થયો હતો તે વખતે પોતાનું શરીર નહી રહે એમ ધારી પાસેના માણસોને પોતે પાષાણનું ચૈત્ય કરાવવાનો હેતુ કહી બતાવ્યો, અને

શત્રુનુ મસ્તક રાજા કુમારપાલને સ્વાધીન કરવાનું કહી પોતે દેહ મૂકયો. ત્યારે પછી એ વાત રાજાએ જાણ્યા પછી ઉદયનના પુત્ર ઉદ્ભટ વિક્રમવાળા વાગ્ભટને મન્ત્રિપદ આપ્યુ

સર્ગ ૭ મો:– વાગ્ભટે પોતાના પિતાની પ્રતિજ્ઞા સિદ્ધ કરવામાટે સિદ્ધાચલ ઉપર સર્વ કરતાં શ્રેષ્ઠ ચૈત્ય કરાવ્યુ. પણ તે બે વર્ષ પછી પવનના જોરથી પડી ગયું તે વાત વાગ્ભટે જાણી. તેનું કારણ શિલ્પિઓને પૂછી અને તે ફરીથી ન પડે એવી યોજનાથી ત્રણ વર્ષમાં ચિત્રવિચિત્ર ચૈત્ય ફરીથી કરાવ્યું એ મનોહર ચૈત્યને જોવા માટે સિદ્ધાચલ નજીક વસાવેલા **વાગ્ભટપુર**માં કુમારપાલ આવ્યો અને તે ચૈત્યને જોઇને પરમ આનંદ પામ્યો, અને પોતાના પિતાના શ્રેયમાટે પોતે પણ એક ઉત્તમ ચૈત્ય તે પર્વત ઉપર કરાવી તેમાં શ્રી **પાર્શ્વનાથ**ની પ્રતિષ્ઠા કરી. તેજ પ્રાસાદમાં મંત્રિએ **વામેય**બિંબનુ સ્થાપન કર્યું. સંવત ૧૨૧૧ પછી મંત્રીએ જિન ચૈત્યનો ઉદ્ધાર કરાવ્યો. વળી મંત્રીએ દેવતાની કૃપાથી એ પર્વત ઉપર શુકવિઆર પાષાણમય કરાવ્યો, તેમાં સુવ્રતની લેપ્યમય મૂર્તિની સ્થાપના કરી. પછી મંત્રીની પૂર્ણ યોગ્યતા ધારી રાજાએ એના ઉપર સમસ્ત રાજ્યનો ભાર નાખી પોતે ગુરૂશુશ્રૂષા કરતાં ધર્મ ધ્યાનમાં આસક્ત થયા.

સર્ગ ૮ મો:—એક વખતે ગુરૂની વંદના માટે ગએલા કુમારપાલને **સોમશર્મા** નામના બ્રાહ્મણે અંતરિક્ષમાંથી આવીને ઇંદ્રનો સંદેશપત્ર આપ્યો, જેમાં એવો લેખ હતો કે "હે ભૂપાલ! તેં વિષ્ણુના મત્સ્ય, કચ્છ, વરાહ વગેરે અવતારો ઉપર જીવદયા પ્રવર્તાવવાથી ઘણો ઉપકાર કર્યો છે" આવા પત્રથી રાજાની ઘણી કીર્તિ વધી હતી. પ્રસંગાનુસાર આવેલા વિશ્વેશ્વરાદિ કવિઓને રાજાએ ઘણાં દાન આપ્યાં અને આખીપૃથ્વી ઉપર જિનધર્મનું સ્થાપન કર્યું.

સર્ગ ૯ મો:—એક સમએ રાજાયે ગુરૂને પૂછ્યું કે પૂર્વ ભવમાં હું કોણ હતો જેથી આ ભવમાં હું આ સ્થિતિને પામ્યો છું?

એ સાંભળી ગુરૂએ કહ્યું જે આ વાતની કોઇને ખબર પડતી નથી છતાં રાજાએ આગ્રહ કરીને પૂછ્યુ ત્યારે ગુરૂએ પદ્માવતી દેવાની પ્રાર્થના કરી; એટલે તે આવીને કહેવા લાગીજે મારૂ સ્મરણ, શામાટે કર્યું! ત્યારે ગુરૂએ તેને વૃતાંત કહિ સભળાવ્યો તેથી દેવી રાજાના પૂર્વ ભવનો તપાસ કરવા વિદેહ નામના ક્ષેત્રમાં જઇ સીમંધર નામના જિનને નમી તેણે હેમચંદ્રસૂરીની ઇચ્છા જણાવી ત્યારે સર્વજ્ઞ એવા જિનભગવાને કુમારપાલના પૂર્વભવનો ઇતિહાસ સંભળાવ્યો. તે જાણી દેવી ગુરૂપાસે આવી સીમધરે કહેલો ઇતિહાસ સંભળાવ્યો અને દવી અંતર્ધાન થઇ ગઇ. બીજે દિવસે ગુરૂએ રાજાને પદ્માદેવીએ કહેલો વૃતાંત કહી સંભળાવ્યો.

સર્ગ ૧૦ મો:—મૂળરાજાના વંશના રાજાઓને અંતસમયે "લક્ષન રેશની માતાના શાપથી સતીના અપમાનને લીધે દુષ્ટ એવો કુષ્ટરોગ થતો આવેલો તે આ કુમારપાલને એકાએકી થઇ આવ્યો. તેથી રાજાને ઘણો અજંપો થયો. આ પીડાથી રાજાએ ગુરૂને કહ્યું કે આ રોગથી મુક્ત થવાનો ઉપાય કહો. ત્યારે તેમણે વિચાર કરીને કહ્યું જે તુ તારા રાજ્યાસનઉપર જેને બેસાડે તે આ રોગથી પીડાય અને મરણ પામે અને તારૂ શરીર સારૂ થાય. ત્યારે રાજાએ ઘણો વિચાર કરીને જોતાં એમાં હિંસાનો પ્રસંગ છે માટે એ એને ઠીક પડયું નહિ અને પોતેજ પોતાના દેહનો અંત આવવાનો વિચાર કર્યો. ત્યારે ગુરૂએ કહ્યું જે હુંજ તારી ગાદીએ બેસી તારો રોગ લઉ છું અને પછી યોગબળથી તેનો નિકાલ કરીશ. એ વાત સાંભળી રાજા હર્ષ પામ્યો અને વિધિ પૂર્વક ગુરૂનો રાજ્યાભિષેક કર્યો. એટલે તરતજ કુષ્ટરોગ રાજાને મૂકીને ગુરૂને વળગ્યો. યોગબળથી ગુરૂએ તેને દૂધીના પાત્રમાં નાખી અંધ કૂપમાં તે પાત્ર નાખી દીધું અને ગુરૂનુ શરીર નિરામય થઈ ગયું. આથી રાજા ઘણો પ્રસન્ન થયો હતો. થોડા વખત પછી રાજાએ મનુષ્ય જન્મનો સાર મેળવવામાટે યાત્રા કરવા જવાનો વિચાર કર્યો, એ ઉપરથી ગુરૂએ એને **સંઘેશનું** પદ આપ્યું. યાત્રા જવાના પ્રસંગમાં આવી

પડતાં અનેક વિઘ્નો ગુરૂએ દૂર કરાવ્યાં અને યાત્રા ગયો, ત્યાં સર્વે જીનોની સ્તુતિ કરી અનેક યાત્રાઓ કરી આનંદ પૂર્વક ઘેર આવ્યો.

વાગ્ભટ અને અભ્રભટ એ બે મંત્રીઓ બધી રાજ્યની ચિંતા રાખતા હતા અને રાજા ધર્મપરાયણ રહી સત્કર્મ કરવા લાગ્યો. એવામાં અકસ્માત્ ઉદયનનાએ બે પુત્રો મરણ પામ્યા, આથી સર્વેને ઘણો શોક થયો.

શ્રીહેમચંદ્રસૂરીએ પણ ૮૪ વર્ષ સુધી આયુષ્ય ભોગવી અવસાન સમય પાસે આવ્યોછે માટે અનશન ગ્રહણ કરી તપમાં ઈશ્વરનુ આરાધન કરવા લાગ્યા એ વેળાએ રાજા શોકપૂર્ણ થઇ ગુરૂને કહેવા લાગ્યો કે મને અહી મૂકીને ક્યાં જાઓ છો!

એટલે ગુરૂએ કહ્યું જે તારૂ આયુષ્ય હવે છ માસનું છે એટલે તે પછી તું પણ સ્વર્ગમાંજ આવશે. એમ કહી વીતરાગનું સ્મરણ કરતાં સૂરી સ્વર્ગે ગયા. છ માસ પૂર્ણ થયા પછી કુમારપાલને પોતાના ભાઈના દિકરાએ વિષ આપવાથી એનુ શરીર સૂકાવા લાગ્યું એટલે વીતરાગનું સ્મરણ કરતા ૮૬ વર્ષસુધી જીવી કુમારપાલ સ્વર્ગે ગયો.

ઉપર પ્રમાણે ૧૦ સર્ગોનો સાર છે.

અ. ના. શાસ્ત્રી.

# શ્રી કુમારપાલ ચરિત્ર.

જેના ચરણની સેવા અદ્ભુત ફલને આપનારી હોઈ લક્ષકલ્પદ્રુમોથી પણ અધિક છે. એવા અચિંત્યમાહાત્મ્યનિધિ શ્રીજિનેશ્વર નિત્યે મંગલ આપો. ૧

જેના પ્રસાદરૂપી નાવને પ્રાપ્ત કરીને સત્પુરુષો અખિલવાઙ્મય સમુદ્રને તરી જાય છે, તે, જાડ્યરૂપી અંધઃકારના સમૂહના સૂર્ય જેવી શારદા મને સર્વદા વરદા થાઓ. ૨

અધર્મ માર્ગની સફલતાને નિષ્ફળ કરી જેણે જૈનધર્મને વિશુદ્ધ કર્યો એવા ભવીઓની તંદ્રાને ઉરાડી દેનાર મુનીન્દ્ર શ્રી હેમચન્દ્ર અમને ભદ્ર કરો. ૩

પરોપકાર ઉપરજ જેમનું ચિત્ત નિબદ્ધ છે એવા સત્પુરુષો મને સારી રીતે પ્રસન્ન થાઓ, પોતાની સુધામય વાણીથી તેજ સમગ્ર કાવ્યદોષરૂપ વિષને હરે છે. ૪

સકલ દોષાન્ધકારને હણીને સકલ શુદ્ધ શાસ્ત્રને રચે છે, એવા સર્વદા સાધુજનોના મુખને આનંદ આપતા મિત્ર સમાન સજ્જનો વિજયી થાઓ. ૫

મનોહર અને સદ્ગુણહારથી સુંદર એવી ગુણલતાને તજીને અસત્ એવી દોષલતાને, આ જગત્‌ને વિષે, અરાઢે અંગે વાંકા એવા ઉંટની તેમ ખલની અતિ લૌલ્યવાળી જીભ, સર્વદા સેવેછે. ૬

કઠોર, કૃપણ, કટુ, નિઃસ્નેહ, એવા ખલની પણ નિંદા શામાટે કરવી? ગોમંડલના ઉત્તમ ઉપકારના યોગથી તે પણ ગોરસવૃદ્ધિનો કરનાર થાયછે. * ૭

---

* ખલ એટલે ખોળ, અને ખલ પુરુષ. નિઃસ્નેહ એટલે ખોળ તેલ વિનાનો, અને ખલ સ્નેહ વિનાનો. ગોમંડલ એટલે ગાયોનો સમૂહ,

અથવા ઉગ્ર સ્વભાવવાળા ખલનું મારે શું કામ છે? મને કૃતી એવા સજ્જનો સ્વીકારશે તોજ સંતોષ છે; જેને નિશાનાથ વિકાસ પમાડે છે તે કુમુદને અંધકારથી શો બાધ થવાનો છે? ૮

કાવ્ય અલંકાર નાટક ઇત્યાદિના રસિકજનોનાં હૃદયકમલને આલ્હાદ કરે તેવી અમારામાં પટુતા નથી. કે વ્યાકરણાદિ શાસ્ત્ર માર્ગમાં પણ નિર્મલ બુદ્ધિ નથી, તેમ માર્ગમાં પણ અતિ નિષ્ઠતા છે, છતાં વાણીને કૃતાર્થ કરવા સારુ શ્રી ચૌલુક્યનાં ચરિત્રના ધન્ય એવા કીર્તનની રુચિ કરી છે. ૯

બીજા મહીમહેન્દ્રો સતેપણ દયાશ્રય અને સુભગાગ્રણી એવો પરમાર્હત અને જગજ્જંતુમાત્રના પિતામહ જેવો શ્રી કુમારપાલ વિજયી થાઓ. ૧૦

સુરનદીની પેઠે પીતાંજ જે સમસ્ત જગતને વિમલ કરે છે, તાપ માત્રને હરેછે, એવી સફળ સ્વરૂપવાળી તેની સુંદર કથા, મારી વાણીને રસપૂર્ણ અને અદોષ કેમ નહીં કરે? ૧૧

લક્ષ્મીનો નિવાસ, રુચિર પ્રદેશવાળો, અને સુકૃત માત્રે જેમાં પ્રવેશ કરવાથી પાપનો લેશ પણ જેને સ્પર્શતો નથી, એવો ગુર્જર નામે દેશ છે. ૧૨

---

અને ગોમંડલ એટલે વાણી વિલાસ, એમજ ગોરસ પણ જાણવું. શ્લોક સારો છે —

किं निन्द्यते सोऽपिखलःकटोरः
कृष्णःकटुः स्नेहविवर्जितागः।
गोमंडलोच्चैरुपकारयोगात्
संजायते गोरसवृद्धिकृद्यः।

ભાવ એવો છે કે ખલલોકો દોષારોપ ન કરતા હોત તો વાણીનો તત્વરૂપ રસ પણ કેમ પ્રસિદ્ધ થાત.

નદીઓમા ગંગા, દેવતામાં ઇન્દ્ર, પર્વતોમાં મેરુ, રાજાઓમાં ચક્રવર્તી, હાથીમાં ઐરાવત, તેમ દેશમાત્રમા એ દેશ પ્રધાન છે. ૧૩

દાન, માન, નય, એ સર્વથકી તે પૃથ્વી ઉપર સર્વ દેશના આ ભૂષણ રૂપે થયો છે, અને તે સમુદ્ર જેમ જલમાત્રની સીમા છે તેમ સદાચારની સીમારૂપ થયેલો છે. ૧૪

જ્યાં સ્વસ્વકાલે વૃક્ષો ફલેછે, કામિનીઓના ગર્ભ ગળતા નથી, પુરુષોને ઘણું વિત્ત મળે છે, ને કદાપિ જનોના ગૃહ ખળતાં નથી. ૧૫

ગામ જ્યાં મ્હોટાં મ્હોટાં છે, પુર સ્વર્ધામ જેવાં છે, લોકરાજા જેવા છે, ને રાજા મહેન્દ્ર જેવા છે. ૧૬

શ્રી વનરાજ રાજાએ જેની પ્રૌઢ પ્રતિષ્ઠા કરેલી એવુ ઉત્તમ પ્રતિષ્ઠાવાલુ ત્યાં અણહિલ્લ પાટક નામે નગર છે, ત્યાં આતંક માત્રથી વિમુક્ત અંતઃકરણવાળા, નિત્ય પોતાના અભિલાષની પૂર્ણ તા પામતા, ઉજ્જ્વલ કાંતિવાળા, આશ્ચર્ય ઉપજાવે તેવા દેવ જેવા માણસો વસે છે. ૧૭

ત્યાં ધ્વજાશ્રેણિથી વિરાજમાન એવી આકાશને અડકેલી પ્રાસાદશ્રેણિ જોઇને, આકાશ માર્ગે જતો પણ સૂર્ય પોતાનો રથ ભાંગી જવાની શંકાથી ડરે છે. ૧૮

ત્યાંની નારીઓનાં નયન અને વદનથી કમલ અને ચંદ્ર પરાજિત થયાં છે એમ હું માનુ છું કેમકે એક જઈને જલરૂપી દુર્ગમા વસ્યુ છે ને બીજો આકાશમાં ભમે છે. ૧૯

ત્યાં ગોખમા બેઠેલી સુંદર નારીઓનાં દશદિશાને પ્રભાથી ભરી દેતાં અને ચંદ્રબિંબ જેવાં વદનોથી રાત્રીએ આકાશ સહસ્ર ચંદ્ર-વાળું હોય એવુ દેખાય છે. ૨૦

ત્યાં ઉત્તમ જિનેન્દ્ર ચૈત્યો સ્વર્ગની નિસરણી જેવાં શોભે છે; અને પવનથી ઉડતી તેમની ધ્વજાઓ જાણે સ્વર્ગનીજ તર્જના કરી રહી છે.

ત્યાં રાજહંસ વિના અન્ય સરોગ નથી, ચંદ્રમાવિના અન્ય દોષાકર નથી, ભૃંગવિના અન્ય મધુપ નથી, સર્પવિના અન્ય દ્વિજિહ્વ નથી. * ૨૨

પ્રદીપપાત્રવિના અન્યત્ર ત્યાં સ્નેહક્ષય દેખાતો નથી, અને વાડવિના અન્યત્ર કંટકો જણાતા નથી. ૨૩

દાન, માન, કલાવ્રજ, રૂપ, સૌખ્ય, એ સર્વને વિષે, સ્વધર્મનિરત તત્રજનો, ધર્મોન્નતિવાળા દેવતાઓને પણ હસે છે. ૨૪.

તે શ્રીપત્તનને વિષે શ્રીમૂલરાજાન્વયનો શિરોમણિ, શત્રુરહિત, વસુધાધિપતિમાં મુખ્ય, સ્વવીર્યથી બહુમાન પામેલો, એવો શ્રીભીમ રાજા હતો. ૨૫

અભિજાત, પરાક્રમી અને ઇંદ્ર જેવો શ્રીભીમદેવ પૃથ્વીનું પાલન કરતો હતો તે સમયે તેના શત્રુના હૃદયરૂપી વનને મૂકીને બીજે કોઈ સ્થાને ભીતિનું, સ્થાન હતું નહિ, અને તેના શત્રુની નારીઓનાં નયન નિત્ય નીર વરસાવતાં તેને મૂકીને બીજે કોઇ સ્થાને અતિવૃષ્ટિ થતી ન હતી. ૨૬

તે ભૂપને શરીર સૌંદર્યથી ઉત્તમોત્તમ એવી જયતી નામે રાણી હતી; તે અગણિત એવા લાવણ્ય ગુણ પૂર્ણ હોઈ પરમ પ્રીતિપાત્ર હતી. ૨૭

તેની સાથે વૈષયિક સુખ ભોગમાં તે ઘણો સમય કાઢતો હતો, અને મંત્રી ઉપર સમસ્ત રાજ્યભાર નાખી કાંઈપણ રાજ્ય કાર્ય કરતો નહતો. ૨૮

જોવા યોગ્ય એવી કોઇ એક કામલતા નામની વેશ્યાને રાજાએ એકવાર દીઠી, અને તેને રસાંધ થઈ તેણે રાણી બનાવી, કામાતુર નર શું નથી કરતા ! ૨૯

---

* સરોગ=હંસપક્ષે સરસ્ નામ સરોવર તેને વિષે જનાર, અને લોકપક્ષે રોગ સહિત. દોષાકર=દોષાનામ રાત્રીનાકર તે દોષાકર, ચંદ્ર; અને લોકપક્ષે દોષનો આકર. મધુપ=ભ્રમર દારૂપીનાર. દ્વિજિહ્વ=સર્પ, બે જીભવાળો, ચાડિયો.

રતિ અને પ્રીતિજેવી તે બે રાણીઓ સાથે કામદેવ જેવો રાજા સુખ ભોગવવા લાગ્યો; યોગી જેમ પરમાત્મ તત્ત્વમાં લીન થઇ જાય તેમ રાજા પરમાનંદ ભોગવવા લાગ્યો. ૩૦

કાળ જતાં સૂર્યની કાન્તિને પણ પરાસ્ત કરે તેવી કાન્તિવાળો એક પવિત્ર પુત્ર કામલતાને થયો, તેના જન્મથી રાજાનુ નિરપત્યતા દુ:ખ નિતાન્ત નાશ પામ્યું. ૩૧

રાજાની બીજી પ્રિયાને પણ પૂર્વ દિશામાંથી સૂર્ય કે મેરૂ અલા ઉપર કલ્પવૃક્ષ તેવો શત્રુ માત્રના શૌર્યનો પરાભવ કરનારો કુલાનુરૂપ અતિ ઉત્તમ કાન્તિવાળો પુત્ર થયો. ૩૨

કુલનું અવશ્ય ક્ષેમ કરશે, ક્ષણ માત્રમાં રિપુઓનો પરાજય કરવાને પણ એ સમર્થ થશે, એમ ધારીને શુભાશયવાળા રાજાએ પ્રથમના પુત્રને **ક્ષેમરાજ** એવું નામ આપ્યુ. ૩૩

દાન, માન, બળ, એ સર્વને વિષે આ કર્ણની બરાબરી કરશે એમ સમજીને રાજાએ બીજા પુત્રનું **શ્રીકર્ણ** એવુ વર્ણન કરવા યોગ્ય નામ પાડ્યુ. ૩૪

અશ્વિનીકુમાર જેવા તે બે કુમાર પરસ્પર ઉપર પ્રીતિ રાખતા ઉછરતા હતા તે જોઇ માતા પિતાના મનમાં હર્ષ માતો નહતો. ૩૫

બુદ્ધિવાળી ધાત્રીઓએ એમને સત્વર પરમ વૃદ્ધિએ પહોચાડયા, અને ક્રમે ક્રમે તે સચ્છાસ્ત્ર નિપુણ પણ થયા, એમ કરતાં કામરૂપી હંસના માનસ સરોવર જેવુ, લાવણ્યલીલાનુંવન, નારીનેત્ર રૂપી ચકોરના ચંદ્ર જેવું, યોવન તેમને પ્રાપ્ત થયુ. ૩૬.

ગુણ બીજને પોષનારી એવી સુતારા નામની મરૂરાજ કન્યાને પિતાની આજ્ઞાથી મહા મહોત્સવ પૂર્વક, દક્ષમાં મુખ્ય એવો શ્રી ક્ષેમરાજ પરણ્યો. ૩૭

પોતાની રૂપ કાન્તિથી લક્ષ્મીનો પણ પરાજય કરનારી, સુવર્ણને પણ પોતાના વર્ણથી તિરસ્કાર પમાડતી, એવી જયા નામની કર્ણાટ રાજકન્યાનું પાણિગ્રહણ કર્ણે કર્યું. ૩૮

પુત્રોની રાજ્યની વ્યવસ્થા કરી આપવાની તૈયારી કરતો રાજા ક્ષણવારમાંજ મરણ પામ્યો, પુરૂષ પોતાના ચિત્તમાં કાંઇક ચિંતવે છે, દૈવ સહજમાંજ કાંઇકિ બીજુ કરી દે છે. ૩૯

તાતના મરણ પછી રાજ્ય ધુરધર સતે પણ ક્ષેમરાજે પોતાના પિતાની આજ્ઞાનુસાર વર્ણમાત્રને આનંદ પમાડતા કર્ણનો રાજ્યાભિષેક કર્યો. ૪૦

ઉગ્ર સત્તાવાળા પોતાના મ્હોટાભાઈ ઉપર સર્વ રાજ્ય ચિંતા નાંખીને પંડિત જનોને ઋણમુક્ત કરી સારી રીતે શાસ્ત્ર વિચાર કરવામાં આનંદ પામવા લાગ્યો. ૪૧

સદ્વર્ણ ચિંતામણિ વિદ્વાનો રૂપી કમલોને વિકાસનાર દિવસમણિ, ભૂમીશચૂડામણિ એવા કર્ણનું કવિયો શું વર્ણન કરે ? તાપ માત્રને નસાડી મૂકતી જેની ચારે દિશાએ પ્રસરતી કીર્તિરૂપી નદીમાંથી અદ્યાપિ પણ અતૃપ્ત એવા જનો શ્રોત્રદ્વારા રસ પીધાં કરે છે. ૪૨

ગોપીનાં પીન પયોધરથી અહિત એવા શ્રીકૃષ્ણના વક્ષઃસ્થળને તજીને લક્ષ્મી તારાંજ નયનને પંકજ સમજી તેમાં વાસો વસી છે એમ લાગે છે. કેમકે હે કર્ણ નરેન્દ્ર ! જ્યાં જ્યા તારી ભ્રૂવલ્લીનો ઈશારો પણ થાય છે ત્યાં ત્યાં પોતાનો નાશ થવાની ભીતિથી દારિદ્રય મુદ્રા રોદન કરવા લાગે છે. ૪૩.

એમ કવિકુલ ગોષ્ટીથી ચિત્તને નિત્યરંજન કરતો કર્ણરાજ સમય વ્યતીત કરવા લાગ્યો, અને વિદ્વાનોને પ્રતિદિવસ દાન કરતાં અભિમતદાતા એવાં કલ્પવૃક્ષોનો પણ પરાજય કરવા લાગ્યો. ૪૪

## કુમારપાલ ચરિતે વંશ વર્ણને પ્રથમો વર્ગઃ

કાશ્મીર પતિએ કર્ણને પોતાની પુત્રી મીણલદેવી નામની પરણાવવા મોકલી, અને તેની સાથે તેણે લોકને વિસ્મય પમાડે તેવા મહોત્સવ પૂર્વક, પોતાનું લગ્ન કર્યું. ૧

કેટલાક સમય સુધી ભૂપાલ કાંઇપણ સંકોચ વિના તેની સાથે વિલાસ કરવા લાગ્યો, પણ બહુ પ્રિયાવાળા તેને તે શ્યામા વિભાગ્ય યોગે કરીને અપ્રિય થઈ પડી. ૨

ગુણ રાશી તે પ્રીતિ હેતું નથી, ગમે તેને ગમે તે અભીષ્ટ થઈ પડે છે, ધંતૂરો મહેશ્વરને પ્રિય લાગે છે અને સદ્‌ગુણ પૂર્ણ એવો કેવડો લાગતો નથી. ૩

વિરક્ત ચિત્તવાળો નૃપતિ પછી એ શીલવતીનું નામ પણ દે નહિ, અને બીજી પ્રિયાઓ સાથે નિશ્ચિત થઈ વિલાસ સુખ ભોગવે. ૪

બાલ, અબલા, મૂર્ખ, રાજા, નટ, વાનર, વેશ્યા, ચોર, ચર, અલક્તક, વંચક, એટલા ક્ષણ રાગી જાણવાં. ૫

એકવાર ગોખમાં બેઠો બેઠો દક્ષ એવો રાજા નગર ચર્ચા જોતો હતો, તેવામાં કોઈ માતંગ નારીએ તેના આગળ મધુર સ્વરથી ગાન આરંભ્યું. ૬

અગણ્ય લાવણ્ય ગુણવાળું તેનું સ્વરૂપ જોઇને રાજા સ્મરાતુર થઈ ગયો અને પોતાની નારીઓને વિચારહીન એવો તે ભુલી ગયો. ૭

ભોગ ભોગવે નહિ, રસ ચાખે નહિ, ચિંતામાં ગ્રસ્ત રહે, કાંઇ પણ બોલે નહિ, રાતે નિદ્રા લે નહિ, એમ તેના ઉપર રક્ત થઈ રાજા અશક્તવત થઇ ગયો. ૮

ધર્મ માર્ગને દર્શાવનાર વિવેક દીપ હૃદયમાં ત્યાં સુધીજ પ્રકટેલો રહે છે કે જ્યાં સુધી આચાર વિચારરૂપી વૃક્ષનું ઉન્મૂલ ન કરી નાખનારા કામ વાયુનો ઝપાટો લાગ્યો નથી. ૯

અનાર્ય યોગ્ય એવા આ અકાર્યને કરવાને અસમર્થ એવો નૃપતિ દિવસે દિવસે શશીની પેઠે ક્ષીણ થતો થતો અત્યંત સ્મરાતુર થઇ ગયો. ૧૦.

વાત્સલ્ય ભાવથી બહુ આગ્રહપૂર્વક સચિવે તેને ચિંતાનું કારણ પૂછ્યું, અને રાજાએ પણ પોતાનાથી અનન્ય એવા તેને ન કહેવા જેવી પણ આ વાત કહી. ૧૧

માતંગ પત્નીનો સમસ્ત વેષ આણીને, તે બુદ્ધિમાને, તેના જેવીજ રૂપવતી મિનલદેવીને પહેરાવ્યો. ૧૨

તે વેષને પૂર્ણ રીતે ધારણ કરતી તે રાત્રી સમયે, ભુમિ પતિની પાસે ગઇ, અને કામ વશ એવા તેણે તેની સાથે ચિરકાલ સુધી વિષય સુખ ભોગવ્યું. ૧૩

વિહાર કરતા મદમતિ નૃપની મુદ્રા તેણે ધીમે રહીને કાઢી લીધી, અને તેની આજ્ઞા થતાં ઉઠીને, પૂર્ણ કામ થઇ પોતાને સ્થાને ગઇ. ૧૪

ધર્મ ઘાતક એવું આ કર્મ કરીને રાજાને મનમાં ઘણો પરિતાપ થયો, વિવેકી પુરૂષ પાપ કરતા નથી, ને કરે છે તો બહુ અનુતાપ પામે છે. ૧૫

અબ્રહ્મતા, ઇંદ્રિય છેદન, નપુસકત્વ, ઇત્યાદી દોષ બહુ જન્મ સુધી થાય છે એમ વિચારીને વિવેકીએ પોતાની સ્ત્રીથી સંતોષ માની પરદારને વર્જવી. ૧૬

પરસ્ત્રી ગમનથી મરણોત્તર કાલમાં નરોની ઘોર નરકને વિષે ગતિ થાય છે, તો માતંગ સ્ત્રી ગમનથી જે પાપ ફલ થાય તે તો ઇશ્વર પણ વર્ણવી શકે એમ નથી. ૧૭

તીર્થને વિષે તપ કરવાથી કે બહુ દાનથી, જેની શુદ્ધિ થઈ શકે એમ નથી એવુ મહા દુષ્કર્મ, મેં વિકાર પામી ધર્મ વિમુખ થઈ તે કર્યું. ૧૮

માતંગ પત્નીના સંગથી પાપ પૂર્ણ એવા આ દેશને મારે ચિતાગ્નિમાં હોમવો, કેમકે કુસંગ દોષવાળા પાત્રની શુદ્ધિ પૃથ્વી ઉપર તો અગ્નિથીજ થાય છે. ૧૯

આ પ્રકારે તે દુષ્કૃતનો બહુ શોક કરતા અને જીવિતથી પણ કંટાળી ગયેલા રાજાને, સચિવે સર્વ વાત જાણીને, પોતે કરેલો પ્રપંચ આવીને સમજાવ્યો. ૨૦

રાજાને ગાઢ અનુશયને લીધે ભવ્ય વાણી વાળાની પણ તે વાત ગળે ઉતરી નાહિ, એટલે પોતે જાતે જઈને સંશય મટાડવા સારૂ પોતાની પત્નીને વાત પૂછી. ૨૧

મુદ્રા જોઇને તથા તેના વચનથી મંત્રીનો પ્રપંચ તેને યથાર્થ લાગ્યો અને પાપ ગર્તમાંથી તારનાર એવા તે મંત્રીની તેણે વારંવાર પ્રશંસા કરી. ૨૨

એવામા રાત્રીના પાછલા પોહોરે સમાધિનિદ્રામાં સુતેલી મીણલ દેવીએ સ્વપ્નને વિષે, પોતાના તેજથી વૈરીમાત્રનો પરાભવ કરતા એક સિંહને પોતાના મોઢામા પેસતો જોયો. ૨૩

પ્રમોદ પામી તે વાત ઉલ્લાસ પામતા વદનથી તેણે ભૂપતિને કહી, અને પોતાના ભર્તા સાથે યોગ થવાથી પ્રાપ્ત ભોગ એવી તેણે શુક્તિ જેમ મુક્તાને ધારણ કરે તેમ ગર્ભ ધારણ કર્યો. ૨૪

ગર્ભાતિશયને લઇને તેને શત્રુઓનો સંહાર કરવા રૂપી અતિ ઉગ્ર દોહદ થવા લાગ્યા, અને પૂર્ણ કાલ થતાં રોહણગિરિથી જેમ ચિંતામણી ઉદ્ભવે તેમ તેમા પેટથી પુત્રનો પ્રસવ થયો. ૨૫

સર્વ લોકોને આનંદ ઉપજાવે તેવો અને શોક માત્રનો નાશ કરનાર જન્મ મહોત્સવ કરીને રાજાએ, હર્ષથી તે પુત્રને સ્વપ્નાનુસાર, જયસિંહ એવું નામ આપ્યું. ૨૬

લલનાઓથી લાલન પામતો તે કુમાર આઠ વર્ષનો થયો, ત્યારે એકવાર રમતો રમતો નૃપાસન આગળ ગયો અને પોતાની ઇચ્છાથીજ તેના ઉપર જઇને બેઠો. ૨૭

સારે દિવસે પોતાના આસન ઉપર તેને બેઠેલો જોઇને રાજા મનમાં બહુ પ્રસન્ન થયો અને ઈંદ્રથી પણ અધિક એવા તેનો રાજ્યાભિષેક વિશેષજ્ઞ એવા તેણે તેજ ક્ષણે મહોત્સવ પૂર્વક કરાવ્યો. ૨૮

એક પુરમાં બે રાજા હોઈ શકે નહિ, એક કોશમાં બે તરવાર કે એક વનમાં બે સિહ હોઇ શકે નહિ, એવું વિચારીને રાજા પુત્રને ત્યાંજ મૂકી આશાપલ્લીમાં જઇ રહ્યો. ૨૯

તે વખતથી તે ગામ, કર્ણ નરેશના નામથી **કર્ણાવતી** એ નામે નગર થયુ;–પૃથ્વી ઉપર ઉત્તમના સંગથી કોની ખ્યાતી થતી નથી! ૩૦

રાજા ( કર્ણ ) માલવ દેશ જીતવાનો વિચાર કરતો હતો તેવામાં દૈવે કરીને મરણ પામ્યો, વિશ્વમાં સર્વે દૈવ વશ છે છતા પોતાના સર્વ અર્થ કોણ સિદ્ધ કરી શકે છે! ૩૧

અકૃત્યથી ડરતા એવા સુમેરૂ જેવા ધીર જયસિંહે પિતાનું મરણોત્તર કૃત્ય માત્ર કરીને અમાત્ય ઉપર સમસ્ત ચિંતા નાખી, પ્રજાનું ઉત્તમ નયથી પાલન કરવા માંડ્યુ. ૩૨

બાલ છતે પણ ઇંદ્ર જેવો એ માલવ ભૂમિપાલને જીતવા માટે ગયો, અહો! સત્વવાન્ પુરૂષો ગમે તેવા મહોટા પણ પોતાના પિતાના શત્રુને સહન કરતા નથી. ૩૩

પોતાના દેશના રક્ષણાર્થે શ્રી આલિગ નામના સચિવને મૂકી નિશ્ચિત થઈ કાલ જેવો કરાલ ભૂપાલ માલવ દેશ ઉપર મહા સૈન્ય લેઇ ચઢયો. ૩૪

આગ્રહે કરી ઉગ્ર યુદ્ધ કરીને ધારા નગરી લેઇ લીધી, એટલે ધારાધીશ બહુ મત્સર ધરતા, અતુલ વિક્રમવાળા, બહુ બળવાન્ એવા બાર વર્ષના શ્રી ગુર્જરેન્દ્રને જોઈ, સમય વિચારી, મંડપમાં જઇ ભરાયો. ૩૫

પછી માલવેન્દ્ર પોતાનો અભિમાન તજી શ્રીસિંદ્ધરાજ પાસે આવીને નમી પડયો, મોહોટાએ પરાભવ પમાડેલા એવા મોહોટાના મોહોટાજ શરણ છે; પૃથ્વી ઉપર પડેલાનો પૃથ્વીજ આધાર છે. ૩૬

પ્રણતજનો ઉપર વાત્સલ્ય ધરતા ઉચિતજ્ઞ શ્રીસિદ્ધરાજે તેને ગર્વ રહિત થયેલો જોઇને તેનું રાજ્ય પાછું આપ્યું;–વીર પુરૂષો પ્રણત એવા વૈરીને પણ પ્રસાદ કરે છે, શુ જલનિધીએ પોતાના અરી કેશવને સ્થાન આપ્યુ નથી? ૩૭

કર્ણાટ, લાટ, મગધ, અંગ, કલિંગ, વંગ, કાશમીર; કીર, મરૂ, માલવ, સિંધ, એ જેમાં મુખ્ય છે એવા અનેક દેશ વશ કરી બાર વર્ષની વયમાંજ સિદ્ધરાજ મહોટો વિજય મેળવી પોતાના નગરમાં આવ્યો. ૩૮

એમ સર્વ દિશાઓને જીતી સર્વ આશા પૂર્ણ કરી, સુકૃતનો વિકાસ કરી, શત્રુના કેતુનો પ્રકાશ કરી, સર્વ દેશને સ્વવશ કરાવી, ઉત્સવપૂર્વક શ્રી ગુર્જરેશ પોતાના સ્વર્ગ તુલ્ય નગરમાં આવ્યો. ૩૯

## પ્રથમસર્ગે દ્વિતીયો વર્ગઃ

---

શ્રી પૂર્ણતલ્લાખ્ય ગચ્છના સ્વચ્છેન્દુ સુંદર એવા દેવચદ્ર સૂરિએ મનમાં આવો વિચાર કર્યો. ૧

પાદલિપ્ત, બપ્પભટ્ટિ, વજ્ર, આર્યખપટ, ઇત્યાદિ શત્રુ માત્રનો પરાભવ કરનારા, મહા પ્રભાવક સૂરિઓ આગળ થઇ ગયા. ૨

હાલ પણ અમારા અમારા અનેક સૂરિઓ છે, પણ તેમને વિષે તેમના જેવો શાસનની ઉન્નતિ કરનાર કોઇ છે નહિ. ૩

મિથ્યાદૃષ્ટિવાળા મત્સરી લોકો આ સમયમાં જૈનોને અનેક ઉપદ્રવથી પીડે છે, અને અમે પથરા જેવા કઠિણ થઇ પડયા રહીએ છીએ, તેમને ધિક્કાર છે. ૪

મનમાં એવો વિચાર કરીને જિન શાસનની ઉન્નત્તિને અર્થે સૂરિએ, અન્ય પ્રભાવનો તિરસ્કાર કરે એવા સૂરિમંત્રની આરાધના કરવા માંડી. ૫

તેમણે સ્થાપેલી પીઠ ઉપર પૂજાતી શાસનેશ્વરી પ્રત્યક્ષ થઇ પ્રસન્ન થઈ તેમના આગળ આવી સુંદર વાણી વદવા લાગી. ૬

ધંધુક્ક નગરમાં દેવવંદન તત્પર એવા તમારા આગળ આસને બેસી જે બાળક વંદના કરશે, તે મોઢવંશનો શિરોમણિ ચાચિગ અને પાહિણીનો **ચાંગદેવ** નામે પુત્ર આ સમયમાં મ્હોટો પ્રભાવવાળો થશે એમ જાણજો. ૭–૮

સૂરિને આ પ્રમાણે કહીને દેવતા અંતર્ધાન થઈ ગઈ, અને સૂરિ પણ પોતાના કાર્યની સિદ્ધિને અર્થે ધંધુક્ક નગરમાં ગયા. ૯

ત્યાં પંચશક્ર સ્તવથી તે દેવની વંદના કરતા હતા તેવામાં આંગળીએ છોકરો વળગાડી કોઇ એક શ્રાવિકા ત્યાં આવી. ૧૦

તેણે દેવને નમસ્કાર સ્તુત્યાદિ કરી મુનિસત્તમોને પણ નમસ્કાર કર્યો, અને સ્વચ્છ મનથી વિધિપૂર્વક કુશળ વૃત્તાન્ત પણ પૂછ્યો. ૧૧

પાંચ વર્ષનો તેનો છોકરો પણ માતાના કહેવાથી બેઠો, અને પૃથ્વી એક પાલ અડકે તેવી રીતે દંડવત્ થઈ નમસ્કાર કરવા લાગ્યો. ૧૨.

પેલો જે દેવીએ કહેલો તે આજ છોકરો એમ સમજી મનમાં હર્ષ પામી મુનિએ પણ તેની પીઠ ઠોકી તેને ધર્મ લાભ કહ્યો. ૧૩

સર્વ લક્ષણ સંપૂર્ણ, સર્વાવયવ સુંદર, એવા તે બાળક સાથે તેમણે ઘણા સમય સુધી કોમળ વાણીથી વાત ચીત કરી. .૧૪

આ ઉપરથી પરમ આનંદ પામી મુનીશ્વર પોતાના આશ્રમમાં ગયા, ચિત્તોત્સાહ એજ ભાવિની કાર્ય સિદ્ધિનું લક્ષણ છે. ૧૫

પછી બીજે દિવસે દુરિત માત્રનો સંહાર કરનારા સૂરિ બધા સંઘને લેઇ પાહિણીને ઘેર ગયા. ૧૬

તેણે પણ પોતાને ધન્ય માની આસનાદિ થકી તેમનો ઉત્તમ સત્કાર કર્યો—વિવેકીઓ કદાપિ પણ સ્વાગતાચારમાં ચૂકતા નથી. ૧૭

ચાંગદેવ એટલામાં આવીને ગુરૂના ખોળામાં બેઠો, ભાવિ ભાવની, બાળચેષ્ટાજ સૂચક હોય છે. ૧૮

પાહિણીએ સૂરિને પ્રણામ કરી ભક્તિથી એમ વિનંતી કરી કે આપના આગમનથી આજ અમારૂં ગૃહ પવિત્ર થયું. ૧૯

મિથ્યા દૃષ્ટિવાળો પણ મારો પતિ હાલ ગામમાં નથી કે મહા ભાગ્યે પોતાને ઘેર આવેલા આ સંઘની પૂજા તે કરી શકે. ૨૦

તથાપિ આપના પધારવાનું કારણ કહો કે હું તે પ્રમાણે કરીને હે ગુરો! મારો જન્મ સુફળ કરૂં. ૨૧

તેની વાણીથી રંજિત થઈ તે બોલ્યા હે શુભે! સાંભળો તમને હું નારી માત્રમાં રત્ન સમજુ છું. ૨૨

કેમકે તમારી કૂખે ત્રણે જગત્‌ના તિલક રૂપ, શ્રીમાન, ચક્રીનાં લક્ષણવાળો, તમારા વંશનો ભૂષણ આવો પુત્ર જન્મેલો છે. ૨૩

આવો લક્ષણવાળો પુત્ર રાજ મંદિરમાં હોય તો ચક્રવર્તી રાજા થાય, અને વાણિયા બ્રાહ્મણને ઘેર હોય તો મહોટો મુનિવર થાય. ૨૪

ભાગ્ય યોગે કદાપિ આ તમારો પુત્ર વ્રત ગ્રહણ કરે તો આ કલિ કાળમાં પણ સત્ય યુગ પ્રવર્તાવે. ૨૫

માટે હે તત્ત્વ જાણનારી! આ પુત્ર અમને આપજો, ધન્ય હોય તેમનાં છોકરાંજ ચારિત્ર ધારી થાય. ૨૬

ગુરૂએ આ પ્રકારે કહ્યા છતાં પણ પતિની આજ્ઞા વિના હું શું કરી શકુ એમ તે ચતુરાએ મનમાં વિચાર કર્યો. ૨૭

હે ભદ્રે ! હમણાં આ પુત્રને તું આપ અને તારા ઉપરથી દોષ ઉતાર, તારો પતિ આવશે ત્યારે તેના કહેવા પ્રમાણે થશે. ૨૮

બહુ સારૂ એમ કહીને પાહિણીએ ત્વરાથી પુત્રને કહ્યું, હે સ્વચ્છ મતિ બાળ ! તું આમનો શિષ્ય થઇશ ? ૨૯

બાળકે હા કહી એટલે તેણે પ્રસન્ન થઈ પુત્ર તેમને આપ્યો, તત્વજ્ઞ છે તે ગુરૂ વાકયનું કદાપિ ઉલ્લંઘન કરતાં નથી. ૩૦

ગુરૂ પણ ચાંગદેવને લેઇને કર્ણાવતી ગયા, તે પછી ચાચિગ પોતાનું કાર્ય પરવારીને ઘેર આવ્યો. ૩૧

પડોસીઓ પાસેથી વૃત્તાન્ત સાંભળી ખેદ પામવા લાગ્યો, અને પુત્ર ઉપરના પ્રેમને લીધે, સ્ત્રી ઉપર પ્રીતિવાળો છતાં પણ તેનો તિરસ્કાર કરવા લાગ્યો. ૩૧

પુત્ર દર્શન થતા સુધી અન્ન પાણીની આખડી લેઇને તે ક્રોધથી હૃદય ઉદ્વિગ્ન થતે આકુળ વ્યાકુળ થઇ, અતિ વેગે કર્ણાવતી ગયો. ૩૩

તેનોક્રોધાગ્નિ અતિશય જ્વલતો સતો પણ ગુરૂ વાકયામૃતથી છંટાતો તત્ક્ષણ શાન્ત પડી ગયો. ૩૪

શ્રીમાન્ ઉદયન મંત્રી તેને પોતાને ઘેર લેઇ ગયા, તો ત્યાં પોતાના પુત્રને ખેલતો જોઇને ઘણો મોદ પામ્યો. ૩૫

દેવાર્ચનાદિ કરીને સુત સાથે તેણે ભોજન કર્યું અને સચિવના અતિશય આદરથી તે વિવેકજ્ઞ નિશ્ચિન્ત થઈને ત્યાં સુતો. ૩૬

ત્રણ લક્ષ દ્રમ્મ, પાચ દુકૂલ અને બે પુત્ર એટલું તેના આગળ મૂકીને સચિવે કહ્યું કે હે વિદ્વન્ ! આ વિત્ત સુત આદિ સર્વ તમારૂં છે તથાપિ કૃપા કરીને એ સર્વ તમે લેઇ જાઓ અને મારા ઉપર અનુગ્રહ કરો; મને તમારો ચાંગદેવ નામે જે આ પુત્ર છે તે આપો, અને મારા આ બે વાગ્ભટ્ટ અને અગ્રભટ્ટ પુત્ર છે તે લો. મહીતલ ઉપર ખરા ભાગ્યશાળી અને ખરા પુત્રવાન્ તો આપજ છો કે અમારા

ગુરૂ જે કેવળ નિરીહ છે તે પણ આપના પુત્રની ઇચ્છા કરે છે. ૩૭ –૩૮–૩૯–૪૦

આવી ઉક્તિ યુક્તિથી મંત્રીએ બોધ કરાયા છતાં પણ તેણે પોતાનો પુત્ર તેને આપ્યો નહિ, કેમકે પુત્ર સ્નેહ દુસ્ત્યાજ્ય છે. ૪૧

ચાગદેવને લેઇ મંત્રીની રજા લેઈ, એ ચાલ્યો એટલે જતાંજ કોઈકને છીક થઈ. ૪૨

ત્યારે ખિન્ન વદનથી તેણે મનમાં વિચાર કર્યો કે આવા અમંગળ શકુનથી તો મને મરણાવધિ દુઃખ થશે એમ લાગે છે. ૪૩

કદાચિત્ મારા દુર્ભાગ્યથી આ પુત્ર માર્ગમા મરી જાય, કે કદાચિત્ અમારૂં બન્નેનું માર્ગમાં મોત થાય; માટે આને મંત્રી ઉદયનને સોપી ઘેર જવુ એ સારૂં છે, અને જો એ જીવતો હશે તો વળી હજારવાર હું એને મળીશ. ૪૪–૪૫

આવો વિચાર કરીને તે પાછો ફર્યો અને પોતાનો પુત્ર તેણે મંત્રીને મોદ પૂર્વક આપ્યો, અપશુકન થયા પછી શાસ્ત્રજ્ઞો કાર્ય કરતા નથી. ૪૬

તે ઉપરથી પરમમોદ પામેલો ઉચિતજ્ઞ મંત્રી તેને ગાઢ આલિંગન દેઈ સાધુ, સાધુ કહેવા લાગ્યો. ૪૭

હે સખા ! મને આ તારો પુત્ર તું આપશે તો અનર્ઘ્યે એવો છતાં પણ યોગિ મર્કટની પેઠે નમતો સતોતે અપમાન પાત્ર થશે. ૪૭

પણ ગુરૂને સોંપીશતો તે તેને સકળ કળા ભણાવી ખરો અનર્ઘ્ય કરશે, કેમકે રત્નને જવેરીજ મોઘું બનાવે છે. ૪૯

મંત્રીએ આ પ્રકારે બોધ કર્યો ઉપરથી તેણે પુત્ર ગુરૂને આપ્યો અને પાહિણીને ત્યાં તેડી આણી તેણે દીક્ષોત્સવ કર્યો. ૫૦

પ્રશસ્ત ગુણવાળા અને કામોપમ આકૃતિવાળા તેનું નામ ગુરૂએ **સોમચંદ્ર** એવું પાડયું. ૫૧

ગુરૂની સેવા કરી પુણ્યકણોના સમૂહને ભેગો કરતો તે કુશાગ્ર બુદ્ધિ ક્રમે ક્રમે સકળશાસ્ત્રના પારને પામી ગયો. ૫૨

સૂર્ય જેમ આકાશનો કે ચક્રવર્તી જેમ સર્વ સમૃદ્ધિનો પાર પામે છે તેમ ઝઝા શ્રમ વિનાજ તે અપાર એવા વાઙ્મયાબ્ધિનો પાર પામી ગયો. ૫૩

લઘુ પણ ગુરૂ સંયોગના યોગે ગુરૂ થયો એમાં આશ્ચર્ય નથી, પણ આર્જવ ન તજ્યું કે વક્રતા ધારણ ન કરી જો આશ્ચર્ય છે. * ૫૪

કુશાગ્રોપમ એવી એક બુદ્ધિથીજ તે સમગ્ર વાઙ્મયાબ્ધિને પી ગયો, અગસ્ત જે ત્રણ ચુલુકથી સમુદ્રને પી ગયા હતા તે તો એની સમાન પણ કયાંથી થાય ! ૫૫

પછી કાર્ય સંસિદ્ધ થવાથી આર્ય સૂરિવર સંઘના આગ્રહને લેઇને, પત્તન ગયા, અને સંઘ લોકોએ પણ ઘણા આનંદથી તેમનો પ્રવેશોત્સવ બહુ સારો કર્યો. ૫૬

ચક્રવાકની પેઠે ઉત્તમ એવા લોક માત્ર સૂર્યાગમથી + પરમમોદ પામ્યા, અને તેમણે પરમ ધર્મોન્નતિ કરી તથા પોતાના જન્મને કૃતાર્થ માન્યો. ૫૭

---

* લઘુ પછી ગુરૂ સંયોગ નામ જોડાક્ષર આવે તો લઘુ પણ ગુરૂ થાય છે, અને આર્જવ એટલે પોતાનું જે સીધાપણું તે તજતો નથી અર્થાત્ તેમાં કાનો માત્રાદિ કાંઇ ઉમેરાયા વિનાજ ગુરૂ થાય છે, તેમજ વક્ર પણ થતો નથી એટલે કે જોડાક્ષરાદિમાં પડતાં વક્ર થવું પડે તેવો થઇને ગુરૂ થતો નથી. બીજો અર્થ એ છે કે શિષ્ય લઘુ છતાં ગુરૂના ઉપકારથી ગુરૂ થયો, છતાં પોતાની સરળતા તેણે તજી નહિ.

+ સૂર્યાગમ એટલે સૂરિનું આગળી નામ આવવું તે અર્થ લોક પક્ષે અને સૂર્યાગમ નામ સૂર્યનું આવવું, ઉદય, તે ચક્રવાક પક્ષે.

તે સમયે, બાર વર્ષનો મહીશ્વર દિગ્વિજય કરીને આવ્યો તેને સર્વલોક પોતપોતાને ઉચિત એવાં પ્રાભૃતો લેઈ નમન કરતા હવા.૫૮

સર્વે ધર્મવાળા વેગથકી આવીને તેને આશિર્વાદ આપવા લાગ્યા પણ જૈનમુનિ આવ્યા નહિ એમ જોઇને કોઇ ધર્મ દ્વેષીએ તે વખતે કહ્યું કે હે રાજન્! અતિઅહંકાર ધારણ કરતા જૈનો રાજદરબારમાં આવતા નથી, અને પરધર્મોની પરમ નિંદા કરે છે તથા પોતાના ધર્મનેજ સર્વોત્તમ કહે છે. ૫૯-૬૦

મંત્રીશ્વરે તે વાત શ્રી દેવચંદ્ર સૂરિને કહી એટલે પ્રસ્તાપને સમજનારા ગુરુચક્રવર્તીએ સજ્જનોના સંતાપને હરનારૂં વચન કહ્યું કે સદા સદાચારવિચારદક્ષ એવા સાધુ રાજગૃહમાં જતા નથી, અને નિરીહ ચિત્તવાળા કોઇ રંક તેમ રાજા સર્વને સમાન જાણે છે; તથાપિ શ્રાવકોના સમાધાનને અર્થે, અમે સર્વ આચાર્યો મળીને નયના શરીર જેવા રાજગૃહમાં અમારા કાર્યના હેતુથી જઇશું. ૬૧-૬૨-૬૩

પછી વિચારદક્ષ એવા સર્વે સૂરીશ્વરો ભેગા થઇ રાજ દરબાર આગળ ગયા, અને ત્યાં જઈ હવે રાજાને આશિર્વાદ આપવા કોણ જશે તેનો વિચાર કરવા લાગ્યા. ૬૪

તે સમયે દશ વર્ષનો છતાં પણ નિઃશંક એવો સોમચંદ્ર હર્ષથી કહેવા લાગ્યોકે શ્રી સિદ્ધ ભૂપાલ આગળ જે કહેવાનું તે હું સમયાનુરૂપ કહીશ. ૬૫

એ વાત ઠીક છે એમ નક્કી કરી સર્વે સૂરીશ્વરો સભામાં આવ્યા એટલે નિઃશંક થઈ તેણે નરેંદ્રને આ પ્રમાણે આશિષ્ કરી. ૬૬

વિદ્યાથી બૃહસ્પતિ જેવા સર્વદા જીવો! અનેક વર્ષ, હે નંદન સમાન! આનંદ પામો! નંદ સમાન દાનથી કર્ણને પણ વીસરાવનાર કર્ણસુત સિદ્ધ નરેદ્ર! સુખી રહો તમારા શરીરમાં અખંડ સુખ રહો, તમારા સેવકો સુખપૂર્ણ થાઓ,—આવો આશિર્વાદ સાંભળી રાજાએ પ્રણામ પૂર્વક કહ્યું બેસો, આટલો વિલંબ કેમ થયો. ૬૭-૬૮

રાજકાર્યને લેઈને યતિઓ ગયા હતા ત્યાં ત્રણ દિવસ થઇ ગયા, એટલે કાર્ય પૂર્ણ કરીને અમે ઉત્સુક ચિત્તે આવ્યા છીએ, એમ મુનિએ ઉત્તર આપ્યું. ૬૯

રાજાએ પૂછ્યું કે તે કાર્ય શું હતું? ત્યારે તે બોલ્યો કે આપના પ્રવેશનો મહોત્સવ અત્ર કરવાને માટે કામ ધેનું, જલધિ, ચંદ્ર, દિશેશ, એમને આમંત્રણ કરીને સર્વે પાછા આવ્યા છે. ૭૦

હે કામ ધેનુ! તું તારા ગોમયના રસથી પૃથ્વીનું સિંચન કર, હે રત્નાકર! તું મુક્તાફલથી સ્વસ્તિક પૂર, હે ચદ્ર! તું પૂર્ણ કુંભ થા હે ઇંદ્ર! કલ્પતરૂનાં ડાળ કાપી તેનાં તોરણ બાંધો, કેમકે જગત્‌નો જય કરીને સિદ્ધાધિપ આજ આવે છે. ૭૧

આવું ઉદાર વચન સાંભળીને ચિત્તમાં ચમત્કાર પામેલો રાજા અહો શી અદ્‌ભુત બુદ્ધિ! અહો શી અનવદ્યવિદ્યા! એમ માથું હલાવતે હલાવતે બોલવા લાગ્યો. ૭૨

તુંરતજ તેને પોતાના ખોળામાં બેસારી પોતાના વસ્ત્રથી તેનું શરીર રાજા લોહોવા લાગ્યો, અને તેના ગુરુ પાસે માગી લીધું કે આનો પટ્ટાભિષેક હું કરીશ. ૭૩

નાના પ્રકારના આચાર વિચારની ચારુ રચનાથી પ્રસન્ન થયેલા રાજાની આજ્ઞા થતાં તે સર્વે હર્ષ પામતા પોતપોતાને સ્થાને ગયા. રાજાના મનમાં મહા આશ્ચર્ય વ્યાપી ગયુ, બ્રાહ્મણો ઘણા ક્રોધે ભરાયા, સંઘ જનને હર્ષ થયો, અને ગુરુને શિષ્યના મહા ગુણૌઘનો પરિચય થયો. ૭૪

## પ્રથમ સર્ગે તૃતીયો વર્ગઃ.

---

એક સમયે **સોમ** નામના નિર્ધન થઈ ગયેલા વણિકના ઘર આગળ સોમચંદ્ર, ગુણજ્ઞ એવા ગણીશ્વરની સાથે, વિહરતો વિહરતો જઈ ચડ્યો. ૧

તે સમયે વાણિયાના ઘરમાં અંગાર પૂર્ણ તાંબાનો કુંભ નિકળેલો હતો તેમાંથી અગાર બારણે નાખી દેઇને ઘડાને તે નિર્ધન વણિક્ ઘરમાં લેઈ ગયો. ૨

તેણે બહુ આગ્રહ કરવાથી આગ્રહજ્ઞ એવા ગણિએ તેના ઘરમાં શુદ્ધાન્ન પાન લીધું, તે સમયે તેના બારણા આગળ સુવર્ણનો ઢગલો જોઈ સોમચંદ્રે ગુરૂને કહ્યું કે આના ઘરમાં તેવો ભોગ જણાતો નથી કે તેવો દાનયોગ જણાતો નથી, આ ઘર પણ તેવું દેખાતું નથી, અને એના બારણામા આવો વિત્તનો ઢગલો ક્યાંથી? મિત પચ કોઈ આ ઉપભોગ કરતો નથી, તેમ ચોર પણ એને કેમ લેઈ જતા નથી? કુશકાની પેઠે વિત્તરાશીનો ઢગલો તો કોઇપણ બારણા આગળ કરે નહિ. ૩-૪-૫

તેનું આવું કહેવું સાંભળીને કાનવાળો વાણીઓ મનમાં વિચાર કરવા લાગ્યો કે આ ભાગ્યશાળીએ મારા બારણામાં પડેલો મ્હોટો વિત્તૌઘ જોયો. ૬

આવો વિચાર કરીને મૃદુસ્વરે બોલ્યો હે સાધુ! શી કલ્પિત વાત કરોછો? જો ત્યા ધન હોય તો હે દશન શિરોમણિ? મને બતાવો. ૭

સાધુએ પોતાને હાથે તેને બતાવ્યું તો પણ તે દુર્ભાગ્ય યોગે કરીને કાંઈ દેખી શક્યો નહિ, ભાગ્યહીન મનુષ્યો આંગણામાં પડેલા ધનને પણ જોઈ શકતા નથી.

એ ધન મારા ભાગ્યમાં નથી માટે જો મને એ ધન પ્રત્યક્ષ થશે તો હુ આનો પટ્ટાભિષેક કરાવીશ એવો વાણીએ મનમાં નિયમ લીધો. ૯

તે સુવર્ણને શેઠિઆએ પણ ક્ષણવારમાં સુવર્ણ દીઠું, ભાગ્યશાલીની, દૃષ્ટિમાત્રથીજ ક્ષણવારમાં સર્વ ઋદ્ધિ પ્રકટ થાય છે. ૧૦

વાણીઆને મોઢેથી આવો વૃત્તાન્ત સાંભળીને સૂરીશ્વર ઘણા પ્રસન્ન થયા, પોતાના ભણાવ્યાનું સાર્થક જોઇને કીયા ગુરૂને પ્રસન્નતા ન થાય! ૧૧

પછી, સૂરિની અભ્યર્થના કરી ચૌદમે વર્ષેજ સોમચંદ્રનો પટાધિરોપ મહોત્સવ શ્રી સિદ્ધરાજે ઘણા ઉત્સાહપૂર્વક કર્યો ૧૨

પત્તન સ્વર્ગ તુલ્ય થઇ રહ્યું, સિદ્ધરાજ ઇંદ્ર તુલ્ય થઇ રહ્યો, શ્રી સોમચંદ્ર ગુરૂ તુલ્ય થઇ રહ્યો, ને જન માત્ર દેવતા તુલ્ય થઇ રહ્યા એમાં કાંઇ આશ્ચર્ય નથી. ૧૩

જેની દૃષ્ટિ માત્રથી અંગારાનો ઢગલો હેમરૂપ થઈ ગયો તેવા સોમ ચંદ્રનું **હેમચંદ્ર** એવું નામ નિર્મલ એવા ગુરૂએ તેજ ક્ષણે પાડ્યું. ૧૪

તે મહોત્સવમાં સિદ્ધ નૃપતિએ એક લક્ષ સુવર્ણનો વ્યય કર્યો, અને સોમ નામના વાણીઆએ પણ પોતાના ધનને કૃતાર્થ કર્યું. ૧૫

એક સમયે ગુરૂની આજ્ઞા પ્રાપ્ત કરી હેમચંદ્ર અનેક સૂરીશ્વરને મોખરે થઈ શ્રી શારદારાધનના હેતુથી કાશ્મીર દેશ ભણી ચાલ્યો. ૧૬

ત્રણ પ્રયાણ કરીને તે કોઇક શૂન્ય દેવાલયમાં વિશ્રામ લેવા રહ્યો, તો ત્યાં ઘોર મધ્ય રાત્રીએ જાગી ગયો અને શારદા મંત્ર સ્મરવા લાગ્યો. ૧૭

દૃષ્ટિને આનંદ પમાડનારી વાગ્દેવતા તેજ સમયે તેના ભાગ્યથી આકર્ષાઇ આવી હોય તેમ, અથવા તે ગણનાયકના અગણ્ય પુણ્યથી વશ થઇ ગઈ હોય તેમ, તુરત પ્રત્યક્ષ થઇ. ૧૮

ચમકી રહેલાં કાંચન કુંડલની દ્યુતિથી દિશા માત્રને ચંદ્રજ્યોત્સ્નાની પેઠે ભરી દેતી હરિહર તથા બ્રહ્માથી સ્તવાતી બ્રહ્મદ્વારમાં પ્રવેશ કરાવવામાં કુશલ, જાડ્યૌઘને સંહાર કરનારી, બ્રહ્મપુત્રી, દંત પ્રભાથી અંધકારનો ક્ષય કરતી બોલી કે હે નિરીહવર્ય! તારા આરાધનથી તુષ્ટ થઇ તારી પાસે આવી છું, ધ્યાન તજીને વર માગ, અને આવો આયાસ હવે મુકીદે. ૧૯-૨૦

નાના વિજ્ઞાનવાળો, શુદ્ધ અને મનોહર વચનથી અનેક ભૂપને રંજીત કરનારો, સદ્વિદ્યારૂપી યજ્ઞનો યૂપ, ભવના ભ્રમને ભેદનારો,

પુણ્યરૂપી જલનો કૂપ, એવો તું થા, અને હે જન્મથીજ બ્રહ્મલીલામાં વિહરનાર! તું સ્મરશે ત્યારે હુ તારી પાસે આવીશ, એમ કહીને ભગવતી ભારતી અંતર્ધાન થઇ ગઈ. ૨૧

પ્રાતઃકાલે પાછો વળીને તે ગુરૂ કાર્યે સિદ્ધ થવાથી, વેગે, ગુરૂ સમીપ ગયો, અને આ શું! એમ આતુરતાથી પૂછતા ગુરૂ તેના સામુ જોઇ રહ્યા. ૨૨

મુકતા શુકિત મુદ્રાથી ગુરૂ આગળ ઉભા રહી, નમન કરી, નાના પ્રકારના બંધની રચનાથી ધ્વનિ યુકત એવુ પ્રભુનું સ્તોત્ર તેણે કર્યું, અને ગુરૂ પણ તેવા નવીન સો કાવ્યથી આનંદ પામી કામદેવથી પણ અધિક એવા પોતાના શિક્ષા સાંભળવા યોગ્ય શિષ્યને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૨૩

હે વત્સ! તારા વચનોની ચારૂ રચના અમારા હૃદયમાં કાંઇ આનંદ ઉપજાવતી નથી, અસીકના એક કણથી પણ સૂર્ય દુઃસહ તાપ પામે છે. ૨૪

નિજવિદ્યાના ગર્વે ચઢી, તું નિત્ય જે વિતથ વચનો બોલે છે, તેનાથી, ચારિત્રવાન્ એવા પણ તને પરભવમાં દુઃખ થશે. ૨૫

ગુરૂની આપ શિક્ષા સાંભળીને દક્ષ એવા તેણે તેમની પાસે નિયમ લીધો કે આજ પછી શ્રી જિન વાણીથી વિરૂદ્ધ એવું કાર્ય કે કવિત્વ કાંઇ કરવું નહી. ૨૬

શિષ્યને શુદ્ધ ચરણમાં અતિદક્ષ સમજી, રાજાના પ્રમોદને અર્થે તેને ત્યાં મૂકી, શ્રી દેવચંદ્ર સૂરી વિહરવા ગયા. ૨૭

પૂર્વના રાજાઓના પુરાણ સાંભળી કર્ણે પુત્રે એક વખત વિચાર કર્યો કે શાસ્ત્રમાં ગુંથેલો જેમનો યશ અદ્યાપી આવો વિદ્યમાન છે તેમને ધન્ય છે. ૨૮

તે ઉપરથી શ્રુત શાલીમાં ઉત્તમોત્તમ એવા શ્રી હેમચંદ્ર સૂરિની અભ્યર્ચના કરી તેણે પોતાની કીર્તિને અર્થે શ્રી **સિદ્ધહેમ** નામનું શબ્દશાસ્ત્ર રચાવ્યું. ૨૯

સૂરિએ શબ્દ શાસ્ત્ર પૂર્ણ કરી મોદ પૂર્વક નૃપને અર્પણ કર્યું, અને બુદ્ધિનિધાન રાજાએ પણ સર્વ પંડિતોને બોલાવી હર્ષથી તે બતાવ્યું. ૩૦

તેમ સર્વ દોષ રહિત એવું જોઈ સર્વ પંડિતોએ નરેશ્વરને કહ્યું કે આ શાસ્ત્ર સર્વોત્તમ બન્યું છે. ૩૧

શુભ મુહૂર્તે મહા મહોત્સવ પૂર્વક હું આ ગ્રંથ સર્વ પંડિતોને આપીશ એમ નક્કી કરી રાજાએ તેને પોતાના કોશમાં મૂક્યો. ૩૨

ઉત્તમ પ્રયોગવાળા અને વિચિત્ર એવા આ શાસ્ત્રમાં, હે નરેશ્વર! આપની કીર્તિ માટે રચાયલું છતાં, આપનું નામ પણ નથી એમ પુરોહિતે રાત્રી સમયે રાજાને કહ્યુ. ૩૩

તે સાંભળી રાજાએ કોપથી કહ્યું કે એમ હશે તો સર્વ વિદ્વાનોની સમક્ષ એ પુસ્તકને હું ભસ્મ કરી નાખીશ, અને સૂરિને અન્ય સૂરિઓ સહિત દેશપાર કરીશ. ૩૪

રાત્રીમાંજ સજ્જન નામના મંત્રીએ તે બધો વૃત્તાન્ત ગુરૂને કહ્યો તો તેમણે કહ્યું કે બુદ્ધિમાન ધીરજ રાખવી, શ્રી વીતરાગના પ્રસાદથી જે ભાવી હશે તે બનશે. ૩૫

ઔર્વાગ્નિ, રાહુ, ખલ, મારૂત એ જગત્મા નિષ્કારણ વૈર ધરનાર હોઇ, સમુદ્ર, સૂર્ય, સજ્જન, અને મેઘ તેમને અનત વિઘ્ન પરપરા ઉપજાવે છે. ૩૬

કૃતજ્ઞ એવા ગુરૂ આ પ્રકારે પરમ ચિંતા કરતાં, ચિંતાનું નિરાકરણ કરવા દુ:ખ વૃક્ષનુા વનના દવાનલ જેવી વરદા શ્રી શારદાને હૃદયમાં ધ્યાન કરી ઉપાસતા હવા. ૩૭

તેજ ક્ષણે તત્કાલ આવીને ભારતી, વાક્સંયમી એવા તેને કહેવા લાગી કે શોક તજી પ્રસન્ન થા, અને વ્યર્થ વિષાદમા કર. ૩૮

સૂરિવરની અનુજ્ઞાથી સરસ્વતીએ ત્યા જઇ બત્રીસ ઉત્તમ કાવ્યોથી ચૌલુક્ય ભૂપાલકુલની પ્રશસ્તિ લખી. ૩૯

પ્રાતઃકાલે આવશ્યક કરીને સૂરિવર સ્વસ્થ થઈ સૂરિ મંત્રનું સ્મરણ કરતા હતા તે સમયે ભૂપે મોકલેલા દૂતે આવી નમન કરી આપને તેડે છે એમ કહ્યુ ૪૦

મુનિની નિંદા કરનારા, જડમતિ, નિષ્કારણ વૈરી, એવા બ્રાહ્મણોને ધિક્કાર છે, હવે શું થશે ? એમ લોકો ટોળે ટોળાં થઇ મ્હોટેથી બોલતા હતા તેવામાં દ્વિજવરોથી પૂર્ણ એવી રાજસભામાં સૂરીશ્વર આવી પહોંચ્યા, અને રાજાએ પૂર્વની પેઠ પ્રણામ કર્યો એટલે સ્વસ્થાને બેઠા ૪૧

નરાધિપે સ્મિત પૂર્વક કહ્યુ, યતિપતે! આ ગ્રંથમાં મારૂં વર્ણન કેમ નથી? એટલે સૂરિએ કહ્યું શા માટે એમ પૂછવુ પડે છે? આપ ગ્રંથ લેઈને આપણી મેળેજ જુઓ, મિથ્યા ભ્રાંતીમાં ન પડો દુર્જનોના વાગ્શરથી વિદ્ધ થઈ ભાન શુ ભુલી જાઓ છો. ૪૨

પોતાની જેમાં કીર્તી વર્ણવેલી એવા કોમલ કાવ્યો જોઇને રાજા બોલ્યો કે મુનીશ્વર આ લોકમાં બ્રહ્માવતાર, કલિપાપ હરનાર, અથવા મહેશ્વર તમેજ છો. ૪૩

રે દ્વિજિવ્હ*! રે પદહીન! બોલ, શા માટે તારા વચનરૂપી વિષના ભારથી મને વિકૃતિ પમાડી! રે જડમતે! અત્યારથી દૂર થા. ૪૪

તે જડધી આ પ્રકારે કાઢી મૂકયાથી દૂર ગયો અને સૂરી હર્ષ પૂરમાં નિમગ્ન થયા, એવામાં ભૂપાલના કોપને શાન્ત કરવા કોઈ બ્રાહ્મણ સભામાં આ પ્રમાણે બોલ્યો. ૪૫

હે ભાઈ પાણિનિ? પ્રલાપને બંધ કરો, કાતન્ત્રકથા પણ હવે વૃથા છે, શાકટાયનનાં વચન કટુ છે, ક્ષુદ્ર એવા ચાંદ્રનું શું કામ છે, વળી કંઠાભરણાદિ અને એવા અન્યથી આત્માને કોણ હવે કલેશ પમાડનાર છે?—જ્યાં અર્થે મધુર એવી શ્રી સિદ્ધ હેમોક્તિ સાંભળવામા આવી ત્યાં અવધિ આવી રહી † ૪૬

---

* સર્પ, તેમ ચાડી કરનાર,

† પાણિનિ, કાતન્ત્ર, ચાદ્ર, શાકટાયન સરસ્વતીકંઠાભરણ, એ બધા વ્યાકરણ ગ્રંથો છે, સિદ્ધહેમોક્તિ તે સિદ્ધહેમાનુશાસન નામનો વ્યાકર-

રાજાએ ક્રોધ કરી તે પછી એ ગ્રંથ જડ એવા બ્રાહ્મણોને આપ્યો નહિ, પણ દાનમાન પૂર્વક યતિઓને શુભ મુહૂર્તે આપ્યો. ૪૭

રાજાના કોપથી ત્યાંથી ઉઠીને બ્રાહ્મણો બે પાસાથી ક્ષય પામ્યા અને અપાપ ચિત્તવાળા, બે પાસાથી વ્રતીશ્વર એવા તે મુનીશ્વર પોતાને સ્થાને ગયા. ૪૮

સિદ્ધાન્તથી સિદ્ધ બુદ્ધિવાળા, કર્કશ એવા તર્ક શાસ્ત્રમાં નિરંતર ધૃત ધૃતિ, છંદઃશાસ્ત્રમાં અનુપમ, સાહિત્યના સારમાં કુશાગ્ર મતિવાળા, લક્ષણ શાસ્ત્રમાં કુશલ, નાટકાદિની પટુ વચન રચનામાં પ્રવીણ, એવા વાદી વૃક્ષૌઘના દવાગ્નિ શ્રી હેમચંદ્ર વિજયી વર્તે છે. ૪૯

ઇંદ્ર જેમ સ્વર્ગને સૂર્ય જેમ આકાશને, મૃગરાજ જેમ વનને તેમ સાધુની પેઠે સર્વ જીવનું પાલન કરતો સિદ્ધરાજ પૃથ્વીનું રક્ષણ કરી ચારૂ રાજ્ય ચલાવવા લાગ્યો. ૫૦

## પ્રથમ સર્ગે ચતુર્થો વર્ગઃ

---

શુરસિંહ પરાક્રમ એવા જયસિંહ ભૂપાલે પૃથ્વીનું સંરક્ષણ કરતાં બહુ વર્ષ રાજ્ય કર્યું. ૧

સકલ વિદ્યા અને બહોતેર કલા તે ભણ્યો, તથા બત્રીસ લક્ષણ વાળો થઇ છત્રીશે આયુધમાં પણ કુશળ થયો. ૨

સર્વ વિજ્ઞાનવાળો સંસિદ્ધ, સિદ્ધમંત્ર સમૂહ વાળો, તે ભૂપાલ ભૂમિતલ ઉપર સિદ્ધ એવી સિદ્ધરાજની ઉપમાને પામ્યો. ૩

---

બુનો હેમાચાર્યકૃત ગ્રંથ. આ શ્લોક યદ્યપિ સ્તુતિરૂપ છે તથાપિ નિંદા ગર્ભિત છે એમ માનવાનું કારણ છે, કેમ કે તુરતજ એવો પ્રસન્ન ન થતા રાજાએ તે ગ્રંથ બ્રાહ્મણોને ન આપ્યો (જુઓ શ્લોક ૪૭)

દંડ ધારણ કરેલી, સદ્રસવાળી, શંખ કુંડલ ધારણ કરેલી, સર્વાંગે ભસ્મ લગાડેલો, જટાજૂટ રાખનારી, એવી બે યોગિનીઓ એકવાર તેના નગરમાં આવી, અને લોકો તેમને વિસ્મયથી ફુલ્લ નયનોવડે જોવા લાગ્યા. ૪-૫

પત્તનને જોતી જોતી તે નૃપ સભામાં ગઈ અને શ્રી સિદ્ધનરેશ્વરને આશિર્વાદ આપી ઉભી રહી. ૬

પાસેનાં રણશીંગાં ફૂંકી, અતિશય કોલાહલ ઉપજાવી, તેમણે સર્વ સભાજનનાં મનને વિસ્મયાકુલ કરી નાખ્યા. ૭

ક્યાંથી? શા કાર્ય માટે? આપ અત્ર આવ્યાં છો એનું મને મહા આશ્ચર્ય લાગે છે એમ ભૂમિપતિએ પૂછ્યું. ૮

બેમાંથી જે મ્હોટી હતી તેણે કહ્યું કે હે કર્ણસુત! અમારા આવવાનું કારણ સાંભળ, અને સાંભળીને હે વર્ણ ગુરૂ! સત્વર અમને નિર્ણય કરી આપ. ૯

કામદેવ જેવા લોકનું સ્થાન એવો કામરૂપ દેશ છે જ્યાં પાપનો લેશ પણ કહીં જણાતો નથી. ૧૦

ત્યાં શ્રી સિદ્ધનાથ નામે અન્વર્થ નામવાળો યોગિરાજ છે, તે શતાયુ છે અને અનેક મંત્ર તંત્રની સાધનાથી તેની મતિ પવિત્ર થયેલી છે. ૧૧

સાથે અભ્યાસ કરનારી અમે તેમની શિષ્યાઓ છીએ, અને સિદ્ધિ તથા બુદ્ધિ એવા નામની અમે બે સિદ્ધ યોગિનીઓ છીએ. ૧૨

જગત્ માત્રને સુખ આપનાર, એવું હે મહિમાકર? તમારૂં નામ સિદ્ધરાજ છે એમ અમે સાંભળ્યું. ૧૩

જે દાંતથી સર્વદા લોહને ચાવી ખાય છે તેજ સિદ્ધ કહેવાય છે, અને અમારા ગુરૂ કે અમે તેમનાવિના એ ક્રિયા આખી પૃથ્વી ઉપર કોઈ જાણતું નથી. ૧૪

એમ કહેતાંજ એક લોહનુ' કડુ કાઢીને તેમણે ચાવી ખાધું અને એવા પ્રત્યક્ષ પ્રમાણથી રાજાને અતિશય આશ્ચર્ય ઉપજાવ્યું ૧૫

અમારા ગુરૂની આજ્ઞાથી અમે એટલું કહેવા આવ્યાં છીએ કે તમારી સિદ્ધરાજ એવી ખ્યાતિ મૂકી દો અથવા અમને આવો પ્રત્યક્ષ પ્રભાવ બતાવો. ૧૬

બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ એવો કર્ણસુત આવું સાભળી મનમાં વિચાર કરવા લાગ્યો કે શું ઉત્તર આપવું. ૧૭

કાલનો વિલંબ થતાં સિદ્ધિ થઈ આવશે એમ ધારીને સભા વિસર્જન કરી તેમને રજા આપી અંતઃપુરમાં ગયો. ૧૮

મંત્રીને રહસ્ય સમજાવી, રાત્રીએ, ઉત્તર પ્રાપ્ત કરવાના હેતુથી, કૂખમાં ખડ્ગ રાખીને તેને લેઈ, રાજા ઘર બહાર નીકળી ગયો. ૧૯

સર્વે લોક સુઇ ગયા પછી આખા નગરની ચર્ચા જેતો, ચૌટાં, શેરી, ચકલાં, સર્વને વિષે, ભ્રમથી મોહ પામી, તે ભ્રમણ કરવા લાગ્યો. ૨૦

તારથી ભરપૂર વ્યોમાંગણ, અને શૂન્ય જેવા પોતાના નગરને જેતો, આલિંગ સચિવની સાથે ચૌલુક્ય કુલાવતંસ રાજા ચાલતો હતો. ૨૧

કૃષ્ણ પક્ષની રાત્રીના સોયથી ભેદી શકાય એવા ગાઢ અંધકારમાં આખે રસ્તે પોતાના ચરણ કમલથી ચાલતો, મહોટા પ્રાસાદો અને હાટોના સમૂહ જેતો, હાથમાં તરવાર લેઇને તે ભ્રમણ કરવા લાગ્યો. ૨૨

કહીંક ઘૂકાઘોરા, કહીંક શીયાળના કોલાહલ, કહીંક વેતાળપંક્તિ, કહીંક ભૂતના સમાજ, કહીંક ક્રૂર આક્રંદ, કહીંક સુરત નિરત કુલટા, ઇત્યાદિ જેતો તથા સાંભળતો પણ ભૂપાલ લેશ ભય પામ્યો નાહ. ૨૩

સિદ્ધની પેઠે દૃષ્ટિથી નગરનું નિરીક્ષણ કરતાં કોઇએ પણ ન

દીઠેલ્લા એવા તેણે પોતાનું સિદ્ધરાજ નામ યથાર્થ કર્યું, પણ ક્વચિત કોઇ સાધકોએ તેને દીઠો. ૨૪

સર્વત્ર ભમતો ભમતો રાજા, પ્રજાનો તાપ હારનાર એવી શર્કરા કરનારની ગૃહપંક્તિ આગળ આવ્યો, ને ત્યાં સ્ત્રીપુરૂષને વાત કરતાં સાંભળી ઉભો. ૨૫

નિત્યં શર્કરા બનાવવામાંજ જેનુ ધ્યાન એવા રત્નસિંહ નામના પતિને પત્નીએ કહ્યું કે આજ પ્રાતઃકાલે બે યોગિનીઓએ આવીને આપણા નિયતા નરેશ્વરને બુદ્ધિથી બાધી લીધા છે. ૨૬

ત્યારે હે સ્વામિન્! એવો કાંઈ ઉપાય શું નથી કે. જેથી સિદ્ધભૂપાલ મુક્ત થાય? ત્યારે તેણે કહ્યુ હે શુભાગિ! હજારો તેવા પ્રપંચ છે પણ તે બુદ્ધિ ગમ્ય છે બાલકના કામના નથી. ૨૭

હે પ્રિયપતિ? તે ઉપાય કહો કે જેથી આપણા રાજા બાધા રહિત થાય, ત્યારે પતિએ કહ્યું હે મુગ્ધે! વૃથા આગ્રહ ન કર, રાત્રીએ ગુપ્તવાત થાય નહિ. ૨૮

આવો તેમનો પ્રીતિમય આલાપ સાંભળી, પોતાના કાર્યની સિદ્ધિ ધારી, રાજાએ મન્ત્રીને તેના બારણા આગળ મોકલી વૃત્તાન્ત જણાવ્યો. ૨૯

મન્ત્રીના શુદ્ધ વચનોથી રાજાને આવ્યો જાણીને, વિશાલ બુદ્ધિવાળો તે વિસ્મય પામી ઉભો થયો, નરપતિના ચરણ કમલે નમન કરી, આસન આપી, પોતાનું ધન માત્ર રાજા આગળ તેણે મૂક્યું. ૩૦

હે દેવ, આજ મારો જન્મ સફલ થયો, મારૂં ગૃહ ધન્ય થયુ, કે રાજ રાજ! આપણા ચરણ કમલથી તે આજ પવિત્ર થયું. ૩૧

મને આપ આજ્ઞા કરો કે એવો શો પદાર્થ છે જે આપના મનને ચિંતા ઉપજાવે છે, તે હુ લાવીને આપના ચરણમાં મૂકુ અને મારા ધનને સાર્થક કરૂ. ૩૨

આસને બેસતો રાજા આવાં તેનાં વિનય યુક્ત વચનથી પરમ આનંદ પામ્યો, અને તેને પોતાનું આખુએ વિસ્મય કારક વૃત્તાન્ત કહી બતાવ્યું. ૩૩

શકરા કરનારે કહ્યું કે એટલાને માટે આપે આટલો બધો પ્રયાસ શા માટે કર્યો ? સ્વલ્પ કાર્ય માટે મહાસ્વરૂપ એવા રાજાઓ ઉપક્રમ કરતા નથી. ૩૪

હે બુદ્ધિનિધે ! આ મારૂં કાર્ય, વિચાર કરીને, જે તે પ્રકારે તમે સિદ્ધ કરી આપો, આર્તીના ભાર નીચે દબાઇ જતા રાજાઓને મન્ત્રિવર એજ આલંબન છે. ૩૫

અપૂર્વ બુદ્ધિવાળા તેની રાજાએ આ પ્રકારે અભ્યર્થના કરી એટલે તેણે વિજ્ઞાનવાળામાં શ્રેષ્ઠ એવા તેને ઘણો વિચાર કરીને કાનમાં કાંઇક કહ્યુ. ૩૬

સુદર બુદ્ધિવાળો રાજા તેથી અતિ પ્રસન્ન થઈ તેજ ક્ષણે પોતાને સ્થાને ગયો, અને મંત્ર જાપના મિષથી તેણે કોઇ અન્ય નરને સેવાનો પણ અવકાશ આપ્યો નહિ. ૩૭

શાકર બનાવનારો રાજાએ આપેલા અશ્વાદિ લેઇને ઉત્તરદિશા ભણી ગયો, અને એક માસ સુધી માર્ગ કાપીને ઉત્તમ બુદ્ધિવાળો તે કોઈક નગરમાં રહ્યો. ૩૮

કક * લોહના હાથાથી શોભીતી એવી, શાકરની બે છરીઓ એવી બનાવી કે ચળકાટ મારી રહેલી તે ગમે તેથી પણ ભાગે એવી ન હતી. ૩૯

૭ માસ ગયાપછી તે ઉત્તમ પુરૂષ ક્રમે કરીને, પત્તનમાં, સાથે ઘણુંક સૈન્ય આદિ રાખી કાશમીર દેશના રાજાના પ્રધાનને વેષે આવ્યો. ૪૦

---

* કંક પક્ષીની ડેગમાં, તપાવીને ટાઢુ પાડવાથી લેહ બહુ પાણીવાળું થાય છે એવી પ્રસિદ્ધિ છે તે ઉપર આ કહ્યું છે.

પછી હર્ષથી આવીને સિદ્ધરાજ સભામાં બેઠો, તે સમયે મોદ પામી અન્ય ભૂપાલો તેને પ્રણામ કરવા લાગ્યા. ૪૧

તુષ્ટચિત્તવાળી પેલી બે યોગિનીઓ પણ આવી, રાજાને આશિર્વાદ આપી,. ને કહેવા લાગી કે અમારા ગુરૂ આકાળક્ષેપ સહન નહિ કરે માટે અમને હવે સ્વસ્થાને જવાની રજા આપો. ૪૨

એવામાં દ્વારપાળે આવીને ખબર કર્યાથી અનુજ્ઞાત રત્નસિંહ મહાદ ભથી સભામાં આવ્યો, અને પ્રૌઢ બુદ્ધિવાળા તેણે અવ્યગ્ર એવા રાજાના આગળ અનેક વસ્તુઓ ભેટ મૂકી. ૪૩

સુવર્ણના થાળમા મૂકી ઉત્તમ વસ્ત્રથી ઢાંકેલી પેલી બે છરીઓને આગળ કરીને, રાજાની સાથે કરી મૂકેલા સ કેત પ્રમાણે, તે દક્ષ પુરૂષ, નમસ્કાર કરી સર્વે સભ્યોના સમક્ષ બોલ્યો કે અમારા સ્વામી શ્રી બાળચન્દ્ર તમારૂં સિદ્ધરાજ એવું નામ સાંભળી, તમારી પરીક્ષા કરવાના હેતુથી, કક લોહની આ બે છરીઓ મોકલી છે જે સામાન્ય છરીને ખાઈ જાય તે સિદ્ધ કહેવાય, અને જે કક લોહની છરી ખાય તે સિદ્ધરાજ કહેવાય, માટે જો તમે ખરેખરા સિદ્ધરાજ હોતો આ બે છરીને ખાઈ જઇ તમારો પ્રભાવ બતાવો. ૪૪-૪૫-૪૬

આ યોગિનીઓ પણ એજ અર્થે આ નગરમા ચિત્રિત હોય તેવી રહેલી છે, તો તમારો પણ આજજ ઉત્તર થઇ જશે, એમ કહેતા રાજાએ તે છરીઓ હાથમાં લીધી. ૪૭

દક્ષ એવા તેણે પોતાના હાથમાંજ રાખીને વિદ્યુત્ જેવી ચળકતી તે બે છરીઓ અન્ય સર્વને પણ બતાવી, અને તેમને જોઇને સર્વે પહોળી આંખો કરી વિસ્મયપૂર્વક જોઇ રહ્યા. ૪૮

સર્વેના દેખતાં કાંઈપણ વિષાદ પામ્યા વિના રાજા તે બે છરીઓને ખાઈ ગયો, અને યુગાતકર એવા બે પ્રચંડ દ ડ યોગિનીઓએ આપ્યા. ૪૯

વિસ્મય પામી તે બોલી કે હે ઉચ્ચ કીર્તિવાળા ! સર્વોગ સમૃદ્ધિયુકત એવા તમારા જેવા સિદ્ધરાજ નરેશ્વર વિના અન્યને તો કંક લોહ પચે પણ નહિ. ૫૦

આપની અમે પરીક્ષા કરી, હે મહી મહેન્દ્ર તમે ખરેખરા સિદ્ધરાજજ છો, તમારૂં કલ્યાણ થાઓ. અને અમને રજા આપો કે અમે અમારા સ્વદેશ ભણી જઈ ગુરૂ સમીપ રહીએ. ૫૧

આવું કહેવા ઉપરથી સત્કૃતજ્ઞ એવી તેમનો અનેક દ્રવ્ય સન્માનાદિથી રાજાએ સત્કાર કર્યો અને રજા આપી એટલે તે ઘણાક દેશ વટાવી થોડાક કાળમાં સ્વદેશને વિષે પહોંચી. ૫૨

પછી, અનેક રાજાના વંશનો ઉચ્છેદ કરી, આખી પૃથ્વી ઉપર તેણે એકછત્ર રાજ્ય સ્થાપ્યું, એ ઉપરથીજ કૂટ શલ્ય જેવો એમ સિદ્ધરાજને મહામતિવાળા કવિઓ વર્ણવે છે. ૫૩

આ પ્રકારે શાકર બનાવનારની ઉત્તમ બુદ્ધિના યોગે કરીને રાજાએ બે યોગિનીઓનો પરાભવ કર્યો, અને ઈષ્ટાર્થ માત્ર સિદ્ધ થવાથી સુંદર એવું નયયુક્ત રાજ્ય તેણે ઇન્દ્રની પેઠે ઘણા કાળ સુધી કર્યું. ૫૪

શ્રી રત્નસિંહ ગુરૂ પાદ પદ્મના ભ્રમર ચારિત્ર ગણિએ કરેલા લલિત એવા કુમાર ચરિતનો સ્વભાવથીજ શુદ્ધ એવો પ્રથમ સર્ગ પૂર્ણ થયો. ૫૫

## પ્રથમઃ સર્ગઃ

---

સત્ક્ષેમથી વિરાજિત એવા શ્રી ક્ષેમરાજ નૃપતિને **દેવપ્રસાદ** નામે કામ જેવો સુંદર પુત્ર હતો. ૧

તેને સમૃદ્ધ શોભાવાળો **ત્રિભુવનપાળ** નામે પુત્ર હતો તે વસુધા પાલનમાં ચતુર અને પોતાના કુલ રૂપી આકાશના સૂર્ય જેવો હતો. ૨

અરિદર્પ ભગ્નો નાશ કરનાર ત્રણ પુત્ર તેને હતા, તે સાક્ષાત્ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ જેવા શોભતા હતા. ૩.

લક્ષ્મીના શુદ્ધ આશ્રય અને શત્રુનો કાલ એવો **કુમારપાલ** પ્રથમ, અને બીજા બે **મહિપાલ** અને **કીર્તિપાલ.** ૪

તેજથી રંભા જેવી **નાગલદેવી** નામે, પતિભક્તિમાં નિરત ચિત્તવાળી, સતી, કુમારપાલની પત્ની હતી. ૫

દેવી જેવી મનોહર **દેવલદેવી** નામે કુમારપાલને બ્હેન હતી, અને મોઢેરાનો રાજા **કૃષ્ણભટ** તેને હર્ષથી પરણ્યો હતો. ૬

પવિત્ર ચરિત્રવાળો છતાં પણ શ્રી સિદ્ધનરેશ પુત્રહીન હતો એટલે પોતાને અકૃતાર્થ માનતા તેણે મનમાં વિચાર કર્યોકે વહેતી નદીને તટે રહેલું વૃક્ષ, રાજાનું સચિવહીન રાજ્ય, પુત્રહીન વંશ. એટલાં લાંબો સમય ચાલે નહિ. ૭-૮

લાળથી મોઢું ગળતું હોય એવાં બાલક જે ઘરમા ખેલે છે તેજ ઘર છે તે વિનાનું તે અરણ્ય છે એમ તે વાતના જાણનારા કહેછે. ૯

જટિલ, વસન વિહીન, ચટુલ, બહુ ધૂલિ ધૂસર, એવા પોતાને સ્વચ્છંદે વિહરતા શિવને તેમ પુત્રને પુણ્યવાળાજ દેખવા પામે છે. * ૧૦

રાજ્ય, નામ, વંશ એ ત્રણે ઘણાં મ્હોટા છતાં, મારાપછી, પુત્રાભાવે નાશ પામશે, અહો ! એવો સર્વઘ્ન હું ક્યાંથી નીપજ્યો. ૧૧

માટે પુત્ર પ્રાપ્તિને અર્થે હુ દેવશ્રી મહેશ્વરની આરાધના કરૂં કેમકે ભક્તિ પૂર્વક સંતોષવાથી એ સ્વામી સર્વ આપે છે. ૧૨

આવો વિચાર કરીને તે પોતાને પગે ચાલી પ્રભાસ તીર્થમા ગયો, અને ત્યાં જઇ તેણે દેવપૂજ્ય એવા શ્રી શંકરનું વિધિપૂર્વક પૂજન કર્યું. ૧૩

સુરાર્ચિત એવા મહાદેવની કર્પૂરા ગુરૂ ધૂપાદિથી પૂજા કરીને નૃપે નાના પ્રકારની રચનાવાળુ શંભુનુ સ્તવન કર્યું. ૧૪

હે મદન દહન! નિત્ય જય પામો, હે ભવભ્રમણનિવારક સ્વામી! ભવ! હે નીલકંઠ! પિનાકપાણિ! પિનાકેશઃ! તમારૂ મંગલ થાઓ. ૧૫

---

* જટિલ=જટાવાળા; વસન વિહીન=દિગંબર, બહુધૂલી ધૂસર=શિવ-ભસ્મ ચોળે છે તેથી તેવા, બાલક ધૂલમા રમે છે તેથી તેવા.

અન્નપાન તથા કૃત્યમાત્ર તજી, શિવના આગળ, પથારી નાખી, કુશમય આસન ઉપર, રાજા, ભૂમિએજ સુતો. ૧૬

વિકલ્પ માત્રનો ત્યાગ કરી અવ્યક્ત શિવનું રાત્રી દિવસ ધ્યાન કરતો તે ચોથા દિવસની રાતમાં યથા સ્વરૂપ શિવને દેખતો હવો. ૧૭

તેની ભક્તિથી તુષ્ટ થયેલા મહેશ્વરે કહ્યું કે હે મદનસુંદરતનુવાળા, શા માટે મારી આરાધના તે કરી છે તે કહે. ૧૮

પાદ પ્રણામ કરી રાજાએ સ્તુતિપૂર્વક વિનતિ કરી કે હે શશિધર ! મારા રાજ્યનો ધારણ કરનાર મને કૃપા કરીને આપો. ૧૯

તારા મ્હોટા ભાઇનો પૌત્ર કુમારપાલ તારા રાજ્યનો ધારણ કરનાર છેજ, માટે તું ચિંતા તજી દે એમ કહીને શંકર અંતરધાન થઈ ગયા. ૨૦

પોતાનો આરંભ વ્યર્થ થવાથી રાજાએ પોતાના મનમાં વિચાર કર્યો કે કુમારપાલ જીવે છે ત્યાં સુધી મને પુત્ર થવાનો નથી. ૨૧

તેને જો મારી નાખું તો પછી શંકર મને પવિત્ર ગુણવાળો પુત્ર આપશે, એવા અનેક તર્ક વિતર્ક કરતો શ્રી પત્તનમાં તે આવ્યો. ૨૨

કુમારપાલનો વધ કરવાની બુદ્ધિવાળા તેણે તેના પિતાને પોતાનાં માણસો પાસે મરાવ્યો, અને પછી કુમારપાલનો પણ નાશ કરવા મારા મોકલ્યા. ૨૩

કુમારપાલ પણ રાજાને રૂષ્ટ તથા દુષ્ટ જાણી, સમય વિચારીને તે, પોતાની જન્મભૂમિ જે દધિસ્થલી તેને તજીને જતો રહ્યો. ૨૪

રાજ્ય લોભને ધિક્કાર છે, અર્થ લોભને ધિક્કાર છે, નિતાંત સ્વાર્થ પરાયણ એવા જનને પણ ધિક્કાર છે, કેમકે એવા લોભથી, સ્વચક્ષુ છતાં પણ અંધની પેઠે દેખતો નથી, કાન છતાં પણ સાંભળતો નથી. ૨૫

લોભથકી સંકટ સમૂહમાં જે રહે છે તે ક્ષણમા મૃત્યુ પામે છે, અને મુવા પછી બધું કશા કામનું નથી, માટે ક્લેશ પેદા કરનાર દેશને તજવો. ૨૬

અજાણતાંજ રાજાએ મારા પિતાને હણ્યો પણ હવે મને તે હણી શકવાનો નથી, કેમકે જાણિતા અને રાત દિવસ અપ્રમત્ત એવાને શાકિની પણ હણી શકતી નથી. ૨૭

ઘર કુટુંબ આદિ સર્વને તજી, દેશ તજી વિદેશ જઈ, માણસે યત્નથી પોતાના જીવનું રક્ષણ કરવુ, જીવતો માણસ બધું પામશે. ૨૮

કામાન્ધ લાજને ગણતો નથી, હૃદયશૂન્ય ગુણ અગુણને ગણતો નથી, ક્રોધી વિવેકને ગણતો નથી, લોભવશ સ્વજનને પણ ગણતો નથી. કાર્યાર્થી દોષને ગણતો નથી, સ્ત્રીવશ સ્વકુલને પણ ગણતો નથી, રાજ્યાર્થી પાપને ગણતો નથી, અને અભિમાની વિનયને ગણતો નથી. ૨૯

ચૌલુક્ય ચૂડામણિ શ્રી કુમારપાલ આવો વિચાર કરીને સ્વજનોને લેઈ માલવ દેશમાં ગયો, અવંતિમાં મુકામ રાખી કેટલાક દિવસ રહ્યો, ને ત્યાથી રાજાનું મન જાણવા માટે ગુપ્ત રીતે પાછો આવ્યો. ૩૦

## દ્વિતિય સર્ગે પ્રથમો વર્ગ:

---

કદાચિત્ રાજા મને ઓળખશે તો શી ગતિ થશે એમ મનમાં ધારીને થોડાક નઠારા દિવસ કાઢવાના હેતુથી કુમારપાલે સાધુનો વેષ લિધો. ૧

કોઈક વેદીઆઓને મોઢેથી તે વાત પણ જાણીને રાજાએ કુબુદ્ધિથી, પોતાના પિતાના શ્રાદ્ધને દિવસે સાધુઓને નિમંત્રણ કર્યું. ૨

જટાધારી, ભસ્મલિપ્ત, એવા તેમને જોઈ રાજાને કાંઈ નિશ્ચય થયો નહિ, ત્યારે નક્કી કરવા માટે શઠ ચિત્તવૃત્તિવાળા તેણે તેમના પગ ધોવા માંડ્યા. ૩

પદ્માંકિત ચરણવાળો એને જોઇ, ધોએલુ વસ્ત્ર બદલી આપવાના મિષથી રાજા શસ્ત્ર ગૃહમાં ગયો એટલે કુમારપાલે પણ મનમાં વિચાર કર્યો. ૪

આનો આ બધો પ્રપંચ મારે માટે છે, અને આજ મને જરૂર એ હણશે, તો હવે શું કરૂ ? કોને શરણ જાઉં? અને દૈવે મને આંતરી લીધો છે? ૫

તુરતજ યુક્તિ સ્ફુરી આવવાથી વાંતી કરવાનું મિષ કરીને પોતાનુ પાનપાત્ર તેણે હાથમાં લીધું એટલે બધાંએ જાઓ, જાઓ એમ કહેવાથી તુરતજ રાજગૃહમાંથી નીકળી ગયો. ૬

ભોજનાન્તે દક્ષિણા માટે ઘરમાં બોલાવી તેને હુ મારી નાખીશ, એમ વિચારી રાજા ક્ષણવાર બેઠો. ૭

બોલાવવા માટે બહાર આવ્યો તો એ સાધુ વેષ ધારીતો જતો રહ્યો છે એમ તેણે દીઠુ એટલે દુષ્ટ બુદ્ધિવાળા તેણે તેનો વધ કરાવવા પોતાનુ અતિ બલવાન્ સૈન્ય પાછળ મોકલ્યું. ૮

કુમારપાલેપણ માર્ગે જતાં પોતાની પાછળ આવતા સૈન્યને દેખી કોઇ હળ ખેડતા ખેડુતને મારૂં રક્ષણ કર એમ કહ્યું. ૯

રક્ષા કરવામાં કુશળ એવા તેણે તેને કાંટામાં સંતાડીને તુરત રક્ષણ કર્યું, એટલે સૈન્ય બધે તપાસ કરી પાછું વળી ગયું, જ્યાં કર્મ જાગૃત્ હોય ત્યાં શત્રુ આંધળા થાય છે. ૧૦

કષ્ટ પણ ભાગ્યવાનને ગુણકારી થાય છે, અભાગ્ય યોગે સ્વજન પણ શત્રુ થાય છે, વાનરોએ પણ રામની સેવા કરી અને દશ મુખનો ભાઇ પણ શત્રુ થયો. ૧૧

પછી નિકળી જટા કાઢી નાખી, અને પોતાની જન્મ ભૂમિ **દધિસ્થલી**માં કુમારપાલ ગયો, અને પોતાના લોકને ત્યાં જોઇ પરમ આનંદ પામ્યો. ૧૨

વળી કાપાલિકનો વેષ ધારણ કરીને તે પુન: પત્તનમાં ગયો અને રાજાના છત્રનું નિરીક્ષણ કરતો મૂઢતાથી દિવસ કાઢવા લાગ્યો. ૧૩

રાજાએ મને ઓળખ્યો એમ જાણીને જેવો દીર્ઘ નેત્રવાળો તે નાશી ચાલ્યો તેવાજ અનેક પાળાને પોતાની પાછળ તેણે દોડતા જોયા. ૧૪

દેખીને ભય પામી તે આમ તેમ નાસતો નાસતો સામે એક ગામ હતું તેમાં જઈ પહોંચ્યો, તો ત્યાં વાસણ પકવવાની એક ભઠી ખડકેલી હતી તેમાં સજ્જન નામના કુંભારે તેને સતાડયો. ૧૫

યમોધન+ નામના ગામમાં કુલાલની સાથે રહેલા બહુરૂપી કુમારપાલનું **વોશરી** નામના ચતુર બ્રાહ્મણે વાસણમાં ઘાલીને રક્ષણ કર્યું. ૧૬

એ ઉભયે મિત્રની સાથે તે અનેક પ્રકારનો મત્ર કરવા લાગ્યો એટલે તેમના તેવા ધાધળથી કંટાળીને વિપ્રના બાપે કહ્યું કે પુત્રના જન્મતા પૂર્વેજ તેનું નામ નક્કી કરવા બેઠા હો એવું આ તમે શું લેઇ બેઠા છો! શુ કુમારપાલ પોતાના રાજ્યમાંથી લાટદેશ કે ચિત્રકૂટ તમને આપી દેનારો છે? ૧૭-૧૮

પરિણામે પણ રમ્ય એવું આવું વચન સાંભળીને બુદ્ધિમાન કુમારપાલે સારા શકુન માન્યા, અને તે બોલ્યો કે મને રાજ્ય મળશે ત્યારે તમે કહોછો તે બધું આપીશ. ૧૯

વોશરી બ્રહ્મણની સાથે ચાલતો ચાલતો તે પાસેના બે ગામમાં જઇ પહોચ્યો ત્યાં ભુખથી કૂખો ચઢી જવાને લીધે મધ્યાન્હે વિપ્રને પૂછવા લાગ્યો કે ખાવાનું કયા મળશે? ૨૦

મારી માતા ભિક્ષા સર્વદા મારી સાથેજ છે એમ કહી બ્રાહ્મણ ગામમાં ગયો, ત્યાંથી કરંબ ભરેલું વાસણ ઢાંકીને લાવ્યો ને કુમારપાલને આપ્યું. ૨૧

કુમારપાલ સુતો એટલે બ્રાહ્મણે કરંબ ખાધું તે જોઇ કુમારપાલના મનમાં થયું કે સ્વોદર પૂરણાર્થે જે પોતાના બંધુનો પણ અનાદર કરે છે તેવા જનોને ધિક્કાર છે. ૨૨

પોતે ખાધેલું પચી ગયું ત્યારે બ્રાહ્મણે હસીને કુમારપાલને કહ્યું કે આ લો ખાવો, ત્યારે તેણે પૂછ્યું કે મને પ્રથમ કેમ ન આપ્યું? એટલે બ્રાહ્મણે સ્પષ્ટ રીતે કારણ કહ્યું ૨૩

એક ધનિકની સ્ત્રીએ મને આ ભોજન એમ કહીને આપ્યું કે હે ભિક્ષુક આ તું લેઈ જા, પણ રાતે એને ઢાંકવુ રહી ગયું હતું તેથી એમાં સાપે ઝેર નાખ્યું હોય તો મને દોષ દેઇશ નહિ. ૨૪

માટે મેં એને પ્રથમ ખાઇ જોયું કે હે દેવ! તમને વિષ દોષ થાય નહિ;—આવી પોતાના મિત્રની મૃદુ વાણી સાંભળી, અમૃતપાન કર્યું હોય તેવો મોદ તે પામ્યો. ૨૫

મને રાજ્ય મળશે ત્યારે તારા જેવા ઉત્તમ મિત્રને હુ આ કરંબક ગ્રામ આપીશ એમ કહીને તે માની, તેની સાથે, **ડાંગરિક** નામના ગામમાં ગયો. ૨૬

આંબાના ઝાડને કેરીઓ આવેલી દેખીને, ભુખથી તેના ફલ લેવા માટે કુમારપાલ એક ઉંચા આંબા ઉપર ત્વરાથી ચઢી ગયો ૨૭

પાકેલાં સુવર્ણ જેવા રંગનાં ફલ લેઇને જેવો નીચે ઉતરેછે તેવોજ તે ઝાડનો ધણી ગાળો દેતો આવ્યો અને કોપ કરીને તેણે કુમારપાલનો છેડો ઝાલ્યો. ૨૮

સદય હૃદય વૃત્તિવાળો કુમારપાલ તે નિર્દય માણસના હાથમાથી અનેક મૃદુવાક્ય કહ્યા છતા પણ છેડો છોડાવી શકયો નહિ

ત્યારે અરેરે મારૂ હવે મહા દુર્ભાગ્ય આવી પડ્યું, બહુ બોલવામાં ફલ નથી, એમ ચિંતા કરવા લાગ્યો. ૨૯

ત્યારે વોરશી વિપ્રે આપેલું બીજું વસ્ત્ર પહેરીને પેલા માણસને મૂકી, તે કૌતુક દર્શનની લાલસાથી, આગળ ચાલ્યો. ૩૦

પૃથ્વી ઉપર પર્વત નગર આદિના સમૂહ જોતો વિવિધ વિબુધ જનો સાથે પ્રીતિ બાંધતો પૃથ્વીરૂપી યુવતીનો હાર, અને સદ્વસ્તુસાર એવા સ્તંભ તીર્થમાં આવી પહોંચ્યો. ૩૧

શું આ અલકા! કે સ્વર્ગ! કે ઈંદ્રપુરી! કે લંકા! એમ સ્તંભ તીર્થને જોતાં પવિત્ર મતિવાળો તે મહા આશ્ચર્ય પામી ગયો. ૩૨

કેટલાક દિવસ અહીં રહેવું એમ ધારીને શુદ્ધાત્મા એવો તે સુમતિ, લોક લીલાને જોતો નગરમાં ફરતો ફરતો સુજનને હર્ષ ઉપજાવનારી પુણ્ય પ્રકર્ષવાળી, એવી વિશાળ પુણ્યશાલા આગળ આવ્યો અને તેમાં પેઠો. ૩૩

સભામાં બેઠેલા શ્રી **હેમચંદ્ર** નામના સૂરિ રાજને ત્યાં તેણે નમસ્કાર કર્યા એટલે તેમણે તેને ધર્મ લાભ કહ્યો અને બેસો એમ આજ્ઞા કરી. ૩૪

અપાપ એવા જિનની પૂજા પછી ત્યાં **ઉદયન** નામે મુખ્ય મંત્રી આવ્યો તેણે સર્વના ગયા પછી પણ આને બેઠેલો જોઇ આ સુંદર અને મનોજ્ઞ પુરૂષ કોણ છે એમ પૂછ્યું. ૩૫

શ્રી વિક્રમથી ૧૧૯૯ વર્ષ પૂર્ણ થતાં આ પુરૂષ પૃથ્વી ઉપર મહારાજાધિરાજ થવાનો છે. આજ એ તમારે ઘેર આવ્યો છે, તો એનું યથાર્થ સન્માન કરવુ એમ જ્ઞાન બલથી જાણીને લક્ષણના મર્મજ્ઞ શ્રી હેમચંદ્રે ઉત્તર આપ્યું ૩૬

ગુરૂના આવા વચન ઉપરથી તેને ઉદયન માનપૂર્વક પોતાને ઘેર લેઇ ગયો, એટલે તેણે પણ ત્યાં સુખે વિહરતા અને મુનિની સેવા કરતાં ઘણો કાલ આનંદમાં ગાળ્યો. ૩૭

ત્યાં પણ મારવા માટે રાજાના માણસો આવ્યા છે એમ જાણીને તે ગુરૂની સ્નેહપૂર્વક આજ્ઞા લેઈ સ્વરક્ષણાર્થે આગળ ચાલ્યો. ૩૮

ભયભીત એવો તે વટપદ્રમાં આવ્યો અને ગામ બહાર કોઈ વાટિકામાં ઝાડ નીચે બેઠો, તો ત્યાં એક દરમાંથી ઉંદર મોંઢામાં રૂપાનો ટંક એક લેઈને નીકળ્યો. ૩૯

કુમારપાળ વિસ્મય પામી જોઈ રહ્યો એવામાં ઉંદરે એક મૂકીને બીજો આણ્યો, એમ ક્રમે ક્રમે દત પ્રમાણ ટંક ત્યાં ભેગા થયા. ૪૦

ઉંદર તેમને પાથરીને ચુંબન કરવા લાગ્યો અને ઉપર ચઢી આળોટવા લાગ્યો, અને પછી એકે એકે પાછા મોંઢામાં ઘાલીને દરમાં જવા લાગ્યો. ૪૧

આ મૂઢ બુદ્ધિવાળો જેવી રીતે આ ટંક બહાર લાવ્યો છે તેવીને તેવી રીતે પાછા અંદર લેઇ જશે, અને મારી પાસે તો ભાથુ સરખુ પણ નથી એમ વિચારી કુમારપાલે તે લેઇ લીધા. ૪૨

પાછો આવી ટંક દીઠા નહિ એટલે અશ્રુપાત કરતો ઉંદર આમ તેમ ભમવા લાગ્યો, અને મૂર્છા ખાઈ ભૂમિએ પડયો, તથા ક્ષણમાંજ મોહથી મરી ગયો. ૪૩

બુદ્ધિહીન છતાં પણ આ ઉંદર, એનું વિત્ત લેઇ લેવાના, મોહ થકી મરણ પામ્યો, અરે! આ પ્રકારે નિરપરાધીનો ક્ષય કરનાર એવા મને ધિક્કાર હો એમ કહે તો તે ચાલ્યો. ૪૪

પૃથ્વી ઉપર ભમતાં પેલા પૈસાથી કરીને કેટલોક કાળ તો તેણે કાઢયો, પણ નિઃશબલ તથા ક્ષુધાથી કૃશાંગ થઈ ગયો ત્યારે તે કોઈ સારા નગરમા ગયો. ૪૫

ત્યાં કોઇ ઉત્તમ વાણીઆને હાટે પોતાની તરવાર મૂકીને સાંજ સમયે નીતિજ્ઞ એવા તેણે ચણા લીધા. ૪૬

કુમારપાલને કોઇ ઉત્તમ છતે નિર્ધન થઇ ગયેલો વીર જાણી વાણીઆએ કહ્યું ભાઇ તમારૂં ખર્ગું લેઇ જાઓ, એ ચણા મેં તમારા જેવા શુભાશયને આપી દીધા એટલે મને મૂલ્ય પહોંચ્યું. ૪૭

આવી વાણી, વિવેકપૂર્વક કરેલો તેનો ઉપકાર સ્મરતો કુમારપાળ ત્યાંથી સિદ્ધપુર ગયો, ત્યાં કોઈ શકુન જોનારને તેણે પૂછ્યુ કે મને રાજ્ય ક્યારે પ્રાપ્ત થશે? ૪૮

પ્રભાતમાં તેની સાથે પેલો બુદ્ધિમાન્ શાકુનિક શકુન જોવા માટે ગયો, તો જિન ચૈત્ય ઉપર શાંત ચેષ્ટાવાળી ભક્ષ્ય મુખમા લીધેલી દેવ ચકલી તેમણે દીઠી. ૪૯

ઉડીને ચૈત્ય ઉપર ચઢતાં તેણે ત્રણ સુંદર સ્વર કર્યા, અને કુંભ ઉપર બેસી મધુર સ્વરપૂર્વક તેણે નૃત્ય કરવા માંડ્યું. ૫૦

સુખે ત્યાં બેશી તેણે ભૂ જલ વન્હિ એવી સંજ્ઞાવાળા ત્રણ સ્વર કર્યા અને જમણી પાંખને વારંવાર ફફડાવી, આણેલું ભક્ષ્ય ત્યાંજ ખાધું. ૫૧

આ બધું જોઈને પેલા બુદ્ધિમાને વિચાર કરી હર્ષ થકી કુમારપાલને કહ્યું કે શ્રી જૈન ધર્મ થકી તમારી ઇચ્છા કરતાં પણ અધિક સિદ્ધિ થવાની છે. ૫૨

સિદ્ધ ભૂપાળના ભયથી ભમતો તે કોલંબપુરમાં ગયો, અને ત્યાં સર્વાર્થ સિદ્ધ અને બહુ મન્ત્ર સિદ્ધ એવા યોગીશ્વરની તેણે આરાધના કરવા માંડી. ૫૩

તે યોગીએ પ્રસન્ન થઈ તેને બહુ વિઘ્ન સાધ્ય એવો રાજ્ય પ્રદ મન્ત્ર આપ્યો અને આજ્ઞાકર એવા તેને તેની સાધનાનો વિધિ પણ બતાવ્યો. ૫૪

શબ લેઇને સ્મશાનમાં બલિ લેઇને પોતે રાત્રીને સમયે ગયો, અને કુંડ કરી, શબને તેની પાસે મૂકી, તે ઉપર બેશીને મન્ત્ર જપવા લાગ્યો. ૫૫

એક હજાર જપ કરીને તેણે કુંડમાં પોતાના માંસથી હોમ કર્યો, અને વળી નાસાગ્રે દૃષ્ટિ બાંધીને પુન: જપ કરવા માંડયો. ૫૬

સિંહ, વ્યાઘ્ર સર્પાદિ દુષ્ટ સત્વોને જોતો, તથા દુ:સહ શબ્દ સાંભળતો, પણ કુમારપાલ નિશ્ચલચિત્ત રાખીને જપ કર્યા ગયો અને લગારે ભય પામ્યો નહિં. ૫૭

ઘુર ઘુર શબ્દ કરતા ઉગ્રવ્યાઘ્રોને દુ:સહ સિંહ સાર્થને, કટુ શબ્દ કરતા લોલ સર્પોને, અટ્ટહાસ કરતા રાક્ષસોને, ઘોર ઘુવડોને ચીસો પાડતાં શિઆળોને, ક્રૂર રૂપવાળી શકિનીઓને, દેખતો સતો પણ કુમારપાલ શંકાનો અંકુર સરખો પણ પામ્યો નહિ. ૫૮

અતિ વિકટ ફૂત્કારના વાયુથી કુંડાગ્નિને વધારે પ્રદીપ્ત કરતા અને કરડતા કૃષ્ણ સર્પાદિ, ધ્યાનનો ધ્વંસ કરાવવા માટે એને વીટાઇ વળ્યા. ૫૯

ગાત્રે સર્પ વીંટાઇ ગયેલા, શ્મશાનમાં બેઠેલો, ભૂત સમૂહની વચમાં બેઠેલો, દિગ્વસ્ત્રવાળો, અને ધ્વસ્તકામ, એવો કુમારપાલ, તે સમયે, શ્રી શંભુ જેવો દેખાવા લાગ્યો. ૬૦

રે રે દુષ્ટ! ઉઠ, શા માટે જપ કરે છે? હું તને મહા પરિતાપ ઉપજાવીશ, એવા શબ્દથી ચારે દિશાને મેઘની પેઠે ભરી દેતો અતિ વિકરાળ ક્ષેત્રપાળ ત્યાં આવ્યો. ૬૧

હું જે ક્ષેત્રપાળ તેની અવજ્ઞા કરીને તું મારી પાસે મંત્ર સિદ્ધિ ઈચ્છે છે! એમ ક્રૂર બૂમોથી પ્રાણી માત્રને ત્રાસ ઉપજાવતો ક્ષેત્રપાળ આવીને તેની આગળ ઉભો. ૬૨

વિકૃત વદનવાળો, કુર્કુરારૂઢ, ડમરૂના તીવ્ર નાદથી દિશાઓને ગજવી મૂકતો, ગત્રી જેવો કાળો, એવો તેને જોઇને પણ સત્વનો આશ્રય કરેલો એવો શ્રી કુમારપાળ કાંઇ ભય પામ્યો નહિં. ૬૩

કૂતરાના ભસવાથી સત્વમાત્રને કંપાવતો, વિકરાળ પાદ પ્રહારથી પર્વતોને પણ ઉથલાવી પાડતો, એવો ક્ષેત્રપાળ, કુમારપાળને

નિ:શંક સ્થિર જોઇ, કલ કલ શબ્દ કરતો અંતર્ધાન થઇ ગયો. ૬૪

રૂંડમાળા ધારણ કરવાથી અધિક વિકરાલ અને વિશાળ જણાતો નરકપાલ હાથમાં ધારણ કરતો, એવો અતિ શ્યામ ક્ષેત્રપાળ ગયો એટલે તુરત 'હું તુષ્ટ છું' એમ કહેતી, પોતાની મુખમુદ્રાથી ચંદ્રનો પણ પરાભવ કરતી, મહાલક્ષ્મી પ્રત્યક્ષ થઇ. ૬૫

હે સાધક! ધ્યાન સમાપ્ત કરીને વર માગ, તારા સત્વથી હુ તુષ્ટ થઈ છું, તને પાંચ વર્ષ પછી ગૂર્જરાત્ર દેશનું રાજ્ય મળશે, એમ કહી, તેને શરીરે થયેલાં સર્પ દંશનાં વ્રણ માત્ર અમૃતથી મટાડી દેઈ મહાલક્ષ્મી, પ્રભાત સમયે, સર્વ સત્વને લેઈ, ને અંતર્ધાન થઇ ગઈ. ૬૬

હજી રાજ્ય મળવાને થોડીક વાર છે એમ વિચારીને કુમારપાળ નવા નવા દેશ જોવા સારૂ પાછો નીકળ્યો, અને સર્વ દેશને જોતો જોતો કૌતુકોત્કંઠાથી નગર માત્રમાં કાંત એવી કાંતીપુરીમાં આવ્યો. ૬૭

તે નગરીની ભાગોળે એક સ્થાને અનેક સ્ત્રીઓનું ટોળું મળેલું જોઈ, કૌતુક જોવા માટે તે ત્યાં ગયો, તે બધી કોઇ એક મારી નાખેલા પુરૂષને જોતી હતી એમ તેણે દીઠું; પણ જોતાં જે સરસ વચન તે બોલતી હતી તે સાંભળી વિસ્મય પામ્યો. ૬૮

હે સુમુખિ! વિરળ દંત પંક્તિવાળો, સુંદર દાઢીથી રમણીય, સુખ ભોગવનારો, મુખ રાગ સહિત, સ્કંધ સુધી દીર્ઘ કર્ણ વાળો, એવો આ પુરૂષ છે, ને વળી હે બાળે! માથે ચોટલો પણ ઘણો લાંબો રાખતો જણાય છે. ૬૯

આ પુરૂષનું માથું તો છે નહિ અને આ બધીઓ એનાં કેશાદિ લક્ષણ કહે છે એ મહોટું આશ્ચર્ય છે, એમ વિચારી કુમારપાળે તેમને પૂછ્યું એટલે તેમણે કહ્યું હે નરોત્તમ સાંભળો. ૭૦

પૃષ્ઠ ઘસારો છે તેથી વેણીનું અનુમાન થાય છે. સ્કંધે ઘસારા છે તેથી કર્ણાભરણની લક્ષ્મી પ્રકટ થાય છે, છાતી બધી ગૌર છે તે

ઉપરથી લાંબી દાઢી હશે એમ જણાય છે, અંગુષ્ટ તાંબૂલ ચૂર્ણવાળો છે તેથી મુખરાગનું અનુમાન થાય છે, અરૂણ પ્રાંતથી દંતની વિરળતા સમજાય છે, એમ તેમણે કહ્યું તે સાંભળીને મહાજનો બુદ્ધિ ચક્ષુથી અત્ર સર્વ વાત જાણી શકે છે એમ હૃદયમાં વિચારતો તે સરોવર ઉપર ગયો, ૭૧-૭૨

સરોવરમાંથી શ્રમને હરનારૂં સરસ જળ કમળપત્ર વડે પીને તે સજ્જને ત્યાં સ્નાન કર્યું, અને આસપાસ જોવા માંડયુ તો ચક્કર જેવુ શ્વેત, વર્ણન કરવા યોગ્ય. ધ્વજ કલશાદિથી સુંદર, એવું એક ચૈત્ય તીર ઉપર તેણે જોયું. ૭૩

જે કોઈ પરમદેવ તેમાં હોય તેને નમન કરવાને તે ગયો, તો સુકૃતને વિષે મતિવાળા તેણે ત્યાં એક મસ્તકની પૂજા થતી જોઈ, એટલે આ શું છે? એમ પૂછતાં પૂજકે તેનો વૃત્તાન્ત પ્રથમથી કહી બતાવ્યો. ૭૪

## દ્વિતીય સર્ગે દ્વિતીયો વર્ગઃ

---

શત્રુને ત્રાસ પમાડનાર એવો આ સ્થાને પૂર્વે ભીમ નામે ભૂપાળ થઇ ગયો, તે બળથી ને નામથી સદા ભીમ સમાનજ હતો, અને દાનથી કર્ણ જેવો હતો ૧

પરોપકારમાંજ એક મતિવાળા તેણે, પોતાનું નામ રાખવાના હેતુથી, અતિ ઉત્તમ, કમલ રાજિથી શોભિતું, એવું સરોવર કરાવ્યું. ૨

જળથી ભરાયું એટલે સપરિવાર રાજા તેને જોવા ગયો, અને ક્ષીરસાગર જેવુ તેને જોઈ મનમાં ઘણો હર્ષ પામ્યો. ૩

ચારે દિશાઓ નજર ફેરવતાં તેણે કમળોની વચમા ઉત્તમ આ ભૂષણોથી ભૂષિત એવું એક સુંદર મસ્તક દીઠું. ૪

વિસ્મિત ચિત્તથી લોક સમેત રાજા તેને જોતો હતો તેવામાં તે મસ્તક "એકર્થાંજ જગત્ ણુડે છે" એમ કહી તિરોધાન થઇ ગયું. ૫

આવું અપૂર્વ વચન સાંભળીને ચમત્કાર પામેલા રાજાએ એ વાતનો મર્મ પંડિતોને પૂછયો. ૬

નિત્યે આ પ્રમાણે બોલે છે અને બલિ પૂજાદિથી શાન્તિ પામતું નથી એમ જાણી ચકિત ચિત્તવાળા રાજાએ તેની શાન્તિનો પ્રકાર પણ પંડિતોને પૂછયો. ૭

શાસ્ત્ર નિપુણ સતે પણ તે સર્વે તેનું ઉત્તર આપી શક્યા નહિ ત્યારે કોપે કરીને ભીપણાકાર થયેલો રાજા બોલ્યો. ૮

તમે બધા મારો દેશ તજીને વિદેશમાં જાઓ, અથવા દીર્ઘકાળ વિચાર કરીને આ વાતનુ મને ઉત્તર આપો. ૯

સાર કરતાં અન્ય ઉપર દોડનારી એવી જુવાનીઆઓની કંદર્પ દર્પથી વ્યાકુળ થયેલી મતિ લક્ષિત છતાં પણ દીર્ઘ વિચાર કરવા સમર્થ થતી નથી. ૧૦

સ્થિર બુદ્ધિવાળો એક વૃદ્ધ જે વાત જાણી શકે છે તે કોટિ તરૂણ જાણી શકતા નથી, જે નૃપને લાત મારે તે વૃદ્ધ વાકયથી પૂજ્ય થાય છે, ૧૧

આ પ્રકારે તે પંડિતોએ વિચાર કરી, મરૂ દેશને વિષે, દીર્ઘ-દર્શી, વૃદ્ધ, ચતુર એવા વિદ્વાન બ્રાહ્મણોને મોકલ્યા. ૧૨

ત્યાં જઇ એક ક્ષેત્રમા ઉભેલા સાઠ વર્ષના દૃઢ શરીરવાળા વૃદ્ધને જોઇ હર્ષ પામી તે બ્રાહ્મણો જેવા પ્રશ્ન કરે છે તેવુજ તેણે કહ્યુ કે આગળ મારો પિતા છે ત્યાં જાઓ, એટલે ત્યાં ગયા, અને એંશી લગભગની વયવાળા એક વૃદ્ધને દેખતા હવા. ૧૩-૧૪

બકરાંને ચારતા તેને કાકા કહેતા બ્રાહ્મણો તેને પૂછવા જતા હતા એટલે તેણે કહ્યુ કે મારો પિતા ઘેર છે. એ સાંભળી બ્રાહ્મણોને ચિંતા થઇ કે શું સો કરતાં પણ અધિક આયુષ્, હશે? આવો વિચાર

કરતા તેને ઘેર ગયા તો એકસો આઠ-વર્ષનો એક વૃદ્ધ પુરૂષ તેમણે દીઠો. ૧૫-૧૬

તે મુંજનું દોરડું ભાગતો હતો અને ઘણાંક કૂતરાં લેઇને બેઠો હતો, તેને જોઇ હર્ષ પામી બ્રાહ્મણોએ પોતાની વાત કહી. ૧૭

વૃદ્ધે તે સાંભળી મનમાં વિચાર કરીને કહ્યું કે ભોજન કર્યાપછી ઉત્તમ ઉત્તર આપીશ માટે એકવાર ખાઈએ. ૧૮

એમ કહીને તે ભરવાડે બધા બ્રાહ્મણોને પોતાને ઘેર જમાડયા, અને તેમણે પણ કાર્યવશાત્ હા ના કરી નહિ. ૧૯

પોતાનું કાર્યસિદ્ધ કરવાની ઇચ્છાથી તેનું માન રાખવા માટે તેમને તે વૃદ્ધે પીરસેલી કૂતરાએ ઉચ્છિષ્ટ કરેલી છાશ દોષ જાણવા છતાં પણ પીધી. ૨૦

શૂદ્ર ભોજનનો દોષ, અન્નપાનને શ્વસ્પર્શનો દોષ, દોષને જાણનાર એવા પણ તેમણે કાર્યવશાત્ ગણ્યો નહિ. ૨૧

ભોજન થઇ રહ્યા પછી વૃદ્ધે બ્રાહ્મણોને કહ્યું કે ચાલો હું તમને માર્ગમાં ઉત્તર કહીશ. ૨૨

આને વેચવાથી માર્ગમાં ખાવા જોગ દ્રવ્ય મળશે એમ કહી તેણે ચારે જણને ચાર કૂતરાં ઉપાડાવ્યાં.

લોભવશ થઈ ચારે જણા એકેક કૂતરાને લેઇને વૃદ્ધની પાછળ પાછળ પોતાના પુરભણી ચાલ્યા. ૨૪

કેટલોક માર્ગ કાપ્યાપછી તેમણે વૃદ્ધને કહ્યું કે હજુ સંદેહ તેમનો તેમ છે માટે હે સત્તમ! ઉત્તર કહો. ૨૫

આવું તેમનું વચન સાંભળીને વૃદ્ધે કહ્યું, મેં તો કયારનું એ ઉત્તર આપ્યું છે ત્યારે બ્રાહ્મણોએ કહ્યુ કે અમે તો સાંભળ્યુએ નથી ને જાણ્યુએ નથી એવું ? ૨૬

વૃદ્ધે કહ્યું કે તમે મારે ઘેર જમ્યા એ શું ? અને વળી કૂતરાની ઉચ્છિષ્ટ છાશ પીધી એ શું ? તે કહો. ૨૭

વળી વિષ્ટાના ખાનાર આ કૂતરા તમે ઉપાડચા છે એ શું? તમે સર્વે શાસ્ત્રના જાણનારા થઈ આટલી વાત સમજતા નથી? ૨૮

કૂતરાં, ગર્દભ, ચાંડાળ, મધભાંડ, રજસ્વલા, દેવલક, એટલાનું દર્શન થતાં પણ સચૈલ સ્નાન કરવું. * ૨૯

એવી શાસ્ત્રાજ્ઞા તમે જાણતા હોતો આ બધું તમે કેમ કર્યું? ત્યારે તે બોલ્યા કે વિરૂદ્ધ છતાં પણ આ સર્વે અમે લોભથી કર્યું.૩૦

આવું સાંભળી વૃધ્ધે વર્ણે ગુરૂને કહ્યું કે આ બધી ચેષ્ટા મેં ઉત્તર આપવાનેજ કરી છે. ૩૧

હે વિપ્રો ! તમારા જેવા પંડિતો સાથે યુક્તિથી વાત કરવી જોઇએ, માટે હવે જાણો કે " એક લોભથી જગત્ બુડે છે " એ વાત સર્વ સિદ્ધ છે. ૩૨

આવું તેણે કહ્યું એટલે મોહ પામી તેને રજા આપીને બ્રાહ્મણો, થોડાજ વખતમાં સર્વે વાત સમજીને પોતાને દેશ ગયા. ૩૩

આ વૃત્તાંત જાણી બ્રાહ્મણોએ રાજાને તે સર્વે કહ્યો, ત્યારે તેણે કહ્યું કે હવે એ મસ્તક નીકળે નહિ તો ખરી વાત. ૩૪

અનેક પરિવારને સાથે લેઈ રાજા તેની પરીક્ષા કરવા માટે સરોવરને તીરે ગયો, અને ત્યાં જઈ તેની સમસ્યાનો અર્થ કહ્યો એટલે તે મસ્તક નિવૃત્ત થઈ ગયું. ૩૫

પછી રાજાએ સરોવરના તીર ઉપરજ આ સુંદર ચૈત્ય કરાવ્યું અને પ્રસિદ્ધિને અર્થે એ મસ્તકની તેમાં પ્રતિષ્ઠા કરી. ૩૬

એ મસ્તકની આવી કથા સાંભળીને મનમાં વિસ્મય પામેલો કુમારપાલ કેટલોક વખત રહી વળી પાછો અનેક સ્થાને પૃથ્વી ઉપર ભમતો મલ્લિ દેશમાં ગયો. ૩૭

---

* દેવલક એટલે જે બ્રાહ્મણ મૂર્તિઆદિની પૂજાથી પોતાની ઉપજીવિકા પ્રાપ્ત કરતો હોય તે સચૈલ એટલે પહેરેલાં વસ્ત્ર સમેત.

જેનાથી પોતાને હિત માનીને ઉભયે હરિપૂરીમાંની એક સમુદ્રમાં પડીને બીજી શૂન્યમાં ગઈ તે કોલંબપુર આ છે એમ મહિપાલ દેશમાંની સુપ્રસિદ્ધિથી તેણે જાણ્યુ. ૩૮

જે ગુર્જર દેશના રાજા થનાર છે તે પ્રાતઃકાલમાં આવશે, તેની તમારે સારી રીતે સેવા કરવી, એવું કોલંબ નગરના રાજાને શિવે સ્વપ્નમાં કહ્યુ હતુ. ૩૯

તે ઉપરથી કુમારપાલને ઓળખી, પોતાને આસને બેસારી, શિવે કહેલું સર્વ વૃત્તાંત કહી બતાવી, પોતાનું રાજ્ય અર્પણ કરવા માટે રાજાએ બહુ આગ્રહ કર્યો.

રાજ્યનો નિષેધ કરી, ઉત્તમ સિંહ જેવા વીર્યવાળા તેણે રાજા પાસે પોતાના નામથી, કીર્તિને અર્થે, એક શિવ ચૈત્ય કરાવ્યું, અને નવુ, નાણું ચલાવરાવ્યું. ૪૧

પછી કુમારપાલ ક્રમેક્રમે ઉજ્જયિનીમાં આવ્યો અને પોતાનાં પરિજનને મળ્યો; ત્યા એકવાર ગામ બહાર ફરતાં એક ભવ્ય શિવમંદીરમાં તેણે ગાથા વાંચી. ૪૨

પુન્નેવાસ સહસ્સે સયંમિવરિસાણ નવનવઈ અહિએ,
હોહી કુમર નરીં' દોતુ હવિક્કમ રાય સારિછો. ૪૩

કિયા વિદ્વાને આ ગાથા લખી છે એમ તેણે એક મુનિને પૂછ્યું તો તે ગુરૂએ ગુણ ગૌર એવા તેને કહ્યુ કે એનું સ્વરૂપ સાંભળ ૪૪

હે કુમારપાલ! સુવિદિત ચરિત્ર વાળા અને પવિત્ર એવા સિદ્ધસેનદિવાકર પૂર્વે અત્ર થઇ ગયા તેમણે શ્રી વિક્રમાર્કના પૂછવાથી રૂચિર વિચાર ચારૂ એવી આ ગાથા લખેલી છે. ૪૫

## દ્વિતીય સર્ગે તૃતીયો વર્ગઃ

શ્રી સિદ્ધસેન નામે સૂરીરાજ મિથ્યાત્વ રૂપી અંધકારના સૂર્યરાજ જેવા થયા, એમના નામના પ્રકાશથી પરાભવ પામેલા વાદિરૂપી ઘુવડો અદ્યાપિ પણ બહાર આવી શકતા નથી. ૧

વિદ્યાના મદથી તેમણે એકવાર ગુરૂને સંઘ સમક્ષ કહ્યું કે આપની આજ્ઞા હોય તો તમામ જિનાગમને હું સંસ્કૃત ભાષામાં રચી નાખું. ૨

તેમનો આવો મદ જોઇને ગુરૂએ કહ્યું રે મૂર્ખ તને ધિક્કાર છે, આવો ગર્વ શું ધારણ કરે છે ? જેમણે પ્રાકૃતમાં આગમ રચ્યાં છે તે શુ પૂર્વે તારા જેવા વિદ્વાન્ નહિ હોય ? ૩

સ્ત્રી, પુરૂષ, અલ્પ મતિવાલાં બાલક, સર્વેના અનુગ્રહાર્થે ગણધરોએ પ્રાકૃતમય શાસ્ત્ર રચ્યા છે, માટે તેમની ગર્હા કરવાથી તને બહુ પાપ લાગ્યુ. ૪

પછી જિનાજ્ઞાની અવજ્ઞાએ સંસૃતિનો હેતુ છે એમ મનમાં વિચારીને તે સૂરિએ પોતાના ગુરૂ પાસે પોતાના અપરાધનો બહુ શોક કર્યો. ૫

ગર્વ તજી, માથા ઉપર હાથ જોડી યથાર્થ અર્થને જાણનાર એવા તેમણે, આ અપરાધનું પ્રાયશ્ચિત્ત ગુરૂ પાસે માગ્યું. ૬

ગુરૂએ, ગર્વ કાઢી નાખવાના હેતુથી, સંઘની સમક્ષ, તેને, દ્વાદશ વર્ષ સાધ્ય એવુ **પારાંચક** નામનું તપ બતાવ્યું. ૭

ગર્ભિત વેષ ધારણ કરી સ્વચ્છ એવો તે ગચ્છને તજીને વનમાં ગયો, અને ત્યાં નવ વર્ષે વિધિ પૂર્વક તપ કરી, નવમે વર્ષે વિશાલામાં ગયો. ૮

શ્રી વિક્રમાર્કને બોધ કરીને ધર્મોન્નતિ કરૂં એવો ચિત્તમાં વિચાર કરીને રાજભવન આગળ ગયો પણ ત્યાં દ્વારપાલે રોકવાથી તેણે આ પ્રમાણે રાજાને કહાવ્યુ. ૯

આપના દર્શન માટે આવેલો કોઇ ભિક્ષુ હાથમાં ચારશ્લોક લેઇને આવ્યો છે તે આવે કે જાય ? ૧૦

આજ્ઞા થતાં એ પ્રભુ ભૂમિપતિની સભામાં ગયા અને પેલા વિશદ એવા ચાર શ્લોક બોલ્યા. ૧૧

અહો! તમારા નિર્યાણથી રિપુ હૃદયરૂપી ઘટ ફૂટયા અને ગળવા માંડયાં તેમની સ્ત્રીઓનાં નેત્ર એ તમારૂં કેવું આશ્ચર્ય છે? ૧૨

આવી અપૂર્વ ધનુર્વિદ્યા તમે કયાંથી શીખ્યા? માર્ગણૌઘ આવતો જાય છે ને ગુણ દિગંતરમાં જાય છે. * ૧૩

ચારે સમુદ્રમાં સ્નાન કરવાથી ટાઢ વાવાને લીધે ઠરી ગયેલી તમારી કીર્ત તાપવા માટે સૂર્ય મંડળમાં ગઈ છે. ૧૪

સર્વદા સર્વસ્વ આપી દે છે એમ લોક તમારે માટે કહેછે તે ખોટું છે. કેમકે શત્રુએ તમારી પીઠ અને પરસ્ત્રીએ તમારી દૃષ્ટી કદાપિ પ્રાપ્ત કરી નથી. ૧૫

આવા ચાર શ્લોકની રચનાથી અતિશય પ્રસન્ન થઈ રાજાએ પોતાનું રાજ્ય તેને આપી દીધું અને પોતે અંતઃપુરમાં ગયો. ૧૬

સૂરિએ કહ્યું અમારે રાજ્યનું કામ નથી, તું તારૂં રાજ્ય કર. ત્યારે રાજાએ તેમના આગમનનું પ્રયોજન પૂછ્યું. ૧૭

વિદ્વાનોની વાતના રસને અર્થે અમે આવ્યા છીએ એમ સૂરિએ કહ્યું એટલે રાજાએ તેમને પોતાના આસન ઉપર બેસારી નમસ્કાર કર્યો, ૧૮

કવિઓના ચિત્તને. આનંદ આપનાર મેઘતુલ્ય તેનું હૃદયહારીપદ્ય પોતાની સભામાં સાંભળીને, ઝરતા અમૃત રસ જેવી, સન્માનપર્વક, આવી સ્તુતિ તેણે કહી. ૧૯

અસાર સંસારમાં સુમતિનાજ શરણ એવા કાવ્ય વ્યાપારમાં પોત પોતાની રૂચિથી કવિઓ કયાં ચેષ્ટા કરતા નથી, પણ દુગ્ધ

---

* માર્ગણ=બાણ. યાચક. ગુણ=દાનશીલતા, પણછ. આવતો જાય છે, ને જાય છે એ પણ વિરોધાભાસ છે. આ ચારે શ્લોક તથા આખી એ કથા આજ પ્રબન્ધમાં. તેમ વિક્રમ ચરિત્રમાં છે, ત્યાં જોવી.

જેવું સ્નિગ્ધ, મધુર રચનાવાળું, રચે કે કહે એવા સરસ તો કોઇ નિરક્ષર પંડિત થાય છે. ૨૦

રાજાને રંજન કરતો તે મિત્રની પેઠે, ઉત્તમ વિનોદ કરતો અપાર સમય સુધી ત્યાં રહ્યો, અને પછી રાજાની રજા લેઇને તે યતિરાજ અન્યદેહથી શંકરના ભવનમાં ગયા. ૨૧

માયાથી રહિત અને સકલ વિદ્યા તથા કલાનો જાણ એવો તે યતિપતિ સાયંકાલે શિવના મંદીરમાં જઇને સુતા; ત્યાં પ્રાતઃકાલે પૂજારો ગયો તો તેને દેખી કોપ કરી ઘણોક તિરસ્કાર કર્યો પણ તેણે તો નિદ્રા સરખીએ તજી નહિ ૨૨

રાજા પણ મનમાં આશ્ચર્ય પામી તે સ્થાને આવ્યો અને રૂઠ અંગવાળા એવા તે યતિવરને કહેવા લાગ્યો કે હે ભિક્ષો! શંકરની આસાતના કેમ કરો છો? એ દેવ રૂષ્ટ થશે તો આખા જગતને ભસ્મ કરી નાખશે. ૨૩

વિરિંચિ આદિ દેવો જેની નિત્ય સ્તુતિ કરે છે એવા શંભુની નવીન સ્તુતિ હે મહામતે! તમે રચો એ જો પ્રસન્ન થાય તો આખા જગતનુ સામ્રાજ્ય અત્ર આપે છે, અને પરત્ર અભય મોક્ષ પદને પમાડે છે. ૨૪

પોતાની ભવ્ય મૂર્તિને દર્શાવતા મુનિએ નૃપના વદનકમલ સામું જોઈ કહ્યું કે આ શંકરથી મારી ઉચ્ચરેલી સ્તુતિ, ગમે તેગ સમર્થ પણ ઘૂડ જેમ સૂર્ય કિરણને સહન કરી શકતો નથી તેમ સહન થશે નહિ. ૨૫

શંકરને કાંઇ વિઘ્ન થાય તો એમાં મારો દોષ ન માનશો એમ કહીને સૂરિએ નવું સ્તવન રચવાનો આરંભ કર્યો, અને તેની વિશુદ્ધ વાણી સાંભળી રાજાને એમ થવા માંડયુ કે આ તે કોઇ સિદ્ધ છે, કે ઉત્તમ પ્રજ્ઞાપ્રકર્ષવાળો કોઇ કવિ ર છે? ૨૬

સ્વયંભૂ ભૂત સહસ્રનેત્ર, અનેક, એકાક્ષર ભાવલિંગ, અવ્યક્ત અવ્યાહત, નિર્દોષ, આદિ મધ્ય પુણ્ય કે પાપથી રહિત, ઇત્યાદિ

પ્રકારે સ્તુતિનો તેણે આરંભ કર્યો એટલે ખડખડાટના શબ્દો થવા માંડ્યા, અને જનો સમેત રાજા એમ કહેવા લાગ્યો કે હે મુનિ! કોપ કરીને શિવ તારો સંહાર કરી નાખશે ૨૭-૨૮

પૃથ્વી કંપવા લાગી અને હવે શું થશે એમ લોક તથા રાજા પણ બોલવા લાગ્યા ને તેજ સમયે મુનિના દુઃખની સાથેજ ભૂમિમાંથી ભ્રમરાલિ જેવી કુટીલ અને શ્યામ ધૂમલેખા ઉઠી ચાલી. ૨૯

રૂઢ એવું તે પશુપતિ લિંગ, પછી, ઉત્તમ પ્રભાથી કરીને, કમલની પેઠે ચાર ચિરાળીયા થઈ ફાટી ગયું. અને તેમાંથી પાર્શ્વનાથનું બિંબ માથે શેષની ફણા સમેત પ્રકટ થયું. ૩૦

જે દેવ પૂજિત પરમેશ્વર મારૂં સ્તોત્ર સાંભળે છે તે પોતાની મેળેજ અત્ર આવ્યા એમ કહીને " કલ્યાણ મંદિર " સ્તવથી સૂરિએ શ્રી પાર્શ્વજિનની સ્તુતિ કરી ૩૧

તે સ્થાને શ્રી પાર્શ્વનાથની સ્થાપના કરીને રાજા પોતાના નગરમાં ગયો અને શ્રી સિદ્ધસેન ગુરુના દીક્ષાથી પોતે જિન મતનો ભક્ત થઈ ગયો. ૩૨

એકવાર પોતાના ગુરુને વિક્રમે આદરથી પૂછ્યું કે કલિયુગને વિષે મારા જેવો પરમાર્હત કોઈ થશે કે નહિ? ૩૩

કલિયુગમાં કુમારપાલ ભૂપાલ તમારા જેવો થવાનો છે એમ ગુરુએ કહ્યું અને આ ગાથા લખી. ૩૪

ગાથાનો આવો વૃત્તાંત સાંભળી તેમાં જણાવેલા કાલની સંપૂર્ણતા થઈ છે એમ સમજી. કુમારપાલને નિશ્ચય થયો કે એ મુનિ કોઈ ખરા જ્ઞાની થઈ ગયા; અને કુટુંબના આગ્રહથી કેટલાક દિવસ ત્યાં ગાળી, કૌતુકી એવો તે, પુનરપિ પૃથ્વીનું નિરીક્ષણ કરવાને નીકળ્યો. ૩૫

અનુક્રમે દેશને વિષે રખડીને તે કુમાર આશ્ચર્યના ધામ એવા **યોગિનીપુર**માં પહોંચ્યો, ત્યાં તેણે સિદ્ધરાજના સ્વર્ગ ગયાની વાત સાંભળી એટલે પોતાના દેશમાં જવાને તૈયાર થયો. ૩૬

પ્રયાણોત્સુક એવો તે જોડા ખરીદવા માટે મોચીની દુકાને ગયો તો ત્યાં બલચંદ્ર નામના કારીગરે પાતેજ પોતાને હાથે તેને પગે જોડા પહેરાવ્યા. ૩૭

કામનવાણી વિસ્તારતા તેણે વિમલ હૃદયવાળો કારીગર સંભળે તે રીતે કહ્યું કે મારા ચરણનું રક્ષણ કરવાનું આજે તેં કર્યું તેનો બદલો આપવા હું હાલ સમર્થ નથી. ૩૮

આ બે જોડા તમારા કમલ જેવા ચરણને સારા શોભે છે, તમે સુખે સ્વદેશ જાઓ, ને રાજ્ય પામો, એમ તે કારીગરે પણ જવાબ દીધો ૩૯

કુમારને ગુર્જરદેશ ભૂમિપતિ જાણીને કારીગરે આવું કહ્યું એટલે તેને તું મારી સાથે આવજે એમ કહીને તે ચાલ્યો. ૪૦

પર્વત અને નગરાદિના સમૂહને લીલા માત્રથી ઓળગી, પોતાના સમગ્ર કુટુંબને સાથે લઈ દક્ષ અને દૃઢાંગ એવો તે બહુ રંગે ચઢી વાયુ વેગથી સિદ્ધપુર ગયો. ૪૧

સમય આવ્યો જાણીને પોતાના પરિવારને ત્યાં મૂકી, એક તરવારને સહાયમાં સાથે રાખી, રાત્રિએ પોતાની બેહેનને ઘેર, બનેવીની ભીતિ રાખ્યા વિનાજ તે ગયો.

મધ્યરાત્રીએ વિદેશથી આવેલો તે પોતાની બહેનને જઈને નમ્યો અને પતિનો ભય ધરતી પણ આશા બાંધી તેણે પોતાના સહોદરને ઘરમા છાનો રાખ્યો. ૪૩

પોતાની બહેનના ઘરમાં સુખે રહેતે તે અશુભ કર્મ જતાં રહ્યાં એમ માની પોતાને કેવલ દુર્જય માનવા લાગ્યો, અને સૂરી વચનનું, વિચારસાર એવો કુમારપાલ ભૂપાલ, સ્મરણ કરવા લાગ્યો.૪૪

શ્રી રત્નસિંહ ગુરૂપદ્મના ભ્રમર ચારિત્ર સુંદરગણીએ રચેલા કુમારપાલ ચરિત્રનો ગુરૂ સ્વરૂપ પણ સુગમ એવા દ્વિતીય સર્ગ સમાપ્ત થયો. ૪૫

## દ્વિતીયઃ સર્ગઃ

---

જયસિંહદેવ સ્વર્ગમાં ગયા એટલે સેનાપતિ કૃષ્ણભટે શત્રુમાત્રના બલનો પરાજય કરી, કુમારપાલના આગમનની પ્રતીક્ષા કરતાં રાજ્યનું રક્ષણ કર્યું. ૧

તેણે પોતાના દૂતો પાસે બહુ બહુ તપાસ કરાવી પણ તેનું ચિન્હ સરખુ કહીં મળ્યુ નહિ, ત્યારે એ મરી ગયો હોવો જોઈએ એમ મનમાં ધારીને તે સેનાપતિ નિરાશ થઇ ગયો. ૨

તેને ચિંતાકુલ અને શ્રમિત એવો દરબારમાંથી આવેલો જોઇને, બીજે દિવસે ભક્તિથી, કુમારપાલની બહેને ચિંતાનું નિદાન પૂછ્યું. ૩

તેણે કહ્યું ભદ્રે! સાંભળ, કોઈ ગાદીએ બેસનાર નથી અને ગાદી શૂન્ય પડીછે. એથી મારા મનમાં મહા ચિંતા થઇછે, ને હું રાજ્યને ગતપ્રાય માનું છું. ૪

જે કુમારપાલ રાજપદને યોગ્ય હતો તે તો રાજાના ભયથી કોણ જાણે ક્યાં જતો રહ્યો, અને જેમ રાજાવિના જગત્‌ને ધારણ કરવા અન્ય સમર્થ નથી તેમ તેના વિના અન્ય કોઈ રાજ્યને ધારણ કરવા સમર્થ નથી. ૫

આ પ્રકારનું તેનું મન સમજી લેઈને બુદ્ધિમાનોમાં મુખ્ય એવો કુમારપાલ ક્ષણવારમાં પ્રકટ થયો, અને પરસ્પરને ઇષ્ટ એવા તે ઉભયની અતિ નિષ્ટ ગોષ્ટી ઘણો સમય ચાલી. ૬

પોતાના ગુણથી ઉદાર અને વીર્યથી ભૂમિભારનો ઉદ્ધાર કરે, તેવા ત્રણ કુમારો છે એમાંથી આ મહારાજ્ય કોને આપવું એવા વિચારમાં સેનાપતિ પડ્યો. ૭

આવો વિચાર કરતો તે તેમના મહા ધૈર્યની પરીક્ષા કરવાના હેતુથી રાજ સભામાં ગયો અને ભયથી નિર્મુક્ત એવા ત્રણે કુમારોને પોતે બોલાવરાવ્યા. ૮

પોતાની મૂર્તીથી હાથી જેવો શોભતો મહીપાળ સભામાં આવ્યો. અને લક્ષ્મીનો નાથ એવો તે, સૈન્યના નાથને પ્રણામ કરીને હર્ષથી તેના આગળ બેઠો. ૯

કીર્તિપાલે આવીને હર્ષથી કહ્યું સેનાપતે! શી આજ્ઞા છે? આવું જોઇ વિચારચતુર એવા તે માનીએ દીન વચન ઉપરથી તર્ક કર્યો કે આ બે તો હીન સત્વજ છે. ૧૦

એવામાં ક્ષણમાત્રમાંજ મ્હોટી તરવાર હાથમાં લઇ, ઇંદ્ર જેવો કુમારપાલ નિર્ભય થઇ સભામાં આવી પહોચ્યો, અને સર્વે નૃપોને તૃણવત ગણતો, પોતાની મેળેજ, રાજ્યાસન ઉપર જઇને બેઠો. ૧૧

હે કૃષ્ણભટ! વિવેક થકી ઉત્તમ અભિષેક કરો. અને ઉત્તમ સુભટ સમૂહને ત્વરાથી બોલાવો, અરે! રાજાઓ! તમે મને નમસ્કાર કેમ કરતા નથી, આ પ્રકારે, ધૃતિ ધારણ કરીને, સિદ્ધરાજને આસને બેઠેલો તે બોલવા લાગ્યો. ૧૨

તેને આવો અધિસત્વવાળો જોઈને સેનાપતિએ તેનો વેગથી અભિષેક કર્યો, અને બીજા રાજાઓએ પણ હર્ષ પામી, ઉપાયન પૂર્વક તેને નમસ્કાર કર્યા. ૧૩

પ્રશસ્ય હૃદયવાળા સેનાપતિએ તેને માથે પવિત્ર અને વિચિત્ર એવું છત્ર ધર્યું, અને પોતાના બે ભાઇઓએ ઉત્તમ ચામર બે પાસા ઉરાડવા માંડયાં. ૧૪

અનેક અંગનાઓ ઉજ્જવલ મંગલ ગાવા લાગી, બ્રાહ્મણો વેદવચનના ઉચ્ચારપૂર્વક આશિર્વાદ દેવા લાગ્યા, હર્ષ પામતા બંદીજનો સ્તુતિ કરવા લાગ્યા, અને વારાંગનાઓએ નૃત્ય કરવા માંડ્યું. ૧૫

આનંદ પામી તે સમયે ઇંદ્ર જેવા તેણે એવું અપૂર્વદાન બંદી જનોને આપવા માંડયું કે લક્ષ્મીના ભરથી તેમના મંદીરમાંનું દારિદ્રયપૂર ચૂર્ણ થઈ ગયું. ૧૬

સુંદર રંગાંગણમાં ઉભેલા ગૌર દેહવાળા તથા લક્ષ્મીથી વર્ધમાન એવા તેને, તે સ્થાને ઉભેલી સુંદર પૌરાંગનાઓએ મોતીથી વધામણી દેઈ વધાવી લીધો. ૧૭

બે પાસા ચામર ઉડી રહ્યાં છે, માથે છત્ર ધરાઈ રહ્યું છે, એથી સહજ લજ્જા પામતો પામતો પણ ઉત્તમ નૃપ હાથીએ બેશી, અનેક નૃપોને સાથે લેઇ, સ્વારી ફરવા નીકળ્યો. ૧૮

હર્ષપ્રકર્ષમાં આવેલા, ઇંદ્ર જેવા તેણે, એક વર્ષ સુધી બધા દેશમાંથી દંડ લેવો બંધ કર્યો, તેમજ વેઠ તથા નિઃપુત્રનું ધન લેઈ લેવાનો કાયદો તેણે હમેશ માટે કાઢી નાખ્યાં. ૧૯

અતિ ચતુર અને સજ્જનોને આનંદ આપતા એવા તેણે ચિત્રકૂટ દેશ સજ્જનને આપ્યો, અને શત્રુ સમૂહને વશ કરી લાટ દેશ, બે ગામ સમેત, વોશિરને આપ્યો. ૨૦

પૂર્વે જેણે જોડો આપ્યો હતો તેને ગુણજ્ઞ એવા તેણે બે ગામ આપ્યાં. સત્પુરૂષને અવસર ઉપર કરેલો ઉપકાર કદાપિ વિસરતો નથી. ૨૧

જે ઉત્તમ વાણીઆએ પૂર્વે તેણે ચણા આપ્યા હતા તેને ઉત્તમ એવો વાગડ દેશ અને વટપદ્ર નામે નગર તેણે આપી દીધું. ૨૨

કુમારપાલ ખરેખર ઇંદ્ર જેવોજ કહેવાય કેમકે એણે સર્વ નૃપોને જીત્યા, એમ પોતાના હાથમાં વજ્ર ધારણ કરતો સતે, પણ તે ગોત્રભિત્ થઈને ગયો એ આશ્ચર્ય છે. ૨૩

જેણે શુભાશયથી કુમારપાલને કાંટામાં સતાડી રક્ષ્યો હતો તેને તેજ ગામ આપી પોતાના અંગરક્ષકોમાં રાખ્યો. ૨૪

સુંદર એવા ચૌલુક્યગોત્રના સૂર્ય કુમારપાલે સપ્તદિશાનો જય કર્યો અને ભૂપાલો સેવામાં રહેવા લાગ્યા, એમ તેણે આખા રાજ્યનું ક્ષેમ કરીને પાલન કરવા માંડ્યું. ૨૫

શત્રુ માત્રના ખલને ક્ષણે ક્ષણે નવ મંગલ વિસગરતા તેણે દળી નાખ્યું તથા કલિયુગના કાલુષ્યના ચૂરા કર્યા, ને એમ પોતાના કુલને વધારે વિમલ કર્યું. ૨૬

ઉદય મંત્રીનો પૂર્વોપકાર મનમાં રાખીને તત્ત્વજ્ઞ એવા તેણે તેને મંત્રી નીમ્યો અને તેમનો પુત્ર જે વાગ્ભટ્ટ જે પોતાના ચરિત્રથી સુપ્રસિદ્ધ હતો તેના ઉપર રાજ્યભાર નાખી રાજા સુખ ભોગવવામાં પડયો. ૨૭

નિરંતર સુખમાંજ આસક્ત, સુદર્શન દર્શનમાં મતિ રાખતો, ગંધભોગમાં ભ્રમર જેવો, લલિત લલના ભોગ ભોગવતો, શુભાગ્રણી અને દક્ષ રાજા વિષય વિષયક સુખનો હર્ષથી ઉપભોગ કરવા લાગ્યો. ૨૮

## તૃતીયે સર્ગે પ્રથમો વર્ગઃ

---

શત્રુમાત્રનો પરાભવ કરીને શ્રીકુમારપાલ લીલાપૂર્વક નિત્યે સભામાં બેસતો, અને સેવાને અવસરે આવીને ભૂપમાત્ર તેની સેવા કરતા હતા. ૧

રાજા સભામાં બેઠા હોય ત્યાં પણ તેનો બનેવી કૃષ્ણભટ્ટ તેનો ઉપહાસાદી નર્મ કરતો; અને કુમારપાલે એકાંતમાં બહુમાનપૂર્વક નિવારણ કર્યા છતાં પણ તેમ કરતાં અટકયો નહિ. ૨

આ હવે મારાં વચનથી દુભાયછે, પણ પોતાની પૂર્વની અવસ્થા સભારતો નથી એમ મરવાનો થયેલો તે કુમારપાલની મશ્કરીઓ નિત્ય સ્વચ્છંદ કર્યા જાય. ૩

વનિતા અને ભૂપ એ કોઈવાર કોઈને પણ વશ થતાં નથી, કુમારપાલ પણ પેલા અપમાન કરનારને હણવાની ઇચ્છા કરતો પણ તે વાત ગૂઢ રાખી રહ્યા હતો. ૪

અનેક ઉજ્જવલ રાજાઓ સમક્ષ બેઠેલો છે એમ સભામાં એકવાર કુમારપાલ બેઠો હતો ત્યાં નિપત્તિ રહીત મૂર્તિવાળા તેને કોઈએ એક ઉત્તમ તરવાર ભેટ કરી ૫

સર્વેના દેખતાં રાજાએ તે તરવારને પોતાના હાથમાં લીધી અને સભા સ્તંભ ઉપર પ્રહાર કરવા જતે જતે મનમાં કાંઇક વિચાર કરતો તે થે ભ્યો, એવામાં મોતજ તેડીલાવ્યું હોય તેમ કૃષ્ણભટ્ટ ત્યાં આવ્યો અને હસીને બોલ્યો કે હે નરેશ ! શાને વિલંબ કરો છો ? કાતરતા જવા દેઇને ઘા કરો. ૬–૭

ત્યારે રાજાએ કહ્યુ કે આ થાંભલો તો સ્થિર રૂપ છે એટલે વિરૂપ ભીતિથી હું પ્રહાર કરતો નથી; ત્યારે કૃષ્ણે વળી સ્મિત પૂર્વક કહ્યુ કે વિરૂપભ્રાંતિ તો વાણીઆને હોય, રાજાને ન હોય. ૮

ત્યારે બહુ સારૂ એમ કહીને તીક્ષ્ણ તરવારથી રાજાએ તેનુંજ માથું કાપી નાખ્યુ, અને સભામાત્ર તેને આવો યમ જેવો જાણીને ક્ષોભ પામી ગઈ ૯

જે કોઇ મારી આજ્ઞાનો વારંવાર ભંગ કરશે તેને હું વારંવાર આવી સજા કરીશ એમ ક્રૂર આકારવાળો અને વધી ગયેલા ક્રોધ-થી રક્તનેત્રવાળો કુમારપાલ બોલ્યો. ૧૦

ધૃષ્ટ એવા સૈન્યનાથને મારેલો જોઇને ગજવર્ગ માત્ર ત્રાસ પામી ગયો, તે પછી કોઈએ એની આજ્ઞાનો ભંગ કર્યો નહિ, અને એના શાસનને સર્વથા નિત્ય માન્યું. ૧૧

એકવાર સભામા બેઠેલા, કલા માત્રના સાગર જેવા નરેશ્વર આગળ **સોલાક** નામના વિધિજ્ઞ એવા ગાયન ચક્રવર્તીએ પોતાની સર્વ કલા બતાવી. ૧૨

ચિત્તમાં આનંદ પામી, તે સમયે તેને રાજાએ સોળસો દ્રમ્મ આપ્યા એટલે મદાંધ એવા તે સોલાક કવિએ પણ તે દ્રમ્મ અવજ્ઞાથી બાળકોને વહેંચી આપ્યા. ૧૩

આ વૃત્તાન્ત જાણતાંજ રાજાએ ક્ષણવારમાં તેને દેશપાર કર્યો એટલે તે વિદ્વાનોના આશ્રયભૂત એવા કાશીરાજ જયચંદ્રને આશ્રયે રહ્યો. ૧૪

તે રાજાએ પ્રસન્ન થઈ તેને વિશોઙ્ક સમેત એક ગજેન્દ્ર આપ્યો તે તેણે લાવીને, ગર્વ તજી, કુમારપાલ આગળ ભેટ મૂક્યો. ૧૫

એ ઉપરથી તુષ્ટ થઈ ઇર્ષ્યા તજી કુમારપાલે તે ગવૈયાને પોતાના નગરમાં પાછો આણ્યો. સજ્જનોનો રોષ પાણીની રેખા જેવો ક્ષણ દૃષ્ટ નષ્ટ હોય છે. ૧૬

કેટલાક ગવૈયાઓએ એક સમયે બૂમો પાડતા આવીને કહ્યું કે હે નરેશ! અમને તમારા દેશમાં લૂટી લીધા, માટે તેનો પત્તો મેળવીને અમને તે માલ લાવી આપો. ૧૭

કોણે તમને લૂટ્યા? એમ કુમારપાલે પૂછ્યું ત્યારે તે બોલ્યા કે મૃગોએ. આવી તેમની ગાયન વિદ્યા કૌશલનો ગર્વ જણાવનારી વાણી જાણીને રાજાએ સોલના મો સામું જોયું. ૧૮

સોલ કવિએ તેમને કહ્યું કે તમારા તે ચોર અમને બતાવો, એટલે અમે તમારૂં બધું લાવીને તમને આપીશું. ૧૯

બહુ સારૂ એમ કહીને તે ગવૈયા તેને લેઇ, વેગે કરી, અરણ્યમાં ગયા અને ત્યાં દોડતા હિરણ્યાભરણવાળા ચંચળ મૃગોને બતાવ્યા. ૨૦

સ્થિરાંગવાળા સોલે ત્યાં એવા મધુર સ્વરથી ગાવા માંડયું કે તેના નાદથી લીન થઇ મૃગો ધીમે ધીમે આવવા લાગ્યા. ૨૧

સર્વને વિસ્મય પમાડતો તે જેમ જેમ ગાતો ગાતો નગર ભણી જતો ગયો તેમ તેમ ઉત્તમ ગીતામૃતનાદમાં લીન થયેલા મૃગોપણ પરવશ થઇ જઇ તેની પાછળ ગયા. ૨૨

તે માત્ર, મૃગોને નગરમાં આણી, ગાતો ગાતો રાજ સભામાં ગયો પણ હૃદય હારી નાદમાં એક તાર થઇ ગયેલાં હરિણોએ કાંઇ બીજુ દીઠું કે સાંભળ્યું નહિ. ૨૩

આવુ વિચિત્ર વૃત્તાન્ત જોઇ નગર લોક સમેત રાજા ઘણું આશ્ચર્ય પામ્યો, અને મૃગો પણ ગીતામૃતનું પાન કરતાં ઇન્દ્રિય માત્ર સ્થિર કરી નાખી સ્તબ્ધ થઈ ત્યાં ઉભા. ૨૪

ઇન્દ્રિય માર્ગનો નિરોધ જેમણે કર્યો છે એવા યોગીન્દ્ર જેવાં નિશ્ચલ તે હરિણોના અંગ ઉપરથી પેલાં સુવર્ણ ભૂષણ માત્ર, ત્વરાથી, કોમળ હૃદયવાળા તેણે ઉતારી લીધાં. ૨૫

હરિણો જેમ આવ્યાં હતાં તેમજ પાછાં ગયાં અને રાજાએ તેને અમિત દાન આપ્યું, અને અહો! ગીત કલા શી ભવ્ય છે, એમ પ્રશંસા પણ કરી. ૨૬

આવું મહાન જે નાદ માહાત્મ્ય તેથી પણ કાંઇ અધિક હશે? એવું તેની કલાથી વિસ્મય પામેલા નૃપે સ્મિતપૂર્વક સોલાકને પૂછ્યું. ૨૭

ત્યારે તેણે સભાની સમક્ષ સૂકા આમ્રવૃક્ષની શાખા આણીને રાજાના આંગણામાંજ નવી માટીનો ક્યારો કરી તેમાં રોપી. ૨૮

સુંદર ગાન કરવામાં ચતુર એવા સોલે પછી ગ્રામની યોજનાથી મધુર તાનમાનાદિથી દીપ્ત ઉચ્ચ સ્વરે ગાન ચલાવ્યું, અમૃત રસના સ્વાદ જેવું સરસ તે સાંભળીને રાજાએ પણ વિષય માત્રને વિષ જેવા માન્યા. ૨૯

અહો પૃથ્વીચક્ર ભમે છે કે મેઘ અમૃતરસની વૃષ્ટિ કરી રહ્યા છે, કે ચિત્ત ઉન્મત્ત થયું છે, ફરી જેમાંથી ઉઠાય નહિ એવી આ તે મૂર્છા છે, કે મોહનો કોઇ અપૂર્વ મહિમા છે. એમ અનિમિષ ચક્ષુથી વિચાર કરતો રાજા રસમા મગ્ન થઇ ગયો ૩૦

અજ્ઞને સુખ આપનાર એવા આ ગીતનું પાન કરી રાગથી અંગ પૂર્ણ થઇ જતાં રોમાંચ અનુભવતા લોક માત્રને મહાદ્ભુત લાગ્યું કે સૂકા એવા આંબાના ડાળને પત્ર ફળથી સંપૂર્ણતા થઇ. ૩૧

તેના ગીતામૃતના રસથી આંબાને ફલિત થયેલો જોઇ પરમ પ્રીતિ પામેલા રાજાએ વિસ્મય પામી, અતિ અદ્‌ભુત દાન આપ્યું, અને ચતુર તથા શુદ્ધ હૃદયવાળા તેણે સોલને ચામરયુક્ત હસ્તી આપી ગંધર્વાધિપ બનાવ્યો. ૩૨

સંગીત, નૃત્ય, સુરતોત્સવ, વિદ્વદ્‌ગોષ્ઠી, દોલાધિરોહ, જલક્રીડા એ આદિ અનેક વિનોદ કરતા, અર્થિજનોના કલ્પવૃક્ષ જેવા ભૂપાલે પરમ આનંદમાં બહુ દિવસ કાઢ્યા. ૩૩

## દ્વિતીય સર્ગે તૃતીયો વર્ગઃ

એક વાર કુમારપાલની સભામાં કોંકણેશ **મલ્લિકાર્જુનનો** "નૃપ પિતામહ" એવો યશ કોઇ ભાટે ગાયો તે સાંભળીને રાજાને બહુ રોષ આવ્યો જેથી તેણે પોતાની સભાના સામતોના સામું જોવા માંડ્યું. ૧-૨

તેજ સમયે ઉદયન મંત્રીના પુત્ર **આંબડે** નતિપૂર્વક વિનતિ કરી કે હે નરેશ! શત્રુના સંતોષને શોષનારો એવો આટલો બધો રોષ આને માટે શો ધારણ કરવો? મને આજ્ઞા આપો એટલે હું ગર્વે ચઢેલા એવા તેનો પરાજય કરી આવું. ૩

પોતાના ચિત્તનો મર્મ જાણનાર એવા તેની બહુ સ્તુતિ કરી, શત્રુના સમૂહનો સંહાર કરનાર સ્વપુત્ર તુલ્ય તેને, સૂર્ય જેવા રાજાએ સૈન્ય સાથે જવાની આજ્ઞા કરી ૪

પોતાની સેનાના ઓઘથી દશે દિશાને ભરી દેતો શત્રુના ભારને ચૂર્ણ કરતો, તે ચાલ્યો અને સામાવાળાની શક્તિનો હિસાબ ન કરતો, ઉત્તમ નૃપ જેવી યુક્તિ રચતો તે કોંકણ દેશમાં આવ્યો. ૫

તેને આવ્યો જાણીને મલ્લિકાર્જુન ભૂપાલ સામો આવ્યો, કેમ કે માનીજનો શત્રને પોતાના દેશમાં પ્રવેશ કરવા દેતા નથી. ૬

[illegible]
દારૂણ યુદ્ધ થયું અને ઉભય સૈન્યમાંથી મંત્રીનું સૈન્ય ભગ્ન થઈ ત્વરાથી દૂર નાશી ગયું. ૭

પોતાના સૈન્યને નાશી ગયેલું જોઇ સમયજ્ઞ એવો મંત્રીશ્વર પણ ખશી ગયો એટલે રણભૂમિનું શોધન કરીને વિજયપૂર્ણ અરિ સ્વપુરમાં ગયો. ૮

લાજ પામેલો અંબડ પોતાના સન્યની સાથે પોતાના નગર બહાર એક બાગ હતો તેમાં મહા કલેશ પામતો, આવીને રહ્યો, અને કોઈને મોં પણ બતાવતો નહિ. ૯

માનીનો અધિપતિ ધરણીશ્વરે, તેનુ બહુમાન રાખીને બહુ સેના સમેત તેને પુનરપિ શત્રુ દેશને વિષે મોકલ્યો. ૧૦

આખા કોંકણને ઓળગી અનેક નદીઓ તરી મંદ મંદ જતો મંત્રિરાજ પ્રતાપવાળા રાજાથી શોભિતા એવા **સોપારક** નામના નગરમાં આવ્યો. ૧૧

યુક્તિથી પોતાના સૈન્યને સ્થાપી મંત્રી તે પુરની વાટિકામાં રહ્યો, અને ત્યાંથી નિઃશંક એવો એક દૂત તેણ કોંકણશના ભણી મોકલ્યો. ૧૨

તે રાજાને સભા મધ્યે જઈ નમન કરી મૃદુ વાણીવાળા અને નિતિજ્ઞ એવા તેને કહ્યું કે કુમારપાલ ભૂપાલની આજ્ઞાથી આવેલા સચિવને હે નૃપ! ભક્તિથી સંતોષ પમાડો. ૧૩

પૂર્વે એને જીત્યો છે એમ મુખનો વિનાશ કરવામાં સર્પ જેવો દર્પ મનમાં આણશો નહિ, વિચારી જુઓ કે પ્રથમે ભસ્મ કરાયલો છતાં પણ મદન શું શંભુને એકદમ વશ કરી શક્યો નથી? ૧૪

ડાહ્યા પુરૂષો મહાપુરૂષ સાથે કદાપિ પણ વિગ્રહ માંડતા નથી, કેમકે તેવો વિગ્રહ કરવાથી મૂઢ દુર્યોધને મદાંધ થઇ વંશનાશ કરાવ્યો. ૧૫

માટે હે ભૂપતિ! આપ પણ વિચાર કરીને મંત્રી સાથે મૈત્રી કરો, જેની પાસે કોશ દેશ સેના આદિ અધિક હોય તેની સાથે ડાહ્યા પુરૂષો વિગ્રહ કરેજ નહિ. ૧૬

બુદ્ધિમાન્ એવો દૂત રાજા આગળ આટલું કહીને શાન્ત થઈ ઉભો એટલે રોષથી અરૂણ થયેલા નયનવાળા રાજાએ તુરતજ તેનું અપમાન કરી તેને રજા આપી. ૧૭

આ મૂર્ખને એકવાર મેં જીવતો જવા દીધો ત્યારે પાછો મરવા માટે ફરી આવ્યો છે. એમ મનમાં વિચાર કરતો રાજા અનેક રાજાઓ સાથે ઉભો થયો. ૧૮

દેવતાએ આપેલો **શ્રીપુંજ** નામનો હાર તે જેનું મૃત્યુ પાસે છે તેના કંઠમાં હોવો ન જોઈએ એટલે મંત્રીનો પરાજય કરવાના વેગમાં રાજા તે પેહેરી લેવા ભુલી ગયો. ૧૯

દેહની રક્ષા કરનાર જે એક સારૂ પટ તે પણ સમુદ્રના ભર્તા એવા તેણે, રોષાંધ થઇ યુદ્ધ કરવામાંજ લક્ષ પરોવી સાથે રાખ્યું નહિ. ૨૦

જેના ગંધથી અન્ય હાથીઓ નાશી જાય તે જાતીમાંનો એક હસ્તી હતો એટલે મંત્રીની સાથે યુદ્ધ કરવા ઇચ્છતો રાજા તે ભદ્ર હસ્તીએ ચઢીને ચાલ્યો. ૨૧

સંગ્રામાર્થે જતા તે રાજાના વાદિત્રોના નાદથી આકારિત એવા સુભટોનો સમૂહ કાંઈ પણ વિલંબ વિના, તેની પાછળ, જયશ્રી વરવાને અતિ ઉત્કંઠિત થતો ચાલ્યો આવ્યો. ૨૨

યુદ્ધ માટે ઉત્સુક એવું અસંખ્ય સૈન્ય એની પાછળ વિંટળાઇ ગયું, અને પોતાના પ્રતાપથી અરિ લોકને ત્રાસ પમાડતો તે સાક્ષાત્ યમ જેવો દીપવા લાગ્યો. ૨૩

તેને પાસેજ આવેલો જોઈને મંત્રીરાજ ઉંચા હાથીએ ચઢી, ગરૂડ જેમ સર્પના ઉપર દોડે છે તેમ પોતાના સૈન્યથી સર્વત્ર વ્યાપ્તો, મંત્રીરાજ તેના સામો દોડયો. ૨૪

યુદ્ધારંભે ઉભય સૈન્યની નોબતોના ગડગડાટથી આકાશ ભરાઈ જવા લાગ્યુ, અને દૂધમાં ભળેલું દૂધ જેમ ઓળખાતુ નથી તેમ એ બે સૈન્ય તે વખતે ભાસવા લાગ્યાં. ૨૫

ઘોડા ઘોડાને, રથી રથીને, હાથી હાથીને, પાળા પાળાને, એમ પોતાના પ્રિયને ભેટતી હોય તેમ ઉભય સેના પરસ્પરને અંગે અંગ અરકાડી ભેટવા લાગી. ૨૬

કેટલાક સુભટોધ અટ્ટહાસ કરી રહ્યા છે, કેટલાક કાયર થઈ બૂમ પાડીને નાસે છે, કેટલાક ઉદ્ધતાંગ થઈ યુદ્ધ મચાવી રહ્યાછે, ને કેટલાક પોતેજ પાડેલાને જોઇ રહ્યા છે. ૨૭

છિન્ન મસ્તકોવાળા કેટલાક રણ ભૂમિઉપર નૃત્ય કરે છે, કેટલાક શત્રુ સન્મુખ દોડે છે, કેટલાક મહા મૂર્છામાં પડી જાય છે ને કેટલાક નાશી જતા યોદ્ધાને પાછા બોલાવે છે. ૨૮

કેટલાક ક્રોધથી ખડ્ગાખડ્ગી કરે છે, કેટલાક શસ્ત્ર પડી જવાથી મૂકામૂકીએ ચઢયા છે, હાથ કપાઈ જવાથી કેટલાક દંતાદંતી કરેછે, ને કેટલાક ચોટલા ચોટલી બાઝયા છે. ૨૯

પોતેજ પાડેલા મસ્તકને આમ તેમ ઉછાળતા કેટલાક સુભટો કંદુકક્રીડા કરે છે ને કેટલાક હાથીના દંતુશળને લટકતાં પોતાનાં આંતરડાંને લટકી હીંદોળા ખાય છે. ૩૦

ત્યાં કેટલાક બાણથી પ્રાણ હરેછે, કેટલાક અતિ તષાતુર થઈ રૂધિરૌઘ પીએ છે, કેટલાકને હાથીઓ એવા ઉંચા ઉરાડે છે કે તેમનાથી દિવ્યાગનાઓ ત્રાસ પામી નાસે છે. ૩૧

કીર્તિનું ખ્યાપન કરી ધીરતા વધારતા કેટલાક નાશી જનારાને પાછી આણે છે. કેટલાક, સૈન્યનાથે હંકાવાથી, ભગ્નચિત્ત છતે પણ પણ પુનઃ યુદ્ધ કરવા મંડે છે. ૩૨

ત્યાં રુધિરજ જલ થઈ રહ્યુ, કપાયલાં માથાં કમલ થઈ રહ્યાં, શસ્ત્રો મત્સ્ય થઇ રહ્યા, કેશ શેવાલ થઇ રહ્યા, અને યુદ્ધભૂમિ સિંધુ થઈ રહી. ૩૩

આવું ઉભયનું સમાન યુદ્ધ ચાલ્યું અને પોતાનું સૈન્ય પ્રહારોથી ભગ્ન થઈ ગયુ, ત્યારે રાજાને કાલરૂપ જેવા મોખરે આવેલો જોઇને મન્ત્રીનું સૈન્ય પાછું હઠયું. ૩૪

તે સમયે કોઇકને લાતોથી, કોઇકને મુષ્ટિથી, કોઇકને શસ્ત્રથી, એમ પ્રહાર કરતા અંબડ મન્ત્રીએ, વૈરીના ગંધ હસ્તીથી સૈન્યને નાસતું જોઇને સિંહનાદ કર્યો. ૩૫

તે નાદ સાંભળતાં રિપુના સુભટોની ઘટા દૂર થઈ ગઈ, પર્વત જેવા માતંગો પણ દિગંતમાં જતા રહ્યા, પૃથ્વી તથા પર્વતો કંપવા લાગ્યા અને એ જોઇને રાજાનું વદન પણ ખિન્ન થઇ ગયુ. ૩૬

પૃથ્વીપતિને પરિવાર રહિત અને શોકાકુલ જોઈને સચિવેશ્વરે પાસે આવી કહ્યું કે અરે! માન મૂકીને કુમાર નૃપતિના ચરણ યુગલને પ્રણમી આ રાજ્ય ભોગવ, અને વૃથા મૃત્યુને શરણ ન જા.૩૭

મંત્રીનું આવું વચન સાંભળી અતિશય ક્રોધ કરી, ઓઠ કરડીને ત્વરાથી ભૂપતિ બોલ્યો કે આવું અયોગ્ય વચન તું બોલે છે તેથી તારી જીવ્હા છેદી નાખવાનો તને હવણાંજ દંડ દેઉંછું. ૩૮

અરે! તારૂં કાંઇપણ અદ્યાપિ નષ્ટ થયું નથી માટે સર્વ મૂકીને તું તારે દેશ જા, મારા જેવો કાલરૂપ આજ અતિ રોષે ચઢયો છે ત્યાં તારૂં જીવિત નષ્ટ થઈ ગયુંજ જાણ. ૩૯

આ જગત્માં વજ્રપાતને કોણ સહન કરી શકે એમ છે? કે બાહુ માત્રથી મહા સમુદ્રની પાર જઈ શકે એમ છે? તેમ કીયો દેવ દાનવ કે મનુષ્ય સંગ્રામને વિષે મારા પ્રહાર સહેવા સમર્થ છે?૪૦

રાજાનું સ્ફુર્તિયુક્ત અને કર્ણને શૂલ પેદા કરનારૂં વાક્ય સાંભળીને ધન્વીઓમાં મુખ્ય એવો મંત્રી હાસ્ય સમેત માથું ધૂણાવતો બોલ્યો ૪૧

નિઃસાર વસ્તુનો જેવો ચળકાટ હોય છે તેવો સસારનો હોતો નથી એતો જગત્ પ્રસિદ્ધ છે, તેમજ જેવો નીચ એવા કાંસાનો રણકો બોલે છે તેવો ઉત્તમ સુવર્ણનો બોલતો નથી. ૪૨

રાજવાહ્ય જે તુરગોત્તમ તે નીચું મસ્તક રાખી નાહં, નાહં, નાહં,* એમ કહે છે, ને જે રાસભ છે, તે ઉંચું માથું રાખીને હૂં હૂ હૂં હૂ એમજ ભુંકે છે. ૪૩

વારંવાર લવારો કરવાથી હે રાજન્ શું ફલછે! જે કહોછો તે કરી બતાવો, એમ કહેવાતાંજ હાથી ઉપર બેઠો બેઠોજ રાજા ક્રોધાંધ થઈ મંત્રીના ઉપર ધાયો. ૪૪

અર્જુન જેવો તે સાક્ષાત્ અર્જુનજ કોપે ચઢયો હોય તેમ શત્રુના ઉપર અનંત બાણનો વર્ષાદ વરસાવવા લાગ્યો, અને ચાપને વાંકુ કરી અનેક બાણ મૂકતા તે એકલાએ અનેક એવા મંત્રિ સૈન્યને વ્યાકુલ કરી નાખ્યું. ૪૫

કોપ પામેલા મંત્રીએ પણ શત્રુનાં બાણ માત્રને છેદી નાખ્યાં, અને એક બાણથી તેની કીર્તિ સમેત તેના છત્રને ભૂમિ ઉપર પાડી નાખ્યું. ૪૬

વર્ષાદની પેઠે બાણની ધારા વર્ષાવતા, અને આકાશ માર્ગને પણ બાણથી છાઇ નાખતા મંત્રીએ રાજાનું માનસ શ્યામ કરીને વાહિનીને પણ પૂર્ણ કરી ‡ ૪૭

કંપ ઉપજાવે એવું તેમનું દ્વંદ્વ યુદ્ધ નવાં નવાં શસ્ત્રાસ્ત્રની ધારા સમેત એવું થયું કે અસુર, સુર, નરેશ આદિ સર્વે તેને જોતાંજ, ઉદ્ધતાંગવાળા થઈ જઈ વિપુલ રણરસોઘે ચઢી શૌર્યવૃત્તિ અનુભવવા લાગ્યા. ૪૮

શૌર્યયુક્ત અને યુદ્ધોદ્ધત મતિવાળા એવા તે ઉભયનું શરીર દારૂણ રણ યોગે કરીને, સ્વેદ કણથી ભરપૂર ભરાઈ ગયું, અને

---

* અશ્વના હ્યુહ્યુશબ્દનું ઉપલક્ષણ છે; પણ વક્તવ્યાર્થ એ છે કે હું નહિ, હું કાંઇ નથી એમ તે કહે છે.

‡ માનસ તે માન સરોવર અને વાહિની તે નદી એવો બીજો અર્થ મનમાં રાખી 'વર્ષાદની પેઠે' એ ઉપમાને સાર્થક કરી છે. સ્પષ્ટ તાત્પર્ય તો એમજ છે કે રાજાનું મન ગ્લાનિ પામી ગયું અને સેના પણ બાણથી છવાઈ ગઈ.

અત્યંત ચપલ એવી વિજય લક્ષ્મીએ ઘડીકમાં રાજાપતિ ને ઘડી-કમાં મંત્રીના મુકુટપ્રતિ એમ જા આવ કરવા માંડી. ૪૯

તીક્ષ્ણ બાણોથી કર્ણને મહામાત્યના હસ્તીને રાજાએ હણ્યો અને તે સચેવના હર્ષની સાથે ભૂમિ ઉપર પડયો અને મંત્રીના મરણથી અતિ હર્ષ પામવાને તત્પર એવા પાસે ઉભેલા નૃપ પરિ-[૧] જનો જેવો રાજાનો જય થયો એવી ઉદ્ઘોષણા કરે છે તેવોજ ગાઢરણરંગે ચઢી ફાળ મારીને, કવચથી શરીરે રક્ષાયલો મંત્રી રાજાના હાથી ઉપર પડયો, અને ત્યાંથી રાજાને રણરંગમાં પાડીને તેણે પોતાના હાથમાંની તરવારથી તેનું માથું છેદી ના-ખ્યું. ૫૦—૫૧

મદોત્કટ એવા રાજાને પોતાના હાથથી હણીને મંત્રીએ મંગળ વાદિત્રોના નાદ કરાવરાવ્યા, અને તે દેશમાં કુમારપાલની આણ વર્તાવી રાજાના મસ્તક સમેત સર્વ લેઇને પોતાના દેશ ભણી તે ચાલ્યો. ૫૨

મુદિત હૃદયથી મંગળમય દાન આપતો મંત્રી ઉત્સવથી દીપી રહેલા પત્તનપુરમાં પેઠો, અને પ્રાતઃકાળે હજારો નૃપથી વિભૂષિત રાજ સભામાં જઈ ત્યાં પેલા મસ્તકને આગળ મૂકી તેણે રાજાને પ્રણામ કર્યો. ૫૩

કોંકણપતિનું મસ્તક જોઇ હૃદયમાં વ્યથા પામતો રાજા, છત્રાદિ પ્રાભૃતોને તજીને, શોક કરવા લાગ્યો. પછી મસ્તકને પુનઃ સ્વવિષયને વિષે આવ્યું એટલે મંત્રીએ આ પ્રમાણે દ્રવ્ય રાજા આગળ મૂક્યું. ૫૪

સુવર્ણના બત્રીશ કુંભ, અતિ રૂચિર પ્રભાવાળાં મુક્તાફળનો એક આઢક, સુવર્ણનો દિવ્યહાર, ચૌદ કોટિ દ્રવ્ય, શ્વેત હસ્તી, પાંચસો ઉત્તમ ગણિકાઓ, દશ હજાર અશ્વ, અને સાઠ બીજા હાથી. ૫૫

[૧] ૯ કુ. ૫.

મંત્રીએ પોતાના આગળ મૂકેલું આ બધું જોઇને રાજાને બહુ વિસ્મય લાગ્યો, અને તેણે સર્વે નૃપોના સમક્ષ મંત્રીને એક હાથી બહુમાનપૂર્વક ભેટ કર્યો. ૫૬

વિમલ મંગલ વિરાજિત એવો તે નૃપોની સાથે પોતાને મંદિરે ગયો અને નયોજ્જ્વલ એવો તે રાજપિતામહ, મોદ પામતો, પોતાની જનનીને પગે નમ્યો. ૫૭

માતાને મલિન મુખ વાળી જોઇ મંત્રીએ કારણ પૂછ્યું એટલે નિત્ય શીલથી અલંકૃતસર્વાંગવાળી કુલીન અને દક્ષ એવી તેણે સ્વસ્થ રીતે પુત્રને કહ્યું કે જેનાથી સહજમાં સિદ્ધિ થાય એવું આપણા ઉત્તમ કુળને શોભે તેવું કાર્ય તેં કર્યું નથી પણ જેનાથી નરકમાં પડાય છે એવું કર્મ તેં આ જગત્‌માં કર્યું છે માટે મને મહા દુઃખ થાય છે ૫૮–૫૯

માતાનું આવું અમૃત તુલ્ય વચન સાંભળી તેણે ભૃગુકચ્છમાં ઉત્તમ ચૈત્ય કરાવ્યું; અને નિત્યે દાન આપી સર્વ લોકને પ્રસન્ન કરતો તે મંત્રિગજ રાજાના બીજા અંગ રૂપ થઇ રહ્યો. ૬૦

આ પ્રકારે નૃપની આજ્ઞાથી, પોતાના બાહુબળથી શત્રુનો પરાજય કરનાર અંબડ મંત્રીએ સત્વર દિગ્વિજય સિદ્ધ કર્યો અનેક નૃપો તેને મસ્તક નમાવવા લાગ્યા, અને અનંત સુખ તથા દીર્ઘ આયુષ્યને ભોગવતો તે શ્રી કુમારપાલની સેવામાં તત્પર રહ્યો. ૬૧

શ્રી રત્નસિંહ ગુરૂના ચરણ કમલનો ભ્રમર ચારિત્ર સુંદર કવિ તેણે આ જે કુમારપાલ ચરિત્ર રચ્યું છે તેનો સુગમ એવો રાજ્ય પ્રાપ્તિ નામ તૃતીય સર્ગ પૂર્ણ થયો. ૬૨

## તૃતીયઃ સર્ગઃ

એક સમયે સાક્ષાત્ બૃહસ્પતિ જેવા શ્રી હેમચંદ્રસૂરીન્દ્રે પોતાની માતા પાહિણીને પત્તનમાં અનશન વ્રત આપ્યું. ૧

ઉત્તમ હૃદયવાળા અનેક શ્રાધ્ધોએ વિવિધ પ્રકારના પુણ્યરૂપી ધન તેને આપ્યું અને તેમણે શ્રદ્ધાથી ત્યાં વિવિધ ઉત્સવ કર્યો. ૨

ત્રણ દિવસે સમાધિથી તેનું અનશન પૂર્ણ થતાં ભવ્ય જનોએ ભવ્ય વિમાન રચ્યું, અને વિધિપૂર્વક સર્વ કૃત્ય કરી ઉત્તમ સુકૃતવાળા તે તેને લેઇને મ્હોત્સવ કરતા ચાલ્યા ૩–૪

મઠધારી કોઇ રૂપના ઉત્કટ જટાધારીઓ સાથે માર્ગે જતા શ્રાધ્ધોને મ્હોટો વિવાદ થયો. ૫

વંઠી ગયેલા જેવા, નિષ્ઠુર, અને દુષ્ટ ચેષ્ટાવાળા, જટાધારીઓએ ક્રોધથી ઉદ્ધત થઈ, અભિમાને ચઢી, પેલું વિમાન ભાંગી નાખ્યું ૬

કર્ણને શૂલ પેદા કરે તેવું આ વૃત્તાન્ત સાંભળીને અત્યંત સંતાપ પામતા સૂરિએ વિચાર કર્યો કે જૈન ધર્મનો દ્વેષ કરનારા, સંઘને રિષ્ટ ઉપજાવનારા દુષ્ટોને જિનાજ્ઞા આરાધનાર સાધુએ યથાશકિત નિવારણ કરવા જોઇએ. ૭-૮

પોતાનામાં સામર્થ્ય છતાં પણ જે એમની ઉપેક્ષા કરે તે જિનાજ્ઞાનો સવિરોધ કરનારો ઘોર ભવને વિષે વારવાર ભમે છે. ૯

માટે ગતિનો જાણ હું ગતિવડે ભૂપની પાસે જઇ સ્વશકિત અનુસાર બધા ધર્મ દ્વેષીઓનું વેગથી નિવારણ કરાવીશ. ૧૦

પોતાની પ્રભુતાથી કે સ્વામીના પ્રસાદથી માણસોનાં કાર્ય માત્ર સિદ્ધ થાય છે, એ કરતા સારો અન્ય ઉપાય નથી. ૧૧

ઉપકાર કે અપકાર જેને વિસ્મૃત થઈ જાય છે તે પાષાણનો મિત્ર "જીવે છે" એમ મિથ્યા કહેવાય છે. ૧૨

ચિત્તમાં ઘણીવાર વિચાર કરી, સિદ્ધિ તથા ભાવીને જાણતા તે, શાસનની ઉત્સર્પણા કરવાને અર્થે રાજસભામાં ગયા. ૧૩

શ્રીમાન્ ઉદયનામાત્યે સત્વર આગળ જઈને રાજાને મુની-શ્વરના આગમનની વાત નિવેદન કરી. ૧૪

રાજ્યપ્રાપ્તિની વાત કહેનાર મુનિને આવેલા જાણીને પ્રસન્ન થયો અને ઉદયનને મોકલી તેમને તેણે પોતાની પાસે આદરપૂર્વક બોલાવ્યા ૧૫

અમાત્યની સાથે દેવામાત્ય જેવા તે આવ્યા અને અતિદાની એવા રાજાને હર્ષથી આ પ્રમાણે આશિર્વાદ આપવા લાગ્યા. ૧૬

જેણે કામ દેવનો સંહાર કર્યો, તે વિભૂતિ ધારણ કરતા, અનંત વિભૂષણ ભૂષિત, ભવાન હિતકારક આદીશ્વર, ભૂપતિ, વૃષાંક તમારૂં કલ્યાણ કરો* ૧૭

આવા આશિર્વાદના વૈચિત્ર્યથી રાજા રંજિત થયો, અને આ આસને બિરાજો એમ પ્રથમ બોલ્યો. ૧૮

સૂરીશ્વર નૃપે બતાવેલે આસને બેઠા એટલે હર્ષ પામતા નૃપ-તિએ કુશલ પ્રશ્ન પૂછ્યો. ૧૯

ઉભયે ક્ષમાપતિની+ સેવામાં તત્પર એવો મધ્યસ્થ મંત્રી હાથ જોડીને ઉર્ધ્વસ્થ હોય તેમ દ્વિધા ઉભો રહ્યો ૨૦

તેવા બે ઉત્તમ પુરૂષોનો, મનમાં અભિલાષા રહી ગઇ એ પ્ર-કારે, વિચાર ચાતુર્યથી રૂચિર એવો ગોષ્ઠીરસ બહુ સમય સુધી જામ્યો. ૨૧

તાપનો સંહાર કરતું સુધાસાર જેવું ગુરૂવચન પાન કરીને પણ અપૂર્ણ ઇચ્છાવાળો રાજા તેનાજ ઓડકાર જેવું વચન બોલ્યો. ૨૨

શુભમય એવા આપે મારા પ્રાસાદને આપના સ્વાગમનથી આનંદરૂપ કરવા કૃપા કરવી એવુ રાજાએ કહ્યું એટલે સૂરિ

---

* આ શ્લોક શંકરને તેમ પાર્શ્વનાથને ઉભયને લાગુ થાય છે.

+ ક્ષમાપતિ=તે રાજા જ્યા ક્ષમાનો અર્થ પૃથ્વી. ક્ષમાપતિ=હેમચંદ્ર જ્યાં ક્ષમા તે ક્ષમા ગુણ

બોલ્યા કે અમે ઉત્તમ ભિક્ષા ખાઇએછીએ, જીર્ણ વસ્ત્ર પહેરીએછીએ, મહીપૃષ્ઠે સુઇએછીએ, અમે રાજાઓને શું કરીએ? ૨૩-૨૪

ત્યારે રાજાએ પાછું કહ્યું કે, પરત્રહિતની ઇચ્છાથી આપની સાથે સર્વદા મૈત્રી રાખવાની મને બહુ ઇચ્છા છે. ૨૫

તે વાતનો સૂરિએ સ્વીકાર કર્યો. અસ્ખલિત પ્રચારાર્થે તથા સર્વદા વિચારાર્થે ચાદૂયક આપ્યું. ૨૬

તે પછી કેટલીકવાર સુધી તત્વયુક્ત વાર્તા કરીને નમસ્કાર સમેત આજ્ઞા અપાયલા સૂરિવર સ્વાશ્રમને વિષે ગયા. ૨૭

ચંદ્ર જેવા કલાવાન્ અને સુવૃત્ત એવા તે સૂરિના ઉપર વાહિનીપતિ બહુ પ્રસન્ન થઇ ગયો. + ૨૮

દાન સહિતભોગ યુક્ત એવા ઉજ્જવલ હૃદયના એ રાજા સાથે પંડિતાગ્રણી એવા તે ગુરૂએ પરમ પ્રીતિ ધારણ કરી. ૨૯

વિદ્વાનોમાં પ્રધાન એવા તે ઉભયેનો નિત્ય સંબંધ થતાં, ચદ્રમા અને સમુદ્રના જેવી, તેમની વચ્ચે પ્રીતિ થઇ આવી. ૩૦

એકવાર તે જતા હતા તેવામાં રાજા પાસે પણ્યાંગનાને જોઇ પ્રસ્તાવને સમજી જઇ, વેગ થકી, પોતાની મેળેજ પાછા વળી ગયા. ૩૧

---

* " અમે ઉત્તમ ભિક્ષા " ઇત્યાદિથી આરંભીને છેવટ સુધીનો જે શ્લોક તે ભર્તૃહરિના વૈરાગ્ય શતકમાં છે. ભર્તૃહરિ તો કુમારપાલના પહેલાંજ થઇ ગયેલો એ નિર્વિવાદ છે એટલે આ શ્લોક આ ગ્રંથકારે પોતાની કૃતિમાં કેમ આપ્યો હશે, તે સમજાતું નથી.

+ ચંદ્ર પક્ષે કલાવાન્ તે કળાવાળો, અને સૂરિ પક્ષે વિદ્યાકલા આદિમાંની કલા જાણનારો; સુવૃત્ત તે પણ ગોળ તથા સારા ઉત્તમ વૃત્ત નામ આચરણવાળા, એમજ વાહિનીપતિ એટલે ચંદ્ર પક્ષે સમુદ્ર અને સૂરિ પક્ષે રાજા.

આતંક રહિત, દંભ વિમુક્ત, એવા યતિઓ યાત્રાર્થે સર્વદા પગે ચાલીનેજ, પ્રાણીનું રક્ષણ કરવાના હેતુથી, જાય છે. ૫૩

શત્રુંજયઉજ્જયંતાદિ તીર્થ ઉપરની ચૈત્ય મંડલીને નમન કરી આવવાની અમને રજા આપો એટલે સર્વ ચૈત્યની વંદના કરીને હું નક્કી આપ દેવપત્તનમાં પેસતા હશો ત્યાં આવી ભેગો થઈશ. એમ કહી પ્રભુ ક્ષણમાંજ ચાલતા થયા. ૫૪-૫૫

મ્હોટું સૈન્ય વગેરે લઇને રાજા દેવપત્તન ગયો, અને સૂરિપણ શત્રુંજયાદિ યાત્રા કરીને ત્યા આવી મળ્યા. ૫૬

સૂરિને આવેલા જોઈને રાજાને બહુ હર્ષ થયો, જેમ ચંદ્રને જોઇ સમુદ્રને, મેઘને જોઇ ચકવાકીને, કે રવિને જોઇ ચકવાકને થાય છે તેવો હર્ષ થયો. ૫૭

યાચકોને બહુવિધ દાનથી સંતોષતો રાજા પગે ચાલીને, શિવ મંદીરમાં આવ્યો. અને ઉત્તમ વિચારવાળા તેણે મનમાં ઉત્તમ ભકિતભાવ આણી ઉત્તમ ઉપચારોથી શંકરની પૂજા કરી. ૫૮

કોઈ બ્રાહ્મણે રાજાને કંહ્યુ કે પોતાનાજ ધર્મ ઉપર ગાઢ આસક્તિવાળા દુરાગ્રહી જૈનો ભવવિદિત એવા શંભુને વંદતા નથી; એ સાંભળી ભ્રમમાં પડી ભ્રમનિવૃત્તિ કરનાર સૂરિશ્રીને, તેણે કહ્યું કે હે પ્રભુ! જો તમે દોષ ન ધારતા હો તો શંભુની પૂજા કરો. ૫૯

અમૃત જેવું તેનું વચન સાભળીને તે બોલ્યો કે હે નરેન્દ્ર! યતિઓ દ્રવ્ય પૂજા કરતા નથી, માટે કામનો દાહ કરનાર અને સંસારનો છેદ કરનાર એવા અભિરામ શ્રી શંભુની ભાવપૂજા થવાદો. ૬૦.

કુમારપાલે એ વાતનો અંગીકાર કર્યો એટલે પરમોન્નત એવા મુનીંદ્રે મધુર સ્વરથી, આ પ્રકારની ગંભીર [illegible] ણી ઉત્તમ સ્તુતિ નમસ્કાર પૂર્વક ઉ[illegible]

જ્યાં ત્યાં જે [illegible] ો, તે તે [illegible] ો હો, પણ
દોષ રૂપી મલથી [illegible] ે તે ત [illegible]
[illegible] તમને [illegible] ં. ૬

ત્રિકાલવિષય એવું સકલ ત્રૈલોક્ય જેણે આ લોક સહિત, કરતલગત હોય એમ સાક્ષાત્ આલોકેલું છે, જેના પદને પામવાને રાગ, દ્વેષ, ભય, વ્યાધિ, મૃત્યુ, જરા, લોલત્વ, લોભ, આદિ કદાપિ સમર્થ નથી, તે મહાદેવને મારો નમસ્કાર પહોંચો. ૬૩

ભવબીજના અંકુરને ઉપજાવનારા રાગાદિ દોષ જેના ક્ષીણ થઈ ગયા છે તે બ્રહ્મા કે વિષ્ણુ કે હર કે જિન જે હોય તેને મારો નમસ્કાર છે. ૬૪

કુમારપાલના સાંભળતાંજ ગુરૂએ અનવદ્ય પદ્યોથી આ પ્રકારે નમસ્કાર સ્તવ ઉચ્ચાર્યો, અને પછી રાજાના બોલાવવાથી નિષ્પાપ એવા તે આવીને મંડપમાં ઉત્તમ આસન ઉપર બેઠા. ૬૫

સાક્ષાત્ ઇંદ્ર જેવા અને દયા પરાયણ શ્રી કુમારપાલે ત્યાં તેમને આસને બેસારીને પછી આનંદથી તુલાદિ દાન કરવા માંડ્યાં, અને પછી પંચ શબ્દ વાદિત્રના ઘોષ સમેત, સુવ્રત એવા તેણે, અનેક રાજાઓ સહિત મહોત્સવ વિસ્તાર્યો. ૬૬

## દ્વિતીયે પ્રથમો વર્ગઃ

---

સકળ કાર્ય સાધીને હવે નરેશ્વર કાંઇક સ્વસ્થચિત્ત થયો, અને હૃદયમાં ઘણીવાર વિચાર કરીને મુનીશ્વરને મધુર સ્વરથી કાંઇક કહેવા લાગ્યો. ૧

મહાદેવ સમાન દેવ નથી, તમારા સરખો બીજો મહર્ષિ નથી, મારા જેવો અન્ય નૃપતિ નથી, એમ ત્રણે ઉત્તમોત્તમનો સંયોગ થયો છે. ૨

માટે હે મુનિનાથ! અર્થ સમેત તત્ત્વ જેથી મુક્તિ સિદ્ધ થાય તે યથાર્થ રીતે પ્રકટ કરો, ભવ્ય પુણ્ય વિના, જેમાંથી સમાધિ ભોગ ઉપજે એવો, સજ્જનોનો યોગ થઇ આવતો નથી. ૩

પરમ રાજ્ય છતાં પણ જેની બુદ્ધિ સિદ્ધિની ઈચ્છા કરે છે તેવા તારા જેવા નરેશને ધન્ય છે એમ તેની સ્તુતિ કરતા સૂરએ

પ્રમોદપૂર્વક કહ્યું કે પુરાણોક્તિઓનું કાંઇ પ્રયોજન નથી, આ શંભુનેજ પ્રત્યક્ષ બોલાવું, એટલે ભવચ્છેદ કરનારૂં તત્વ તેમનેજ મુખેથી તમે સહજે જાણી લો. ૪–૫

હું શંકરનો જાપ કરૂં છું, તું ધૂપ નાખ્યાં કર કે તુષ્ટ થઇ પ્રત્યક્ષ આવીને શંભુ સત્વર તારી ઇચ્છા પૂર્ણ કરે. ૬

રાજાએ તે વાતની હા કહી એટલે રાત્રીને વિષે તે બન્ને જણ શુદ્ધ થઇ, શંભુના મંદિરના અંદરના ભાગમાં એકાન્ત સ્થાનને વિષે પોત પોતાનું કાર્ય કરતા બેઠા. ૬

નાસાગ્રે દૃષ્ટિ લગાવી, આસન બાંધી, રાજાને ઈશારાથી સર્વ વાત સમજાવી, શંભુના આગળ વ્રતીઓમાં શ્રેષ્ઠ એવા હેમચંદ્ર ધ્યાનસ્થ થઇ ગયા. ૮

કર્પૂરયુક્ત કૃષ્ણાગુરૂને, શુદ્ધ વસન પહેરેલો નિઃશંક રાજા ગુરૂના આગળ દેવતા ઉપર નાખવા લાગ્યો, એટલે ધૂપથી દિશા માત્ર સુગંધમય થઈ ગઇ. ૯

પોત પોતાનું કૃત્ય કરવામાં સ્થિર એવા તેમને એમ કરતાં મધ્ય રાત્રી થઇ ત્યારે લિંગના ઉપર અતિ દીપ્તિમાન્ અને તમોહર એવી એક મહાજ્યોત પ્રકટ થઇ. ૧૦

જગત્‌ના જનોનાં ચક્ષુ જેના સામું જોઇ ન શકે એવી આ જ્યોતિ તે ચંદ્રની છે કે સૂર્યની છે એવો વિચાર કરતાં રાજાએ તેની વચમા એક મુનીને દીઠા. ૧૧

માથે ચદ્ર સમેત, ભુજગ પરિવૃત, જટાજૂટથી શોભાયમાન એવું અર્ધ નારીમય શરીર જોઈને રાજાને વિસ્મય થયો. ૧૨

તેને સાક્ષાત્ મહેશ્વરજ સમજી તે એક મૂર્તિને આનંદમય દષ્ટિથી જોતા, તથા પ્રણામ કરતા, સાહસીઓના શિરોમણિ રાજાએ હાથ જોડીને કહ્યું. ૧૩

હે શંભો ! આપનાં દર્શનથી લોચન કૃતાર્થ થયાં, હવે ભવચ્છેદ કરે તેવું તત્વ કહીને આપ શ્રોત્રને પણ પવિત્ર કરો. ૧૪

આવું કહ્યું એટલે અમૂર્ત વાણી પ્રકટ થઈ કે આ મુનીશ્વર દેવમય છે, અને અપાર સંસાર સમુદ્રની પાર જવાની ઇચ્છાવાળા તારે સર્વદા ઉપાસ્ય છે. ૧૫

શમવાનનો અધીશ એવો એજ આ કલિયુગમાં સર્વજ્ઞ સરખો છે, માટે જે કાંઇ ભવચ્છેદ કરનારું તારે જાણવું હોય તે એની વાણીથી જાણજે. ૧૬

રાજાને આવી આજ્ઞા કરીને, સ્વપ્નની પેઠે અતિ વેગેજ. શંભુ અંતર્ધાન થઇ ગયા, અને મુનિ પણ જપ પૂર્ણ કરી અરે રાજા! એમ વચન બોલ્યા ૧૭

જી, શી આજ્ઞા છે? એમ કહેતા રાજાએ સૂરિના ચરણ તળાસવા માંડયા, અને શંભુના સમક્ષજ તેણે મરણ પર્યંત મદ્ય માંસના સેવનનો ત્યાગ કર્યો. ૧૮

પછી ક્રમે ક્રમે રાજા પોતાના નગરમાં આવ્યો, અને ત્યાં તેણે સૂરિને મુખેથી સમગ્ર આગમ સાંભળ્યાં, એટલે વિશુદ્ધ બુદ્ધિથી તેણે સમ્યક્ત્વયુક્ત બાર વ્રત ગ્રહણ કર્યા. ૧૯

યોગ શાસ્ત્રાદિ પ્રબંધ તથા ત્રિષષ્ટિ શલાકાપુરૂષચરિત, એ આદિ ગ્રંથો ઉત્તમ શ્રાવકોમાં મુખ્ય એવા તેણે નિશ્ચલ ચિત્તવૃત્તિથી પ્રભુને મુખે સાંભળ્યા. ૨૦

દ્યૂત, માંસ, સુરા, વેશ્યા, શિકાર, ચોરી, પરદારગમન, એ સાત વ્યસનો હે રાજન્! ઘોરથી પણ અતિ ઘોર નરકમાં લેઈ જાય છે. ૨૧

એવું સાંભળીને અકપટ મતિવાળા નરેશ્વરે એ સાતે વ્યસનનો ત્યાગ કર્યો, અને તેમને કેવલ પાપમય જાણી આખા ગુર્જર દેશમાંથી પણ કાઢી નાખ્યાં. ૨૨

તીક્ષ્ણ મતિવાળો તે નરેશ નવે તત્વને સમ્યક્ રીતે સમજ્યો, દશ પ્રકારનો ધર્મ સમજી કરવા લાગ્યો, અને નિરંતર રત્નત્રયનું * આરાધન કરવા લાગ્યો. ૨૩

---

* જ્ઞાન, દર્શન, ચારિત્ર.

પ્રભુના પ્રસાદથી થોડાજ સમયમાં રાજા સર્વ શાસ્ત્રનો જાણ થયો, કલ્પ લતાની પેઠે સત્સંગતિ રાખવાથી પુરૂષને શું શું ફળ થતું નથી! ૨૪

ભવનાશને અર્થે, નિત્ય માનયુકત દાન આપતો, લીલાયુક્ત શીલ ધારણ કરતો, બાહ્યાંતર ભેદ સમેત તીવ્ર તપ વારંવાર આરાધતો, સદ્‌ભાવને સેવતો, ધર્મસ્થિતિને જાણતો, રાજા, સિદ્ધાન્તામૃતમાં લીન હૃદયવાળો થઇ પરમ ધાર્મિક થઇ ગયો. ૨૫

રૂચિર વિહાર કરાવતો, પોતાના ગુરૂ ઉપર અતુલ ભકિત ધારણ કરતો, અભ્રાંતચિત્તવાળો, સુકૃતને વિષે ઉપયુકત બુદ્ધિવાળો, શ્રી કુમારપાલ, દુરિતમાત્રનો પરાજય કરનાર સિંહ જેવા જૈન શાસનને અદ્વિતીય કરતો હવો. ૨૬

શ્રી રત્નસિંહ ગુરૂ ચરણ કમલના ભ્રમર એવા ચારિત્ર સુંદર કવિએ રચેલા આ કુમાર ચરિત્રનો પ્રતિબોધ નામક દ્વિતીય સર્ગ સમાપ્ત થયો. ૨૭

## દ્વિતીયઃ સર્ગઃ

---

અતુલ સામર્થ્યવાળા સ્થિર શ્રી અને ગુણ ગણથી રમણીય શ્રી હેમચંદ્ર, રાજાને પ્રબોધવાને અર્થે, નિત્ય ભદ્ર સાધતા, ઉત્તમ જનોથી વંદતા, શ્રી પત્તનને વિષે રહ્યા. ૧

ત્યાં રહ્યે રહ્યે પણ તેમણે સમસ્ત જગને પ્રકાશ પમાડ્યો, વ્યોમાંગણમાં રહેલો પણ ભાનુ પોતાના કિરણથી ત્રણે ભુવનને પ્રકાશ પમાડે છે. ૨

સર્વ પ્રકારના અતિશયોથી સસાર એવા ગુરૂ, સર્વેના સંદેહરૂપી મોહનો નાશ કરતા હતા; જેથી તેમનુ સર્વજ્ઞ એવું ઉત્તમ કીર્તીવાળું નામ સર્વત્ર પ્રસિદ્ધ થયું. ૩

પોતાની કલાઓના ચમત્કારથી સર્વને જેણે દાસ કરેલા એવા, પ્રકાશવાળા, દેવબોધ જે કાશીમાં વસતા હતા ને વાદિમાત્રનો

પરાજય કરતા હતા, તેમણે કોઇકના કહેવાથી એમનું નામ સાંભળ્યું. ૪

એટલે તે મદે ચઢી, હેમચંદ્ર સાથે વિવાદ કરવાને આવ્યા, અહો સધર્ષ માનવંત * પુરૂષો, પારકાનું અધિક તેજ સહી શકતા નથી! ૫

પવનની પેઠે હાલતા ઉત્તમ ચામરો જેને અધર આકાશમાંથી ઢોલાઈ રહ્યા છે, છોકરા જેની પાછળ હર્ષથી કોલાહલ કરી રહ્યા છે, અનેક લોક આશ્ચર્ય પામીને જોતા જોતા જેને બહુ દાન કરે છે, અને જે મદથી કરીને આખા જગત્‌ને તૃણવત્ દેખે છે, તેવો એ આચાર્ય, કદલીદલ ઉપર અધર બેશી રાજ સભામાં આવ્યો. ૬-૭

ચકોર, સારંગ, મયૂર, શુક, હંસ, કાક, મરઘડાં, ઈત્યાદિ ઉપર તેના હજારો શિષ્યોને બેહેલા જોઇ લોકો પરમ વિસ્મય પામી ગયા. ૮

દોષ રહિત એવા નૃપને આશિર્વાદ આપી વાક્‌પ્રપંચ વિસ્તારતો તે અનેક નૃપોથી શોભી રહેલી રાજસભાને જોતો તેમના આગળજ બેઠો ૯

અર્હદ્વચનથી મનનો મેલ ધોવાઇ ગયેલો છતાં, સૂર્યકાન્ત જેવો નિર્મલ છતાં, તેની આવી અદ્‌ભુત શકિત જોઈને, રાજા મનમાં કાંઇક ચમત્કાર પામ્યો. ૧૦

નીતિજ્ઞાનો મુખ્ય એવો રાજા સન્યાસીને ઓંકાર પૂર્વક કહેવા લાગ્યો કે આપને સર્વથા કુશલ છે? અત્ર પધારવાનો પ્રયાસ શા હેતુથી લેવો પડયો છે? ૧૧

તેણે ઉત્તર આપ્યું કે; ક્રમનો ત્યાગ કરી આપ જૈનમતાનુંરાગી થયા છો એમ સાંભળી, તમને ભવસન્નિવેશથી, પુનઃ સ્વધર્મમાં લાવવા માટે, અમે અત્ર આવ્યા છીએ. ૧૨

---

* માનવંત તો હોયજ ને પાછા સધર્ષ એટલે અમુક તમારા કરતા અમુક પ્રકારનો છે એ તેમનું ઘર્ષણ થાય તે પછી તો તે સહન નથીજ કરતા.

નિરસ્ત પાપમલ એવા રાજાએ તેની સાથે તેના દેશ સંબ-ધીની કેટલીક વાતચીત વિનોદપૂર્વક કરી, અને વ્યયને માટે દ્રવ્ય આપી ક્ષણવારમાંજ સન્માનપૂર્વક તેનું વિસર્જન કર્યું. ૧૩

જૈન મતથી અત્યંત સંવાસિત છતાં પણ રાજા ઉપાય સાધ્ય છે એમ સમજી, શિષ્ય વૃંદ સમેત તે સ્થિર અને ધીર બુદ્ધિવાળો યોગી, એક શિવાલયમાં રહ્યો. ૧૪

મંત્ર તંત્રાદિ પ્રયોગથી અનેક પાખંડ મચાવતા તેને યથાર્થ વિચારથી વિહીન અને નવા ઉપર લોભનારા લોકોએ અનુષ્ઠાનો આપવા માંડયાં. ૧૫

મનમાં વિસ્મય પામી રાજાએ તેનું સર્વ સ્વરૂપ ગુરૂને કહ્યું, કેમકે પોતાના સુહૃદ્‌ને હૃદયનો મર્મ કહ્યા વિના કોઈને સ્વસ્થતા, થતી નથી. ૧૬

ત્યારે પોતાની યોગ શકિતથી ભૂમિઉપરથી એક હાથ ઉચે ર-હિને, આકાશસ્થ થઇ, મહા આશ્ચર્ય ઉપજાવતા ગુરૂ પણ શ્રોતાને સુધારસપાન જેવા વખાણ સંભળાવવા લાગ્યા. ૧૭

સૂર્યની પ્રભા ક્ષણમાં રજનીને દૂર કરે છે કે જિનેન્દ્ર પૂજા સંસાર વિસ્તારને હણે છે તેમ, યુકિત પ્રયુક્તિથી ગુરૂએ તે યોગીની માયાને પરાસ્ત કરી. ૧૮

જ્યાં સુધી મહાસાગર જોયો નથી ત્યાં સુધીજ એકાદ નાની નદી મ્હોટી લાગે છે, ચટક ત્યાં સુધી જ્યેષ્ઠ લાગે છે કે જ્યાં સુધી ગરૂડ આવ્યો નથી. ૧૯

વૃથા પ્રપંચમય એવા મતાંતરો લોકમાં ત્યાં સુધીજ પ્રભાવ પામે છે કે જ્યાં સુધી માયારૂપી અંધકારને હણનાર સૂર્ય જેવો સર્વજ્ઞમતાવબોધી પ્રકટ થયો નથી. ૨૦

હૃદયમાં કોઇક ઉપાય ગોઠવી, નૃપના પ્રબોધાર્થે માયા રચી, તેણે એકવાર પોતાના શિષ્યને મોકલીને કુમારપાલને શિવાલયમાં તેડાવ્યો. ૨૧

શ્રી કુમારપાલ પણ પોતાના માણસો સમેત બુદ્ધિ ઠેકાણે રાખીને ત્યાં ગયો અને કેમ મને તેડાવ્યોછે એમ પૂછી તેના આગળ મોદપૂર્વક બેઠો. ૪૨

હે નરેન્દ્ર! તમે સ્વધર્મ તજ્યો તેથી તમારાં માતાપિતા અતિ ઘોર નરકમાં પડેલાં છે, અને ત્યાં બહુ દુઃખ વેઠે છે. ૨૩

વૃથા પ્રપંચ કરવાનું કારણ નથી, હું તેમનેજ પ્રત્યક્ષ રીતે તમારા આગળ બતાવું કે તમે તેમને મોંઢેથીજ બધો વૃત્તાન્ત જાણી શકો. ૨૪

રાજા કૌતુકથી જોઇ રહ્યા છે, જન માત્ર મૌન થઇ રહ્યા છે, તેવામાં મહેશ્વરની વિધિવત્ પૂજા કરીને, દૃઢાસને બેશી તેણે મંત્ર જપવા માંડયો. ૨૫

ભૂમિમાંથી આક્રંદ અને શોકયુકત શબ્દ તથા અતિ દુર્ગંધ આવવા માંડયાં, અને સ્ત્રી અને પુરૂષનું એક અતિ દયા પાત્ર જોડુ રાજાએ ત્યાં દીઠું. ૨૬

દુર્ગંધથી તમામ શરીર છવાઇ ગયેલું કુષ્ટથી અવયવો ગળી ગયેલા, અંગ કૃશ થઈ ગયેલું, ટપકતા પરૂ વગેરેથી શરીર લીપ્ત થઈ ગયેલું, વાળથી શરીર ઢાંકેલું, એવું, દીનમુખવાળું તે યુગલ તેણે જોયું; નાના પ્રકારના પ્રહારનાં ચાઠાં પડી ગયેલાં તેથી અંગ જર્જરિત થઈ ગયાં હતાં, પીઠે હાથ તાણીને બાંધેલા હતા, દીનવાણી ઉચ્ચારતાં હતાં, જે જોઇને નૃપ તથા અન્ય સર્વને બહુ શોક અને વ્યથા થઈ. ૨૭-૨૮

આ કોણછે એમ વિચારી રાજા જેવો તેમના ભણી જુવેછે તેવાજ શરીરાદિ ચિન્હથી તેમણે તેને પોતાના માતાપિતા રૂપે ઓળખ્યાં. ૨૯

પોતાના હૃદયમાં કુમારપાલ આવી ચર્ચા કરી રહ્યોછે તેવામાં દુઃખથી થઈ આવતાં અશ્રુનું પૂર વહેવરાવતો, અને કુમારપાલના મુખ સામું વારંવાર જોતો, તેના પિતા બોલ્યો. ૩૦

હે પુત્ર ! જ્યાં સુખની સીમા નથી એવા સ્વર્ગમાંથી તેં તુચ્છ-મતિથી તારો કુલાચાર તજીને, અમને અતિઘોર રૌરવ નરકમાં શા માટે પાડ્યાં છે. ૩૧

પેલા ધૂર્તવ્રતીએ તને અવશ્ય કાંઈક કામણ કરીને વશ કરી લીધો છે કે રાત દિવસ તેના ઉપરજ ચિત્તવૃત્તિ રાખીને ગુણ અગુણ કાંઈ સમજતો નથી. ૩૨

અમને તું શ્રાદ્ધ કરી પિંડાદિ આપતો નથી, અમારૂં તર્પણાદિ કરતો નથી,-એટલે ક્ષુધા અને તૃષાથી પીડા પામી હે નરેશ! સ્વર્ગ-માં પ્રવેશ પામી શકતો નથી. ૩૩

સ્વધર્મ તજી કુધર્મનો આશ્રય કરતો તું અમારા કુલમાં જન્મ્યો તેથી ત્રણવાત ગમાવી દીધી, એકતો સ્વર્ગ, બીજું સુખ, ને ત્રીજું પૂર્વજોનું નામ. ૩૪

નરકને વિષે જે અપૂર્વ દુ:ખ વેઠીએ છીએ, દેવતાની પંક્તિમાં બેસવાનું મળતું નથી, અને નિરાંત વિના જે રઝળવું પડે છે, તે બધો તારાં કર્મનો પ્રસાદ છે ૩૫

અસદ્દ્વચનથી અતિઘોર નરકને વિષે પૂર્વજો સમેત અમને તું પાડ નહિ, પરિસ્ફુટ બોધવાળા શ્રી દેવ બોધનો આશ્રય કરી ક્ષણ-માંજ મુક્તિ સુખ પ્રાપ્ત કર. ૩૬

માટે હે પુત્ર! જિન ધર્મ ઉપરનો રાગ તજીને મુક્તિને આપ-નારા એવા સ્વધર્મનો આશ્રય કર, અને નરકમાં મહાવ્યથા વેઠતાં અમને હે નરેશ્વર! સત્વર ઉદ્ધાર. ૩૭

આંખમાંથી ગળતા અશ્રુજલને વસ્ત્રના અંચલથી નિવારતી, વિલાપથી અખિલાંગે આકુલ થતી, તેની માતા દીન વદનથી બોલી. ૩૮

તુ ઉદરમાં હતો ત્યારે લાંબા લાંબા વિચાર કરીને મેં જે જે મનોરથ કર્યા તે બધા તારા દુરાચારથી હવે વ્યર્થ થઈ ગયા! ૩૯

હું વાંઝણી કેમ ન રહી, કે નિષ્પુત્રજ કેમ ન રહી, કે મેં અભાગણીએ પથરાને જન્મ કેમ ન આપ્યો, કે તારા જેવાને જણીને અધમ જનોના પણ ઉપહાસને પાત્ર થઈ! ૪૦

જો તારા માબાપનું કાંઇ પણ હિત ઇચ્છતો હોય, તો હે પુત્ર! જેના ચરણની ચિંતિત માત્રને આપનારી કલ્પદ્રુમ જેવી સેવા દેવતા પણ કરે છે તેવા આ સન્યાસીનો આશ્રય કર. ૪૧

નવમાસ મેં તને ઉદરમા રાખ્યો, ને પછી પાળી પોષીને મહોટો કર્યો તેના નિષ્ક્રયને અર્થે દંભહીન એવું આ મારૂં વચન હે માનદ! તુ માન. ૪૨

આવું બોલતી તે એવી પરિદેવના કરવા લાગી કે જેથી કરૂણા રસ છવાઈ ગયો અને તેને સાંભળનારા સભાસદ માત્ર એક ક્ષણવારમાં અશ્રુ પાડવા લાગ્યા. ૪૩

સર્વ શત્રુની વચના કરનાર નૃપતિને, જે તને ઉચિત લાગે તે કર એમ અનેક પ્રકારે કહીને સર્વના દેખતા તે બન્ને જેમ આવ્યાં હતાં, તેમ ચાલ્યાં ગયાં. ૪૪

સિદ્ધાન્ત રૂપી જલથી નિત્ય સિંચાતો છતાં, બદ્ધમૂલ છતાં, ફલપ્રદ છતાં, નૃપરૂપી બોધિ વૃક્ષ આવા વચનોરૂપી મહા વાતથી કાંઈક કંપવા લાગ્યો. ૪૫

જે જંતુ જેવુ કર્મ કરે છે તે તેવુ સારૂ કે ખોટું આ ભવમાંજ ભોગવે છે, એવુ અર્હદ્વચનાથી મે જાણ્યુ છે, છતાં આપણે એ નિયમની વિરૂદ્ધ આ બધું મને શું કહ્યુ? જો સૂર્ય પશ્ચિમે ઉગે, સમુદ્ર સીમા તજે, મેરૂગિરિ ચલવા માડે, તથાપિ પણ અર્હદ્વચન અસત્ય થાય નહિ; ત્યારે આ મે જોયુ તે શું ઇદ્રજાલ, કે નજરબંદી, કે સ્વપ્ન. કે દેવમાયા? એનું તત્વ ગુરૂ યથાર્થ રીતે જાણતા હોવાજ જોઈએ; એમ મનમા વિચાર કરીને રાજા ઉઠયો ૪૬-૪૭-૪૮

આવું અદ્‌ભુત જોઇને લોકમાત્ર સન્યાસીની એવી સ્તુતિ કરવા લાગ્યા કે આ તો સાક્ષાત્ શિવ છે, હરિછે, સ્વયંભૂ છે. ૪૯

કુમારપાલના હૃદયમાં સંશયનો વાસ થયો છે, અને તેનું નિમિત્ત પેલો સંન્યાસીજ છે, એમ સમજીને શ્રી વાગ્ભટ્ટ સચિવે, તેજ સમયે બધો વૃત્તાન્ત ગુરૂને નિવેદન કર્યો. ૫૦

આ બધું શું થયું! એવું તે સત્ય હોય? પોતાનાં કરેલાં કર્મજ પોતાને ભોગવવાં પડે છે, એ બધી વાત શું મિથ્યા છે! આજે જોયું તે મહાશ્ચર્ય છે એમ રાજા મનમાં વિચાર કરવા લાગ્યો. ૫૧

## વિવાહ સર્ગે પ્રથમો વર્ગઃ

---

યોગીની અનેક કપટ રચનાથી પરિતાપ પામતો પણ રાજા પોતાની પ્રકૃતિને તજી શકયો નહિ, ઉલટો શુદ્ધ સુવર્ણની પેઠે વિશેષ કાંતિને પામ્યો. ૧

પોતાના પરિવાર સમેત રાજા પોતાના ગુરૂને વંદના કરવા ગયો, ચક્રવાકને સૂર્ય વિના અન્ય કોઈ સંતોષ પમાડી શકતું નથી.૨

કાલભાવને ઉચિત એવા વચનોથી તેનો સત્કાર કરી, તેના સંશયના ઉચ્છેદને અર્થે, મુનીશ્વરે ચિરકાલ પર્યંત ધ્યાન ધારણ કર્યું. ૩

દેવ દુદુંભિનો અતિ ઉદાર અને સર્વેને સુખ ઉપજાવતો નાદ ગગનમાં થયો, જેને સાંભળતાંજ જન માત્ર આ શું છે! એમ કહી ઉંચે જોવા લાગ્યા. ૪

પોતાના ગંધથી દશે દિશાને સુગંધીમય કરતો, મધુકરોને મકરંદથી અંધ કરતો, એવો કલ્પવૃક્ષના પુષ્પનો પ્રકર ગગનમાંથી પડયો. ૫

કોઇ દિવ્ય જનના આગમનાં સૂચક આવાં અનેક વિધ ચિન્હ જોઈ રાજા અનિમિષદૃષ્ટિ થઈ ગયો ને સભા પણ ચિત્રરૂપ બની ગઇ. ૬

ઘુઘરીઓના રણકારથી પરમ શોભાવાળુ, ભાનુમંડળ જેવી ઉજ્જવલ પ્રભાવાળું એક વિમાન તેમણે ક્ષણમાંજ, આકાશમાંથી ઉતરતાં દીઠું ૭

આ તે ભાનુ મંડલ છે, કે દિવસેજ પૂર્ણ શશીનો ઉદય છે, મણિ પ્રભાનો પિંડ છે, એમ તેને જોતાં, જનો વિચારવા લાગ્યા. ૮

વિમાનને આકાશમાં રાખી તેમાંથી એક મનુષ્ય પૃથ્વી ઉપર આવ્યો; તે ઇંદ્ર જેવો યુવાવસ્થાવાળો, દેવતાથી પરિવૃત અને પત્ની સમેત હતો. ૯

આ તે શું સાક્ષાત્ કામદેવ કે હરિ કે ઇંદ્ર કે ચદ્ર કે વિરંચી કે કોણ આવે છે એમ તે તરૂણને જોઇ લોક માત્ર બોલવા લાગ્યા.૧૦

ચંદ્રની પ્રભાનો પરાભવ કરતા બે ચામરો બે પાસો સૂરિઓ ઉરાડી રહ્યા હતા, માથે ઉત્તમ પ્રભાવાળું છત્ર ધરાઇ રહ્યું હતુ, એ સર્વ જોઈને લોકો એક મુહૂર્તવાર આ શુ છે? એવા આશ્ચર્યમાં પડી ગયા. ૧૧

આ પ્રકારે લોક માત્ર અનેક વિતર્કમાં વ્યાકુળ થઈ જઇ તેના આગમનને માર્ગે જોઇ રહ્યા હતા તેવામાં પોતાની વધૂ સમેત તે પુરૂષે નૃપની પાસે આવી જયના લયમાં લીન થયેલા સૂરિને આ પ્રમાણે કહ્યુ. ૧૨

ભવિક કમલના આનંદ! કંદર્પકેલિને પણ કાપી નાખનાર સકલ મોહને દળી નાખવાથી પાપ માત્ર જેનાં નાશ પામ્યાં છે તેવા! ભવ સમુદ્રના સેતુ! મોક્ષ તત્વના એક હેતુ! હે ગત તંદ્ર હેમચદ્ર! તમે સર્વદા વિજયી થાઓ. ૧૩

અષ્ટાંગે ભૂમિના સ્પર્શ થાય તે રીતે યતિપતિને નમન કરી તે યુગલ પૃથ્વી ઉપર બેઠું, એટલે નૃપતિએ પણ તેમના દેહના ચિન્હો-થી પોતાનાં માતાપિતાને આવ્યાં જાણ્યાં. ૧૪

હૃદયમાં પ્રમોદ પામીને કુમારપાલ તેમને જોયાં કરે છે તેવામાં સ્નેહવલ્લી વૃક્ષને વળગે તેમ આલિંગન દેઈ હર્ષાશ્રુ વર્ષાવતે ઉચિત

વચન યોજવે ચતુર એવા તે દેવે કહ્યું કે અહો ! ઘણે કાલે મને આજ તારો સંગમ થયો, જેથી હે નરેશ ! આ દિવસને હું અતિ ધન્ય માનું છું, જિન મત ઉપર જેની રૂચિ એવો તું જેનો પુત્ર છે તેવો હું પણ મારા આત્માને ધન્ય માનું છું. મિથ્યાત્વ તજીને જિન મતમાં પ્રવર્તતા તે, હે પુત્ર ! પૂર્વજોને નરકમાંથી ઉદ્ધાર્યા છે, દધિ કે ચન્દ્ર જેવો તારો શ્વેત યશ જેની દેવ પણ સ્તુતિ કરે છે તે તેં પ્રાપ્ત કર્યો છે, અને કુળને પણ નિર્મળ કર્યું છે. હે સુત ! સ્વર્ગમાં તારી કિર્તીને કીન્નરીઓ ગાય છે તે સાંભળી અમારૂં મન હરણ થઇ જાય છે, અને હે સુત ! તે સાધેલા જૈન ધર્મથી તારા પૂર્વજ માત્ર પ્રમોદ પૂર્ણ મનથી દેવ પંક્તિને વિષે વિહરે છે. ૧૫–૧૬–૧૭–૧૮

પ્રણયથી અનેક લાડ કરતી તે પુરૂષની દેવાંગના રૂપ સ્ત્રી પણ પછી કુમારપાલને આલિંગન દેઇ બોલી કે હે પુત્ર ! તેં કરેલા પુણ્યના યોગથી હુ ત્રિભુવનમાન્ય અને સુવિખ્યાત થઇ છુ. સુકૃત તતિને વિસ્તારતા તારા જેવા પુત્રરત્નને જણીને હું જનેતા માત્રમાં પુણ્ય પ્રકર્ષવાળી ગણાઇ છુ, અને હે પુત્ર ! તારા જેવો સુવિદિત ચરિત્રવાળો પુત્ર જેમાં રહ્યો તે મારી કૂખને પણ ધન્ય માનું છું. ૧૯–૨૦

સ્નેહ સન્માનપૂર્વક આમ વિવિધ પ્રકારે પ્રમોદ ઉપજાવી, હર્ષથી કલ્પ તરૂનાં પુષ્પોની વૃષ્ટિ કરી, તે દંપતી પેલા વિમાનમાં બેસી તુરત પોતાને સ્થાને ગયાં. ૨૧

આવું અતિશય સમૃદ્ધ વૃત્તાન્ત જોઈ ચિરકાલ સુધી વિસ્મયથી ચકિત થઇ રહ્યો અને આ શું ? એવો મનમાં વિચાર કરતો રાજા સર્વ લોક સહિત ઉઘાડી આંખે ક્ષણવાર ઠગી રહ્યો. ૨૨

પ્રથમ મેં મારાં માતાપિતાને નરકની મહા યાતના વેઠતાં જોયાં અને હમણાં તેમને સ્વર્ગ સુખ નિમગ્ન જોઉં છું, ત્યારે આ સાચું કે તે સાચું એવા સંશય રૂપ હીંચકા ઉપર રાજાનુ મન હીંચોળા ખાવા લાગ્યું. ૨૨

હે પંડિત ! નાના પ્રકારના હેતુથી તેણે બતાવ્યું તે અને આ જે બતાવવામાં આવ્યું તે ઉભયે ખોટું છે એમ જાણ, એમ મુનીશ્વરે રાજાના પૂછવાથી કહ્યું, અને ઉમેર્યું કે જિનોક્તિથી અન્ય મોક્ષદાયી તત્વ નથી. ૨૪

કોઈપણ ગ્રહ સૂર્યની સમાન થવાનો નથી, કોઇપણ દાઢવાળું પ્રાણી સિંહની બરાબર થવાનુ નથી, તેજ પ્રમાણે કૃત્રિમ વિચારોથી ભરપૂર એવાં અન્યદર્શનો જિનદર્શનની સમાનતા પામનારાં નથી. ૨૫

આ પ્રકારે શુદ્ધ સિદ્ધાંત વાક્યોથી સકળ શંકા મુક્ત થઈ ક્ષણમાંજ કુમારપાલ ભૂપાલ પોતાને ઘેર ગયો, અને મદમત્ત વાદીઓના વ્યૂહનો દર્પ મુકાવનાર ગુરૂને સાક્ષાત્ બૃહસ્પતિ જેવા માનવા લાગ્યો. ૨૬

અંધકારના સમૂહમાત્રનો ધ્વંસ કરનાર સૂરિનો ઉદય જોઇ અંધકારનો નાશ કરનાર સૂર્યને જોતાં ચક્રવાક જેવો હર્ષ પામે તેવો હર્ષ ઉત્તમ મનુષ્યો પામતા હવા, અને કુવાદીઓ પોતાના મદને તજી ઘુવડ જેમ સૂર્યથી નાશે તેમ શાન્ત થઇ ગુપ્ત રીતે છુપાઇ ગયા. ૨૭

## વિવાદ સર્ગે દ્વિતીયો વર્ગઃ

---

પોતાના મંત્ર તન્ત્રાદિ પ્રયોગોથી આચાર્યને અજય્ય જાણી તર્કવાદથી તેમનો પરાજય કરવાને, અનેક વાદીઓને જીતેલા એવો તે યોગી આવ્યો. ૧

મહા ગર્વથી તેણે રાજભવન આગળ જઇ પત્ર ચોટાડયો અને મરણોન્મુખ સન્નિપાતવાળાની પેઠે બહુ બહુ વિરૂદ્ધ વાક્યો બોલ્યો. ૨

ઉંચા હાથ કરીને હું કહું છું કે જેની શક્તિ હોય તે વાદ કરવા આવો, સમસ્ત વાદીરૂપી વૃક્ષના દવાનલ જેવો હું ઉભો છું ત્યાં સુધી કોઇ કાંઇ જાણતું નથી. ૩

બીચારો બૃહસ્પતિ શું કરી શકે ? બ્રહ્મા પણ ક્ષણમાં વક્ર થઇ જાય, જ્યાં હું વાદિસિંહ આવીને ઉભો ત્યા મહાદેવ પણ એક અક્ષર જાણતો નથી. ૪

ષટ્ તર્કમાં કુશલ, વાદિ પક્ષનો ક્ષય કરનાર, વિદ્વચ્ચક્રમાં મુખ્ય ગમે તેવા સમર્થ વિપક્ષનો પણ પરાજય કરનાર, અને ઉત્તમ કોટિ કરનાર, મારાથી અન્ય કોઇ નથી. ૫

રે વાદિ ગણો ! તમે મદ તજીને મારી આજ્ઞા માથા ઉપર ધારણ કરો, ને એમ ન કરવું હોય તો મારી આજ્ઞાને વશ વર્તનાર આખું મહીમંડલ તેને તજીને દિગંતનો આશ્રય કરો. ૬

જે શાસ્ત્ર પારાવાર રૂપ છે, જે કલાકલાપરૂપી અમલ જલના-કૂપ છે, જે વાદવિદ્યામાં નિપુણ છે, તે સર્વને માથે હું આ પગ મૂકું છું. ૭

મદોદ્ધત અંગવાળા તેણે, પોતાનો ઉત્કર્ષ જણાવનારાં આવાં પદ્યો તે પત્રોને વિષે, હુંજ વિશેષજ્ઞ છુ, બુદ્ધિમાનોમાં મુખ્ય છુ એમ હૃદયમાં માની, લખ્યાં. ૮

તેના ગર્વભરની સાથેજ તે પત્રોને ઝટ છેદી અનવદ્યવિદ્યાવાળા અને પવિત્ર બુદ્ધિ પૂર્ણ સૂરિએ ત્યાં આવા મનોહર પદ્યો લખ્યાં. ૯

શ્વેતાંબર શ્રી હેમચંદ્ર ગુરૂ ષડ્ દર્શનના તર્કને વિષે અતિ પ્રવીણ એવા વાદીદ્રરૂપી દ્રુમોના દાવાનલ છે, કલિકાલના મલનો ધ્વંસ કરનાર છે, વેદાભ્યાસનો જેમને આગ્રહ છે એવા દુષ્ટ મન વાળાના ષટ કર્મના મર્મરૂપી કંદને ઉખેડી નાખવાના કાર્યમાં લંપટ છે ૧૦

તીક્ષ્ણ ભાલાની અણીથી આંખને કોણ ખોતરવા ઇચ્છે છે ! કિંવા બુદ્ધિમાન કેશરીના કંઠની સટાને હાથે લેવા ઇચ્છે છે ! ના-

ગતા માથાના મણિની કોને સ્પૃહા થાય છે? વધ એવા શ્રીમજ્જિન શાસનની આવી કોણ નિંદા કરે છે? ૧૧

આ તો અદ્ભુત સાહસ ધારણ કરીને દેડકો સર્પને લાપટ મારવા આવ્યો જણાય છે, કે સમસ્ત બુદ્ધિહીન એવો તું મારી સાથે વાદ કરવાની ઇચ્છા રાખે છે? ૧૨

જ્યાં સુધી વનમાં સિંહ આવે નહિ ત્યાં સુધી હરિણો સુખે કુદકારા મારે. જ્યાં સુધી પ્રચંડ કિરણવાળો સૂર્ય ઉદય પામે નહી ત્યાં સુધી આગીઆ ચળકાસ મારી લો. ૧૩

જ્યાં સુધી ફણીંદ્ર પ્રકટ થયો નથી ત્યાં સુધિ દેડકા ભલે વિચરે, જ્યાં સુધી હું આવી પહોચું નહિ ત્યા સુધી અન્ય વાદીઓ વિવાદ ભલે કરે. ૧૪

પછી રાજસભામાં સભ્ય જનો કૌતુક થકી જોયા કરતા હતા ત્યાં સંન્યાસીની સાથે નિર્ભય એવા મુનીશ્વરે ઘણો વિવાદ કર્યો. ૧૫

સૂરિને અજય્ય જાણીને યોગીએ અનેક કુટિલતા કરવા માંડી દોષ સમજવાની ઉત્તમોત્તમ શક્તિવાળો માણસ પણ સ્વાર્થ પરાયણ હોય તો કદાપિ પોતાના દોષ જોઇ શકતો નથી. ૧૬

ઘણો વિષમય અને ક્રોધ ભર્યા એવા અનેક સર્પ તેણે ગુરૂને હણવા માટે મૂકયા એટલે ગુરૂએ પોતાની મંત્ર શક્તિથી તેમને હણવા માટે ક્ષણમાંજ નોળીયા પેદા કર્યા. ૧૭

સૂરિને હણવા માટે બુદ્ધિથી ભ્રષ્ટ એવા યોગીએ ઘણાક ભમરા મૂકયા એટલે તેમનો નાશ કરવા માટે, સૂરિએ, મ્હોટા આરાવ કરતા ઘોર મયૂર સર્જ્યા. ૧૮

દુષ્ટોની મંડળીના મુખ્ય એવા તેણે મહાવિષવાળા અને તીણા દાંતવાળા ઉંદરો ઉપજાવ્યા, ત્યારે સૂરિએ તેમના જય કરવાને માર્જારનો સમૂહ ઉપજાવી તેમના ઉપર ત્વરાથી પાડયો. ૧૯

ક્રોધ કરીને તેણે ગુરૂના ઉપર અવસર જોઇને, અગ્નિનો વર્ષાદ વર્ષાવ્યો, મુનિએ પણ અકાલમેઘ ધારાથી તેને તુરત શાન્ત કરી નાખ્યો, ૨૦

ગુરૂના નિગ્રહાર્થે દેવબોધે તીક્ષ્ણ મુખવાળા મશકો મૂક્યા એટલે યતીન્દ્રે તેજ સમયે ધૂમ કરીને તેમને નિવારણ કર્યા. ૨૧

ક્ષણમાંજ ખિન્ન થઈ જઇ પ્રચંડ અને ભ્રમાંધ એવા તેણે ભ્રમરોના વર્ષાદ સૂરિનો નાશ કરવા વર્ષાવ્યો, પણ ઉપાયના જાણનાર મુનિએ તેના ઉપર હસ્તિ મદનો વર્ષાદ વર્ષાવી શાંતિ કરી. ૨૨

તેના ઉપર મદ પડતાં ગંધના લોભીઆ ભ્રમરો તેનેજ વીટાઇ ગયા ને તે ચકિત થઇ ચોતરફ જોવા લાગ્યો. વિધિ વિરૂદ્ધ હોય છે ત્યારે પોતાનુંજ શસ્ત્ર પોતાનો વિનાશ કરનારૂં થઈ પડે છે. ૨૩

બાણ જેવા તીક્ષ્ણ મુખવાળા અસંખ્ય ભ્રમરોએ ચવાઈ જતો તે કાંપતો કાંપતો પોતાના અંગને, તેમને હાંકી કાઢવા માટે, વારંવાર ધ્રૂણાવતો હવો. ૨૪

ભ્રમરોથી વિદાર્યમાણ એવો દેવબોધ નૃપના, આંગણામાં નટની પેઠે નૃત્ય કરવા લાગ્યો ને તેજ સમયે તાલ મારતા લોક પણ અંગે અંગે વ્યથા પામતા એવા તેને હસવા લાગ્યા. ૨૫

આ પ્રકારના જે જે કુટિલ પ્રયોગ તે યોગીએ પોતાની શક્તિ અનુસાર કર્યા તે અજાકૃપાણી વિધિએ કરીને, તે અભાગીઆનાજ ઘાતના હેતુ થઈ પડ્યા. ૨૬

પોતાના પક્ષનું રક્ષણ કરવા પ્રયત્ન કરતા, કૃતાંત જેવાં ક્રુરચિત્ત કરી બેઠેલા, વિપક્ષના પક્ષને તોડવાની તીક્ષ્ણ બુદ્ધિવાળા, એવા તેમનો આ વિવાદ સર્વને વિસ્મય પમાડતો પટ્ માસ પર્યંત ચાલ્યો. ૨૭

સભ્ય જનોની પ્રેરણા ઉપરથી એક સમયે રાજાએ પ્રણામ કરીને સૂરિને વિનતી કરી કે હે પ્રભો! અન્ય કાર્ય માત્ર વણસતાં ચાલે છે માટે આ વિવાદ હવે મૂકી દો તો સારૂં. ૨૮

બહુ સારૂં એમ કહીને મહા સ્વરૂપ વાળા મુનીશ્વરે સંન્યાસીને કહ્યું કે હે યોગીન! જેનું પ્રથમજ વચન મિથ્યા કરે તેનો આજને આજ પરાજય જાણવો. ૨૯

હવણાં આજજ જેનું પ્રથમ વચન સત્ય ઠરે તેનો વિજય જાણવો, વૃથા પ્રલાપ કરવાનું કાંઇ કામ નથી, એ રીતેજ ત્વરિત નિર્ણય કરવો જોઇએ. ૩૦

જેનો પરાજય થાય તેને બહુ વિટંબના પૂર્વક ગુર્જર દેશ પાર કરવો એવી શરત સભ્યોએ ઠરાવી. ૩૧

વાયુને સ્થિર, મેરૂને ચપલ, અગ્નીને શીતલ, શશીને ઉષ્ણ, દિવસને રાત્રી, રાત્રીને દિવસ, એમ વિપર્યયથી હું બધું બોલીશ. ૩૨

એવી પ્રતિજ્ઞા કરીને વ્રતિઓના ઇશ્વર એવા તે સૂરિ સભા સમક્ષ બેઠા, એટલે પોતાના મનમા કાંઇક વિચાર કરીને સન્યાસી હસતો હસતો બોલ્યો. ૩૩

સર્વેના સમક્ષ હું આજના દિવસને અમાવાસ્યાનો દિવસ કહું છુ, હવે જો તમને શક્તિ હોય તો વિપર્યય કરી બતાવો અથવા પ્રતિજ્ઞા પ્રમાણે દેશપાર જાઓ. ૩૪

સભા માત્ર ચિંતાતુર થઈ ગઈ કે હવે શું થશે? અને સૂરીનો વિજય કેમ થશે એવો નૃપતિના મનમાં પણ ક્ષોભ વ્યાપવા લાગ્યો, તેવામાં યતીન્દ્રે, મદ થકી, વાદીનો પરાજય કરવા એવો વિવાદ કર્યો કે અરે નૃપસભામા તું, પૂર્ણિમાને દિવસે અમાવાસ્યા કેવી કહે છે? તારી બુદ્ધિ કેવલ નાશ પામી ગઇ જણાય છે, તને ધિક્કાર છે કે રોગાભિભૂતની પેઠે કે એક શત ભૂત વળગ્યાં હોય તેમ લવારો કરતાં તને લાજ આવતી નથી? ૩૫-૩૬

કાલનો ભોગ થઈ પડેલો તે દુષ્ટ યોગી બોલ્યો કે જો આજ અમાવાસ્યા ન હોય તો જીભ કાપી નાખું, એ વાત સાચી છે કે ખોટી તે હવણાંજ રાત પડશે ત્યારે ચંદ્ર નહિ ઉગે કે ઉગે તે ઉપરથી સિદ્ધ થઇ જશે. ૩૭

તે વચન પ્રમાણ કરી, ગુરૂનો વિજય કેવી રીતે થશે ને આ વાદ કેવો નીવડશે તેની ચિતા કરતા સભ્યો પોત પોતાને ઘેર ગયા, અને લોક માત્રને વિષે જેમનાં વચનં પ્રસિદ્ધ થઈ ગયાં છે એવા

અક્ષુબ્ધ ઉભયે વાદી પણ પોત પોતાનાં માણસો સાથે સ્વસ્થાને ગયા. ૩૮

કૃષ્ણ પક્ષને વિષે ચન્દ્રયુક્ત પૂર્ણિમા શી રીતે થશે? અને જેમાં ચંદ્રના ઉદયનો સંભવજ નથી એવી અમાવાસ્યાનો શી રીતે નાશ થશે? આવી વાતનો વિચાર માત્ર કરતા પણ મહાશ્ચર્ય થાય છે, એમ સર્વે લોક ચિંતાતુર થઇ ગયા ૩૯

જન માત્ર એમ ચિંતાતુર છે તેવામાં યતીન્દ્રે, સંન્યાસીનો પરાજય કરવાને અર્થે, મનમા ઉલ્લાસ પામી, પદ્માવતી દેવીની ઉપાસના આરંભી એટલે સર્પ વાહને ચઢીને. વિપત્તિ સમુદ્રના નાવરૂપ દેવી પ્રત્યક્ષ થઇ અને કહેવા લાગી કે ચિંતા તજીને જે કામ હોય તે કહે. ૪૦

ઉગતા પૂર્ણશશીના મંડલ જેવું, અનન્ત પ્રભા વાળું, પોતાનું કુંડલ તેણે, ગુરૂના આદેશથી, સાયંકાલે આકાશને વિષે લટકાવ્યું, તેને જોઇ જિન ધર્માઓ, ચકોરોની પેઠે, પરમ આનંદ પામ્યા અને મિથ્યા દૃષ્ટિવાળાઓ વ્યવસાયથી ભ્રષ્ટ થયેલી અસતીની પેઠે, મહા પરિતાપ પામ્યા. ૪૧

પર્વત માત્ર કૈલાસ જેવા થઇ ગયા, નદી માત્ર સુરનદી જેવી શોભી રહી, કાગડા હંસત્વને પામ્યા, હાથી માત્ર ઐરાવત રૂપ થયા પૃથ્વી ઉપરના સમુદ્રમાત્ર ક્ષિરોદધિ જેવા જણાવા લાગ્યા, અને ચન્દ્ર પ્રકાશના પૂરથી, ગુંજાપણ મુક્તાફલ બની ગઈ? ૪૨

ચન્દ્રના સર્વે પાસા પ્રસરતા વિપુલ કિરણોથી લોકમાત્ર ધવલ થઈ જતાં દૂર નાઠેલું અંધકાર જાણે સંન્યાસીના મુખ ઉપર જઇને રહ્યું, અને જાણે શુભ દૃષ્ટિવાળાના મનમાં, ચંદ્ર કિરણ રૂપે, ઉજ્જવલ સુખે પ્રકર્ષ તે સમયે વ્યાપી ગયો ૪૩

અરે! આજ કેવલ ઘોર તિમિર પૂર્ણ જે અમાવાસ્યા હતી તેમાં આ ચન્દ્રનો ઉદય થયો એ શું? આ તે કોઇએ મારાં ચક્ષુને ભ્રમ ઉપજાવ્યો છે કે શું? એમ રાજા મનમાં વિચારવા લાગ્યો. ૪૪

પછી કુશળ એવા રાજાએ પોતાના અતિ ચતુર અને વેગવાળા ચરોને ચારે દિશામાં તપાસ કરવાને મોકલ્યા, પણ તે બાર બાર યોજન સુધી બધો પ્રદેશ જોઈ પાછા આવ્યા. ૪૫

ગજકલાકલાપ જેવો ગુર્જર રાષ્ટ્ર જેથકી ભ્રષ્ટ થઈ ગયેલો પેલો યોગી નાશીને ત્યાંથી વિદેશ જતો રહ્યો. અને તેના કાનનું અંધકારનો નાશ કરનારૂં આભરણ પ્રાતઃકાળે સૂરિએ લીધું અને તેના પરાજય કરી પોતે સૂર્ય જેવા ઉદય પામ્યો. ૪૬

કમલ પંક્તિને પ્રબોધતા, તમો રાત્રિનો અનેકવાર ધ્વંસ કરતા, દિશાઓને ઉલ્લાસ પમાડતા, સુમતોના સમૂહને જય પમાડતા, સુબુદ્ધ આચાર પ્રવર્તાવતા, જ્ઞાનાનંદ વિસ્તારતા, એવા સૂર્ય જેવા ગુરૂએ જૈન જનોને અતુલ પ્રકાશનો વિસ્તાર કર્યો. ૪૭

શ્રી રત્નસિંહ ગુરૂચરણ કમલના ભ્રમર ચારિત્ર સુંદર ગણિએ રચેલા આ કુમારપાલ ચરિત્રનો વિવાદ નામનો પંચમ સર્ગ પૂર્ણ થયો. ૪૮

## પંચમઃ સર્ગઃ

---

પછી ગુરૂના ઉપદેશથી સર્વ દેશને વિષે કુમાર પાલે હિંસાનું નિવારણ કર્યું, સંસારવાળુ સામર્થ્ય સત ક્રિયા પ્રવીણ પુરૂષ પાપનુ નિવારણ કરે નહિ? ૧

જગત્ માત્રને નમન કરવા યોગ્ય એવી કંટેશ્વરી નામની દેવી તેની ગોત્ર દેવી હતી, અને નવરાત્રીમા તેની પૂજા ચૌલુક્યવંશના નરેન્દ્રે કરવી જોઇએ એવો વહિવટ હતો. ૨

પડવાને દિવસે તેના આગળ શત છાગ તથા એક પાડો મારવામા આવતો અને પછી રોજ એવી બમણું, તમણું, કરતાં નવમીને દિવસે નવગણુ કરવામા આવતુ ૩

તે દિવસ આવ્યો ત્યારે આ કાર્યને અતિદુષ્કર ધારી જી
હિંસા તજી જગત્માં પ્રશંસા પામેલા એવા રાજાએ તે વાત સૂરિ
આગળ નિવેદન કરી. ૪

હિંસાનો ઉપદેશ કરવામાંથી પણ પાપ થાય છે તો સાક્ષાત
કરવાથી શું પાપ થાય તે કહી પણ શકાતું નથી, કામદુઘા જેવી
દયાને તજીને સુખાપ્તિની ઇચ્છાવાળો કોણ હિંસાનો આશ્રય કરે? ૫

માતાના કહેવા ઉપરથી પિષ્ટમય એવા પણ એક મરઘડાને
દેવી આગળ નવમીએ હણીને યશોધરે જે મહાદુ:ખ પ્રાપ્ત કર્યું
તેની વાત તો કેવલ શ્રી જિનજ જાણે છે. ૬

પછી પોતાની મંત્ર શક્તિથી કંટેશ્વરીને સાક્ષાત્ બોલાવી, સૂરી
શ્વરે હિંસાનું નિવારણ કરવાને અર્થે દયા પ્રધાન વચનોથી તેન
સ્તુતિ કરવા માંડી. ૭

ગુરૂએ પુષ્કળ સ્તુતિ કર્યા છતાં પણ સંતોષ રહિત એવી
સંતોષ પામી નહિ, દુષ્ટ જન આગળ હિતોપદેશ પણ, સર્પને જે
દૂધ થાય છે તેમ, વિષરૂપ થઈ જાય છે. ૮

ત્યારે દેવીના મંદીરમાં નવ મદોદ્ધત પાડા અને નવસો બકર
તેમણે રોષ કરીને પુરાવ્યાં. ૯

છાણ મૂતર આદિથી તથા પ્રતિમાને લાતો વાગવાથી આખ
રાત પીડા પામી, અને પાડાએ આમ તેમ ભમતાં તેની મૂર્તિને પુષ્કળ
માથાં માર્યા. ૧૦

ત્યારે કુલ દેવીએ પાડા થકી પોતાની મૂર્તિની આસાતના થ
માની, અને મદથી જગત્ને તૃણવત્ ગણતી અતુલ માયાવાળી
રાજા ઉપર કોપ કરવા લાગી. ૧૧

જિનાર્ચન કરી, અંતઃશત્રુનો સંહાર કરનાર જપ જપી, દે
ચુદ કરી, ધૌત વસ્ત્ર પહેરી, કુમારપાલ મહેલમાં સુતો હતો. ૧૨

ચક્ર, ગદા, શક્તિ, ત્રિશૂલ, એમ ચારે હાથમાં ધારણ કરત
પ્રદીપ્ત સ્વરૂપવાળી, રક્તાક્ષ ઉપર બેઠેલી, રૂધિર પીતી, મોઢે અગ્નિ

ની જ્વાળા ઉશડતી, વૈતાલ માલાકુલ, કરાલ, જ્વાલા સમાન ઉજ્વલ દેહ પ્રભાવાળી, ઘોર હુંકારરવથી કંપ ઉપજાવતી, એવી દેવી, તે સમયે, રાજાને ઘેર આવી. ૧૩-૧૪

રે દુરાચાર! વિચાર હીન! તુચ્છ બુદ્ધિ! ભૈરવીને ઓળખતો નથી? કે મારી અવજ્ઞા કરીને સુખે નિદ્રા લેવા પડયો છે. ૧૫

આમ બોલતી યમ તુલ્ય રૂપવાળી તે પહેરેગિરોને ભય ઉપજાવતી દેહી માત્રને મદથી ત્રાસ પમાડતી, રાજાની પાસે આવી. ૧૬

તેનું સ્ફૂર્તિયુક્ત ગર્જિત સાંભળીને રાજાએ નિદ્રાનો ત્યાગ કર્યો, અને તેણે તુરતજ કલિકાલરૂપ કાલિકાને ઉપદ્રવ કરવા આવેલી જાણી. ૧૭

ચિત્તમાં ભય પામી અદ્‌ભુત શંકા પામી, આ શું હશે એમ ધીમે ધીમે મનમાં તર્ક કરતો, તે વિઘ્નના ઓઘનો સંહાર કરવાને સમર્થ એવા પરમેષ્ઠિ મંત્રનો જપ મનમાં કરવા લાગ્યો. ૧૮

મંત્રના પ્રભાવથી તે કુલ દેવી રાજાને પ્રહાર કરી શકી નહિ, પણ મોઢેથી ગાળોના વર્ષાદ વર્ષાવતી તેણે શાપ દીધો કે તું કુષ્ટ રોગવાળો થજે ૧૯

તે ઉપરથી ગંધ મારતા પરૂ આદિ જેમાંથી ટપકે છે એવા કુષ્ટથી રાજાનું શરીર છવાઈ ગયું. યતિના શાપની પેઠે દેવતાની વાણી કદાપી વ્યર્થ જતી નથી. ૨૦

તેની વેદનાથી આખે શરીરે વિહ્વલ થયેલો રાજા નિરાંત વાળી શકયો નહિ, પણ અર્હદ્વચનથી વાસિત થયેલી છે સપ્તધાતુ જેની એવા અને અન્યનો કદાપિ પણ આશ્રય ન કરતા એવા તેણે મનમાં વિચાર કરવા માંડયો કે કુષ્ટથી નષ્ટ દેહવાળા મને પ્રાતઃકાલમાં જોઇ બહિર્મુખ માત્ર જિન શાસનને દોષ દેશે અને તેથી જગત્‌માં તેની પ્રતિષ્ઠાને ઘણી હાની થશે. ૨૧-૨૨

આ સ્વરૂપની જ્યાં સુધી પ્રસિદ્ધિ થઇ નથી, જ્યાં સુધી આ દેહ આવો છે, ત્યાં સુધીમાં હુ તેને પ્રજાળીને ભસ્મ કરી નાખું, એમ વિચારીને પોતાના મંત્રીને મોકલી તેણે ગુરને તેડાવ્યા. ૨૩

આવીને તે વૃત્તાન્ત જાણી તેમણે તેને તેવું કરવાથી નિવારણ કરી રાખ્યો અને અભિમંત્રણ કરીને, રોગ શાન્તિને અર્થે તેને પીવા પાણી આપ્યું, ૨૪

અમૃત જેવું તે જલ કુમારપાલ તુરત પી ગયો. એટલે તેનું શરીર રોગ રહિત થઈ ગયું, જે ઉપરથી પોતાના ગુરૂની આવી અચિંત્ય શક્તિ જોઇને, કામદેવ જેવા તેને મનમાં ઘણો વિસ્મય થઈ આવ્યો. ૨૫

જેના પ્રસાદથી શરીર રોગ મુક્ત થઈ સૂર્ય જેવી કાંતિવાળું અને કામદેવ જેવું તથા અતિ પ્રશાન્ત થયું તે ગુરૂને નમન કરવા માટે જિન નમન કર્યા પછી , રાજા અનેક રાજાને સાથે લેઈને ગયો. ૨૬

તેવામાં દયાવાન્ રાજાએ પાછળ હાથ બાંધેલા તેથી હાથ વગરની થઇ ગયેલી એવી, એક અતિ રમ્ય, સુંદર શરીરવાળી, ઉત્તમ કાન્તિથી દીપતી, દીનનાદ કરતી, સુંદરીને આશ્રમ બહાર દીઠી. ૨૭

કરૂણાર્દ્ર સ્વર કરતી, અતિ દુઃખિત, અશ્રુધારાથી ભૂમિને પલાળતી, તેને મુનિના આશ્રમ બહાર દેખી, અગણિત પુણ્યવાળો પૃથ્વીપતિ આ શું હશે એમ મનમા વિચાર કરી તેને આશ્વાસના કરતાં આ પ્રકારે બોલ્યો. ૨૮

હે બાલા ! વિશ્રામ પામ, કામરૂપી હસ્તીની શાલા રૂપ હે સ્ત્રી ! તારૂં દુઃખ દૂર કર, હે ભીરૂ ! ધીરજ ધર, પુણ્યરૂપી જલપૂર્ણ કૂપ જેવો હું રાજા છતાં તને કોણ આ પ્રકારની બાધા કરે છે તે તુ મને કહે. ૨૯

નરનાથ ! તારો જય થાઓ એવી આશિષ આપી તેણે કહ્યું કે તારો ગુરૂ મને બાધા કરે છે; ત્યારે તો એ વાત કેવલ જુઠી હોવી જોઇએ એમ સમજી રાજાએ, તેનો અનુનય કરવાને પુનઃ સ્મિત પૂર્વક તેને કહ્યું. ૩૦

અરે મોટા અનર્થ રૂપ આવું કહેવુ યોગ્ય નથી, હે ચતુર ! આવી કલ્પિત વાત તું શું ઉચ્ચારે છે ? હે વિચારને જાણનારી !

એટલુંજ કહે કે અતિ ઉત્કટશમને પ્રાપ્ત કરેલા, સિદ્ધાન્તશિક્ષાની પાર ગયેલા, એવા સાધુ, જીવને હણે ખરા ? ૩૧

હે નૃપ ! તારી જે દાનવી કુલદેવીએ તને અપરાધીને રાત્રીએ દંડ દીધો તેને મંત્રથી બાંધીને હે નૃપતિમુકુટ ! મુનિવરે આ પ્રકારે રાખી મુકી છે એમ તેણે કહ્યું ૩૨

આવી સુકૃતવાળા જનને હર્ષ કરનારી મુનીશ્વરની શક્તિ જોઇ રાજાને અતિશય વિસ્મય થઈ આવ્યો, અને મનમાં પ્રસન્ન થઇ પ્રાણિમાત્ર ઉપર દયા કરવાના વ્રતવાળા તેણે તેને બંધનમાંથી છોડી દીધી. ૩૩

સૂરિના મુખથી મોક્ષફલ આપનારૂ દયાનું ફલ સાંભળીને પ્રબોધ પામેલી તે આનંદાશ્રુ સમેત દયાનું વર્ણન કરવા લાગી અને બોલી કે જેણે મને સંસારરૂપી વટના વિકટ કોતરમાં પડતાં બચાવી તેવા ત્રીજગદ્ગુરૂ શ્રી હેમચંદ્રનો જય જયકાર થાઓ. ૩૪

ત્રિભુવનના જનની રક્ષા કરનાર અને શત્રુને વશ કરનાર હે ભૂપાલ ચંદ્ર ! તારો પણ જયજયકાર થાઓ, અને તું રાજા છે ત્યાં સુધી તારા રાજ્યમાં મહામારી દુર્ભિક્ષ આદિ વિપ્લવો લોકોમાં કદાપિ થશો નહિ. ૩૫

સૂરિવરના પાદયુગલને નમસ્કાર કરી, રાજાને આશિર્વાદ આપી, ઉત્તમ મહોત્સવ કરી, જિન મતને પૃથ્વી ઉપર વિસ્તારી દયાધિકારનું રક્ષકત્વ અંગીકાર કરી, કૃત્યા કૃત્ય જાણનારી, તે અંતર્ધાન થઈ સ્વર્ગમાં ગઇ. ૩૬

આ સંકટમાંથી મુક્ત થઇ દિગ્મંડલને અધિક ઉજ્જ્વલ કરતો સદ્વૃત્તવાળો, પોતાની કલાના સમૂહથી કુમુદોને વિકાસ પમાડતો, જીવાનંદ પરાયણ, મહાવ્રત પરાયણ, અન્ય તેજનો ધ્વંસ કરનાર, ચંદ્ર જેવો રાજા વિશ્વમાત્રનું જેમાં રક્ષણ થતુ હતું અને સર્વ પાવન થતાં હતાં તેવુ રાજ્ય કરવા લાગ્યો. ૩૭

## ષષ્ઠે પ્રથમો વર્ગઃ

દયાવાન્ અને દક્ષ એવા શ્રી કુમારપાલે, ક્વચિત્ બાહુબલથી, ક્વચિત્ ભક્તિથી, ક્વચિત્ નયથી, એમ આખાએ મહિતલ ઉપર જીવ દયા પ્રવર્તાવી. ૧

પોતાના નગરના ઉપવનમાં આખા દેશની જાળો ભેગી કરીને તેણે બાળી નંખાવી, અને ધીવર આદિ વિનાશ કર્તાઓને તેણે પોતાના દેશની પાર કર્યા. ૨

તેનું જે ઉત્તમ પંચકુલ તે સર્વે દેશોને વિષે ફર્યાજ કરે છે, અને જીવવધનું નિવારણ કરી સર્વત્ર જૈનમતનું સ્થાપન કરે છે. ૩

નામ માત્ર પણ જીવ હિંસા જે કરે તેને તે સારી પેઠે દંડ દેતો હતો, અને જે જંતુને હણે તેનું દ્રવ્ય માત્ર હરી લેઈ તેને સ્વદેશની પાર કરતો. ૪

એક સમયે વિદ્યા નિપુણ એવા **જયચંદ્ર** રાજા પાસે તત્વ... એવા તેણે પોતાના મંત્રીઓને હર્ષથી કાશી દેશમાં જીવ હિંસા બંધ કરાવવાને મોકલ્યા. ૫

દક્ષ એવા તેમણે સિંહાસને બેઠેલા રાજાની આગળ ભેટ મૂકીને તેને લેખ આપ્યો એટલે વિશેષજ્ઞ એવા કાશીપતિએ તે લેઈને હર્ષથી પોતેજ વાંચવા માંડયો. ૬

સ્વસ્તિ શંકરપુરસ્થ શ્રી જયચંદ્ર જે ઇંદ્ર જેવા છે, તેમને પ્રણામ કરીને, પત્તનથી શ્રી કુમારપાલ નરેંદ્ર સાદર અને સવિનય કહેછે કે હે દેવ! સદા અમને ક્ષેમ કુશલ જણાવતા રહેશો; આર્યવર્ય! કાર્ય એવું છે કે આપના અખિલ દેશમાં પ્રાણિ હિંસાનું વર્જન થાય તો ઘણું સારૂં. ૭-૮

અતિશય વિચાર દક્ષ, રાજાઓમાં મુખ્ય, એવા કાશીપતિએ તેનો અમૃત જેવો અર્થ ગ્રહણ કર્યો, અને તેના વિનયથી તુષ્ટ થઈ પોતાના દેશમાં જીવ વધ બંધ કરાવ્યો. ૯

અતિ ઉત્તમ બુદ્ધિવાળા તેણે આવેલા અમાત્યોનું બહુ સન્માન કર્યું અને ચોદસો કોશ જેવડા પોતાના દેશમાં તેણે જીવદયા પ્રવર્તાવી. ૧૦

ઘણા ધનની સાથે એક લક્ષ જાલ તેણે કુમારપાલને મોકલાવી અને તે તેણે પત્તનોદ્યાનમાં એકદમ બાળી નંખાવી. ૧૧

**સપાદલક્ષ** દેશમાં કોઈક મૂર્ખ.વાણીઆની સ્રીએ માથામાંથી કાઢીને એક જૂ તેના પતિના હાથમાં આપી તેને તેણે, મદ કરીને, મારી નાખી. ૧૨

આવા અપરાધના કરનાર તેને પકડીને પંચ કુલે રાજા આગળ ઉભો કર્યો એટલે રાજાએ તેનો બે લક્ષ દંડ કરી તેમાંથી યૂકા વિહાર કરાવ્યો. ૧૩

તેનું વિત્ત લેઈ લેવાથી જે મૂઢ બુદ્ધિવાળો મૂષક પૂર્વે મૃત્યુ પામ્યો હતો, તેના નામથી, કૃતજ્ઞ શ્રીકુમારપાલે એક વિહાર બંધાવ્યો. ૧૪

ઘૃતપૂર એવું કોઈ ભોજન પોતાને માંસ જેવું અતિ સ્વાદિષ્ટ લાગવાથી, વિપુલ બુદ્ધિવાળા તેણે રાજાઓને આવું ભોજન ઉચિત છે કે નહિ એમ સૂરિને પૂછ્યું. ૧૫

તેના ચિત્તનો ભાવ સમજી જઇને એવું ભોજ્ય ઉચિત છે એમ પ્રભુએ કહ્યુ અને હે રાજન્ ! વણિક્ બ્રાહ્મણ અને ક્ષત્રિયને માંસ ઉચિત નથી એમ બોલ્યા. ૧૬

પાપ બુદ્ધિમાત્ર સ્વચ્છ થઈ ગયેલી છે જેની એવા સત્પુરૂષોમાં મુખ્ય તેણે માંસાહારની શુદ્ધિને અર્થે, ગુરૂની આજ્ઞા ઉપરથી, પત્તનમાં સુંદર અને રૂચિકર એવા વિહાર કરાવ્યા. ૧૭

વર્ષાઋતુમા ગમન કરવાથી જંતુનુ વિરાધન થવાથી મહાદોષ થાય એમ સમજી, મારે પત્તનમાંથી કહી જવું નહિ એવો અભિગ્રહ રાજાએ લીધો. ૧૮

રાજાની સારી વાર્તા તેની કિર્તિની સાથે સર્વત્ર પ્રસરી. મહોટા પુરૂષોનાં કાર્યે, સૂર્યનું તેજ, અને સુગંધી એ ત્રણે પોતાની મેળેજ સર્વત્ર પ્રસરી જાય છે. ૧૯

આવા અભિગ્રહની વાત સાંભળી, વિગ્રહ ઉપરજ દૃષ્ટિવાળો ગર્જિનેશ * મ્લેચ્છપતિ, લાગ જોઇ, તેનો પરાજય કરવા માટે, જનોને અનંત ત્રાસ ઉપજાવતો ચઢી આવ્યો. ૨૦

સેના સમૂહથી દિશા માત્રને કંપાવતો તે કુમારપાલની સીમા સુધી વેગે આવી પહોચ્યો, અને તેને સમીપ આવ્યો જાણી જન માત્ર ક્ષોભ પામી ગયા. ૨૧

તે સમયે ચરોએ ઉપરા ઉપરી આવીને રાજાને મ્લેચ્છરાજા ગમનની વાત કહેવા માડી જેથી તે સાંભળી રાજાપણ ચિંતાકુલ થયો. ૨૨

અન્ય પ્રકારે તો મને દુર્જય જાણીને હવણાં લાગ છે એમ સમ: જીને એ આવ્યો છે. શાકિની, વ્યંતર શત્રુ, ભૂત, એવા લાગનેજ નિત્ય શોધતાં રહેછે. ૨૩

ઉત્કટ એવા મારા કટકને સજ્જ કરીને જો હું યવનને સન્મુખ જાઉં તો મારો નિયમ ભંગ થાય છે ને નથી જતો તો કિર્તિ સહિત માગે દેશ ભંગ થાય છે. ૨૪

આણી પાસા લોકને બંદીવાન કરીને આ યવન ચાલે છે, અને આણી પાસા ગમન ન કરવાના મારા નિશ્ચયનો દુઃખ કારક ભંગ થાય છે: આણી પાસા મહા ઘોર વ્યાઘ્ર ઉભો છે, આણી પાસા પર્વત ની કોર આવી રહી છે, એવો ન્યાય આ થયો છે,-હવે શુ કરવું ૨૫

આ પ્રકારે મનમાં વિવિધ વિકલ્પ કરતો અને સ્તબ્ધ બુદ્ધિ- વાળો, તે સૂરીશ્વરને નમન કરવા માટે ગયો, અને ઉભયથા બુદ્ધિ વાળા તેણે ઉભયે પક્ષનો વિરૂદ્ધ વૃત્તાન્ત હસતે હસતે કહી બતાવ્યો. ૨૬

હે નરપતે ! આ ચિંતા મુકી દે, તારૂં સર્વ શુભ થશે, શ્રી જિનેશના પ્રસાદથી અમુખ માત્ર નાશ પામશે; એમ કહીને નૃપના

* ગઝનીનો ધની એમ માની શકાય, ને તે ગોરી બાદશાહ હોય એમ અનુમાન થી શકાય

હિતાર્થે તથા જનોનાં દુઃખના નિવારણાર્થે તેમણે, મંત્ર શક્તિના બલથી મ્લેચ્છને બાધી આણ્યો. ૨૭

રિપુ મંડલના કેતુ એવા તમને જીતવાને માટે, લાગ જોઇને, જે વેગ થકી ચઢી આવ્યો છે તે તુરૂષ્કાધિપતિ આ રહ્યો એમ મોદ પામતા મુનીશ્વરે રાજાને કહ્યું. ૨૮

રે કર્તા ! આ શુ કર્યુ ! એમ દાંતથી ઓઠને કરડતો તે કહેવા લાગ્યો, તથા સૂરિના વદન સામુ જોઇ મ્લાન વદને તુરૂષ્કાધિપતિ બોલ્યો કે હે નૃપતિ ! મને ત્વરાથી છૂટો કરો, મારા જીવતા સુધી તમારા મુલકમા આવો અન્યાય હુ ફરી કરનારો નથી. ૨૯

રાજાઓના સમૂહમાં આપને એકલાનેજ ધન્ય માનુ છુ કે આવુ મહા કષ્ટ આવ્યા છતા પણ તમે તમારો નિયમ મૂક્યો નહિ, અને વળી વિઘ્ન માત્રને પરાહત કરનારા, ઉત્તમ સુકૃતને કરનારા, આ સૂરીશ્વર સર્વદા તમારા સાન્નિધ્યમાં રહે છે. ૩૦

પૂર્વે કૌંતેયે પણ પોતાનુ અતિ દૃઢ એવુ સત્ય વ્રત ત્યજ્યું, પુણ્ય નિષ્ઠાવાળો પણ નલરાજા દ્યૂતમાં રાજ્ય હાર્યો, પણ હવણાં વિપત્તિના મહા સમુદ્રમાં પડયા છતા પણ જેણે પોતાનુ વ્રત તજ્યું નહિ એવો નિર્વ્યાજ રીતે સુકૃત પરાયણ તમારા જેવો બીજો કોઇ રાજા થયો નથી ૩૧

અનય રહિત અને ઇંદ્ર જેવો કુમારપાલ, આવી સ્તુતિ કરતા તેને પોતાના મંદિરમાં લેઇ ગયો, અને ત્યા ઉત્તમ ભોજનથી તેને તેણે ભક્તિપૂર્વક ભોજન કરાવ્યુ; ઉચિત વિચારમાં સત્પુરૂષો ચૂકતા નથી. ૩૨

દશે દિશાના ભૂપાલોથી પરિપૂર્ણ એવી રાજસભામાં કુમારપાલ તેની સાથે ગયો, ત્યાં જન માત્રને વિસ્મય પામેલા જોઇ વિસ્મય પામતા તેમણે સમયોચિત વાતચીત કરી ૩૩

ચિત્તમા આનંદ પામી તે સમયે કુમારપાલે તેને અપૂર્વ વસ્તુઓ આપી, અને એણે પણ નરેશના કહેવાથી છ માસ પર્યંત પોતાના દેશમાં જીવ દયા પ્રવર્તાવી. ૩૪

માયા વિહીન અને વિદગ્ધ એવા સૂરિવરે તંત્રજ્ઞ એવા તેને સાયંકાલે, મંત્ર શક્તિથી પોતાના પતિના વિરહથી મહાદુઃખ પામતી સેનામાં પહોચાડી દીધો, એટલે શુદ્ધ મનવાળા તેણે પણ ત્યાં ઉત્કટ વાદિત્રોના નાદથી દિશા માત્ર પ્રપૂર્ણ થઇ ગઈ એવો સર્વને આનંદ ઉપજાવનારો મહોત્સવ કરાવ્યો. ૩૫

હૃદયમાં પ્રેમ અનુભવતો અને શત્રુનો સંહાર કરવા સમર્થ એવો મ્લેચ્છાધિપતિ લેખ સહિત ઉપાયનો * રાજાને મોકલી પોતાના સૈન્ય સમેત સ્વદેશમાં આવ્યો, અને ઇન્દ્ર જેવા રાજા કુમારપાલે પણ પોતાના આખા રાજ્યમાં, શત્રુનો આ પ્રમાણે નિકાલ આપવાથી આનંદ પામી, ઘણો ઉત્તમ મહોત્સવ કરાવ્યો. ૩૬

કેટલાક કુમારપાલ નરેશને, કેટલાક સૂરિરાજને, કેટલાક ગુરૂની મહાશક્તિને, કેટલાક પુણ્યને, એમ ભિન્ન ભિન્ન રીતે લોક પ્રશંસા કરવા લાગ્યા. અહો ! એક ધર્મને વિષે પણ આનંદ પરવશ એવા જનોની આવી વિચિત્ર વાણી પ્રસવવા લાગી એ આશ્ચર્ય છે ! ૩૭

યવને ઉપજાવેલા ત્રાસરૂપી પંકની શાન્તિ થતાં, જન માત્રનાં માનસ તત્ક્ષણ સ્વચ્છ થઈ ગયાં, બધા સુમનસ મોદ પામ્યા, પૃથ્વી શોભવા લાગી, અને સપક્ષ એવો રાજહંસ પરમ આનંદને પામ્યો.+ ૩૮

## ષષ્ઠે દ્વિતીયો વર્ગઃ

---

કુમારપાલને શુદ્ધ હૃદયવાળી દેવળદેવી નામે બહેન હતી તે, અગણ્ય લાવણ્ય ગુણે કરીને તથા કાંતિએ કરીને ઇન્દ્રાણીના જેવી હતી ૧

---

* ભેટ

+ માનસ સરોવર તેમ માનસ એટલે મન તે બંનેને બધો અર્થ લાગુ થાય છે સુમનસ = સારા લોક, અને દેવ, રાજહંસ = રાજા રૂપી હંસ, હંસ વિશેષ.

પોતાના જેવીજ રૂપાદિથી રમ્ય અને સતીમાં શિરોમણિ એવી તેને પ્રૌઢ પરાક્રમવાળો **શાકંભરીશ,** માતા પિતાના છતાંજ, પૂર્વે સુતારાને જેમ વાનરેન્દ્ર પરણ્યો તેમ, પરણ્યો હતો. ૨

તેના ઘરમા વસતી તે પતિવ્રતા પોતાની શ્રીથી શ્રીને પણ નિત્ય હસતી હતી, અને પોતાનેજ ધન્ય માનતી સુખમાં કાલ ગાળતી હતી. ૩

તેની સાથે લાજ મૂકીને શાકંભરીશ પાસાથી રમતો હતો અને વિદગ્ધ એવી તેણે પોતાના ચાતુર્યના કામણથી તેને પોતાને વશ કરી લીધો હતો. ૪

રસથી અભિરામ એવી પાસાની રમત તે પરસ્પર સાથે વિનોદ પૂર્વક રમતાં હતાં, અને ક્ષણે ક્ષણે જય વિજય પામતાં કાંઇક હર્ષ અને વિષાદ અનુભવતાં હતાં. ૫

**આન** રાજાએ, મદ થકી, હસતે હસતે પોતાની પ્રિયાને કહ્યું કે આ તારી સોટકી જાય છે તે જો અરે! હવણાંજ મારીને પાછી કાઢું છું. ૬

આવું અતિ ઉત્કટ વાક્ય સાંભળી આખે શરીરે કાંપતી તે પણ બોલી કે હે નરેશ! મારા ભાઈએ આદરથી નિવારણ કરેલી એવી " મારિ " શા માટે પાછી ચલાવો છો ? ૭

જીવ હિંસા છે તે વાક્યથી પણ કરવામાં આવે તો મહા અનર્થ ઉપજાવે છે, માટેજ હિત સમજનાર શ્રી કુમારપાલે તેનુ આખી પૃથ્વીમાંથી નિવારણ કર્યું છે. ૮

તથ્ય જાણનારના નાથ! તમારે કદાપિ ક્રીડામાં પણ આવું બોલવું ન જોઇએ, હસતે હસતે પણ કરેલું કુકર્મ જતુ પોતેજ ભોગવે છે અને બહુધા દુઃખ પામે છે. ૯

પતિને આ પ્રમાણે નિવારણ કરી વિચારજ્ઞ એવી તેણે તેની સાથે પુનઃ કેલિનો આરંભ કર્યો પણ મારી પત્ની થઈને આવું

બોલે ? એમ તેની અવજ્ઞા મનમાં આણીને અવિચારી એવો તે પુનઃ ગમે તેમ બોલ્યો. ૧૦

ત્યારે રાણીએ કહ્યું કે હે નરેશ ! પરત્ર જેથી પુષ્કળ યાતના વેઠવી પડે છે એવા પાપથી જો બીહીતા ન હોતો પણ પ્રચંડ પ્રતાપવાળા, સારી રીતે ચાપ ધારણ કરેલા કુમારપાલથી તો બીહે. ૧૧

સર્વાંગીઓની રક્ષા કરવાથી મારા ભાઈને **ષડ્જીવપિતા** એવું નામ મળેલું છે એટલે વાણી માત્રથી પણ જે કોઈ જીવ હિંસા કરશે તેનો તે શીઘ્ર નિગ્રહ કરશે. ૧૨

આવું સાંભળી મનમાં ખિન્ન થઇ આનરાજ રાણી ઉપર બહુ ક્રોધે ભરાયો, અને પરપ્રશંસાને સહન ન કરી શકતા એવા તેણે તેને ક્રોધ કરીને, લાતોથી પ્રહાર કર્યો. ૧૩

શિષ્ય ઉપર દુષ્ટ, વિરત ઉપર કામી, સ્વભાવથીજ જાગ્રત ઉપર ચોર, ધર્માર્થિ ઉપર પાપી, શૂર ઉપર કાતર અને કવિ ઉપર કવિ,. સર્વદા કોપ કરે છે. ૧૪

સુજનને ગુણ થકી ત્રણે જગત્‌ને આનંદ પમાડતો જોઇ ખલ કોપ પામે છે, કિરણોથી સર્વને આભૂષણ કરતા ચદ્રને જોઈને રાહુ તુરત ગળતો નથી શું ! ૧૫

વિચારવાન્ એવી તે મનમાં વિચાર કરતી, આંખે અશ્રુપૂર વહેતે પણ તેને નિવારણ કરતી, ગેતી રોતી તે ઉદાર માનિની પણ કોપ કરીને નરનાથને કહેવા લાગી. ૧૬

ઇદ્ર જેવો મારો મુખાંધવ બેઠો છતાં રે પામર ! મદ કરીને મને પાદ પ્રહાર ન કર; નાદથી કુંજરોને જેણે શાત કર્યા છે એવો પ્રચંડ સિંહ, વનનો અધિષ્ટાતા છે ત્યાં ક્રિયો નિંદિત વૃત્તિવાળો સિંધણને દબાવી શકનાર છે. ! ૧૭

હે દુષ્ટ બુધ્ધે ! તારૂં આ ચેષ્ટિત મારો ભાઇ જાણશે તો તારૂં આવી બનશે, અજાગ્યા અજાગ્યા ચોર સુખે ભમી શકે છે, પણ રાજાને જાણ થતાં તો યમાલયમાંજ જાય છે. ૧૮

જા જા રંડા! ઇંદ્ર જેવા તારા ભાઈને બધી ખબર કર અને મિથ્યા શોર કરવો બંદ કર, અરે કુમારપાલ તો શું! પણ ઇંદ્ર પોતે પણ મારા સામે યુદ્ધમાં ટકી શકવાને અસમર્થ છે, એમ તીક્ષ્ણ રોષથી તપ્ત થઇ રાજાએ તેને કહ્યુ. ૧૯

મહા વાયુથી લતા જેમ કંપી જાય તેમ પતિએ કરેલા આ અપમાનથી તે કંપવા લાગી, અને અશ્રુપૂર ચઢી આવે તેનું નિવારણ કરતી ઉત્તમ એવા પોતાના પીઅરનુ સ્મરણ કરવા લાગી. ૨૦

પોતાનુ જે કાંઇ સારૂ સારૂ હશે તે ત્વરાથી ભેગું કરી લેઈને તે પોતાના ભાઇને ઘેર ગઇ. પતિ વિરૂદ્ધ થાય ત્યારે સદ્વધૂને પીઅર એજ નિત્ય શરણ છે. ૨૧

પોતાની મેળેજ આવેલી ભગિનીને કુમારપાલ પણ ભક્તિભાવથી નમ્યો, અને આનના વિના એકલાજ આવી રીતે આવવાનું કારણ તેને એકાતમા તેણે પૂછ્યુ. ૨૨

સુદર દંત અને નેત્રવાળી તેણે, આખમાંથી અશ્રુપૂર વહેતે વહેતે છાની રાખવા નિવારણ કરતા કુમારપાલને, બધો વૃત્તાંત યથાર્થ રીતે કહી બતાવ્યો. ૨૩

યમ જેવા તેણે પોતાનું જે જે અપમાન કર્યું તે સાંભળતા રાજાનુ લોચન યુગલ રોષથી અરૂણ અને દારૂણ થઈ ગયું, રોમ માત્ર ઉભાં થઇ ગયા અને ભ્રુકુટીના રૂપથી એના વદન ઉપર આકાશમા છવાય તેવો શત્રુના પરાજયનો સૂચક ધ્વજ વિસ્તરી રહ્યો. ૨૪

ઉચિત વચનોથી, દીન વચન બોલતી બહેનની સાન્ત્વના કરી, રાજાએ સર્વે દેશાધિપતિઓને પોતપોતાનાં સૈન્ય સજ્જ કરવાની આજ્ઞા કરી. ૨૫

મંત્ર કરી, પોતાના બુદ્ધિનિધાન મંત્રીને દેશ રક્ષાર્થે પાછળ મૂકી, સર્વ સૈન્ય લેઈ, શત નૃપો સાથે, અચલ ચિત્તવાળો કુમારપાલ ધર્મથી તેનો પરાજય કરવાને ચાલ્યો. ૨૬

ભારથી શેષે ઓજો ખમાયો નહિ, પૃથ્વી કંપવા લાગી, સૈન્યથી ઉડતા ધુલિ પટલના ભયથી ઇંદ્રે પોતાનાં સર્વ ચક્ષુ મીચી દીધાં,

દિગ્ગજો ત્રાસ પામી ગયા, રજથી અખિલ નભો મંડલ વ્યાપ્ત થઇ ગયું, એમ આવી સેના લેઇને જતા તેણે ત્રૈલોક્યને વ્યાકુલ કરી નાખ્યું. ૨૭

તાપ ઉપજાવનારૂં એવું તે સૈન્ય સ્વદેશ ઉલંઘી વૈરી દેશમાં ક્રમે ક્રમે આવ્યું એટલે અતિમાની એવો શાકભરીશ, પ્રબલ બલ અને અશ્વસેના લેઇને, તુરત સામો આવ્યો ૨૮

નૃપતિની આજ્ઞાથી સુંદર અને સજલ એવો પ્રદેશ શોધી લેઇ, તૈયાર થઈ ગયેલાં એવાં તે ઉભયે સૈન્ય, ત્યાં રહ્યાં, અને તત્ક્ષણ ઉભા કરેલા ઉત્કટ તંબુ આદિથી અમર લોકને પણ જોવા જેવી શોભા થઈ રહી. ૨૯

નૃપનું બલ અસંખ્ય છે તથા અન્યથી એ જીતાય તેવો નથી એમ જોઈને, ભેદ કરાવવાની યુક્તિને જાણનાર આન રાજાએ, દાનાદિથી, કુમારપાલની પક્ષના રાજાઓને રાત્રીને વિષે ફોડી નાખ્યા. ૩૦

યુદ્ધ માટે ઉત્કંઠિત એવું પોતાનું સૈન્ય લેઈ અનન્ય શૌર્યવાળો કુમારપાલ વૈરીનો પરાજય કરવાની ઉત્કંઠાથી સંગ્રામ ભૂમિ-ઉપર એકાએક ચઢી આવ્યો. ૩૧

રણ માટે ઉત્કંઠિત ચિત્તવાળો તે પણ પોતાના સૈન્યને લેઇને ત્યાં આવ્યો, અને ઉભય સૈન્યને યુદ્ધ બુદ્ધિ પરાયણ જોઈ આખું જગત્ ક્ષોભ પામી ગયું. ૩૨

ઉત્તમ અશ્વોના હણહણાટથી, હાથીઓના હોકાગથી, રથના ચીત્કારથી. વાદિત્રોના નાદથી, પદાતિના કઠોર કોલાહલથી, ઉભય સૈન્યે તેજ ક્ષણે ત્રૈલોક્યને બધિર કરી નાખ્યું. ૩૩

યોધાઓનાં નાચતાં ધડથી પૃથ્વી રૂંધાઇ ગઈ, ગજે ચઢેલા ઘંટિના નાદથી બ્રહ્માંડ ભાંડ પણ ધ્રુજવા લાગ્યું, એમ એવું વિકટ યુદ્ધ ચાલ્યું કે તેને જોઇને નિશ્ચલ એવા પર્વતો પણ જાણે માથાં ધુણાવવા લાગ્યા. ૩૪

આવું વિકટ યુદ્ધ ચાલી રહ્યું છે ત્યાં વિસ્મિત ચક્ષુવાળા કુમારપાલે પોતાના રાજાઓને જુદા પડી જતા જોયા અને અહો! આ શું એમ ચિંતા થતાંજ વિચારવા લાગ્યો કે ચિંતાનું કાંઈ પ્રયોજન નથી, જે કર્મની રેખા હશે તે મિથ્યા થવાની નથી. ૩૫

કાંઈ પણ ઉદ્વેગ પામ્યા વિના રાજાએ આવો વિચાર કરી મહાવતને કહ્યું કે શત્રુનો બીજું કોણ પરાજય કરનાર છે, મારા હાથીને આગળ લે; તેણે પણ સ્વામીની આવી આજ્ઞા થતાંજ વૈરીના સૈનિકોને હણતે હણતે રાજાને શાકંભરીશના સામો આણી મૂક્યો. ૩૬

સૂર્ય જેમ પોતાના તીક્ષ્ણ કિરણોથી ક્ષણ માત્રમાં અંધકારના સમૂહનો નાશ કરે તેમ ત્યાં તેણે પ્રાણ હરે તેવાં તીક્ષ્ણ બાણોના વર્ષાદથી શત્રુના અનેક યોદ્ધાનો સંહાર કરી નાખ્યો, એટલે, વેગ કરીને હાથીને આમ તેમ દોડાવતા એવા તેના એકલાના આગળ પણ, વાયુ આગળ તૃણની પેઠે, શત્રુમાત્ર ઉભા પણ રહી શકયા નહિ. ૩૭

ઇર્ષ્યાલું એવા પેલા રાજાઓ યમ જેવા તેને જોઇ, શિયાળ જેમ સિંહથી નાસે તેમ સામા પણ આવી શકયા નહિ, પણ એટલામાંજ સુભટ મુકુટ રત્ન એવા છાહડ નામના આન મંત્રીએ સર્વ દિશાને ગજાવી મૂકતો સિંહનાદ કર્યો. ૩૮

તે નાદ કાનમાં પડતાંજ ભ્રાંત થઇ ગયેલા હાથી માત્ર નાસી ગયા તે જોઇ રાજાએ પોતાના હાથીને ઉભો રાખવા પોતાનું પટ ફાડીને તેના કાનમાં ઘાલી દીધું અને મંત્રીને બાણના વર્ષાદથી પોતેજ અતિ હર્ષથી હણ્યો. ૩૯

પોતાના સચિવને હણાવ્યો જાણી શાકંભરીશની બુદ્ધિ ક્ષીણ થઈ ગઈ, અને ક્રોધથી અગ્નિ જેવો લાલ થઈ અંધ બની જઇને નૃપને હણવા માટે પોતે આગળ આવ્યો એટલે તેમની બે જણની શસ્ત્રે શસ્ત્રથી લડાઇ થઇ, અને ઉભયે નૃપોનું એવું ભયંકર યુદ્ધ ચાલ્યું કે ચારે પાસા દિવસ રાત્રી જેવો થઇ રહ્યો. ૪૦

શ્રીમાન્ કુમારપાલે ક્રોધ કરી મૂકેલા બાણના સમૂહથી ચારે દિશામાંના રિપુગજોને મારી નાખ્યા એટલે કપાઇ પડેલા આડની

પેઠે શાકંભરીશ તુરતજ પૃથ્વી ઉપર પડયો અને તેને મરાયો જાણી તેના સૈનિકો તથા ચરો નાશી ગયા. ૪૧

કુમારપાલનો જય થયો એમ બોલતાં સૈનિકો પૂર્ણિમાના ચંદ્ર જેવા તેને વીટાઇ વળ્યા અને એક સૈન્યમાં જય જયના નાદ થઇ રહ્યા અને બીજા સૈન્યમાં શોક વ્યાપી ગયો. ૪૨

તે સમયે કુમારપાલે કૂદી પડીને મહા ક્રોધથી રિપુને પકડયો અને તેના કેશ પકડીને તેને કહ્યું કે રે પેલી બીચારીને શા માટે એટલી બધી દુભવી! અને અરે અહંકારાન્ધ! મેં જે મારિનું નિ-પારણ કર્યું છે તેની શા માટે ચિકિત્સા કરે છે! ૪૩

કોઇ પણ સહાય નહિ એવા તે કુમારપાલે આ પ્રમાણે કહ્યા પછી ધૂળ ભેગું માથું રાખી, પોતાના ભુજબલનો દર્પ માત્ર ભંગ થવાથી અતિ ખિન્ન થઇ રહ્યો અને સિંહે પકડેલા હાથીની પેઠે કે ગરૂડે પકડેલા મહા સર્પની પેઠે ચારે દિશાએ જોતાં તેણે પોતાની આશા માત્ર મૂકી દીધી. ૪૪

તે સમયે ત્વરાથી ત્યાં પવિત્ર શીલયુક્ત, ત્રસ્ત એવી મૃગલીના જેવાં નયનવાળી, નયયુક્ત, એવી તેની પત્ની, સર્વને આશ્ચર્ય પમાડતી, આવી ઉભી અને લાજ પામતી પામતી પણ અતિ ભવ્ય જણાતી તે સતીએ અચલ પસારી યાચના કરી કે ભાઇ! સર્વદા ઇષ્ટાર્થને આપનાર એવી આટલી મારા પતિની ભિક્ષા તમે આપો. ૪૫

ઉચિત વચનને જાણનાર કુમારપાલે, માન માત્ર જેનું ગળી ગયું છે અને જેણે પોતાની આજ્ઞા ધારણ કરી છે એવા તેને, બહેનના કહેવા ઉપરથી, છોડી મૂક્યો;— મહાત્માઓ કદાપિ પણ પ્રાર્થના ભંગ કરતા નથી કે તેમનું જે અંગીકૃત તે કદાપિ વિકૃતિ પામતું નથી. ૪૬

રિપુરૂપી જલ જંતુના સમૂહને જીતીને રત્ન સમૂહ પોતે સ્વાધીન કર્યો, યુદ્ધાર્ણવનું મથન કરીને પોતાના ભુજથી વિજય શ્રી ગ્રહણ કરી, એક વિપ્ર માત્ર ...

તેણે આપ્યું, એમ ધન જેવી શોભાવાળો, લક્ષ્મીપ્રિય, વિજયવાન્ પુરૂષોત્તમ વિષ્ણુ જેવો શોભવા લાગ્યો. ૪૭

પછી રાજા, યુદ્ધાંગણની શોધ કરાવી, ને સૈન્યની નિવાસ ભૂમિ ઉપર, હર્ષથી ઉત્સવ કરવાથી સુંદર એવા સમસ્ત સૈન્ય સાથે ગયો; અને શાકંભરીશ પણ પત્નીને પ્રેમ વચનથી ને આદરથી પ્રસન્ન કરતો, કુમારપાલની આજ્ઞાથી, પોતાના નગરમાં ગયો. ૪૮

અખિલ પૃથ્વી મંડલને જૈન ધર્માનુરક્ત કરતા, અકૃત્યનો ત્યાગ કરી વૈરિવર્ગને પોતાના ભુજબલથી વશ કરતા, પાપ રહિત રહી ભૂમિ પતિ માત્રને પોતાની આજ્ઞા માન્ય કરાવતા, હિમાચલ જેવી શુદ્ધ બુદ્ધિવાળા કુમારપાલે કાંઇ પણ વિલંબ વિના દિગ્વિજય સિદ્ધ કર્યો. ૪૯

કેટલાકે અશ્વ સમૂહ, કેટલાકે હાથી, કેટલાકે સુવર્ણનો રાશિ, કેટલાકે રત્ન સંગ્રહ, કેટલાકે રથ, કેટલાકે શસ્ત્ર, એમ દિગ્વિજય કરતા એને ભક્તિ ભાવથી ભેટ કરી, તેમ કૃતિ એવા એણે પણ તેના બદલામાં તેમને અતુલ માન આપ્યું. ૫૦

સિંહ જેમ હસ્તિ સમૂહને, સૂર્ય જેમ અંધકારને, કે સમીર જેમ તૃણ રાશિને, જેટલામાં પરાસ્ત કરે છે તેટલામાંજ શત્રુનો પરાજય કરી, સ્વર્ગતુલ્ય સમૃદ્ધિવાળા પોતાના નગરમાં તે ક્રમે ક્રમે આવ્યો. ૫૧

જેમ આકાશમાં ચંદ્રમા તારાની પંક્તિમાં પ્રવેશ કરે છે, હરિ અમરપુરીમાં પેસે છે, કે શંકર કૈલાસમાં પેસે છે, તેમ વૈરીથી પરાભવ ન પામેલો એ રાજા બહુ શોભાવાળા પોતાના નગરમાં મહોત્સવપૂર્વક પેઠો. ૫૨

પોતાની આજ્ઞામાં વર્તતાં વિપુલ એવાં અષ્ટાદશ મંડલોમાં મારિનો આદરપૂર્વક નિષેધ કરી, કિર્તીસ્તંભ જેવા ચૌદસો વિહાર રચાવી, જૈન શ્રી કુમારનૃપતિએ પોતાના પાપનો ક્ષય સાધ્યો. ૫૩

ષષ્ઠે તૃતીયો સર્ગઃ

અર્જુનથી અધિક એવો કુમારપાલ સહસ્રાર્જુનની પેઠે બલ થકી પૃથ્વીને પાલતો હતો ત્યાં તેના પ્રતાપના ભયથી કોઈએ ત્રસ * જીવની હિંસા કરતું નહિં. ૧

એવામાં સુંસર નામનો સૌરાષ્ટ્રદેશાધિપતિ જે ઉચ્છૃંખલ સ્વભાવનો અને દુષ્ટ હતો તેણે સુરપત્તનમાં પોતાનાં પાળેલાં બકરાં-માંથી એકને જીભના સ્વાદને વશ થઈને માર્યું. ૨

ગુપ્ત રીતે પણ કરેલું પાપ પ્રકટ થયા વિના રહેતું નથી એટલું અતિમોહમૂઢ એવા તેણે જાણ્યું નહિ, અથવા વિધિ વિરૂદ્ધ હોય ત્યારે પુરૂષોની શુદ્ધ બુદ્ધિ પણ નષ્ટ થઈ જાય છે. ૩

શિરોવતંસ એવા શ્રી કુમારપાલે તુરતજ તેની તે વાત જાણી, અતિ ગુપ્ત રીતે પણ પીધેલું હાલાહલ તેનાં ચિન્હોથી પોતાની મેળે પ્રકટ થયા વિના રહેતું નથી. ૪

મહોટા સંગ્રામથી પણ તેનો નિગ્રહ કરવાને રાજાએ ઉદયનને સૈન્ય લેઈ મોકલ્યો, અને તે પણ વેગથી પ્રયાણ કરી ક્રમે કરીને શત્રુના દેશમાં આવ્યો. ૫

અતિ વિકટ યુદ્ધના પ્રસંગમાં સુભટો જીવિતને વેગળુંજ મૂકે છે, કેમકે તે મરણ કે જય બેમાંથી એકજ ઇચ્છે છે, પણ અરિથી પોતાનો ભંગ થાય એવું કદાપિ ઇચ્છતા નથી. ૬

માટે મંત્રીએ મનમાં વિચાર કર્યો કે અત્ર અને પરત્ર સુખના હેતુરૂપ વિમલાચલ યાત્રા ત્વરાથી કરી આવીને રિપુ સાથે ઉગ્ર સંગ્રામ કરીએ. ૭

અનેક વીર યુક્ત એવી પોતાની સેનાને, ધીર બુદ્ધિવાળા તેણે વીરપુરમાં મૂકી, અને થોડાક પરિજન સાથે રાખીને નરોત્તમ શ્રી ઋષભદેવને નમન કરવા ગયો. ૮

---

* જૈન ધર્મમાં જીવના મુખ્ય બે વિભાગ છે. સ્થાવર અને ત્રસ, તે પ્રત્યેકના પાછા અનેક વિભાગ છે, પણ આટલા ઉપરથી ત્રસનો અર્થ લક્ષમાં આવશે.

સિદ્ધાચલે પહોંચી વિશુદ્ધ ચિત્તવાળો તે ભક્તિ થકી પ્રથમ જિનેશ્વરને નમ્યો, અને તેણે હર્ષાશ્રુ પરંપરાને મિષે, ભવરૂપી ભ્રમને જલાંજલિ આપી. ૯

વેગ થકી ધૌત અને પવિત્ર વસ્ત્ર પહેરી પરવિત્ત જેણે કદાપિ લીધું નથી એવો તે, રોમાંચ સમેત, શ્રી જિનની હર્ષ થકી અષ્ટ પ્રકાર પૂજા કરવા લાગ્યો. ૧૦

સુકૃતમાંજ સમગ્ર ચિત્તવાળા તેણે પોતાના જન્મને જિન પૂજનથી કૃતાર્થ કર્યો, અને નિવાત સ્થાનમાં રહેલા દીપની પેઠે સમાધિ કરી સ્થિરતા ધારણ કરી. ૧૧

એવામાં એક ઉંદર ત્વરાથી ત્યાં આવ્યો ને આમ તેમ દોડા દોડ કરવા લાગ્યો, અને તેણે નક્ષત્રમાલામાંના દીવાની વાટ ચોરની પેઠે તાણી લીધી. ૧૨

તે જોઇ સમાધિનો ભંગ થવાથી તે બહુ ખિન્ન થયો અને તેણે ઉંદરના મોઢામાંથી વાટને પડાવી, પણ સુદર્શનવાળા અને દીર્ઘ દર્શી એવા તેણે નિશ્ચલ જ્ઞાનથી મનમાં આવો વિચાર કર્યો. ૧૩.

બળતી એવી આ વાટ ઉંદર ઉચે લેઈ જતો હતો એ ઉપરથી એમ લાગે છે કે કાષ્ઠમય જે આ ચૈત્ય તે થોડા સમયમાં બળી જશે, એનું આયુષ્ વધારે નથી. ૧૪

માટે રાજ કાર્ય કર્યા પછી મારે જેમ બને તેમ ત્વરાથી આ ચૈત્યને પથરાનું કરાવવું, એવા નિશ્ચયને પાર પાડવા તેણે શીલ પ્રમુખ ઉગ્ર અભિગ્રહ ગ્રહણ કર્યા. ૧૫

જિનેન્દ્રની સ્તુતિ કરી, ત્યાં શાસનની ઉન્નતિ કરી, ધન્ય અને અતંદ્ર એવો તે ચૈત્યનો ઉદ્ધાર કરાવવાની વાતને મનમાં સ્મરતો સ્મરતો પોતાના તંબુમાં આવ્યો. ૧૬

કાલ વિચક્ષણ અને અમેય પ્રતાપવાળો સચિવેશ્વર તેજ ક્ષણે સમગ્ર સૈન્ય લેઈને શત્રુને હણવા માટે તેના દેશમાં ગયો. ૧૭

તુચ્છ ચકલું કોપ કરીને મરવાને માટેજ બાજના સામું આવે તેમ આ વાણિઓ મરવા માટેજ મારી સાથે યુદ્ધ કરવા આવ્યો છે

એમ સ્પર્ધા કરવાના રસમાં મંત્રીની અત્યંત અવજ્ઞા કરતો મત્સરી 'સુંસર' સૈન્ય લેઇને રંગે ચઢી બહાર આવ્યો. ૧૮-૧૯

પરસ્પર ઉપર રોષે ભરાયલાં એ બે સૈન્યનું પૂર્વે કદાપિ ન થયેલું તેવું યુદ્ધ એવું અતિદારૂણ થયુ, કે તરવારોમાં પડેલાં પ્રતિબિંબને મિષે જાણે સૂર્ય પોતેપણ તે જોવા આવ્યો. ૨૦

મંત્રી અને ભૂપતિ યુદ્ધમાં પરસ્પરના અંગનો ભંગ કરવા લાગ્યા, અને જાણે ભાથાજ હોય તેમ એક એકના દેહમાં અનેક બાણ ભરવા લાગ્યા. ૨૧

બાણ સમૂહથી ભિન્ન થયેલા રાજાએ રણાંગણ ઉપરજ પ્રાણ મૂકયો, એટલે મંત્રીએ કાતર જેવાં તીક્ષ્ણ શસ્ત્રોથી તેનું માથું કાપી લીધું, અને તેને સાથે લેઇ, વિજય કરી, રણભૂમિનું શોધન કરી, તાપ રહિત મંત્રી સેનાની છાવણીમાં આવ્યો, પરંતુ તેનું અંગ પણ બાણથી સારી પેઠે વિંધાઈ ગયુ હતું. ૨૨

વિદ્યુલ્લતા જેવું લોલ છતાં પણ મારૂં આયુષ્ સો વર્ષનું થયું એજ ઘણું છે, શ્રી જૈન ધર્મોકત જે જે શિષ્ટ કૃત્ય છે તે મેં કર્યાં છે, મારા ધણીના કાર્યમાં મારા પ્રાણ જાયછે તેનો મને લેશ પણ શોક નથી, પણ ગુરૂવિના આ રણમાં મારૂં મરણ થાય છે એ આશ્ચર્યજ મને ખેદ પેદા કરે છે. ૨૩-૨૪

આવો વિચાર કરતો મંત્રી ક્ષણમાંજ મૂર્છા પામી ગયો, ત્યારે પ્રધાનોએ દુઃખનું કારણ પૂછતાં તેણે જે હતું તે સ્પષ્ટ શબ્દથી કહ્યું. ૨૫

સાધુ નહિ એવા એક ગમે તેને સાધુનો વેષ કરાવીને તે બધા તે સમયે લાવ્યા એટલે મંત્રી તેને જોઇને આનંદ પામ્યો અને સાધુ સમજી વંદના કરવા લાગ્યો જે ઉપરથી પેલા સાધુએ પણ તેને ધર્મલાભ કહ્યો. ૨૬

મરણ સમયે કરવા યોગ્ય આરાધનાદિ ઉત્તમ કાર્યો મંત્રીએ તેના સમક્ષ કર્યા, અને ભવવાસને હરનાર, અનંત દુરિતનો છેદ કરનાર, જિનમંત્ર હૃદયમાં સ્મરવા માંડયો. ૨૭

હે મંત્રીન્! આટલું છતાં પણ તમારા મનને પરિતાપ કરાવનારૂં એવું શું છે? એમ મુનીશ્વરે પૂછ્યા ઉપરથી મંત્રીએ મંદ સ્વરે કહ્યું કે હે યતિપતિ! નિઃસંગ! તમારા સંગમથી મારી ઇચ્છાનુસાર સર્વે થયું, પણ ચૈત્યોદ્ધાર કરવાનો મારો મનોરથ પૂર્ણ થતા પૂર્વેજ મારૂં મરણ થાય છે. ૨૮

એ ચિંતાને આપ મૂકી દ્યો, તમારો પુત્ર અતિ ઉદ્ભટ વાગ્ભટ મારા કહેવાથી ચૈત્યોદ્ધાર અવશ્ય કરાવશે, હે સચિવ! તમારા જે જે નિયમ હોય તે બધા મારી પાસે રહેવાદ્યો અને તમે હવે તમો હેતુ એવા વિચાર માત્ર તજી ધર્મમાં જીવ પરોવો. ૨૯

શ્રવણને આનંદ આપનારૂં એવું શ્રમણોક્ત વચન સાંભળીને, સમાધિ વિધિથી પાપ માત્રને દૂર કરેલાં એવા મંત્રીએ તે ચિંતા મનમાંથી તુરત દૂર કરી અને પંચ નમસ્કારનું ધ્યાન કરતાં, સ્વકૃત દુઃષ્કૃતોની ગર્હા કરતાં, તે શુભ કર્મ સ્થાન એવા શરીરને તજીને સ્વર્ગમાં ગયો. ૩૦

બીજા જે નૃપો હતા તે ઉત્તમ કાષ્ટ થકી ઉદયનના શરીરને સંસ્કાર કરી, ત્વરાથી, સૈન્ય લેઇને પોતાના નગર ભણી ચાલ્યા; ત્યાં કુમારપાલ વૃત્તાંત જાણી શ્યામ વદન થઈ જઈ મહા શોક કરવા લાગ્યો, પણ જયથી ઉત્ફુલ્લવદન થઈ અષ્ટમી કૃષ્ણ રાત્રીને આ રીતે પાર કરી શક્યો. ૩૧

ચાંડાલના હાથમા રખાવેલા શત્રુ મસ્તકને કુમારપાલે પત્તનમાં જનોને દેખાડ્યું અને જીવ રક્ષાને નિમિત્તે આવું થયું છે એમ સર્વેના આગલ પટહ વગડાવીને રોષથી તેણે પ્રસિદ્ધ કરાવ્યું. ૩૨

આ પ્રમાણે પૃથ્વી ઉપર હું જીવ માત્રની રક્ષા કરૂં છું ત્યાં કોઇ પણ કરૂણાહીન દુષ્ટ, કોઈ પણ જીવને હણશે તો તે મારો રિપુ ગણાઈ મારાથી થતા દંડની પીડા પામી રૈરવ નરકમાં પુનઃ અતુલ પીડા પામશે. ૩૩

આ પ્રકારે સતજય વાહિનીથી* સુખ ઉપજાવતો, ઉત્કટ પ્રતા-

---

* વાહિની, સેના, તેમ નદી

પનું સ્થાન, શ્રીમદ્દેવાદિથી+ જેના ચરણ સેવાય છે એવો, નંદન તત્પર, ઉત્તમ કામ સુખનો ઉપભોગ કરતો, એવો કુમારપાલ ઈંદ્રની પેઠે ન્યાયથી ઉત્તમ રાજ્ય કરતો હવો. ૩૪

શ્રી રત્નસિંહ ગુરૂ ચરણ કમલના ભ્રમર ચારિત્ર સુંદર કવિએ રચેલા કુમારપાલ ચરિત્રનો મારિવારિ નામે ષષ્ઠ સર્ગ સમાપ્ત થયો. ૩૫

## ષષ્ઠઃ સર્ગઃ

ઉદ્ભટ વિક્રમવાળા વાગ્ભટને નરેશ્વર શ્રી કુમારપાલે મહા મહોત્સવ પૂર્વક પ્રમોદથી મંત્રિપદ આપ્યું. ૧

પ્રચંડ સૂર્ય જેવા પ્રતાપવાળા અંબડને દંડપતિ બનાવ્યો, એમ કાંઇપણ પ્રતિરોધ વિનાનો નૃપપ્રસાદ પામીને પુષ્પદંતની પેઠે તે બન્ને ભાઇ આનંદ પામવા લાગ્યા. ૨

સમુદ્રના ફીણ જેવા ઉજ્જ્વલ ગુણોથી તેમણે પોતાના પિતાની કીર્તી કરતાં પણ અધિક કીર્તી પ્રાપ્ત કરી અને સુકૃતોના સમૂહથી તથા દાનાદિથી તેમણે પૃથ્વીને ભરી દીધી. ૩

અશ્વિનીકુમાર જેવા દિવ્ય તેજવાળા તે બે કુમાર પરસ્પર ઉપર ઘણી પ્રીતિ રાખતા હતા; તેમણે પૃથ્વીના ઇન્દ્ર પોતાના રાજાને પોતાની કલાના સમૂહથી પરમ પ્રમોદ પમાડયો. ૪

અમાત્ય મરી ગયો તો પણ પેલો જે વંઠેલો રાજપુરૂષ સાધુ બન્યો હતો તેણે તો સંયમ તજ્યોજ નહિ, પ્રયાસ વિના પણ પ્રાપ્ત થયેલા સર્વ કામ પૂર્ણ કરનાર ચિંતામણિને કોણ તજે ? ૫

---

+ શ્રીમાન્ એજ દેવ એમ અર્થ કુમારપાલ પક્ષે અને શ્રીમાન્ દેવતાઓ એમ અર્થ ઇંદ્ર પક્ષે એમજ નંદન તત્પર એટલે આનંદ આપવા તૈયાર એ અર્થ કુમારપાલ પક્ષે અને નંદન વનમાં જવા તૈયાર એ અર્થ ઈંદ્ર પક્ષે.

સંયમની વાસનાથી અંતર્વૃત્તિને કોઇ સુગંધ લાગવાથી મઠ એવા પણ તેણે શુદ્ધ મત ધારણ કર્યું, શુદ્ધ ચંદન વૃક્ષના સંગથી અન્યવૃક્ષો પણ ચંદન કેમ ન થાય ?. ૬

એવા અભિગ્રહથી અંગ શુષ્ક થઇ ગએલું એવો પ્રશંસા કરવા યોગ્ય હૃદયવાળો તે વંઠ મુનિ, અશોપ મુમુક્ષુ વેષ ધારણ કરેલો, સચિવને ઘેર ગયો. ૭

પોતાના પિતાની સમાધિના હેતુ રૂપ તે મુનિને ઉભયે મંત્રીએ, આદરથી વંદના કરી, કિયો વિદ્વાન્, પોતાના પિતાએ જેને માન્યો હોય તેવાને માન્ય ગણતો નથી ?. ૮

સંયમના સંગમથી વંઠ પણ નૃપપૂજ્ય થયો, સિદ્ધ રસથી વિદ્ધ એવું તામ્ર તુરતજ સુવર્ણ નથી થતુ ?. ૯

ચૈત્ય કૃત્યાદિ સમસ્ત વૃત્તાન્ત તેણે વાગ્ભટ મંત્રીને કહ્યો એટલે તેણે પણ અન્ય ચિંતા દૂર કરી તેજ કાર્ય સિદ્ધ કરવાને અર્થે નિયમ ગ્રહણ કર્યો. ૧૦

તેજ ક્ષણે ચૈત્યોદ્ધાર માટે મંત્રીએ એકસો સૂત્રધારોને મોકલ્યા, વિનશ્વર એવા આ જગતમાં જ્ઞાનીઓ સત્કાર્યમાં વિલંબ કરતા નથી. ૧૧

જરા પણ અટક્યા વિના ચૈત્ય કર્મ ચલાવતા તે શિલ્પીઓ કદાપિ પણ શ્રમ પામતા ન હતા, મંત્રી પણ તેમને અમિત દ્રવ્ય આપી તેમની પાસેથી અપાર કામ પ્રાપ્ત કરતો હતો. ૧૨

તે પર્વત ઉપર બે વર્ષમાં પ્રાસાદ પૂર્ણ થયો અને મન્ત્રી મહા હર્ષ પામ્યો, નિત્ય પુણ્યોપાર્જન ઉપર આસક્ત ચિત્તવાળા ઉત્તમ જનો જે આરંભે છે તે કયા સિદ્ધિ પામતુ નથી?. ૧૩

આખા સિદ્ધાચલ ઉપર તમારો પ્રાસાદ અતિ સુંદર થયો છે તે જોઇ હર્ષ પામેલા અમે તમને કહેવા આવ્યા છીએ કે તમારાં ધન્ય ભાગ્ય છે, તમને બહુ માન ઘટે છે, એમ પોતાનાં માણસોમાં અનેક

વ્યાપારીઓ સાથે બેઠેલા મંત્રીને ચાર ચતુર પુરૂષોએ આવીને કહ્યું. ૧૪

તે સાંભળી રોમાંચ પૂર્ણ થઇ, સર્વની વચ્ચે, વિસ્મય પામી, માન પૂર્વક તેમને સચિવ શિરોમણિ એવા તેણે સુવર્ણની પાંચ જીહ્વાઓ આપી; જે પોતાને સમયે મેઘની પેઠે આપતાં કાંઇ લેખું રાખતો નથી, ને સર્વાશા ‡ પૂર્ણ કરે છે, તેનેજ સુમનો * દાનશૂર કહે છે. ૧૫

તે સમયે મંત્રીના ઘર આગળ મહા મહોત્સવ ચાલ્યો, એવામાં એક પર દૂતે આવીને અતિ મંદ રીતે કહ્યુ કે ચૈત્યતો પવનથી પડી ગયું. ૧૬

અકાલ વિદ્યુત્પાત જેવું આ વચન સાંભળીને પણ તે સમયે તે જરાએ ક્ષોભ પામ્યો નહિ. કલ્પાંત વાતથી પણ શું મેરૂ શૃંગ કદાપિ કંપે છે? ૧૭

તીક્ષ્ણ મતિવાળા તેણે દૂતને પ્રથમ ખબર લાવનારને આપી હતી તે કરતા બમણી સુવર્ણ જિવ્હા આપી, મહાત્માઓ દુઃખમાં કે સુખમાં પણ પોતાની શુદ્ધ પ્રકૃતિને તજતા નથી. ૧૮

ધર્મના ધામ એવા જે અત્ર પોતાના કર્તવ્યને જાણે છે તેમને પુરૂષોમાં હુ ધન્ય માનુ છુ, પણ જેમને તે સમજવામાં બહુ વાર લાગે છે તેમને તો જગદ્ધજ જાણુ છું. ૧૯

હું સર્વ શક્તિમાન્ બેઠો છું અને ચૈત્ય પડયું તે બહુ સારૂં થયું, જો મારા મુવા પછી પડયુ હોત તો આ પૃથ્વી ઉપર કોણ તેને કરાવનાર હતુ ?. ૨૦

માટે જાતે ત્યાં જઈ, ને મહા ઉદ્યમ કરાવી, હું એ ચૈત્યને ફરી કરાવીશ, વિઘ્નથી પરાહત થતાં જે સ્વકૃત્યનો ત્યાગ કરે તેને હીન કહેવાય છે. ૨૧

---

‡ સર્વાશા એટલે સર્વની આશા તે અર્થ મંત્રિ પક્ષે; અને સર્વાશા એટલે બધી દિશા તે અર્થ મેઘ પક્ષે.

* દેવતાઓ.

નીચ જનો વિઘ્નના ભયથી આરંભજ કરતા નથી, મધ્યમ પુરૂષો આરંભ કર્યા પછી વિઘ્નથી પરાહત થતાં વિરામ પામે છે, વિઘ્નથી પુનઃ પુનઃ પરાહત થયા છતાં પણ ઉત્તમ જનો આરબ્ધને તજતા નથી. ૨૨

મનમાં આ પ્રમાણે ઘણો વખત વિચાર કરી, રાજાની આજ્ઞા લેઈ, પોતાની સેના સમેત મંત્રી ચાલ્યો; કેટલેક દિવસે શત્રુંજય આવી પહોચી તેની તળેટીમા તેણે પોતાનું એક ગામ વાસ્યું ૨૩

મુખ્ય મુખ્ય શિલ્પીઓને ભેગા કરી તેણે ચૈત્યના પડવાનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું કે ભ્રમતીમાં જે વાયુ પેસે છે તે બહાર નિકળી શકતો નથી માટે શ્રી પુંડરીકાચળ શિરોમણિ જેવુ એ ચૈત્ય ક્ષણવારમાં પડી ગયું, પણ ભ્રમતીહીન ચૈત્ય કરાવવાથી તો કરાવનારને પુત્ર થાય નહિ એવા અપશકુન છે. ૨૪-૨૫

તેમનું આવું કહેવું સાંભળી સચિવે મનમાં વિચાર કર્યો કે આતો ઉભય વિરૂદ્ધ વાત આવી પડી, એમાંથી કિયું કરવું ?. ૨૬

આ વિશ્વમાં કેટલેક કાલે વંશ તો એની મેળેજ નાશ પામે છે, માટે નાશવાન્ એવા જગતમાં અત્ર કે પરત્ર ધર્મ વિના કશું શાશ્વત નથી. ૨૭

માટે વંશની ચિંતા વેગળી મૂકીને નિરૂપદ્રવ તીર્થજ મારે કરવુ, મારૂં નામ શ્રી ભરતાદિની પંક્તિમાં રહેશે અને મારો ધર્મવંશ એજ સનાતન વંશ થશે. ૨૮

એમ વિચારીને તેણે ભીમતી અને ભીતની વચમાં જે અંતર હતું તે પથરા વડે પુરાવ્યું, અને સમસ્ત ભૂતલને પોતાના યશથી તથા આત્માને પુણ્ય પુંજથી ભર્યો. ૨૯

અતિ રમણીય રૂપવાળું તે ચૈત્ય ત્રણ વર્ષમાં કુંભ પર્યંત તૈયાર થયું, સત્વ વૃધ્ધો જે કાર્ય આરંભે છે તે કયાં સિદ્ધ થતું નથી. ૩૦

પાપ મુક્ત એવા ચતુર્વિધ * સંઘને તેણે પત્તનથી તેડાવ્યો, તથા પાપપંકને વિદારનાર ગુરૂની સાથે શ્રી કુમારપાલને પણ તેણે તેડાવ્યો. ૩૧

કુમારપાલ ત્વરાથી આવી વાગ્ભટપુરમાં રહ્યો અને પેલા મહા ચૈત્યને જોઇ મનમાં બહુ પ્રસન્ન થયો, અને કનકના કલશથી શોભતું તથા તમો ભારને નિવારણ કરતું એક ચૈત્ય તેણે પણ પોતાના પિતાના શ્રેયોર્થે કરાવ્યું. ૩૨

તે જિન ગૃહમાં નરેશ્વરે ઉત્તમ સ્વર્ગ સુખ આપનારા અમિત પ્રભાવાળા શ્રી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી, અન્યાર્થે પરાયણ સતે પણ સત્પુરૂષો સદા સ્વાર્થને સાધે છે, અથવા ઉત્તમ તીર્થે પ્રાપ્ત કરી ક્યો કૃતાર્થ મનુષ્ય પોતાના ધનને કૃતાર્થ ન કરે ?. ૩૩

શરદિન્દુ જેવા સુંદર પોતે કરાવેલા નવીન પ્રાસાદમાં અનંત મતિવાળા મંત્રીએ મમ્માણીની આણમાંના પાષાણથી કરાવેલું કર્પૂરપૂરોજ્જવલ શ્રી **વામેય** બિંબ સ્થાપ્યું જે તેના યશના રાશિના પિંડ જેવી ઉત્તમોત્તમ શોભાને પામ્યું. ૩૫

વિક્રમાર્કથી ૧૨૧૧ વર્ષ ગયા પછી, પોતાના પિતાના વચનને અનુસરવા, પાપ રહિત એવા વાગ્ભટે સિદ્ધ શૈલ ઉપર જિન ચૈત્યનો ઉદ્ધાર કરાવ્યો, અને એમ ત્રણ ક્રોટી સુવર્ણનો ત્યાં વ્યય કરી અચલ સિદ્ધિ સુખને મંત્રીએ પ્રાપ્ત કર્યું. ૩૬

જન્મ વ્યાધ જરા આદિ નીરથી પરિપૂર્ણ સંસાર સમુદ્રમાંથી તારનાર **સિદ્ધાદ્રિ** એજ ઉત્તમ નાવ છે, તેમાં આવેલું જે આ જિન ચૈત્ય તે એ નાવના કૂવા થંભ જેવું શોભે છે, અને તેમાં શ્રી વૃષભ શિવપદે પહોચાડવા માટે નાવિક થઇને બેઠા છે. ૩૭

મંત્રીશ્વરે શરચ્ચંદ્ર જેવી ધ્વજા, પ્રથમે પ્રતિષ્ઠા મહોત્સવ કરીને, ચૈત્ય ઉપર ચઢાવી, અને અર્થી જનોના લલાટમાં લખેલા વિધાતાના અક્ષરને, દારિદ્રય મુદ્રાને ભેદનાર દાન ગુણ વડે, ભૂશી નાખ્યા. ૩૮

---

* શ્રાવક શ્રાવિકા, શ્રમણ, શ્રમણી એ ચાર.

જુદા જુદા દેશ માત્રથી આવેલા, દેવ જેવા, જનોઘને લેઇને વિમલગિરી મેરૂ પર્વતથી પણ અધિક શોભવા લાગ્યો, અને સચિવેશ્વરે પોતે ત્યાં સર્વને અભિમત દાન આપીને કલ્પ વૃક્ષોનો પણ પરાજય કરી દીધો. ૩૯

સ્વરથી કોકિલને પણ જીતી, જાય તેવી કંઘુકંઠીઓએ મંગલ ધવલ ગાયાં, અને અતિ ઉત્તમ શોભાવાળું સુશ્લિષ્ટ એવું નૃત્ય વારવધૂઓએ કર્યું. ૪૦

કેટલાકે કર્પૂરાગુરૂથી મિશ્રિત એવો હૃદયાનંદદાયી ચંદનથી, કેટલાકે જેના ગંધથી ભ્રમરો પણ અંધ થઈ ગયેલા એવાં પુષ્પોથી, જિનની પૂજા કરી, કેટલાકે હૃદય હારી નૈવેદ્યથી પોતાના પાપનો નાશ કર્યો, અને કેટલાકે આગળ મૂકેલાં ફૂલથી પોતાનો જન્મ સફલ કર્યો. ૪૧

અન્ય કાર્યે માત્ર પરવારી, રાજા પોતાનું સૈન્ય લેઇને નેમિનાથને નમવા સારૂ, મંત્રી સાથે રૈવતાચલ ગયો, અને ત્યાંનો માર્ગ અતિ દુર્ગમ દેખી તેણે ઉપર જવા માટે અતિ સુંદર પગથીઆં કરાવરાવ્યાં, ઉત્તમ પુરૂષો પરાર્થે શું કરતા નથી?. ૪૨

વિત્ત માત્ર આ જગતમાં ક્ષણિક છે એમ જાણી કૃતકૃત્ય એવા મંત્રીએ એક કોટિ ધન સિદ્ધાચલ ઉપર અર્ચ્યું, અથવા જેના દેશમાં, ભુવનને આનંદ આપનારાં સત્કૃત્ય થાય છે એવા ભૂપાલ ચૂડામણિ કુમારપાલનેજ સર્વ સ્તુતિ ઘટે છે, તેનેજ ધન્ય છે. ૪૩

એમ કહેતા, મનમાં મોદ પામતા, જનમાત્ર જિનેશ્વરને નમી, પોતાના જન્મને કૃતાર્થ માનતા, પ્રસન્ન થઈ પોત પોતાને ઘેર ગયા. ૪૪

## ઇતિ સપ્તમે પ્રથમો વર્ગઃ

રૈવતાચલ ઉપર યાત્રા કરીને કુમારપાલ પત્તનમાં આવ્યો, સત્પુરૂષો કાર્ય કરે ત્યાં ઇચ્છા હોય તેટલો વિલંબ કરી શકે છે. ૧

હવે વાગ્ભટે કરાવેલા શત્રુંજયોદ્ધારને જોઇ, દક્ષ એવો અંબડ શકુન્ત વિહારનો ઉદ્ધાર કરાવવા માટે ભરૂચ ગયો. ૨

બુધોત્તમ એવા કિલાસ્ય માતાનું વચન, ઘણો કાલ ગયાં છતાં, તે ભુલી ગયો નહતો, વિશ્વમાત્રને વૃષ્ટિ આપવાને કરેલો અંગીકાર શું ગમે તેટલો કાલ જાય તેથી મેઘ ભુલી જાય છે ?. ૩

શુભ મૂહુર્તે સચિવે પાયો નાંખવા માટે ઉંડો ખાડો ખોદાવ્યો, પુણ્ય કાર્યનો વિલંબ કરવાથી તેમાં અનેક વિઘ્ન આવી તેની સિદ્ધી થતી નથી. ૪

રાતમાં સૈંધવ નામે પ્રચંડ દેવીએ તે પૂરી નાખ્યો, અને પ્રાતઃ કાલમાં તે જોઇ મંત્રીને મહોટું વિસ્મય થયું. ૫

પ્રબલ સત્વવાળા મંત્રીએ પાછો ખોદવા માટે ઘણાક માણસોને આજ્ઞા કરી પણ દેવીના ઉત્પાતને લીધે તે બધાએ તે કામ કરતે કરતેજ તુરત મરણ પામ્યા. ૬

અરે ! દેવતાના નિવાસ સ્થાનમાં કોઇક દેવતાજ વિઘ્ન કરે છે એમ ધારીને તેને તુષ્ટ કરવા માટે મંત્રીએ ઘણુક શાંતિ કર્મ કરાવ્યું. ૭

તે કામ ચાલતું હતું તેવામાં અદૃશ્ય રહીને કોઇ દેવીએ કઠોર વચન કહ્યું કે અત્ર નારી અને નરના યુગલને મારીશ ત્યારે કાર્ય થવા પામશે. ૮

અવાચ્ય એવી આ વાણી સાંભળી સચિવેશ્વરે મનમાં વિચાર કર્યો કે મિથ્યા દૃષ્ટિવાળાના ઉપાસ્ય એવા આવા દેવને ધિક્કાર છે. ૯

આવા નિર્દયોનાં વચનથી જિન ધર્મજ્ઞ એવો હું જીવની આહુતિ નહિ આપુ તો અપમાન માનીને એ આ ભૂમિ ઉપર મને ચૈત્ય કરવા દેશે નહિ. ૧૦

માટે મારી જાતનેજ હણીને દેવતા માત્રને તૃપ્ત કરૂં અને આ ધર્મ કાર્યને ત્વરાથી પાર ઉતારૂં, આ પ્રાણ તો જવાનાજ છે ને કાલે કરીને જશેજ. માટે અતિ ચંચલ એવા તેમનાથી સ્થિર એવું પુણ્ય આ રીતે પ્રાપ્ત કરી લેઉં. ૧૧

યમના મુખ જેવા પેલા ખાડામાં સાનુકંપ છતે પણ નિષ્કંપ અંતઃ કરણવાળા તેણે પોતાની પત્ની સમેત એકદમ ઝંપલાવ્યું, તે જોઈ લોકોમાં હાહાકારના પોકાર થઇ રહ્યા, અથવા સારો પુરૂષ દુઃખ પામે ત્યાં કોણ દુઃખી ન થાય?. ૧૨

આ પ્રકારે સાધુઓના આક્રંદ ચાલી રહ્યા, *મિત્ર અસ્ત પામ્યો, સચ્ચક્ર આક્રંદ કરવા લાગ્યું, અને પૃથ્વી અંધકારથી લિપ્ત થઈ હોય તેવી થઈ ગઈ. ૧૩

એવામાં તેના પરાક્રમથી સંતુષ્ટ થઈ, અંતરિક્ષમાં રહીને પેલી વ્યંતરીએ તેને કહ્યું કે વર માગ, તારૂં રક્ષણ કર, અને વિશ્વમાત્રને વિસ્મય પમાડનાર એવું આ સાહસ મા કર. ૧૪

મેં માયા થકી આ બધું તારી પરીક્ષા કરવા વિસ્તાર્યું હતું, તુંજ દેવ અસુર માનવ સર્વને આશ્ચર્ય પમાડે તેવો છે! ૧૫

એમ કહેતી અને પ્રમોદ વિસ્તારતી દેવીએ તે સમયે તેને અક્ષતાંગ કરી દીધો;-જે નરમાં પ્રશસ્ત સાહસ હોય તેની દેવતા પણ સેવા કરે છે. ૧૬

જીતવી લંકા છે, ચરણે કરીને સમુદ્ર પાર ઉતરવો છે, વિપક્ષ જોઈએ તો રાવણ છે, રણમાં સહાય તો વાનરો છે,-છતા રામે યુદ્ધમાં સમસ્ત રાક્ષસ કુલનો સંહાર કર્યો;-મહાત્માઓની ક્રિયાસિદ્ધિ તેમના સત્વમાં છે, સાધનમાં નથી. ૧૭

---

* મિત્ર એટલે મંત્રી જે સર્વના મિત્રરૂપ હતો તે; અને અંધકાર પક્ષે સૂર્ય. સચ્ચક્ર એટલે મંત્રી પક્ષે સત્પુરૂષોનું ચક્ર નામ મંડલ, અને અંધકાર પક્ષે સચ્ચક્ર એટલે સારાં જે ચક્રવાક તે.

શત્રુ સમૂહથી સર્વદા તું અજય્ય થા, પ્રાસાદ સુખે કર, આ પ્રકારે તારો વિનાશ ન કર, એમ વરદાન આપીને દેવી પોતાનું માથું આશ્ચર્ય અને ધન્ય વાદથી ધૂણાવતી અંતરધાન પામી ગઈ. ૧૮

ધર્મદ્રુમના સ્થાન જેવો પીઠબંધ ત્યાં તેણે પ્રમોદથી બાંધ્યો, અને વિહારના ઉદ્ધારને અર્થે શિલ્પીઓને અસંખ્ય દ્રવ્ય આપ્યું. ૧૯

મંત્રીએ બે વર્ષમાં **શુકવિહાર** પાષાણમય કરાવી દીધો, જે કાર્યમાં દેવતા વરદાયક હોય તે કાર્યમાં વિલંબ ક્યાંથી થાય ? ૨૦

ચૈત્ય પ્રતિષ્ઠા કરાવવાને માટે મંત્રીએ સૂરિને બોલાવ્યા, ઘણાંક પુણ્ય કર્યા છતાં પણ પુણ્યના લોભવાળા સજ્જનો તૃપ્તિ પામતા નથી. ૨૧

તેમાં પ્રતિષ્ઠા પૂર્વક તેણે **શ્રી સુવ્રત**ની લેપ્યમય મૂર્તિની સ્થાપના કરી, અને મેઘની પેઠે ધનનો વર્ષાદ વર્ષાવી તેણે આશ્રિત જન માત્રનો તાપ નિવારણ કર્યો. ૨૨

તે મહોત્સવમાં નારીઓ મધુર મંગલગીત ગાવા લાગી, તેથી, અને વાદીત્રોના નાદથી બ્રહ્માંડમાત્ર શબ્દમય થઈ રહ્યું. ૨૩

ઇંદ્રની અપ્સરાઓ જેવી વારવધૂઓ નૃત્ય કરવા લાગી, અતિ સંતોષ પામી બંદીજનો તેની સ્તુતિ કરવા લાગ્યા, યાચકોને રૂચી અનુસાર દાન તેણે આપવા માંડ્યાં, અને વિહારમાં જનો મળી અનેક ઉત્સવ કરવા લાગ્યા. ૨૪

પાપ રહિત અંતઃકરણવાળા સચિવેશ્વરે માગણો પાસે કીકીઆરી કરાવીને પોતાનું ઘર લૂટાવી દીધું, તથાપિ પણ દાન કરવાની એની ઇચ્છા તૃપ્ત થઇ નહિ;-જગત્‌માં સત્પુરૂષોનું ચિત્ત કદાપિ લઘુતા પામતું નથી. ૨૫

પાતકનો અંત કરનારી એવી પતાકા પ્રતિષ્ઠા કરીને તેણે ચૈત્ય ઉપર ચઢાવી, અને જાણે તેના મિષથી મંત્રીએ પોતાના મહત્કૃત્યની જ પતાકા જગતમાં જાહેર કરી. ૨૬

કોઇ શત્રુ છલથી કરીને માથું પણ માગે તો જે દાન વીર છે તે આપે એવી શંકા કરીને રાજાએ તેના હાથ બહુ માનથી ઝાલ્યો. ૨૭

સ્નાનાદિ કૃત્ય કરી રહીને નીરાજન કરવાને જેવા મંત્રી તૈયાર થતો હતો તેવામાંજ ચતુર વાણીવાળો અને સમયજ્ઞ એવો કોઇ વૈતાલિક આવીને બોલ્યો. ૨૮

હે સુવ્રતથી મહાન્, હરિવંશ સમુદ્ભવ, તપરૂપી જલથી પુનર્ભવને ધોઇ નાખનાર જન્મરૂપી વિપત્તિના કષાયના સૈન્યરૂપી સર્પને હણનાર, તપથી સત્જ્ઞાન પામેલા, પરમાત્માનો ભવ્ય જપ કરતા ભૃગુ કચ્છસ્થ તીર્થંકરા મન્મથમથન, શુભ કથનવાળા હે મુનિ સુવ્રત તમે ભક્ત જનોને અત્ર દુઃખ સમુદ્રની પાર ઉતારો ૨૯-૩૦-૩૧

જેમના આગળ ચંદ્ર સૂર્ય પણ સહજમાં શાંત થઇ રહે છે એવા શ્રી સુવ્રત ચરણના કિરણો તને ઉત્તમોત્તમ મંગલ આપો. ૩૨

ઔચિત્યજ્ઞોમાં મુખ્ય એવા તેણે તે સમયે તે વિદ્વાન્‌ને લક્ષ સુવર્ણ આપ્યું, જે અર્થિ જનોના અભિલાષ તુરતજ દાનથી પૂર્ણ નથી કરતો તે શાનો દાતા કહેવાય? ૩૩

રાજપિતામહ એવા પાપ રહિત મંત્રીએ જિનપતિનું નીરાજન કરીને પોતાને ઘેર સમસ્ત સંઘને ભકિતપૂર્વક ભોજન કરાવ્યું, અને સત્પુરૂષોને માન્ય એવા તેણે સુંદર વસ્ત્ર ભૂષણથી સંઘનો આદરપૂર્વક સત્કાર કર્યો, એમ પાત્રને આપીને પોતાનુ વિત્ત મંત્રીએ કૃતાર્થ કર્યું. ૩૪

સ્વર્ગ પ્રાપ્તિ ઇચ્છતા એણે કોટીશ્વરની પેઠે બે કોટી દ્રવ્ય મનોહર એવા તે મહોત્સવમા તેણે વાપરી નાખ્યુ, આવું એનું ચરિત જોઇને જન માત્ર વિસ્મય પામ્યા, અથવા અદ્ભુત વાર્તા જોઈને કિયો માણસ વિસ્મય પામે નહિ? ૩૫

આશ્ચર્ય ઉપજાવતુ એવું તેનું સર્વ ચરિત્ર મનમાં સભારતો શ્રી કુમારપાલ મહામહોત્સવ પૂર્વક ઉત્તમ એવા પત્તનને વિષે પ્ર-

હાર્યો, પણ તેજ દિવસે ચારે સભામાં આવીને તેને કહ્યું કે કોઈપણ દોષને લેઈને મંત્રી અંત દશાને પામ્યો છે. ૩૬

શ્રવણને વિષ સમાન આવી વાર્તા તે તેણે ગુરૂને કહી, એટલે તેમણે કોઇ શઠ દેવતાનો કરેલો દોષ છે એમ તુરત જાણ્યું; પછી સ્વશકત્યનુસાર, તે એક સાધુને સાથે લેઇ, રાત્રીએ ને રાત્રીએજ સચિવના હિતાર્થે નીકળ્યા. ૩૭

સમગ્ર શઠ દેવીઓની અગ્રેસર એવી અન્ય ચરિત્રવાળી સૈંધવાને પ્રસન્ન કરવા માટે તે ગયા અને સકલ વિઘ્નનો સંહાર કરનાર એવો સૂરિમન્ત્ર ભણતે ભણતે તેના આગળ તેમણે ધ્યાન ધર્યું. ૩૮

મુખે હુંકાર કરતી અનેક હોકારાનો શોર મચાવતી તેણે પોતાની ઘોર જિવ્હાને સૂરિને ડરાવવા માટે વિસ્તારી, વિલોલ જિવ્હાવાળા સર્પ તથા ઘણાક ભમરા તેણે મૂકયા અને નેત્રને રૂધિર રક્ત કરી મસ્તક પણ ઇર્ષ્યા પરાયણ રાખ્યું. ૩૯

આવું તેનું સકલ ચેષ્ટિત જોઇ ગુરૂએ મનમાં વિચાર કર્યો કે, હું નાનો બાલક હોઉ તેમ બાલ ચેષ્ટા કરતી આ મૂઢ દેવી મને ભય કરવા શા યત્ન કરે છે! પણ જાણતી નથી કે સરલ બુદ્ધિવાળા વનચર પક્ષીઓ તાળીઓ પાડવાથી ઉડી જાય, બાકી અનેક નાદથી જેના કાન બહેરા થઈ ગયેલા એવા ચૈત્ય પારાવત તો ડરે નહિ. ૪૦

સન્માન દાનાદિથી સુજનો પરમ પ્રીતિ ધારણ કરે છે પણ દુષ્ટજનો આગળ તેવી સૌમ્યતા બતાવવાથી તે દુષ્ટતાને વધારે હઠથી વળગતો ચાલે છે, અમૃતપાન કરીને પણ ભુજગમ છે તે અતિ ઘોર વિષજ ઓકરે છે, મન્ત્રથી બંધાય ત્યારેજ કમલના જેવો કોમલ થઇ રહે છે. ૪૧

એ દેવી શિક્ષા યોગ્ય છે એમ મનમાં ધારીને વિમલ મતિવાળા તેમણે શિષ્ય પાસે ખાંડણીઓ અને મુશલ મંગાવ્યાં અને તેમાં, અખંડ તાંદુલને સર્વે પાંખડોનેજ ખાંડતા હોય તેમ, તે દેવીના મદ સમેત ખાંડવા લાગ્યા. ૪૨

એજ મહા આશ્ચર્ય છે કે તે સમયે ગુરૂએ પ્રહાર કર્યા તાંદુલ
ઉપર અને રૂંધવા દેવીનુ શરીર ખંડિત થઈ ગયું ! સર્વ દેવીઓએ
આવીને ક્ષણમાંજ તેમના હાથમાંથી મુશલ લેઇ લીધું અહો ! મંત્ર
અને ઔષધિની પેઠે મહા પુરૂષોનુ માહાત્મ્ય પણ અચિંત્ય પ્રભાવ-
વાળું હોય છે. ૪૩

દયાર્દ્ર ચિત્તવાળા છતાં પણ હે મુનીશ્વર ! દીનનાદ કરતી આ
બિચારી દેવીને શા માટે પીડા કરો છો ! અયોગ્ય એવો પણ આ
મારો અપરાધ સહન કરો. માતા પિતા પોતાના બાલક ઉપર લેશ
પણ પ્રકોપ કરતા નથી. ૪૪

આ પ્રકારે સર્વ દેવીઓ સાથે બોલતી રૂંધવાને કોપ શાંત કરી
મુનિ કહેવા લાગ્યા કે જો મંત્રીના શરીરમાથી રોગ માત્ર આ ઘડીએ
નીકળી જાય તો હું તમને હવણા બંધનથી મુકત કરૂ. ૪૫

વ્યંતરીઓને લઈને સૂરીશ્વર ત્વરાથી મંત્રીશ્વરને ઘેર ગયા તો
ત્યાં મંત્રીને ચેષ્ટાહીન થઈ મૃતવત્ પૃથ્વીએ પડેલો દીઠો, પણ એ-
મના વચનથી પેલી વ્યંતરીઓએ અમૃતાભિષેકથી તેને રોગ રહિત
કરી દીધો, ધીર પુરૂષોના વચનથી ભયભીત થયેલા જન શું નથી
કરી આપતા?. ૪૬

દોષ રૂપી વાદળનો વિનાશ થવાથી તે સમયે રાજપિતામહ
એવો સચિવ પરમ શોભાને પામ્યો, મહા બલવાળા તે ગુરૂના પ્રતા-
પથી રાજા જેવા તેજ વડે પ્રકાશવા લાગ્યો, પેલી વ્યંતરીઓ અન્ય
પતંગ જેવી નિષ્પ્રભ થઇ ગઇ, અને પોતાનો આવો ઉદય જોઇ
મંત્રીએ પૃથ્વી ઉપર ઘણો આનંદ પ્રવર્તાવ્યો. ૪૭

શ્રી સુવ્રત સ્વામીને નમન કરી, મહા પરાક્રમે કરીને, વ્રતપતિ
એવો તે, રાતમાને રાતમા, કોઇ ન જાણે એમ પત્તન ગયો, પણ
રોગથી અભિભૂત એવા મારા મંત્રીને કેમ હશે એવી ચિંતા કરતા
રાજાને બુદ્ધિમાનમાં મુખ્ય એવા શિષ્યે તે વૃત્તાન્ત તુરત વિદિત
કર્યો. ૪૮

પુણ્યના રાશિ, દિવ્યવપુ ધારણ કરતા, શત્રુ માત્રને પોતાના બલથી પરાસ્ત કરતા, એવા મંત્રી ઉપર, ઈન્દ્રે જેમ જયંત ઉપર નાખ્યો હતો તેમ, તેને પોતાના પુત્ર બરાબર ગણી, સમસ્ત રાજ્ય ભાર નાખી, રાજા ઉત્તમ ધર્મ કર્મમાં નિરત થઈ ચિરકાલ સુખ ભોગવવા લાગ્યો. ૪૯

રત્નસિંહ ગુરૂના ચરણ કમલના ભ્રમર ચારિત્રસુંદર કવિના રચેલા કુમારપાલ ચરિત્રનો **સચિવાધિકાર** નામે સાતમો સર્ગ પૂર્ણ થયો. ૫૦

## ઈતિ સપ્તમઃ સર્ગઃ

---

ગુરૂની સેવા કરતો કુમારપાલ નયનીતિનો આશ્રય કરી બહુ બહુ પ્રકારે લોકનું પાલન કરતો સમય કાઢવા લાગ્યો. ૧

ગુરૂ વાક્યામૃતનું પાન કરતા પૃથ્વીપતિને તૃપ્તિ થઇ નહિ તે ઉલટી તૃષ્ણા વૃદ્ધિ પામી, એ આશ્ચર્ય છે. ૨

ગંગાજલ જેવું તેનું વિમલ ચિત્ત, કદાપિ પણ, ક્ષીરાર્ણવો જ્જવલ અર્હન્મતને ત્યજી અન્યત્ર ગયું નહિ. ૩

નમસ્કારોચ્ચાર વિના તેની વાણી, ગુરૂ વંદન વિના મસ્તક, જિન વિના મન, શાસ્ત્ર વિના શ્રોત્ર, કદાપિ તૃપ્ત થતાં નહિ. ૪

તે રાજા બે વાર નિત્યાવશ્યક કરતો અને સરલ હૃદયવાળો હોઈ ત્રિકાલ જિન પૂજા કરતો. ૫

તેને અર્થે સૂરિએ સ્ફુટ અર્થવાળા યોગ શાસ્ત્રાદિ પ્રબંધ રચ્યા; અને અસ્ખલિત મતિવાળો તથા અશઠ સ્વભાવવાળો રાજા પટુ પ્રભાવવાળા તે ગ્રંથોને ભણ્યો. ૬

રાજાએ ગુરૂ મુખેથી ત્રિષષ્ટિ પુરૂષોનું ચરિત સાંભળી સુખ લીધુ, અને ક્રમે ક્રમે વિદ્વાનોમાં તે મુખ્ય થઇ રહ્યો;—સેવેલી સત્સંગતિ માણસને શું નથી કરી આપતી? ૭

એકવાર સૂરિની વંદના કરવાને બહુ ભાવ થકી તે, યુક્તિયુક્ત પરિજનો સમેત, ગયો, અને વંદના કરીને બેઠો. ૮

પ્રભુ તેની સાથે સમય વાર્તા કરતા હતા તેવામાં વટેમાર્ગુ જેવો જણાતો કોઇ એક બ્રાહ્મણ તે ઠેકાણે આવ્યો. ૯

તેના ભાવ ઉપરથી તેને વિદ્વાન્ જાણીને મહીપતિએ તેને પૂછ્યું કે હે વિદ્વન્! ક્યાંથી, શા અર્થે, અત્ર આવો છો તે કહો. ૧૦

રાજાએ આવુ કહ્યુ એટલે યુક્તિને જાણનાર એવા તે પંડિતે સર્વ સભાસદોને વિસ્મય પમાડતે કહ્યુ કે હે સર્વ જનાધાર! અસહ વિક્રમવાળા! સાંભળો, પ્રશસ્ત કાન્તિમાન્ જન જ્યાં વસે છે તેવા કાશ્મીર દેશમાં મારો નિવાસ છે. ત્યાં એકવાર ઉદ્યોગ કરીને મેં દેવસુર પૂજિત એવી શારદાની પરમ ભક્તિથી ઉપાસના કરી, એટલે તેણે પ્રસન્ન થઇને મનોહર એવી આકાશ ગતિની વિદ્યા મને આપી, જેથી હુ આખા જગત્માં જવા આવવા સમર્થ થયો. એકવાર સ્વભાવથીજ અતિ ઉજ્જવલ એવા સ્વર્ગની રચના જોવા હું ગયો, અને ત્યાં નાના પ્રકારનાં કૌતુક જોતો ઇન્દ્ર સભામાં પહોંચ્યો. ત્યાં અન્ય લોકથી અદૃશ્ય પણ ઉડતા ચામરો સમેત, માથે ધવલ છત્ર ધરાયલા પવિત્ર પ્રભાવાળા, તેજોમય ઇન્દ્રને મે દીઠા, તેમજ તેમની સેવાને અર્થે આવેલા હરિહર બ્રહ્માદિ દેવતાને પણ દીઠા, અને એમ શુભ કર્મ માત્રથીજ પ્રાપ્ય એવુ લોચનનું ફલ પ્રાપ્ત કર્યું. લોકોત્તર સ્વર્ગ સ્થિતિ જોઈ તે કાલે મને જે આનંદ થયો તેનું વર્ણન વાણીથી થાય એમ નથી. હું પૃથ્વી ઉપર પાછો વળતો હતો ત્યારે ગુરૂએ ઇન્દ્રની આજ્ઞાથી એક લેખ તૈયાર કરીને મને આપ્યો અને આજ્ઞાથી મને પવિત્ર કર્યો કે હે સોમ શર્મા! આ લેખ કુમારપાલ સહિત શ્રી હેમસૂરિને તારે આપવો આવી આજ્ઞા પામી, સંદેશો લેઇ, ને હું ત્વરાથી અત્ર આવ્યો સ્વામીએ આદેશ કરેલા કાર્યમાં કાંઈપણ વિલંબ થાય કેમ! ૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭ -૧૮-૧૯-૨૦

આવી આશ્ચર્યકારક વાર્તા સાંભળી સભાસદોને બહુ આશ્ચર્ય લાગ્યું અને પંડિતે ઈન્દ્ર પ્રેષિત લેખ વાંચવા માંડયો. ૨૧

સ્વસ્તિ શ્રીપ. શ્રી પત્તન શુભ સ્થાને નૃપ ગુરૂ શ્રી હેમચંદ્રને આનંદથી પ્રણામ કરી સ્વર્ગેન્દ્ર વિજ્ઞાપના કરે છે કે હે સ્વામિન્ તમે જીવાભય પ્રવર્તાવી ચંદ્રના લાંછન રૂપ મૃગને, યમના મહિષને વરૂણનાં જલ જંતુને, વિષ્ણુના મત્સ્ય કચ્છ વરાહ આદિ સમૂહને ઘણો સારો ઉપકાર કર્યો છે; વળી શ્રીમાન્ સ્વર્ગપતિ કુમારપાલ નૃપને સ્નેહપૂર્વક કહાવે છે કે વિશ્વમાત્રના જનને મેઘ તુલ્ય તું સદા વિજયી થા, કેમકે તારા ચરિતરૂપી અમૃતથી પ્રસન્ન થઇ ગયેલા દેવ માત્ર અમૃતની ઇચ્છા કરતા નથી એટલે એમનું જે એવું ઇષ્ટ તે તારે એમને આપ્યાંજ જવું જોઈએ. ૨૨-૨૩

આવાં ઉદાર અને મનોહારી બે પદ્ય સાંભળીને રાજાએ અહો શી બુદ્ધિ છે? શી શક્તિ છે? એમ તેની વારંવાર પ્રશંસા કરવા માંડી. ૨૪

દશ લક્ષ દ્રમ્મ, અને ઉંચા દશ અશ્વ, કુમારપાલે ઇન્દ્રનું પત્ર લાવનારને આપ્યા. ૨૫

રાજાની આજ્ઞા લેઇને પંડિત પોતાને સ્થાને ગયો, અને આખી પૃથ્વી ઉપર કુમારપાલની કીર્તિને વિસ્તારતો ચાલ્યો. ૨૬

એક સમયે પોતાના પરિજન સમેત રાજા સૂરિની સભામાં બેઠો હતો તેવામાં કોઇ પંડિત પોતાના શિષ્યો સમેત ત્યાં આ-વ્યો. ૨૭

બધી સભાને ભરેલી જોઇને તેણે એવો આશિર્વાદ કહ્યો કે "કંબલ અને દંડ ધારણ કરતો હેમ ગોપાલ તમારૂં રક્ષણ કરો." ૨૮

પ્રભુનું આવું હીન વર્ણન કર્યું એમ જાણીને રાજા જરાક કોપ પામ્યો, અને ઇંગિતજ્ઞ એવા પંડિતે તે વાત જાણી. ૨૯

એટલે પુનઃ નૃપના મુખ સામું જોઈ તેણે ઉત્તરાર્ધ કહ્યું કે "જૈન ગોચરમાં છ એ દર્શન રૂપી પશુઓને ચારતા."* ૩૦

આવા ઉત્તમ વાકયથી સંતોષ પામેલા ગુણજ્ઞ રાજાએ તે પંડિતને બે લક્ષ દ્રમ્મ અપાવ્યા. ૩૧

એમ કોષાધિપે દાનવહીમાં લખ્યું; જગતમાં કવિ સાર્થના વિના કીર્તિની ખ્યાતિ થતી નથી. ૩૨

કેટલાક નરો ચપલા એવી લક્ષ્મીને પ્રાપ્ત કરી સંરક્ષણાર્થે ભૂમિમા દાટે છે એટલે આપણે તો મતે કારાગ્રહમાં નાખી એમ સમજીને તે ક્ષણવારમાંજ તેમના ઘરમાંથી જતી રહે છે. ૩૩

જો પોતે પ્રાપ્ત કરી હોય તો લક્ષ્મી દીકરી છે, પિતાએ પ્રાપ્ત કરી હોય તો બહેન છે, અન્ય સંગમવાળી હોય તો પરસ્ત્રી છે, માટે એનો ત્યાગ કરવાની જેમના મનમાં બુદ્ધિ છે તેજ શુદ્ધ બુદ્ધિવાળા છે. ૩૪

રૂપથી કામનો, નયવિધિથી રામનો, સત્ય વાણીથી ધર્મનો, દાનથી કર્ણનો; શુદ્ધ બુદ્ધિથી બૃહસ્પતિનો, પરાક્રમથી વિક્રમનો એમ એક છતાં પણ શ્રી કુમારે અનેક અસુર સુર નર આદિનો પરાભવ કર્યો:—સૂર્યનો ઉદય થાય છે ત્યારે ગ્રહમાત્રનો પ્રકાશ અસ્ત પામે છેજ. ૩૫

એમ દાન ગુણથી પૃથ્વી મંડલને પૂર્ણ કરતા નૃપે મેઘની પેઠે ક્ષેત્રાક્ષેત્રનો વિચારજ રાખ્યો નહિ, માનવ દેવ દાનવ આદિએ ઉચ્ચારાતા તેના સમુદ્ર ફેન જેવા ઉજ્જ્વલ અને નિત્ય યશના પૂરથી તેણે ભુવન માત્રને ભરી નાખ્યુ. ૩૬

## ઇતિ અષ્ટમે પ્રથમો વર્ગઃ

---

* અર્થાત્ "જૈન ગોચરમા છ એ દર્શન રૂપી પશુને ચારતા કંબલ અને દંડ ધારણ કરેલા હેમ ગોપાલ તમારું રક્ષણ કરો" એવું આખું કાવ્ય થયું જેથી હીનોપમા નીકળી ગઈ.

પુરૂષાર્થને વિષે ધર્મને અત્યંત સેવન કરવાથી તેણે ઉત્તમ પદે સ્થાપ્યો અને, કદાચિત્ સેવન કરવાથી કામને કનિષ્ઠ પદે ઉતારી નાખ્યો. ૧

સત્પાત્રનું પોષણ કરી તેણે દ્રવ્યને પરમ કોટિએ પહોંચાડયું મહદાશ્રિત એવું કોણ વિશ્વને પણ માથે ન ચઢે?. ૨

અર્થથી નૃપ અર્થીઓના કામ માત્ર પૂર્ણ કરવા લાગ્યો, અને ધર્મ કૃત્યથી નિરંતર પોતાના કામને પૂર્ણ કરવા લાગ્યો, ૩

એકવાર કામ જેવો અભિરામ કુમાર સભામાં બેઠો હતો ને ચારે દિશાના ભૂપાલો તેની સેવાને અર્થે આવેલા હતા. ૪

ચંદ્ર જેવું છત્ર માથા ઉપર છત્રધર ધરી રહ્યો હતો અને વાર વધૂઓ બે પાસા સુંદર ચામર ઉરાડી રહી હતી. ૫

પૃથ્વી પતિ ઇંદ્રની સર્વ શોભાને હરી લાવ્યો હતો, અને એ આખી સભા પણ ઇંદ્ર સભાની શોભાને પામી રહી હતી. ૬

વારાંગનાઓ નૃત્ય કરી રહી હતી, ગાયકો ગાન ગાઈ રહ્યા હતા, મલ્લો દ્વંદ્વ યુદ્ધ કરી રહ્યા હતા, અને ભાટ ચારણો વંશ વર્ણન કરી રહ્યા હતા. ૭

પ્રમોદ પામી મનમાં સુંદર વિચાર કરતો વિશુદ્ધ કુમારપાલ એમ વિરાજી રહ્યો હતો એવામા કાનને પીડા ઉપજાવતો એવો કોઇનો આર્ત સ્વર દરવાજેથી સંભળાયો. ૮

તે સાંભળતાંજ શું છે? કરીને ભૂપાલની ચિત્તવૃત્તિ વ્યાકુલ થઈ ગઈ;-કાંઈક નવીન દીઠા કે સાંભળવામાં આવે ત્યારે પૃથ્વી ઉપર કોણ ઉત્કંઠિત થતું નથી? ૯

તે સાંભળી સભા લોકપણ સર્વે ક્ષોભ પામી ગયા કે આ સ્વર વિના અન્ય કાંઈ દુઃખ કારણ છે નહિ, ( છતાં આ શું ? ) ૧૦

અહો! મારા રાજ્યમાં આ નવીજ વાત શી સભળાય છે? અથવા કોઈએ કોઇને પીડા કરી છે તેથી તે આ પ્રકારે રાવ કરવા આવ્યું છે એમ લાગે છે. ૧૧

આવો વિચાર કરતાં ભૂપાલે, તેનું કારણ જાણવા માટે, સોનાની છડીવાળા પોતાના પ્રતીહારનેજ મોકલ્યો. ૧૨

પ્રતીહારે બતાવેલે માર્ગે એક બ્રાહ્મણ આવ્યો અને રાજાને આશિર્વાદ આપીને ગોઠા આગળ બેઠો. ૧૩

રાજાએ તેને બૂમો પાડવાનું કારણ પૂછતાં તેણે કહ્યું કે હે શત્રુમાત્રને દાસ કરી લેનાર ! હું કાશીમાં રહું છું; ગુર્જર ભૂમિને જોવા માટે આવતાં મેં એક સ્ત્રીને તમારા દેશની બહાર જતી જોઈ. મોઢું વાંકું, પગ વાંકા, હોઠ વાંકા, નાક વાંકું, કાન મળેજ નહિ, એવી તેને જોઈ તેનું કારણ મેં મનમાં વિચારવા માડ્યું. આ તે પિશાચી હશે કે રાક્ષસી હશે એમ વિચાર કરતા મેં તેને રોતી જોઇને પૂછ્યું કે તું કોણ છે? તો તેણે કહ્યું કે પાતકની પુત્રી અકમક્ષા ને કલિની પૌત્રી તે હું છું; શા માટે રૂવે છે તો કહે કે બાંધવોના વિનાશ થવાથી રોઉં છું; તારા બાંધવ કોણ છે ? તો કહે કે દારિદ્રય, તેને શું થયુ? તો કહે કે તમોદ્વેષી એવા શ્રી કુમારપાલે તેને હણ્યો; ત્યારે હવે ક્યાં જાય છે ? તો કહે કે તેના શત્રુને શરણે જાઉં છુ—એમ કહીને, હે રાજન્ ! એ સ્ત્રી જ્યાં તમારા શત્રુ છે ત્યાં ગઈ, કેમ કે મહોટા સાથે વેર થાય ત્યારે તેના શત્રુજ સહાય થઈ શકે છે. હજારો રાજાની ભીડથી રૂંધાઈ ગયેલા તમારા દરબારમાં પ્રવેશ ન પામવાથી તમારા દર્શનની ઉત્કંઠાવાળા મે આવી બૂમો પાડી. ૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦,

આવા તેનાં વચનથી પૃથ્વીપતિ તુષ્ટ થયો, સૂક્તિરૂપી બુદ્ધિથી સિંચન થતા કોને આનંદાંકુર ફુટતા નથી ?. ૨૧

પાંચ લક્ષ દ્રમ્મ અને દશ તુરંગમ એટલું પ્રસન્ન થઈને વિશ્વેશ્વર કવિને રાજાએ આપ્યું. ૨૨

વિદ્વદ્‌ગોષ્ઠીના રસથી પ્રેરિત થઇને વિશ્વેશ્વર કવિ, રાજાની સાથે શ્રી હેમસૂરિની શાલામાં ગયો. ૨૩

સૂરિની સભાને અનેક સૂરી જનોથી ભરાઈ ગયેલી જોઇને કવીશ્વરે તેને બ્રહ્મ સભા જેવી માની. ૨૪

સૂરીના શિષ્યોની પરીક્ષાને અર્થે બે સમસ્યા તેણે આપી, એકતો व्यापिद्धा नयने मुखं च रुदती स्वंगर्हते कन्यका એ જે પ્રસિદ્ધ છે તે, અને બીજી शृगाग्रेण मृगस्य पश्य पतितं नेत्रांबु भूमंडले. ૨૫

મહા પ્રજ્ઞા પ્રકર્ષવાળા, અને દોષ રહિત અતિ મધુર કાવ્ય કરવે ચતુર એવા કપર્દી મહામાત્યે પ્રથમની સમસ્યા પૂરી, અને બીજી સર્વદા બુદ્ધિ માનોને માન્ય એવા, શ્રી હેમચંદ્રના શિષ્ય રામચંદ્રે ક્ષણવારમાં પૂર્ણ કરી આપી તેને વિસ્મય પમાડયો. ૨૬

બે મુષ્ટિથી આનાં સરલ નયન બંધ કરી શકાય એમ નથી કેમકે એતો મુખ શશિની જ્યોત્સ્નાના પ્રતાનથી સર્વત્ર લક્ષિત થાય છે એમ મધ્યે રહેલી સખીને અન્ય સખીઓએ નેત્ર મીળનની કેલિ કરતાં નિષેધ કર્યો એટલે રોતાં રોતાં તે કન્યા પોતાના નેત્ર અને મુખને નિંદવા લાગી. ૨૭

તમે અમારા ગોત્ર ગુરૂ છો, તમારા અધિષ્ઠાતા ચંદ્ર છે, તેમનું અમૃત તમારા હાથમાં છે, તેવડે વ્યાધના બાણથી પીડાતી આમહારી પ્રિયાને જીવાડો એમ મૃગલાંછનના મૃગને કરૂણાથી કહેતા મૃગના શૃંગાગ્રથી નેત્રાંબુ ભૂમિતલે પડ્યું. ૨૮

પોતાના અર્થને જાણીને તેને અનુસારેજ આ પ્રકારે સમસ્યાની પૂર્તિ થવાથી તેને હર્ષ થયો, આ વિશ્વમાં કવિજ કવિના શ્રમ જાણે છે. ૨૯

જેના શિષ્ય આવા છે તે ગુરૂને કોની ઉપમા આપી શકાય? જેના કીનારોજ દુસ્તર છે એવા મહા સમુદ્રને કોની સાથે સરખાવી શકાય?. ૩૦

આવો વિચાર કરતા તેણે સૂરીની સાથે અનેક વાર્તાલાપ કર્યો. સૂક્તિ સુધાના સ્વાદ જેવુ પૃથ્વી ઉપર બીજું કાંઇ નથી. ૩૧

પોત પોતાની બુદ્ધિથી અન્યોન્યની સ્પર્ધા કરતા અતિ ચતુર એવા કોઇ બે ચારણ સૂરિની સભામાં આવ્યા. ૩૨

ત્યાં ભૂપ, કવી, શ્રીમાન્, એવા અનેક સભ્યોને દેખી એક ચારણે સમયોચિત વચન કહ્યું. ૩૩

લછિ વાણિ મુહ કાણી, એ પઇ ભાગી મુહ મરૂં
હેમસૂરિ અચ્છાણિ, જે ઇસર તે પંડિઆ. ૩૪

રાજાએ પ્રસન્ન થઈ તેને દશ હજાર દ્રમ્મ અપાવ્યા, તુષ્ટ કે રૂષ્ટ એવા સત્પુરૂષોનું ચરિત અચિંત્ય છે. ૩૫

પંચાંગથી ભૂમિ સ્પર્શ પૂર્વક વંદના કરતા નૃપની પીઠ ઉપર સૂરિએ હાથ મૂકયો એટલે બીજા ચારણે કહ્યું. ૩૬

હેમ તું હાલા કરમ રહ જેહ ઉચ્ચ ભૂય સિદ્ધિ
જેવં પઇ હિઠા મુહા તેઉં ફૂગી રિદ્ધિ. ૩૭

પ્રસ્તાવાનુસાર વચનથી પ્રસન્ન થઇને રાજાએ તે પદ્ય તેની પાસે ફરી ફરીને બોલાવ્યું; યોગ્ય સમયે શું ઉચિત થતું નથી? ૩૮

ચારણે તે પદ્ય ત્રણવાર કહ્યું એટલે ચતુર શિરોમણિ એવા કુમારે તેને ત્રણ લક્ષ દ્રમ્મ અપાવ્યા. ૩૯

પંડિતો સાથે આવા વિનોદ કરી પોતાના મનને આનંદ આપતે., કવિઓને વિવિધ ઉદાર દાનથી અલ્હાદ પમાડતો, ઇંદ્રની પેઠે અનેક ભોગ ભોગવતો, શ્રી કુમારપાલ ભૂપાલ દીર્ઘ કાલને ક્ષણની પેઠે ગાળવા લાગ્યો. ૪૦

જે વેશ્યાની પેઠે એક એક પુરૂષનો આદર કરી એક એકને તજતી ચાલે છે, જેના મોહથી માણસ વિવેકાદિ ગુણોને પણ ગણતો નથી, જેને આસકત થયેલા બુદ્ધિમાનોને પણ જે કુબુદ્ધિ ઉપજાવે છે તેવી જલ કણ જેવી ચપલ લક્ષ્મીને પ્રાપ્ત કરીને કીયો જ્ઞાની મોહ પામે?. ૪૧

આ પ્રકારે આપત્તિ માત્રને હણનાર નૃપતિએ પ્રતિજ્ઞા પરાયણ રહી લક્ષ્મીનો ત્યાગ કર્યો અને પૃથ્વીના જનોને તેથી અનૃણ કર્યા; વિદ્યુત્ જેવું ચપલ માનુષ્ય તથા સંધ્યાભ્રરાગ જેવું ધન પ્રાપ્ત કરી, કિયો બુદ્ધિમાન્ માણસ તે ધનનો ત્યાગ ન કરીને તેનુ ફલ ભોગવે નહિ! ૪૨

તેના કરતલને ત્યાગ, હૃદયને દયા, મસ્તકને જિનાજ્ઞા શ્રવણ દ્વયને સચ્છાસ્ત્ર, કપાલને ગુરૂ નમન, મુખને સદ્વાણી, શોભાવતાં હતાં, અને દોષ માત્રથી રહિત એવો તે વિશ્વને અલંકાર રૂપ થતો સૂર્ય જેમ પોતાના કિરણથી, તેમ પોતાના યશથી, સમગ્ર વિશ્વને ભરી દેતો હવો. ૪૩

## અષ્ટમે દ્વિતીયો વર્ગઃ

---

સર્વદા જિનાજ્ઞાને પાલતો કુમારપાલ સિદ્ધાન્તામૃતથી તૃપ્ત થઈ આ પ્રકારે વિચાર કરવા લાગ્યો. ૧

અર્થીને જે દાન સનિદાન* આપવામાં આવે છે તેનું, કુક્ષેત્રમાં રોપેલા બીજની પેઠ પંડિતો અતિ અલ્પ ફલ કહે છે. ૨

દોષવાળા કર્મનો જેમણે ત્યાગ કર્યો છે, સુકૃતમાંજ જેમનાં ચિત્ત લાગેલાં છે, એવા યતિઓને જે અપાય છે તે અતિ ભવ્ય ફલને આપે છે. ૩

જૈન યતિઓ રાજપ્રતિગ્રહ કરતા નથી, તેમના કરતાં તારણોત્તરણમાં સમર્થ એવું અન્ય પાત્ર કોઇ નથી. ૪

જે વરણોજ્જિત હોઇ ગ્રહણ કરે છે તે મને રૂચતા નથી, ને જે રૂચે છે તે તો નિઃસ્પૃહ હોઇ ગ્રહણ કરતા નથી. ૫

તેમને ધન્ય છે, તેજ કૃત પુણ્ય છે, તેમની સંપત્તિ શ્લાધ્ય છે, કે જે પોતાના ધનને યતિઓને દાન આપી કૃતાર્થ કરે છે. ૬

રાજ્ય પ્રાપ્ત કરેલા એવા હું કરતાં તે વાણીઆઓને ધન્ય છે કે જેમનું ધન યતિ કાર્યમાં નિરંતર વપરાય છે, ૭

મ્હોટા પણ સુગંધ વિનાના શાલ્મલી પુષ્પ જેવા, યતિદાન વિનાના આ મારા રાજ્યનો શો અર્થ છે?. ૮

---

* સકામ બુદ્ધિથી.

જિનાજ્ઞાના પાલનારા જે હોય તે સર્વે સત્વર આવો તેમને, કરથી મુક્ત છતે પણ સર્વથા અનૃણ કરવાની ભૂપાલની ઇચ્છા છે. ૨૦

આવા પટહધ્વનિથી તેડેલા અનેક લોક જિન મતનો આશ્રય કરી પાપ મૂકવા લાગ્યા અને કુમાર નૃપતિના આદેશથી, હૃદયમાં મોદ પામતા આભડે ઉદાર દાનથી તેમને અનૃણ કર્યા. ૨૧

સર્વે લોક જિનાજ્ઞા પાલક થયા, કુમતો માત્ર ક્યાં સંતાઇ ગયા તે પણ જણાયું નહિ, ચંડ પ્રતાપવાળા સૂર્યનો પ્રકાશ થતાં ક્યિાએ કોટરમાં ભરાઈ રહેલી ઘુવડોની પંક્તિને કોણ જાણે છે ?. ૨૨

પ્રથમ વર્ષે, સુકૃત રસિક એવા શ્રી કુમાર નૃપતિએ ચાર કોટિ દ્રમ્મનો વ્યય શ્રાવકોના ઉદ્ધારને અર્થે કર્યો, અને એમ પોતાના રાજ્યને તેણે પૃથ્વી ઉપર અદ્વિતીય કર્યું, તથા જિન પતિ મતના અરિ માત્રને નસાડી મૂક્યા. ૨૩

હિંસાની ખાણ રૂપ વેદ માર્ગને મૂકીને એકાગ્ર મનથી ઘણા હેમાચાર્યની સેવા કરવા લાગ્યા, રાજા પાપી હોય તો પ્રજા પાપી થાય છે, નયવાન્ હોય તો નયી થાય છે, એવી જે વાર્તા તે જૈન ધર્મને લીધે, સર્વત્ર તે સમયે સત્ય થઈ. ૨૪

એવે અવસરે બધા વહેવારીઆએ મળીને સભામાં બેઠેલા રાજાને હાથ જોડી વિનતિ કરી. ૨૫

અત્રના પાંચ શેઠીઆ નિષ્પુત્ર હતા ને હવણાં તે મરણ પામ્યા છે, અને તેમનું ધન હે પ્રભુ ! બહોતેર લક્ષ જેટલું છે. ૨૬

માટે હે વણિ માત્રના ધણી ! આજ્ઞા કરો કે સચિવો તે બધા ધનને લાવીને કોશમાં નાખે, રાજાની એજ રીતિ છે. ૨૭

આમ કહીને તેમણે રાજાને હિસાબના કાગળ આપી સંખ્યા બતાવી, જે લેઇને રાજાએ સંતોષપૂર્ણ એવા પોતાના મનમાં વિચાર કરવા માંડયો. ૨૮

મારા પૂર્વ ભાગ્યથી પ્રાપ્ત કરેલું મારી પાસે ઘણુંએ ધન છે તો પાપકારી એવા આ મૃત ધનનું મારે શું પ્રયોજન છે ?. ૨૯

આમ વિચાર કરીને હાથમાં રહેલા પેલા કાગળને તેણે ફાડી નાખ્યો, અને આજ્ઞા કરી કે એ મરનારના ગોત્રના જે હોય તેમને વહેંચી આપો. ૩૦

તે સમયે આવી તેની નિર્લોભતા જોઈ હેમસૂરિને શરીરે રોમાંચ થઈ ગયાં અને તે પ્રશંસા પૂર્વક બોલ્યા કે જેની આજ્ઞાને સર્વે દેવ, દાનવ નર નરેશ્વરાદિ માન્ય કરે છે એવા લોભને જીતતો તું હે રાજન્! ખરેખરો વિશ્વેશ્વર છે. ૩૧-૩૨

અપુત્રનું ધન લેનાર રાજા "પુત્ર"* થાય છે, પણ સંતોષથી તેને મૂકી દેનાર તું તો ખરેખરો રાજપિતામહ છે. ૩૩

એવામાં સિદ્ધરાજ પાસેથી બારગામ પામેલો એવો એક વામરાશી બ્રાહ્મણ ઘણો સમૃદ્ધ હતો.

તે વિદ્વાન્ હોઇ પોતાની વિદ્યા આગળ આખા વિશ્વને તૃણવત્ માનતો હતો, અને સદ્‌બુદ્ધિ રહિત હોઈ નિત્યે સૂરિઓ સાથે સ્પર્ધા કર્યા કરતો હતો. ૩૫

એકવાર સૂરીને જતા જોઈને બહુ ભ્રષ્ટ હ્રદયવાળા તેણે મ્હોટે સ્વરેથી પોતાના સેવકોને આ પ્રમાણે કહ્યું. ૩૬

જેમાં હજારો જૂઓ અને લીખો ભરેલી છે એવાં વસ્ત્રવાળો લટકતા કાંબળાવાળો, દાંતે મેલ ચઢી જવાથી મોઢામાંથી ગંધ મારતો, નાક સારૂ ન કરવાથી નિરંતર ગુણ ગુંણ પાઠ પ્રતિષ્ઠા કરતો એવો આ હેમડ-સેવડે પિલપિલ ખખડાટ કરતો આવે છે. ૩૭

કઠોર શબ્દવાળું આવુ વચન સાંભળીને મુનિપતિએ કોપ કર્યો નહિ, પણ સ્મિત થકી દંત પ્રભા વિસ્તારતા તેમણે ક્ષમાથી કહ્યું કે હે બુદ્ધિસાગર! આં પદ્યમાં પ્રથમ વિશેષણ શું કહ્યું ? તે સ્થાને સેવડ હેમડ એમ હવેથી કહેવું. ૩૮

---

* "રાજપુત્ર" એ સંજ્ઞા પડી છે તેને ઉદ્દેશીને આ સૂચન હોય એમ લાગે છે.

ગુરૂના વચનથી પોતાના કાવ્યને દોષવાળું જાણીને, મદ તજી લાજથી મુખ નમાવીને, ચારે દિશાએ જોતો તે ચાલી ગયો, પણ તેણે કરેલી નિંદાની વાત જાણીને સદ્દર્શનારાધક એવા રાજાએ તેની સકલ વૃત્તિનો લોપ કરી નાંખ્યો. ૩૯

રાજાએ સકલ દ્રવ્ય લેઈ લેવાથી સ્વપદથી ભ્રષ્ટ થયેલો તે, ભુખે સૂકાઈ જઈએ ગામમાં રંકની પેઠે ભીખ માગતો ફરે છે;- વિશ્વને પ્રકાશ કરનાર, તમોભરને હરનાર, એવા સૂર્યની પ્રભાથી ઘૂવડ તત્ક્ષણજ નિસ્તેજ થઈ જતો નથી શું ?. ૪૦

અન્ય ઉપાયથી વૃત્તિ પાછી મળે એમ નથી એવું ધારીને તેણે, માન તજી, ચિરકાલ પર્યંત સૂરિની સેવા કરવા માંડી, અને શાલામાં સર્વ જનને યોગ શાસ્ત્ર ભણતા જોઇ તે અન્ય દિવસે રાજાના સાંભળતાં ઉંચે સ્વરે બોલ્યો. ૪૧

જેમના મુખમાંથી અનેક કારણ એવું ગાળોરૂપી વિષ ગળ્યા કરે છે. તેવા અકારણ દારૂણ જે જટાધર અને મિથ્યા આડંબર કરનારા તેમની યોગશાસ્ત્ર રચનામાં અમૃત કયાંથી હોય ?. ૪૨

ગુરૂની નિંદા કરનારના મુખ્ય એવા તેના ઉપર ગૂઢ અને દૃઢ રોષવાળા નૃપતિએ તથાપિ તેને તેનો ગ્રાસ પાછો આપ્યો નહીં ત્યારે આવશ્યકાદિ વિધિનું અધ્યયન કરી તે દ્વિજવર ગુરૂ સેવાને અર્થે ત્યાંને ત્યાંજ રહ્યો. ૪૩

ષડાવશ્યક-પાળતા તથા નિત્ય ગુરૂ સેવા કરતા તેણે નિર્વિકાર થઇ શમ ગ્રહણ કરી ચાર માસ સુધી વ્રત કર્યું, એવા ઘોર તપથી એનું શરીર અતિ કૃશ થઇ ગયુ; વ્રત પૂર્ણ થયા પછી તેણે મોદ પામી કહ્યું, હે યતિપતે ! હે નાથ ! તમારા ચરણ યુગલની સમીપે, ચાર માસ પર્યંત કષાય* નો અત્યંત ધ્વંસ થઇ વિકૃતિ માત્રનો પરિહાર થાય એવું આ વ્રત મે કર્યું હવે ઉદય પામતા વરણથી કલિનો ધ્વંસ કર્યો છે એવા મને હે મુનિતિલક ! જલથી પલાળેલા અન્ન માત્રથીજ વૃત્તિ કરવી ઈષ્ઠ છે. ૪૪-૪૫

---

* હૃદયગત વિષયોપભોગ વાસના જેથી રાગ દ્વેષ થાય છે.

ઘોર અભિગ્રહ ધારણ કરતા માથું મુંડાવેલા ક્ષમાયુક્ત, એવા તેને જોઇ બીજો જન્મ લેઇને આવ્યો હોય તેમ રાજાએ ઓળખ્યો પણ નહિ; સૂરિએ તેનું ચમત્કાર ઉપજાવે તેવું સમગ્ર ચરિત રાજાને કહ્યું અને ધર્મરુચિચિત્ત એવા તેણે પ્રસન્ન થઇ એની વૃત્તિ દ્વિગુણિત કરી આપી. ૪૬

અધિક વૃત્તિ પ્રાપ્ત કરીને તે બ્રાહ્મણ ઘણો પ્રસન્ન થયો અને ધર્મના પ્રભાવથી અવક્ર મનવાળા તે સર્વદા મુનિપતિની સેવા જિનાજ્ઞા પરાયણ રહી કરવા લાગ્યો, એ બ્રાહ્મણે આમ બહુ પાપ પુણ્યનું ફલ પ્રત્યક્ષ રીતે અનુભવ્યું. અથવા કલિયુગમાં તો એના એજ જન્મમાં સ્વકૃત કર્મ ભોગવાય છે. ૪૭

એમ કુમારપાલે પૃથ્વી ઉપરના જન માત્રને જૈન કરી નાખ્યા અને અમિત મહિમાવાળો તે સાધુની નિંદા કરનારને વૈરી સમાન માનવા લાગ્યો; જિનાજ્ઞા પરાયણ તે બંધુસમાન માનતા તેણે એમ મિથ્યા મત માત્રને નિર્મૂલ કરી સમ્યક્ત્વ ને દૃઢ કર્યું. ૪૮

તેને બહુ દાન આપતો જોઈને વિધાતાના મનમાં ચિંતા થઇ કે મે દરિદ્રીઓના કપાલમાં જે દારિદ્ર્યરૂપી અક્ષર લખેલા તે આણે વ્યર્થ કરી નાખવા માંડયા, અરે તે એમ જન માત્રને જૈન મતમાં લેઇ લેઇને સ્વર્ગને પૂર્ણ કરતા એ મારા નરકને તો પાપ માત્રનો પૃથ્વી ઉપરથી ક્ષય કરી નાખીને, ખાલી કરી દેશે. ૪૯

જલનિધિના સમગ્ર જલ બિંદુને જે કોઇ ગણે અથવા જે ગગનના અખિલ તારાને ગણે અથવા પ્રાણી માત્રની સંખ્યાનો જે કોઇ નિશ્ચય કરી શકે તેજ કુમારપાલે કરેલા દાનની ગણના કરી શકે. ૫૦

એમ નિદાન રહિત દાન નિરંતર કરતો ચંદ્રકલા જેવું ઉજ્જ્વલશીલ પાળતો વિચિત્ર તપ કરતો નિત્ય ભવન શાસન એવા સદ્ભાવની ભાવના કરતો તે પૃથ્વીતલને ક્ષોભ પમાડનાર એવા દુર્જય કલિકાલરૂપી મલ્લનો પરાજય કરતો હવો. ૫૧

શ્રી રત્નસિંહ ગુરૂ ચરણ કમલના ભ્રમર શ્રી ચારિત્ર સુંદર કવિએ રચેલો કુમાર, ચરિત્રનો વરદાન નામક અષ્ટમ સર્ગ સમાપ્ત. ૫૨

## ઈતિ અષ્ટમક: સર્ગ:

સંદેહરૂપી અંધકારનું નાશ કરનાર ગુરૂને તેણે હવે સર્વજ્ઞ જાણ્યા. પ્રત્યક્ષ રીતે સાક્ષાત્ જણાતા મહાપુરૂષના પ્રભાવ ઉપર કોને પ્રતીતિ નથાય! ૧

શમ જલના રાશી એવા તેમને એકવાર નમન કરી મહા ભક્તિપૂર્વક રાજાએ પૂછયું કે હે ભગવન્! પૂર્વભવમાં મેં શું કર્મ કર્યું હશે કે હુ આવો થયો છુ. ૨

અસત્યને જાણનાર પણ નહિ એવા મુનીશ્વરે કિંચિત્ સ્મિત-પૂર્વક તેને કહ્યું કે હે ભૂપ! વિશ્વ માત્રમાં શ્રી જિન વિના ભવસ્વ-રૂપને કોઈ જાણતું નથી. ૩

ભવસ્વરૂપ, પુદ્ગલોના વિવર્તન, સમ્યક્ કર્મગતિ જિનેન્દ્ર કે શ્રુતધારી વિના અન્ય કોઈ પૃથ્વી ઉપર તો જાણી શકે નહિ. ૪

જેનો વિચાર કરવા હે નરેશ! શ્રુતધારીઓ પણ સમર્થ નથી તેમાં અમારી શી શક્તિ! જે અંધકારનો નાશ કરવાને સૂર્ય સમર્થ નથી તેને એક તણખો શી રીતે હણનારો છે?. ૫

માટે કાલ વિચારજ્ઞ એવા એ રાજન્! આવો આગ્રહ કરવો મૂકીદો, સાધ્ય કાર્ય પ્રતિ જે ઉપક્રમ કરે છે તેજ જગતમાં ડાહ્યા કહેવાય છે. ૬

આ પ્રકારે નિષેધ કર્યો છતાં પણ ગુરૂને રાજાએ વારંવાર તેની તે વાત આગ્રહપૂર્વક પૂછ્યા કરી. વિદ્વાન્ પણ સ્વાર્થ પરાયણ હોય તો કદાચિત્ સારાસાર વિચાર કરી શકતો નથી. ૭

તેનો આગ્રહ ઘણો દૃઢ છે એમ જોઇને હવે શું કરવું એવો વિચાર કરતા સરલ હૃદયના મુનીશ્વરે, ભક્તદુઃખનો નાશ કરનારી પદ્માવતી દેવીનું સ્મરણ કર્યું. ૮

ધ્યાનાદિ દૃઢ ગુરૂને તે દેવીએ ત્વરાથી દર્શન દેઇ મારૂં શા કાર્યને અર્થે સ્મરણ કર્યું છે એમ પૂછ્યું, શાસનની ઉન્નતિ કરનાર સમ્યક્ચૂડામણિ! તને શી ચિંતા ઉપસ્થિત થઈ છે! આજ્ઞા કર, અને મને સત્વર તારા કાર્યમાં નિયોજ. ૯

સૂરિના કહેવાથી, પૂર્વ ભવની શોધ કરવા, શત્રુના સૈન્યને દળી નાખનારી તે પૂર્વ દિશામાં વિદેહ નામના ક્ષેત્રમાં ગઇ, ત્યાં તેણે આધ, અનાદિ સંસારનો ક્ષય કરનાર, ભવ્ય પંક્તિથી સેવિત, વિધમાન અર્હિતોમાંના શ્રી સીમંધરને નમન કર્યું. ૧૦

તે સમયે દેવાસુર માનવાદિ કોટિ કોટિ ચોપાસ બેઠા છે તેમના આગળ ભગવાને દેશના કરી, અને સંસારોચ્છેદ કરનાર એવો જે ચતુર્ધા ધર્મ તે કહી બતાવ્યો. ૧૧

દેશનાંતે અવસર જોઇને તેણે સૂરિની વિનતિ જિનને કહી, એટલે વરણૈકચિત્ત એવા તેમને તથા નૃપને જિનેશ્વરે બહુ વખાણ્યા. ૧૨

એ સમયે દેવીએ જગદેકનાથ એવા તેમને પૂર્વ ભવની વાત પૂછી એટલે જ્ઞાનથી સમસ્ત ભાવને જાણનારા અને ક્રિયાવાન્ એવા જગદ્ગુરૂ તે કહેવા લાગ્યા. ૧૩

જિને રાજાના અવતારો જેવા કહ્યા તેવાજ દેવીએ બધા હૃદયમાં ધારણ કરી રાખ્યા, ઉજ્જવલ એવા દર્પણમાં. પુરસ્થ રૂપ, જેવું હોય તેવુંજ નથી દેખાતું શું ? ૧૪

પછી દેવાધિદેવને ભક્તિ પૂર્વક પ્રણામ કરીને દેવી પાછી આવી;-જેના ચિંતનથીજ સર્વ સિદ્ધિ થાય તેને પોતાને વિલંબ ક્યાંથી થાય?

જિનેંદ્રે કહેલું વૃત્તમાત્ર, તેમના અનિષ્ટને હણવા ઈચ્છતી તેણે ગુરૂને વિદિત કર્યું, અને પોતાની પ્રભાથી દિશામાત્રને પ્રદીપ્ત કરતી તે એકાએક અંતર્ધાન થઇ ગઈ. ૧૬

માયા રહિત એવો રાજા પ્રભાતે પ્રભુને નમન કરવા આવ્યો, અને ઇન્દ્રગુરૂ જેવા તેમને પ્રણામ કરીને ઇંદ્ર જેવો તે તેમની સામે બેઠો. ૧૭

સર્વજનો ત્યાં બેઠા હતા તેમની સમક્ષ રાજાએ પુનઃ તેનો તેજ પ્રશ્ન કાઢયો, પ્રારબ્ધની સિદ્ધિ થયા વિના સત્પુરૂષો કદાપિ શાન્તિ પામતા નથી. ૧૮

ત્યારે ભૂપાદિ સર્વ સભ્યોના સામું જોઈ મુનીશ્વરે કહ્યું કે જેમાંથી જ્ઞાન માત્ર અસ્ત પામી ગયું છે એવા આ કલિકાલમાં કોઈ એ પૂર્વ ભવનું સ્વરૂપ જાણી શકતું નથી. ૧૯

જગદેક બંધુ શ્રી સીમંધર પ્રભુએ દેવી દ્વારા જે પ્રકારે કહ્યું છે તે પ્રકારે હું તને તારા ભવની વાત કહી બતાવુ છું તે હે વર્ણનીય તું સાંભળી લે. ૨૦

માલવદેશ અને મેદપાટદેશની અંદર અતિ વિખ્યાત અને સર્વ શુભસ્થાન એવુ જયપૂર નામે નગર છે, ત્યા કોટીશ્વરોના કોટિ ભવનો ઉપર પવનથી ફરકતી પતાકાઓ જાણે દિશાઓની તર્જના કરી રહી છે. ૨૧

શત્રુ રૂપી હાથીનો સિંહ, નયપારંગત, લોક રક્ષા કરવે નિપુણ નિઃસીમ શૌર્યથી ભરપૂર, એવો જયકેસરી નામે ત્યાં રાજા હતો; એના પ્રતાપથી પરાભૂત આ સૂર્ય અદ્યાપિ પણ કોઇ એક સ્થાને સ્થિર ન ઠરતાં ડરીને દિશા દિશામાં નાસાનાસ કર્યાજ કરે છે. ૨૨

ક્રમે કરીને તેને પરાક્રમીઓમાં શ્રેષ્ઠ એવો **જયંત** નામનો પુત્ર થયો પણ યૌવનમાં નીચ જનના પ્રસંગથી તે દુષ્કર્મ પરાયણ થઈ ગયો. ૨૩

ધનવાનનુ ધન બલાત્કારથી તે હરવા લાગ્યો, પરસ્ત્રીઓનો છલ પ્રયોગથી ભોગ કરવા લાગ્યો, અને સાધુ સંગથી વિમુખ એવો તે, અપરાધ વિનાજ સાધુ લોકને મારી નાખવા લાગ્યો. ૨૪

તેના પિતાએ રોષ કરી પોતાના દેશમાંથી સાધુનો નાશ કરનાર એવા તેને પાર કર્યો, અહો! જે મહા ચારિત્રવાન્ છે તે નીતિહીન એવા સ્વપુત્રને પણ સહન કરતા નથી. ૨૫

દેશ બહાર જઇને કર્ણુટમાં પોતાનો નિવાસ કરી તે પલ્લી પતિ થયો, ઘુવડની પેઠે તસ્કરોનો પણ નિવાસ, શૂર * ભીતિથી ગુહામાંજ થાય છે. ૨૬

માર્ગે જતા સાર્થોને તે મથી નાખવા લાગ્યો, તેમનુ વિત્તમાત્ર લેઇ લેવા લાગ્યો, અને પર્વત મધ્યવાસી એવા તેનો કોઇથી નિગ્રહ થઇ શક્યો નહિ. ૨૭

ભીલ લોકોના સમૂહને સાથે લેઇ તે ચોપાસા ધાડ ચોરી કરવા લાગ્યો, વૃશ્ચિકથી દંશાયલો વાનર સ્વભાવથીજ ચપલ હોઈ શી શી ચેષ્ટા કરતો નથી? ૨૮

એવામાં **નરવીર** નામના સાર્થવાહનો એક અતિધન પૂર્ણ સાર્થ ત્યાં આવ્યો, તેને પણ આ ક્રૂર પુરૂષે અતિ લોભે કરી, નાહલવ્યૂહ‡ બલના મિષથી લૂટ્યો. ૨૯

અનર્થ કર એવા અનેક ભીલ લોકોને જોઇ સાર્થવાહ નાશી ગયો, જીવતાં રહેવાય તો જે અર્થ પ્રાપ્ત કરી શકાય તેવા અર્થને અર્થે કિયો પંડિત પ્રાણ તજે? ૩૦

સાર્થને લૂટી, બહુ લાભથી પ્રસન્ન થઈ, ભિલ્લોનો નાથ પોતાની પલ્લીમાં ગયો, પણ અતિ પીડા પામેલો નરવીર સાર્થવાહ ફરિયાદ કરવા માટે માલવ નાથ પાસે ગયો. ૩૧

નૃપને સમસ્ત વૃત્તાન્ત નિવેદન કરી, અતિ દીર્ઘ રોષવાળો તે દર્પ થકી બોલ્યો કે, હે નરેશ્વર! મને સૈન્ય આપો કે હુ તેને હણીને મારૂં ધન પાછુ પ્રાપ્ત કરૂં. ૩૨

તેનો નિગ્રહ કરવાને, તેને રાજાએ બહુ સૈન્ય આપ્યું એટલે તેણે રાત્રી સમયે પલ્લીને ઘેરો ઘાલ્યો, નાહલપતિ તે દેખીને ચોરની

---

* શૂર એટલે શૂર લોક એ સ્પષ્ટજ છે, પણ શ અને સ ને સંસ્કૃતમાં આવા શ્લેષ સંબંધે સમાન ગણે છે એટલે શૂર અર્થાત્ સૂર્ય એ અર્થ ઘુવડ પક્ષે લાગુ થાય છે તે લક્ષમા આણવા જેવો છે.

‡ ગામનું નામ છે.

પેઠે નાશી, બધું રહેવા દઇને, પર્વતના શિખર ઉપર એકલોજ ચઢી ગયો. ૩૩

નાથવિનાના તે કર્બુટને, મિત્રકે શત્રુ કોઈ જોયા વિના, દુષ્ટબુદ્ધિ વાળા, મદોદ્ધત સાર્થવાહે લૂટ્યું, અને ગર્ભભારથી મંદગતિએ ચાલતી નાહલેશ્વરની પત્ની જે દીન મુખે જતી હતી તેને દયાહીન અને નયહીન એવા તેણે પકડીને સાથે લીધી. ૩૩

તેનું ઉદર ચીરીને વૈર વાળવા માટે તેણે તેના બાલકને પથરા ઉપર પછાડી મારી નાખ્યુ, ક્રોધાંધ ચિત્તવાળા પુરૂષો ક્ષણવારમાંજ મહા અકાર્યને કરી દેછે. ૩૪

અગ્નિ જેવી ઉગ્ર મૂર્ત્તિવાળા તેણે, પલ્લીનું સર્વસ્વ લઈ લીધા-પછી તેને અગ્નિ મૂકી સળગાવી દીધી, અને વેગે કરીને પોતે કાર્ય સાધી કૃતાર્થતાનું અભિમાન ધારી, રાજા પાસે ગયો. ૩૫

મદોદ્ધત એવા તેણે સભાની સમક્ષ પોતાનું સમગ્ર ચરિત્ર પોતાની જાતેજ, રાજાને કહી બતાવ્યું, તો તેમાં પેલી સ્ત્રી અને તેના બાલકનું જે દારૂણ મરણ તે સાંભળી રાજા કંપી ગયો. ૩૬

નીચમાં નીચ જાતિવાળો પણ આવું કર્મ કરે નહિ તો અન્ય જાતિની તો વાતજ શી એમ વિચારી સર્વ ગાત્રે કંપ પામતા સભા-સદો તેની, ધિક્કારપૂર્વક નિંદા કરવા લાગ્યા. ૩૭

તેના કર્મની નિંદા કરતા ભૂપતિએ પણ તુરતજ તેનું ઘરબાર લૂટી લેઇ અપમાન કરી, તેને દેશપાર કર્યો. ૩૮

આવા દુષ્કર્મથી સર્વત્ર નિંદાતો તે તૃણ જેવો હલકો પડી ગયો, અને અત્યુગ્ર પુણ્ય પાપનું ફલ અત્રજ મળે છે એ ઉક્તિ એના વિષયે સત્ય થઈ. ૩૯

દુ:ખથી ક્લેશ પામતો તે પ્રયાગ જઇ તાપસ થયો, પ્રાય: જનોના ધિકારથી ભ્રષ્ટ થયેલા જનો બહુ નિર્વેદ પામી જાય છે. ૪૦

ત્યાં શિવ પૂજન પરાયણ રહી તેણે અતિ તીવ્ર કૃચ્છ્ર નિરંતર કર્યા, અને દોષ ક્ષયાર્થે તેણે અતિ ઉગ્ર તપથી શરીર શોષી નાખ્યું. ૪૧

આ પ્રકારે વિશુદ્ધ શિવ ધર્મને પાલતો તે યતિગણનો મુખ્ય થઇ પડયો;—સદાચાર પરાયણ યતિ સર્વદા લોકમાં મહા પ્રતિષ્ઠા પામે છે. ૪૨

કાલ જતાં તે મરણ પામી અત્ર પત્તનને વિષે શ્રી સિદ્ધરાજ થયો, નિદાન વિના કરેલા તપથી અત્ર શું પ્રાપ્ત નથી થતુ ? ૪૩

રાજાએ, સર્વ ધન લૂટી લેઇ, બહુ પ્રકારે અપમાન કરી, નય રહિત એવા સાર્થવાહને પૂર્વે ન કાઢી મૂકેલો તેથી સિદ્ધરાજે માલવદેશને અતિ હઠથી પીડા કરી અને પૂર્વે જેણે પોતાની નિંદા કરેલી એવા લોકોને પોતાના શત્રુની પેઠે હેરાન કર્યા. ૪૪

પૂર્વે જન્મમાં કોપ કરીને માતા સહિત બાલકને મારી નાખેલું તેથી જયસિંહ દેવ ભૂપાલ આ જન્મમાં પુત્ર રહિત થયો, જંતુ માત્ર પોતાનાં કરેલાં શુભાશુભ કર્મ આ સંસારમાં ભોગવે છે અભુક્ત એવું કોઈ પણ કર્મ વિલય પામતુ નથી. એમ કર્મ સ્થિતિ અતિ વિષમ છે. ૪૫

છેલા જિન પતિનો નીચ ગોત્રમાં અવતાર, મલ્લિનાથનું અબલાત્વ, બ્રહ્મદત્તનુ અંધત્વ, ભરતનૃપ જય, કૃષ્ણના સર્વ નાશ, નારદનુ નિર્વાણ, ચિલાતી સુતને મહા પ્રથમ પરિણતિ એમ ત્રૈલોકયને આશ્ચર્ય પમાડતી કર્મ નિર્માણ શકિતજ વિજ્યતી છે. ૪૬

એમ આ સંસારરૂપી નાટકમાં કર્મવશ વર્તતો જંતુ, નટવત્ અનેક ચેષ્ટા કરવામાં વિવિધ માયામય રૂપ ધરતો, જ્યાં સુધી સર્વ અંધકારનો નાશ કરનાર સમ્યકત્વ રત્ન પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી, કેઇ કેઇ યોનિને તજતો નથી ને કેઈ કેઇ ને ભજતો નથી અને વેદના અનુભવતો નથી ? ૪૭

## ઈતિ નવમો પ્રથમો વર્ગઃ

હવે સમસ્ત માન જેનું નાશ પામ્યું છે એવો **જયતાભિધાન** જે પેલો પલ્લી પતિ તે સર્વ સમૃદ્ધિ વિમુખ થઈ ગયો; અથવા રિપુ પાસેથી મરમ પરાભવ પામી કિયો હીનધનવાળો દીનતાને પામતો નથી? ૧

એકલો છતાં પણ ચારે પાસા ચોરી કરવા લાગ્યો, માર્ગમાં દુર્બલોનું વિત્ત હરી લેવા લાગ્યો, વનમાં નિત્ય મૃગયા કરવા લાગ્યો, બુભુક્ષિત શું પાપ કરતો નથી! ૨

એકવાર **યશોભદ્ર** નામે પ્રસિદ્ધ સૂરિવર ત્યાં આવી ચઢયા તેમને જોઇને, કોઇની પણ પરવા નકરનારો તે, હાથમા ભાલો લેઇને, તેમના લૂગડા લુટી લેવા દોડયો. ૩

ધનુષને ચઢાવી, યતિના ઉપર તાકીને તે મહોટેથી બોલ્યો, અરે! તારા બધા વસ્ત્ર ઝટ મૂકી દે, નહિતો મુમુક્ષુ એવા તને મારી નાખીશ! ૪

અતિ ક્રૂર એવા તેને પુરઃસ્થિત જોઇને સૂરિએ મૃદુનાદથી કહ્યું કે પ્રાગ્ ભવનાં દુષ્કૃત તું ભોગવે છે તેમાં વળી પુનઃ તેવાંજ કરીને શા માટે વધારો કરે છે? ૫

પ્રાણી મદથકી જે કર્મ, સ્વધર્મ તજીને હસતે હસતે સહસા કરે છે, તેના કોઇ અવર્ણ્ય ફલ રૈરવ નરકને વિષે (રોતે રોતે) ભોગવે છે. ૬

જીવ આ ભવમાં પોતે એકલોજ આવે છે અને ભવાંતરમાં પણ પોતે એકલોજ જાય છે અને પોતે એકલોજ પૂર્વ કૃતકર્મનું શુભાશુભ ફલ પણ ભોગવે છે. ૭

પરસ્ત્રી ગમન, પરાર્થ હરણ, પર પ્રાણઘાત, એ ત્રણ વિના અધિક પાપ બીજુ કોઈ નથી, એટલે એ ત્રણના ત્યાગ તુલ્ય પુણ્ય પણ અત્ર બીજું નથી. ૮

જીવિતને વિદ્યુચ્ચલ જાણતો, યૌવનનેમેઘમાલા જેવું ચંચળ જાણતો, મત્તાંગનાપાંગ જેવું વિત્તને ચપલ જાણતો વિવેકી તે વાતને અર્થે પાપ કરતો નથી. ૯

ત્યારે તું આર્ય થઈને, મર્મને દૂર મૂકી નિશાદની પેઠે આવો અધર્મ શું કરે છે? કૃતજ્ઞ પુરૂષે કોઈવાર પણ પોતાના ઉદાર એવા જે કુલધર્મ ને દેશધર્મ તે તજવા નહિ. ૧૦

ગુરૂ વચન–સુધાથી આ પ્રમાણે પ્રસિક્ત થતાં તેના હૃદયરૂપી વનમાં જામી રહેલો કોપાગ્નિ ઓલવાઇ ગયો, અને સંવેગ વૃક્ષ તુરતજ વૃદ્ધિ પામ્યો. ઉત્તમ પુરૂષોને કરેલો સદુપદેશ વ્યર્થ જતો નથી. ૧૧

અહો ! ( મે બહુ વિરૂદ્ધ કર્મો ) આ જન્મ ધર્યો ત્યારથી અ-નીતિને માર્ગે રહી કર્યા;–જલ, મૃત્તિકા, અનેક તીર્થ ઇત્યાદિ કશાથી મારી શુદ્ધિ થવાની નથી; એવી તેના મનમાં ચિંતા થવા લાગી. ૧૨

વાણીનો નિરોધ કરનારમાં મુખ્ય એવા તેમને તેણે કહ્યું હે યતીશ્વર ! આપનું આ કહેવું યથાર્થ છે, પણ કર્મ રહિત એવો હું તેનું ઉદર પોષણ આવા દુષ્કર્મ વિના થઇ શકે એમ નથી. ૧૩

પૃથ્વી ઉપર વિખ્યાત એવા અતિ ઉજ્જવલ રાજકુલમાં મારો જન્મ છે, પણ હે યતીશ્વર ! દુષ્કર્મવશે કરીને હું આવી અતિ શોચનીય દશામાં પડયો છું. ૧૪

મેં અધર્મે, હે નાથ ! કુલ, શીલ, યશ, સુખ, સર્વનો વિનાશ કર્યો છે, મારા જેવાનો જે જન્મ તેના ભવે ભવે કેવલ અન્ન વિના-શને અર્થેજ છે. ૧૫

સંવેગ વેગ થઈ આવવાથી તેણે પોતાના આત્માની વારંવાર નિંદા કરવા માંડી, પરંતુ એમ તેને શુભ ભાવયુક્ત ભવ્ય જાણીને દયાળુ સૂરિએ આ પ્રમાણે કહ્યું. ૧૬

હે ઉચ્ચ બુદ્ધિવાળા! આવી નીચ વૃત્તિ તજીને તું અમારી સાથે ચાલ, કે એમ કરવાથી ધર્મના પ્રભાવે કરી તે તારા બન્ને જન્મ સફલ થાય ૧૭

ગાંભીર્ય ગુણથી રમણીય એવી ગુરૂની વાણી સાંભળી કર્ણે અ-મૃતપાન કરી, જયત તેજ ક્ષણે શાંત થઈ, ભવભયથી ત્રાસી, તેમની સાથે ચાલ્યો. ૧૮

અર્ધક્ષણ પણ સજ્જનનો સંગ થાય તો પુરૂષના સમગ્ર પાપનો નાશ થઈ જાય છે, ચિરકાલના ભેગા થયેલા અને સારી પેઠે જામેલા પણ તાપની સુધાના એક કણના પણ પાનથી શાન્તિ થઈ જાય છે. ૧૯

ગુરૂ સાથે તે ગયો, સર્વ સુશ્રાવકો પાસેથી પુષ્કળ માન પામવા લાગ્યો, અને એમ કરતાં તિલંગ દેશમાં ઉલંગર નામે નગરમાં તે જઇ પહોંચ્યો. ૨૦

ત્યાં સમસ્ત વણિજોમાં શ્રેષ્ઠ એવો એક પ્રૌઢ બુદ્ધિવાળો શેઠી એ પાતકને દૂર કરનાર એવા સૂરીને વંદવા માટે હર્ષથી આવ્યો, તે બુદ્ધિમાને પોતાનો કરવાનો સમગ્ર વિધિ યથાર્થ રીતે કરીને શ્રદ્ધા પૂર્ણ મનવાળા જયતને ગુરૂ આગળ બેઠેલો જોઇ, આ કોણ છે એમ પૂછ્યુ. ૨૧

ગુરૂના વચનથી તેનો વૃત્તાંત જાણી ચતુર એવા તે શ્રાવક શિરોમણીએ ભવ્ય દેહવાળા અને વિનીત એવા તેને દયાર્દ્ર ચિત્તથી, પોતાને ઘેર લેઇ લીધો, જયત પણ ત્યાં તેના પુત્રની પેઠે કર્મ કરતો સુખમાં રહ્યો;—સંતાપને હરનારૂં એવું માનકારિસ્થાન પ્રાપ્ત કરીને કિયો બુદ્ધિમાન્ તેને તજે?. ૨૨

પછી સદાચાર પાલવાથી તે ક્ષણવારમાં ધર્મપ્રિય થયો, કઠોર છતાં પણ લોહ, સિદ્ધરસના પ્રસંગથી સુવર્ણ કેમ ન થાય ? ૨૩

એક સમયે સર્વે પૂજોપચાર લેઇને શેઠની સાથે તે વિહારમાં ગયો અને શ્રી ધર્મ પર્વને વિષે લોક માત્રને જિનાર્ચન કરતા જોઇ વિચાર કરવા લાગ્યો કે જિન પૂજનથી કરીને જે પોતાના જન્મને નિત્ય સાર્થક કરે છે એવા આ લોકને ધન્ય છે, આવું મહત્ પર્વ પ્રાપ્ત થયા છતાં પણ મારા સમાનદીન અને પુણ્યહીન કોઇ હશે નહિ. ૨૪-૨૫

પૂર્વ ભવમાં મે પુણ્ય કરેલું નથી માટે આ જન્મમાં આવો થયો છુ અને હજી પણ પુણ્ય વિવર્જિત હોવાથી આવતા ભવમાં મારી ગતિ આ કરતાં પણ વધારે અધમ થશે. ૨૬

કેટલાક ધન્ય પુરૂષો એકજ જન્મથી સો જન્મને જીતે છે, અને પુણ્ય રહિત એવા કેટલાક પ્રમાદી એકજ જન્મથી સો જન્મને હરે છે. ૨૭

ધર્મ, અર્થ, કામ એ ત્રણથી રહિત એવો હું મનુષ્ય છતાં પશુ જેવો છું, સર્વોત્તમ એવો મનુષ્યજન્મ પ્રાપ્ત કરી તેને મેં વ્યર્થજ ગુમાવ્યો, મને ધિક્કાર છે. ૨૮

દુષ્પ્રાપ્ય એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને જે મૂઢબુદ્ધિવાળો ધર્મ આચરતો નથી, તે બહુ ક્લેશથી પ્રાપ્ત કરેલા ચિંતામણિને પ્રમાદથી, મહા સમુદ્રમાં પાડી નાખે છે. ૨૯

આવી ચિંતા કરી નેત્રમાંથી ઝરતા અશ્રુપૂરે પૃથ્વીને સિંચતા તેને, દયાલુ અને જિન ભક્ત એવા પેલા શેઠે દીઠો. ૩૦

તેણે બહુ આગ્રહ કરીને પૂછવાથી જયતે પોતાની વાત સમજાવી, તે સાંભળીને તેણે કહ્યું કે તને આવો ઉત્તમ ભાવ થયો છે તેટલાથીજ તુ ધન્ય છે. ૩૧

કર્પૂર, અગુરૂ, ચંદન આદિ આ જે છે તે લે અને તું પૂજા કર, ખેદ શા માટે કરે છે ! ધર્મ પ્રભાવથી તને સર્વ રીતે શુભ થશે; પોતાના ખરા મનોભાવથી ભવ્ય જીવે એકવાર પણ કરેલી જિનેશ્વરની પૂજા, અશોકની પેઠે, મહોટું સામ્રાજ્ય આપે છે. ૩૨

વિચારવાન્ એવા તેણ ઘણો સમય મનમાં વિચાર કર્યો કે જેનું દ્રવ્ય તેનેજ પુણ્ય જાય છે; અને પછી પોતાની પાસેની પાંચ કોડીના પુષ્પ વિવેકપૂર્વક આણ્યા, અને ભક્તિના રસથી થઈ આવતાં રોમાંચ સમેત તેણે શ્રી જિનની પૂજા કરી, અને પોતાને ધન્ય માનતાં તેણે સકલ સુખકર એવા શ્રી પ્રભુને માન રહિત થઈ વંદના કરી. ૩૩

હે દેવ ! તમારા ચરણ કમલના દર્શનથી આજ મારાં બે નેત્ર સફલ થયાં. હે ત્રિલોક તિલક ! આજ મને આખો સંસારસમુદ્ર એક ખોબલા જેવોજ લાગે છે. ૩૪

આ પ્રકારે જિનપતિની સ્તુતિ કરી તેમને પ્રણામ કરીને સુંદરા શય વાળો તે પોતાને સાથે ગયો, ને તે શુભ દિવસે તેણે મહદ્દાસના અંતઃકરણમાં રાખીને ઉપવાસ કર્યો; આવો તેનો પૂર્ણ વિવેક જોઇને સુકૃત ઉપરજ વૃત્તિવાળા શેઠે પરમ હર્ષ પામી તેને પોતાના પુત્ર-તુલ્ય માન્યો;—અથવા પોતાના ગુણ થકી જગત્‌માં કોણ માન્ય નથી થતું ? ૩૫

થોડાકજ દિવસમાં મહાન્ શુભ ભાવને ધારણ કરતો તે અન-શન ગ્રહણ કરી, જિનેશ્વરનું સ્મરણ કરતો પોતાનાં દુષ્કૃતની નિંદા કરતો, મરણ પામ્યો, અને ગુર્જર મંડલમાં ત્રિભુવનનો કુમાર એ નામનો દેવતાજેવા શરીરવાળો પુત્ર થયો તેજ આ ભવમાં આપ પોતે છો. ૩૬

હે રાજન્! પૂર્વભવમાં શ્રેષ્ઠીના સંગથી પચાસમે વર્ષે તેં અમિત શ્રેય પ્રાપ્ત કર્યું માટે આ ભવમાં પણ તેટલાંજ વર્ષ જતાં તને ઉત્તમ રાજ્ય પ્રાપ્ત થયું. ૩૭

પૂર્વે જન્મના પ્રથમ ભાગમાં તેં પાપ કયુ હતું માટે આ જન્મના પૂર્વ ભાગમાં પણ તને દુઃખ પડયું, હે નરેશ! લક્ષ કલ્પે પણ જે શુભાશુભ કર્મ તે અત્ર ભોગવ્યાવિના કદાપિ ક્ષીણ થતું નથી. ૩૮

એ ઉઢર નામના શેઠીઓ મરી ગયા પછી આ ભવમાં તારો ઉદયન મંત્રી થયો છે, અને વાગ્ભટ્ટ અને અમ્રભટ્ટ નામના તારા મંત્રી તે પણ તેના પુત્ર છે. ૩૯

પૂર્વે જન્મના સ્નેહે કરીને એ સર્વેની આ ભવમાં પણ પ્રીતિ જામી છે, પૂર્વે જન્મમાં જેણે જે આરાધ્યુ હોય છે તેને તેનું તે, હે નરેશ! પુનઃ પ્રાપ્ત થાય છે. ૪૦

અત્ર જિન ધર્મની સમ્યગારાધના કરી, ધર્મોન્નતિ વિસ્તારી, વિષ પ્રયોગથી મૃત્યુ પ્રાપ્ત કરીને તું સમાધિલીન રહિ સ્વર્ગમાં જવાનો છે. ૪૧

અમે પણ ચિરકાલ સુધી સંયમ પાલી, અનશન વિધિથી સુખે મૃત્યુ પ્રાપ્ત કરી, હે આર્યે, સર્વ સુખથી રમણીય, અને શોક રહિત એવા ચતુર્થ દેવ લોકમાં જઈશું. ૪૨

પાછા ભરત ભૂમાં ભવ્ય નરત્વ પામી, સુકૃતમાત્ર કરી, ભોગાભિલાષ તજી, ઉત્તર વયમાં શુદ્ધ સંયમ પાલી. વિપત્તિ વિનિર્મુક્ત એવા શિવ પદને આપણે પામીશુ. ૪૩

શ્રીમત્સીમંધરે કહેલો વૃત્તાન્ત પદ્માદેવીને મુખેથી મેં જેવો સાંભળેલો તેવો ભૂત અને ભાવિ તને કહી બતાવ્યો, એમાંથી જિન સેવા વડે તેં અતિ મહાન ફલ પ્રાપ્ત કર્યું છે તે સમજી તેનાને તેના ઉપરજ ચિત્તને અવિચલ કરીને સ્થાપી રાખજે. ૪૪

રાજાએ પ્રભુને કહ્યું કે આપ આ બધું કહો છો તે સત્ય છે તથાપિ ચિત્તને નિ:સંશય સ્પષ્ટ પ્રત્યય થાય એવું કાંઈ પ્રમાણ છે? ત્યારે ગુરૂએ કહ્યું ઉઢર શેઠને ઘેર અદ્યાપિ પણ એક વૃદ્ધ દાસી છે તેને પૂછવાથી તે સમગ્ર વૃત્તાન્ત કહેશે. ૪૫

તે ઉપરથી રાજાએ પોતાનાં માણસ મોકલી પરીક્ષા કરી જોઇ અને વાત યથાર્થ જણાતાં, તે મનમાં બહુ આશ્ચર્ય પામ્યો; બહુ હર્ષથી તેણે સૂરીશ્વરને "કલિકાલ સર્વજ્ઞ" એવી ઉપમા આપી અને એ નામ સૂર્યની પ્રભાની પેઠે આખી પૃથ્વી ઉપર પ્રસરી ગયું. ૪૬

વિમલજ્ઞાન ભાનુની પ્રભાથી સંદેહનો આ પ્રકારે ધ્વંસ કરતા મિથ્યા મતને ભેદી નાખતા, ત્રિદશોથી પૂજાતા, જૈન ધર્મને સ્થાપતા, નવી વાણીથી સર્વજ્ઞ સ્તુત્યાદિ નવાં નવાં વિરચતા, શ્રી હેમ ચંદ્ર સૂરિ આ કાલના સર્વજ્ઞ હોઈ પરમ વિજયી વર્તે છે ૪૭

શ્રી રત્નસિંહ ગુરૂ ચરણ કમલના ભ્રમર ચારિત્ર સુંદર કવિએ રચેલા કુમારપાલ ચરિતનો સ્વભાવથીજ રૂચીકર એવો ભવ વર્ણન નામે નવમો સર્ગ સમાપ્ત થયો. ૪૮

## ઇતિ નવમઃસર્ગઃ

સૂરિવરની સેવા કરતા તેણે ઘણાક સમય મહોત્સવોને વિષે ગાળ્યો, અને પરસ્પરનો વિયોગ સહન કરવાને અસમર્થ એવા તેમની બેની વચ્ચે નખ અને માંસ જેવો નિત્ય સ્નેહ થઈ રહ્યો. ૧

રાજાને પ્રીતિ પ્રતીતિ, પ્રભુતા, પ્રતિષ્ઠા, પ્રાપ્ત થયાં અને ગુરૂ તથા ધર્મપર ત્રણે લોકમાં પરમ શ્રદ્ધા શુક્લ પક્ષના ચંદ્રની કલાની પેઠે વૃદ્ધિ પામવા લાગી. ૨

શ્રી મૂલરાજના વંશના ભૂપાલોને અંતકાલ સમયે કુષ્ઠ મહા વ્યાધિ, લક્ષ નરેશની માતાના શાપથી, સતીના અપમાનને લીધે, થયા કરતો હતો, તે સર્વે અંગનો ભંગ કરનારો અને ભોગ માત્રની હાનિ કરનારો રોગ કુમારપાલને થઇ આવ્યો, અને તેની વેદનાથી સર્વે ગાત્રે નિવ્હાલ થઈ રાજા જંપીને બેસવા પણ પામ્યો નહિ. ૩–૪

માંત્રિક, ગણક, * વૈદ્ય કોઈપણ તે રોગને કાઢી શક્યા નહિ; મર્યાદા મૂકીને ઉલટેલા જલ રાશિને ગમે તેવો સમર્થ પણ કોણ રોકી શકે એમ છે ?. ૫

તે વ્યાધિની પીડાથી બહુ દુઃખ પામતા તેણે સૂરિને એ રોગ કેમ શાન્ત થાય તે વિષે પૂછ્યું, દુર્ભિક્ષના દુઃખથી પીડાતા લોક મેઘ વિના બીજા શાનું સ્મરણ કરે ? ૬

કુમારપાલનું આયુષ્, હજી ઘણું છે એમ જાઈને અતિ ચતુર એવા તેમણે વિચાર કરી કહ્યું કે કોઇ અન્યને રાજ્ય ઉપર બેસાડવામાં આવે તો આ વ્યાધિ તને તજીને જાય. ૭

ઘણો વખત વિચાર કરીને ચાતુર્ય નિધિ એવા તેણે વાકસંયમીમાં મુખ્ય એવા તેમને કહ્યું કે સત્વ વિના તો હે ભગવન્ ! શ્રી વિક્રમાર્ક પણ પૂર્વે ચિરાયું થઇ શક્યા નથી. ૮

---

* જોષી.

દયાર્દ્ર ચિત્તવાળા જીમૂતવાહને સ્વદેહ દાનથી પારાપતનું રક્ષણ કર્યું છે, અને દયાવાન્ શ્રીનેમિજિને રાજ્ય સમેત રાજીમતીને રજની માફક તજી છે. ૯

ધર્મના મર્મને જાણનાર કર્ણે પોતાના વચનને અર્થે પોતાના શરીરની ચામડી આપી છે. અને આયુષ્ ને કેવળ અસ્થિર જાણતા દધીચિએ પોતાનાં હાડકાં આપ્યાં છે ૧૦

પરમાર્થને જાણનારો હું મારા જીવિતને અર્થે કેમ હણું ? રંકને રાજા સર્વને જગત્માં મૃત્યુની ભીતિ અને જીવિતની આશા સરખી છે. ૧૧

મારિનું સર્વત્ર નિવારણ કરી, મારા પોતાના અર્થને માટે તેનાજ સ્વીકાર કરૂં તો લોકમાં મારી બહુ હાંસી થાય, ગમે તેવા કષ્ટમાં પણ ઉત્તમ ધર્મનો ભાવ જેમનો કદાપિ નષ્ટ થતો નથી એવા સત્પુરૂષો પોતાના નિયમને તજતા નથી ૧૨

સુધારસાર જેવી અને દયાને વર્ધાવતી આવી વાણી સાંભળીને યતીશ્વર બોલ્યા કે હે રાજન્! હું જાતેજ તારા રાજ્ય ઉપર બેસીને તારૂં દુઃખ લેઇ લેઇશ. ૧૩

પ્રભુના મુખ કમલ સામું વારંવાર જોતો રાજા બહુ આશ્ચર્ય પામી બોલ્યો કે આવું અયોગ્ય કામ હું કેમ કરૂં ? માટે હે આર્યવર ! વિચાર કરીને જે કાંઇ યોગ્ય હોય તે બતાવો. ૧૪

પિચુમંદના વૃક્ષનેઅર્થે કલ્પદ્રુમને કે કાચને અર્થે ચિંતામણિને કોણ ભાંગી નાખે ? કે બકરીને અર્થે કામધેનુનો અથવા ગર્દભને અર્થે હાથીનો કોણ વિનાશ કરે ? ૧૫

સંસાર સમુદ્રની પાર ગયેલા, વિશ્વના એક સારરૂપ, કામ મોહાદિનો પરાજય કરી ચૂકેલા, જગત્ માત્રનું હિત કરનાર, એવા આપને હણીને ગુણજ્ઞ એવા હું મારા ગુણહીન શરીરને કેમ સાચવું ? ૧૬

હે રાજન્! મારા અંગમાં રોગ આવશે એટલે તેને, યોગ બલથી, દૂર કરવાની મને શક્તિ છે, માટે વિલંબ કર્યા વિના, હું કહું છું તેમ તારે કરવું, એમ સૂરિએ કહ્યું. ૧૭

ત્યારે કુમારપાલે મહા મહોત્સવપૂર્વક સૂરીશ્વરને પોતાના રાજ્ય ઉપર બેસાર્યો, મોઢા આગળ ભેટ મૂકી તેમને તેણે નમન કર્યું, અને પોતાને હાથે તેમને માથે છત્ર ધર્યું. ૧૮

અન્ય ભૂપાલો પણ ભેટ લઈને મુનીશ્વરને આવી નમ્યા, અને બે મંત્રીઓ તેમની બે પાસા ઉત્તમ ચામરો ઉરાડવા માંડયા. ૧૯

રાજ્યથી વિમુક્ત એવા કુમારપાલને મૂકીને આ રોગ હવણાં ને હવણાં મને આવો એમ, સભાના દેખતાં, વાચંયમ * ચક્રવર્તી એવા મુનીશ્વર આનંદથી બોલ્યા. ૨૦

તેજ ક્ષણે કુમારપાલના શરીરને તજી દુષ્ટ વ્યાધિ સૂરિના શરીરમાં પેઠો, તૃતીયજ્વરની પેઠે ક્રુદ્ધ થઈને એ વ્યાધ પોતાના ભોગને સત્વર અચુક રીતે પકડે છે. ૨૧

રોગ ગ્રસ્ત એવું ગુરૂ શરીર તુરતજ કેવલ વિકૃતિ પામી ગયું. પેટમાં ગયેલું કાલકૂટ આખા શરીરને ક્ષણવારમાં ભેદી નાખે છે. ૨૨

રોગને હણવા માટે નિશ્ચલાંગ થઇ તે યોગીએ પૂરક નામનો પ્રાણાયામ કર્યો, અને આધાર પીઠથી વાયુને ઉર્ધ્વ ચઢાવી, કોષ્ટને વિષે ધીરજથી ધારી રાખ્યો; પછી નાભિપદ્મને ઉર્ધ્વ મુખ કરીને, વાયુને હૃદય પદ્મ વિષે ધારણ કર્યો, અને ધીમે ધીમે વાયુથી ગ્રંથિ ભેદ સાધીને, તંદ્રાહીન એવા તેણે, બ્રહ્મરંધ્ર તેથી પૂર્ણ ભર્યું. ૨૩-૨૪

દક્ષ એવા તેણે બાકીનાં દ્વાર બંધ કરી, મુખ થકી યથા યોગ્ય રેચક કરી, રોગ પિંડને ઉંચો ચઢાવી બહાર કાઢી, સહજમાં અલાબુપાત્રની અંદર નાખ્યો. ૨૫

---

* વાચંયમ એમ એટલે વાણીનો સંયમ કરનાર તેમના ચક્રવર્તી તેમાં પણ મુખ્ય.

સૂર્યને ઉર્ધ્વ ચઢાવવાથી તાપને લીધે ચંદ્રમાથી અમૃતનો વર્ષાદ થયો, જેથી સર્વ રોગની હાનિ થતાં અંગ માત્ર અતિ સુંદર અને નિરામય થઈ રહ્યું. ૨૬

સ્પર્શ કરવાને અયોગ્ય એવા પેલા તુખડાને મંત્ર શક્તિથી લેઇને એક અંધકૂપમાં નાખ્યુ, અને મુનિએ કહ્યું કે ધર્મ દ્વેષી વિના અન્યને તારા વંશમા આ રોગ આજ પછી થશે નહિ. ૨૭

ગુરૂના પ્રસાદથી વિપત્તિમાત્ર દૂર થતાં, મૃત્યુરૂપ રોગ નિવૃત્ત થતાં, રાજાએ પોતાનો નવો અવતાર થયો માન્યો અને આખા નગરમાં મહોત્સવ કરાવ્યો. ૨૮

વિમલાચલની યાત્રા કરી, રૈવતક ઉપર નેમીશ્વરને નમી. મારે માનવ જન્મનો સાર સંપાદન કરવો એમ રાજાએ મનમાં વિચાર કર્યો. ૨૯

શુભ મુહૂર્ત્તે રાજાને ગુરૂએ સંઘેશપદ આપ્યું, તે સમયે તુરતજ કોઇ ચરે આવીને હાથ જોડી આ પ્રમાણે વિનતિ કરી. ૩૦

અનેક રાજાને સાથે લેઇને ડાહલેશ્વર કર્ણ રાજ આપના ઉપર ચઢી આવે છે;—આવું ધર્મ કાર્યમાં અંતરાય કરનારૂં વચન સાંભળીને ગુરૂ આગળ કુમારપાલે બહુ શોચ કરવા માંડયો. ૩૧

મારા અભાગ્યે કરીને ધર્મ કૃત્યમાં આવો મહા અંતરાય મને નડયો, અથવા ભાગ્ય રહિત જનોના મનોરથ કદાપિ સિદ્ધ થતા નથી એમ આગમોમાં કહેલુજ છે. ૩૨

કૃપણનું ધન, અધમોત્તમેચ્છા, સુરગ ધુલ, વનકુસુમ, કૂપ છાયા, એ પાચે પોતે પોતામાંજ શમે છે. ૩૩

સજ્જનના સંગમથી નીચપણ કદાચિત્ ઊત્તમ ઇચ્છા કરે તો પુણ્ય વિવર્જિત એવા તેમનાં જે પાપ તે તેમને પ્રતિબંધ કરે છે. ૩૪

આ પ્રકારે ચિંતા કરતા તેને કાલને જાણનારા સૂરિએ તે સમયે કહ્યું કે બારમે પહોર એની મેળેજ સમાધાન થઈ જશે, માટે ચિંતા તજીને ધીરજ ધર. ૩૫

સૂરિનું એવું વચન મનમાં રાખીને તેણે યાત્રાર્થે ઉદ્યમ, આદરપૂર્વક, ચાલતો રાખ્યો, એવામાં બીજેજ દિવસે આવીને ચરે કર્ણ રાજાના મૃત્યુની વાત કહી. ૩૬

ચતુર્વિધ સંઘ સમેત બુધ એવા પોતાના ગુરૂ સાથે તથા અનેક નૃપોસહવર્તમાન કુમારપાલ વિમલાચલ ઉપર શ્રી જિનેશ્વરને નમન કરવા ગયો. ૩૭

પુંડરીક ગિરિરાજના ભૂષણ, પાપ તાપની અખિલઆધિનું ખંડન કરનાર એવા જિત પતિ શ્રી નાભિનંદનની ત્યાં તેણે હર્ષ ભેર પૂજા કરી. ૩૮

તીર્થને જોતાંજ પોતાના જન્મને કૃતાર્થ માનતો તે મંડપમ તુરતજ ગયો, અને ત્યાં મુકતાશુક્તિ મુદ્રા કરી, મંદ્ર સ્વરથી, શ્ર જિનેન્દ્રનું સ્તવન કરવા લાગ્યો. ૩૯

કર્મ રૂપી રેણુને હરણ કરી જનાર એકના એક મહાવાત મોહ રૂપી મલ્લના મદનું મર્દન કરનાર એક વીર, સંસાર રૂપી મહા સાગરના તીરના પામેલા ધીર મંદરાચલ જેવા હે શ્રી જિનેદ્ર તમે સર્વે કલ્યાણ આપો. ૪૦

જે તમારા પાદપંકજનું યજન કરે છે તેમને જન્મ જરા વ્યાધિ પીડતાં નથી, હે નાથ ! જે તમારા મતનો આશ્રય કરે છે તેમના સર્વ અભીપ્સિતાર્થ થાય છે. ૪૧

તમારા ચરણને જે હર્ષથી વારંવાર નમે છે તેને સમગ્ર સુરાધિપો પણ નમે છે, જે તમારે પાદે નમે છે તે મસ્તક પછી કોઈ અન્યને નમતું નથી. ૪૨

જે જડ મતિવાળા તમારા શાસનને અન્ય શાસન તુલ્ય કહે છે, તે મૂઢ જનો હે જિનેશ! અમૃતને વિષ સરખું માને છે. ૪૩

જગતના એકનાથ એવા તમને તજીને જે, મોક્ષાર્થે અન્ય દેવોનો આશ્રય કરે છે તે મૂઢજનો કલ્પવૃક્ષને છોડી દઈને ફલાર્થે ધત્તૂરતરૂનો આશ્રય કરે છે. ૪૪

કોઈ દેવ રાગ પૂર્ણ છે. કોઈ આમયજ વિદ્ધ છે, કોઇ ક્રોધવાળા છે, પણ દોષ માત્રથી રહિત એવા આ સમયમાં તો આપ ભગવાનૂજ એક છો એમ જણાય છે. ૪૫

ચિન્મય એવા શ્રી જિન તમને નમસ્કાર, જગદીશ્વર એવા તમને નમસ્કાર- લોકને સુખ માત્ર આપનાર એવા તમને નમસ્કાર- મહોદય જેણે પ્રાપ્ત કરેલો એવા તમને નમસ્કાર. ૪૬

હે નાથ! હુ જગતમાં બહુ તીર્થ ભમ્યો, પણ તે સર્વમાં તારક એવું તીર્થ તો આપનેજ જોયા માટે આપને ચરણે પડયો છું મને કૃપા કરીને હે કૃપાલો! તારો. ૪૭

આ વિશ્વમાં તમે એકલાજ જ્ઞાતા છો, તમારાથી અન્ય કોઇ કૃપા પરાયણ નથી. મારા કરતાં અન્ય કોઈ કૃપા પાત્ર નથી, માટે હે શરણ્ય મને કિંકર રૂપે સ્વીકારો. ૪૮

તમે જીવીત છો, તમે જનક છો, તમે માતા છો, તમે મારા પતિ છો. તમેજ અદ્વિતીય ગતિ છો, માટે હે સ્વામીન! ડુબતા એવા આ તમારા કિંકર ઉપર નજર કરી તેને કૃતાર્થ કરો. ૪૯

અન્યને હું સ્તવતો નથી, અન્યને વદતો નથી, અન્યને ભજતો નથી, અન્યને શરણે જતો નથી, તો ભવ સાગરમાં તણાતા એવામને હે કરૂણા સાગર! તમે કેમ તારતા નથી! ૫૦

તમારી આજ્ઞાથી હીન એવા ચક્રવર્તી કે ઈંદ્રના પદની મને હે નિરીહ! લેશ ઈચ્છા નથી, હે સ્વામીન્! તમારી આજ્ઞાને વશ વર્તનાર એવા મને ભવેભવે રક્તત્વજ હો. ૫૧

સંસાર નીરનિધિ તારક! ચિંત્તીતાર્થ શ્રી રત્નસિંહ ગુરૂસત્વ વિરાજિત માયાદિ દોષથી રહિત એવી ચારિત્ર સુંદર*મતિ, હે જિન! તમે મને અપો. ૫૨

---

* રોગ.

* ચિંતિતાર્થ શ્રી રત્નસિંહ ગુરૂસત્વ વિરાજિત એમ વચમાં અટકયા વગર વાંચીએતો રત્નસિંહ એવું નામ નીકળે છે, જે આ ગ્રંથ કર્તાના

ભક્તિના સારરૂપ એવું આ પાપહર જિનસ્તવન જે કોઇ સ્તાવક કંઠે કરે, તે વિમલ ભાવવાળો વિપત્તિ માત્રથી મુક્ત અને સંપત્તિથી યુક્ત મહાનંદ સુખ ભોગવે. ૫૩

પાપ માત્રનો નાશ કરનારી જિન મૂર્ત્તિ માત્રની તેણે હર્ષથી પૂજા કરી, અને સૂરિના વચનથી સંઘ નાયક વિધિ યથાર્થ કર્યો. ૫૪

મહા સુવર્ણનો વ્યય કરીને તેણે દેવ ઋણની મુક્તિ કરી, તથાપિ એની વિશાળ દાન બુદ્ધિ, દાન રસથી તૃપ્ત થઇ નહિ. ૫૫

મધુમતી આદિ પુરોનાં શ્રી જિનેન્દ્રભવનોમાં પૂજા કરતે કરતે, સુરદેશ (સુરાષ્ટ્ર)માં જિનમત વિસ્તારતે વિસ્તારતે, નરેશ્વર રૈવતાચલ ઉપર ગયો. ૫૬

ત્યાં, યાદવ કુલોદય સૂર્ય, મોહમદાદિનો ધ્વંસ કરનાર શૂરભવ શરીરને છેદનાર ચક્ર, એવા શ્રીનેમિનાથને, નિર્નિમેષ ચક્ષુથી અર્ચતા તેણે નમન કર્યું. ૫૭

તે સજ્જનનો જન્મ હું સફલ માનું છું કે જેણે આ સુંદર જિન વિહાર અત્ર કરાવ્યો છે, એમ મનમાં વિચાર કરતાં તેણે ઉત્તમ પુષ્પ સમૂહથી શ્રી જિનની પૂજા કરી. ૫૮

ભરતની પેઠે તીર્થ યાત્રા કરતા તેણે મેઘની પેઠે અસંખ્ય દાન કર્યું, અને ગુરૂની પેઠે વિજય વચનોથી સંઘ માત્રને સંતોષતો તે હરિની પેઠે અનેક ઉત્સવ યુક્ત એવા પોતાના નગરમાં પેઠો. ૫૯

---

ગુરૂ છે; એમ ચારિત્રસુંદરમતિ એ શબ્દમા પણ રત્નસિંહના શિષ્ય ચારિત્ર સુંદર જે ગ્રંથ કર્તા તેનું નામ નીકળે છે. આવી અંતર્લાપિકા છે. જે રીતે કટકા કર્યા છે તે રીતે અર્થ સ્પષ્ટ છે કે ચિંતાર્થ આપનાર ચિંતામણિ સિંહ જેવા ગુરૂ નામ, ગંભીર સત્વ એટલે પરાક્રમથી વિરાજિત, ચારિત્ર સુંદર મતિ એટલે પણ ચારિત્રથી સુંદર એવી બુદ્ધિ તે આપો,]

આ પ્રકારે ચિત્તથી ગુરૂને વશ થયેલો તે ગુરૂની સેવા કરતો, પ્રવચન રૂપી સાગરમાંથી સૂક્તરૂપી રત્નોને લેતો કુમારપાલ ઘણોક સમય દેવ લોક જેવા સાગ્રગ્ર ગુણના અનુભવમાં કાઢતો હવો. ૬૦

## ઈતિ પ્રથમો વર્ગઃ

---

રામ જેવા નિર્મલ નીતિ પ્રકાશવાળો, દીપ્ત તેજવાળો, તે પૃથ્વી ઉપર રાજ્ય કરતો હતો, ત્યાં સુધી શત્રુ, ભય, * ઈતિ એક શું શુદ્ધ ધર્મ માર્ગને અનુસરતા જનોને નડ્યું નહિ. ૧

વાગ્ભટ્ટ અને આંબ્રભટ્ટ એ બે મંત્રીઓ બધી રાજ્ય ચિંતા ચલાવતા હતા અને રાજા પોતે તો સદ્ધર્મ પરાયણ રહી ઇન્દ્રની પેઠે વૈભવ ભોગવતો હતો. ૨

એવામાં દૈવ યોગે કરીને ઉદયનના એ બે પુત્ર અકસ્માતજ મરણ પામ્યા, જેથી બહુ શોક પામતા સમગ્ર લોક મહા સંકટ પડયું એમ માની, દીન શબ્દથી રૂદન કરવા લાગ્યા. ૩

મહા ભાગ્યવાન્ એવા શ્રી હેમચંદ્ર ગુરૂએ પણ ચોરાશી વર્ષ સુધી આયુષ સાચવ્યું; પણ પછી અવસાન સમય પાસે આવ્યો છે એમ જાણી સમયજ્ઞ એવા તેમણે અનશન ગ્રહણ કરી આરાધના કરવા માંડી. ૪

હે ગચ્છેશ! અનલ્પ કલાના નિધાન! હે સ્વામીન્! મને અત્ર મૂકીને આપ દેવલોકમાં ક્યાં જાઓછો? અનંત જન સમુહથી પૂર્ણ એવી પણ પૃથ્વી, હે મુનિશ! આપના વિના શૂન્ય થઈ રહેશે. ૫

એમ કહેતા રાજાને સૂરીએ કહ્યું કે હે વિચારજ્ઞ! કોઇપણ ખેદ માકર! તારૂ આયુષ હવે છ માસ જેટલુંજ રહ્યું છે. એટલે તે પછી તું પણ સ્વર્ગમાંજ આવસે. ૬

---

* અતિ વૃષ્ટિ, અના વૃષ્ટિ, મુષક, શલભ, શુક, દેશોપદ્રવ, પરચક્રાગમ, એ સાત ઇતિઓ કહેવાય છે.

શોકથી વિધુર એવા રાજાને ભાવિ કહી, અખિલ રાજકાર્ય પ્રથમથીજ બતાવી, શ્રી વીતરાગના ચરણનું સ્મરણ કરવામાત્રમાંજ ચિત્ત રાખી, કમલાસનસ્થ સૂરીશ્વર સ્વર્ગે ગયા. ૭

કર્પુર અગુરૂ ચંદન ઇત્યાદિ સુગંધ દ્રવ્યથી કુમારપાલે પ્રભુના શરીરને, જેમ હરીએ જિનેન્દ્રને કર્યો હતો તેમ, સંસ્કાર કર્યો, તથા અરે વિધાતા! આ શું કર્યું એમ વિધિને વારંવાર નિંદતો, તથા તેમના ગુણ સમૂહને વારંવાર સ્મરતો, તે મૃત્યુ સમાન મુર્છામાં ઢળી પડયો. ૮

શીતોપચારથી ભાનમાં આવતાં જ્ઞાની છતાં પણ, મોહથી વિવેશ થઈ રાજા વિલાપ કરવા લાગ્યો, કે સૂરીનું મરણ જોતાંપણ જે હૃદય ફાટી જતું નથી તેવા વજ્ર સંદેશ હૃદયને અનેકવાર ધિક્કાર છે. ૯

જેણ પ્રકટ પ્રભાવવાળી મહાદેવી કંઠેશ્વરીને ક્ષણવારમાં પોતાની મંત્ર શક્તિથી બાંધી આણી હતી, તે સૂરાસૂર નરેશ્વરાદિથી સેવાયલા ચરણવાળા, શ્રી હેમસૂરિ આજ સ્વર્ગલોકમાં ગયા. ૧૦

બલ, પરિજન, સ્વજન, સર્વેને ધિક્કાર છે, વૈભવને ધિક્કાર છે, આ વિષય સુખને ધિક્કાર છે, કે જતુ, પોતાના કર્મને વશ થઇ, ક્ષણમાંજ સર્વને છોડી દેઈ પરલોકમાં જાય છે. ૧૧

અરે ધાતા! વિશ્વના શિરોભૂષણ, અખિલ વિદ્યાયુક્ત, અને પ્રકટ યશવાળા પુરૂષ રત્નને તું ઘડે છે, ને તેને પાછું પોતાને હાથેજ તું યમને સોંપે છે! અરેરે! એમ કરતાં કૃતઘ્નીઓના અગ્રણી તું નાશ શાને પામતો નથી! ૧૨

જે વિશ્વમાત્રને મહા ઉપકાર કરવામાંજ રસમાનનારા છે, જે સર્વ જનને સમાન છે, જે દીનની પીડાના હરનાર છે, જે મહોટા ગણધર છે, જે શીલ રત્નાકર છે, જે વિદ્વજ્જનોના મુકુટ જેવા છે, જે સજ્જનોને આનંદ આપનારા છે, તેવા સત્પુરૂષોને પણ કૃપણ વિધિએ દીર્ઘાયુ કર્યા નથી એ તેને ધિક્કાર છે. ૧૩

નિપુણ જનોએ બોધ કરવાથી સત્યનો આધાર રાખી તે ગુરૂની ભસ્મને લેઇને નમ્યા, અને એનું જોઇને અખિલ રોગને હરનાર એવી તે ભસ્મ જનમાત્ર એટલી બધી લેઇ ગયા કે તે ઠેકાણે ધીમે ધીમે મ્હોટો ખાડો પડી રહ્યો. ૧૪

રક્ષા કરનારી, અખિલ રોગ હરનારી એવી એ વિભૂતિને ચારે પાસાથી આવી આવીને બહુ લોકો લેઈ જવા લાગ્યા, તેથી જે ખાડો પડ્યો તેનું નામ ગુરૂના નામ ઉપરથી પડ્યું, જે અદ્યાપિ પણ અણહિલપુરમાં પ્રસિદ્ધ છે. ૧૫

શોકથી વિવશ થયેલો રાજા, તાંબૂલ, ચંદન, વિલેપન, ભોગ, ઇત્યાદિ સર્વ તજીને દશ દિવસ સુધી પૃથ્વી ઉપર સુઈ રહ્યો, અને પંડિતોએ ઘણી ઘણી રીતે સમજાવ્યો ત્યારે સર્વ અર્થને જાણનાર એવા તેણે પોતાનો મહા શોક કેટલાક દિવસે મૂક્યો. ૧૬

જે અનંત વિદ્યાન્વિત પુરૂષો મહા સમુદ્રોને પણ શોષી નાખે છે, વજ્ર જેવા કઠિન મુષ્ટિ પ્રહારથી જે મેરૂને પણ દળી નાખે છે, મેરૂનો દંડ બનાવીને જે પૃથ્વીને છત્રાકાર કરી દે છે, એવા સર્વે જિનો પણ કાલવશાત્ યમના મુખમાં ગયેલા છે. ૧૭

જેણે અન્યનું ગમે તેવું મ્હોટું પણ તેજ લોપ કરી નાખ્યું, સમસ્ત કમલ ગણનો પ્રબોધ કર્યો, વેગે કરીને પોતાના પ્રકાશથી અખિલ વિશ્વને ઉદ્ભ્રામિત કર્યું, અને જેણે સર્વે પદથી ભૂમિખંડને આક્રાન્ત કરી શંકા રહિત કર્યો, એવો સૂર્ય અધમ એવા વિધિના યોગથી અસ્ત થયો પણ શોચનીય નથી. ૧૮

શ્રી કુમારપાલ ભૂપાલ ગુરૂના ગુણોને સંભારતો, સંવેગરસ પૂર્ણ થઈ, ગુરૂનાં કથાદિ સાંભળવામાં છમાસ કાઢતો હવો, અને પ્રૌઢ બુદ્ધિવાળાએ ચૌલુક્યચૂડામણિએ, સૂરિના વચનથી પોતાના અવસાનનો સમય જાણેલો તેથી, હર્ષે કરીને પોતાને હાથેજ, ચૈત્ય-માં બલી મૂક્યો. ૧૯

ભાઇના દીકરાએ આપેલા વિષથી અંગ સૂકાવા લાગ્યાં, એટલે શ્રી વીતરાગના ચરણના સ્મરણ માત્રમાંજ ચિત્ત રાખી, છાશી વર્ષ સુધી જીવી, કુમારપાલ સ્વર્ગે ગયો. ૨૦

પોતાના પિતા જેવો તે ભૂપતિ સ્વર્ગે ગયો તેથી અખિલ લોક, હાહાકાર કરી ધીરજ તજીને આક્રંદ કરવા લાગ્યા, શોકથી પીડાઇને પશુપણ તૃણ જલાદિ લેતાં નહતાં, અને ગળી અથવા મેષના કર્દમથી લીપી લીધી હોય તેવી દિશામાત્ર દેખાતી હતી. ૨૧

ચૌલુક્ય કુલમણિ, પૃથ્વીના શૃંગાર, વિશ્વમાત્રને અભયદાન આપનાર ચતુર, રમણીઓના સાક્ષાત્ કંદર્પ, લોકના ઉત્તમ પિતા, દાનથી દારિદ્રય વ્યાધિને હણનાર, ધર્મપ્રિય, એવા હે કુમાર નૃપતી અરેરે તમે ક્યાં છો! અમારો સંગાત કરો. ૨૨

વિશ્વમાત્રના તાપને શમાવનાર એવા મેઘ રૂપી તમે સ્વર્ગમાં જવાથી દૂર થયા એટલે સજ્જનોના માનસરૂપી જે માનસ તે જલસમૂહથી ચિરકાલ પર્યંત પૂર્ણ થઈ રહ્યું, પણ *તીવ્રકરથી તપ્ત થતાં તે ક્ષણમાંજ શોષાઇ જશે અને તેનો વિરહ ન સહન થવાથી આ હંસ અન્ય સ્થાને જશે, ૨૩

બુદ્ધિ બૃહસ્પતિમાં, કલા ચંદ્રમાં. ગાંભીર્ય સમુદ્રમાં, ધૈર્ય દેવ ગુરૂમાં, ક્ષમા ચંદ્રમાં, પ્રકૃષ્ટ પ્રતાપ સૂર્યમાં, એમ તમારામાં રહેલી કલામાત્ર તે સ્થાનને વિષે જશે. પણ હે વિભો! તમે ગયા એટલે જીવદયા ક્યાં જશે? તેની ચિંતા કરવી જોઇએ. ૨૪

પુત્રની પેઠે તમે પાલેલાં આ સર્વ જંતુને હે ક્ષિતિપાલ શિરોમણિ! પ્રીતિથી કોણ પાલશે? એમ અશ્રુપુરથી નિરૂદ્ધ થયેલાં કંઠ અને ચક્ષુ સમેત જલસ્થલ તથા આકાશનાં પ્રાણિ માત્ર, અત્યંત શોક પામી, કહેવા લાગ્યાં. ૨૫

હે ધર્માત્મા! પરમાર્હત! પ્રિયકર! પૃથ્વી પાલકશિરોમણિ, વિદ્વમૌલિમણિ! મારિ નિવારણ કરનાર! મરણ પામેલાંની નિવા-

---

* તીવ્રકર એટલે સૂર્ય, તેમ તીવ્ર નામ ન ખમાય તેવા કર.

રસી મિલ્કત ગૂથી દેનાર ! તમે એકવાર પણ કરૂણા કરીને પૃથ્વી ઉપર અવતરો એમ તમારા વિરહને સહન ન કરી શકનાર જીવ માત્ર વિનતિ કરે છે. ૨૬

એમ કરૂણા દર્શાવતાં સર્વે પ્રાણીઓ કુમારપાલની સ્તુતિ કરવા લાગ્યાં, અને પાપ માત્રને નાશ કરનારી એવી તેની કીર્તિ ગંગાનું પાન કરીને, નિવૃત્તિ પામ્યા; તેમ સ્વર્નારી સમેત દેવ ગણોએ પૂજાયલો, સર્વાભિલાષથી પરિપૂર્ણ થયેલો એ પણ શ્રી સ્વર્ગ ધામને વિષે શુભ વિષયોપભોગનું સુખ ભોગવવા લાગ્યો. ૨૭

આ પ્રકારે જે ભવ્ય જીવો જિન શાસનની ઉન્નતિ કરે છે તે અને તેમ પવિત્ર સચ્ચરિત્રથી સુપ્રસિદ્ધ થઈ, સર્વ સંપત્તિ ભોગવે છે, સ્વર્ગમાં દેવ લોક સાથે ચિરકાલ સુધી દાન કર્મનું ફલ ભોગવી; ઈચ્છાની પણ પાર એવું જે નિઃસીમ અને શાશ્વત કૈવલ્ય સુખ તેને ક્રમે કરીને આપે છે. ૨૮

નિત્યે શુભ એવા શુકલ પક્ષની સ્થિતિ ઉપર વૃત્તિ રાખવાથી વિશદ, શ્યામ પક્ષનો નાશ કરનાર, અશેષ દોષાકરનો વિનાશ કરનાર, બહુ મુનિસમેત, બહુ શોભાથી રમણીય, વિશ્વને આનંદ ઉપજાવતો, નિખિલ તમો ગણનો ધ્વંશ કરનાર, નિત્યાત્પોદય, શુદ્ધ વૃત્ત વાળો, આ નિરંતર શ્રીમાન્ ચંદ્ર ગચ્છના ઉપર ચંદ્રની પેઠે શોભે છે.* ૨૯

---

* શુકલપક્ષ તે ચંદ્રપક્ષે પ્રસિદ્ધ છે આ, એટલે ૩૦ શ્લોકમા કહે છે તે તપાગણ તે પક્ષે શ્વેતાંબરપક્ષ દ્રોષાકર એટલે ચંદ્ર પક્ષે દોષા નામ રાત્રી તેના આકર એટલે સમૂહનો નાશ કરનાર, અને તપાગણ પક્ષે દોષના સમૂહનો નાશ કરનાર નિત્યાત્પોદય એટલે નિત્યે પ્રાપ્ત થયેલો છે ઉદય જેને અર્થાંત સર્વદાઉદિત એવો ચંદ્ર અને નિત્યે આપ્ત જનોનો ઉદય કર્યો છે. જેણે એવો તપોગણ શુદ્ધવૃત્ત એટલે શુદ્ધ નામ અખંડિત વૃત્ત એટલે ગોળ છે જેનો તે ચંદ્ર, અને શુદ્ધ એટલે અતિ વિમલવૃત્ત એટલે ચારિત્રવાળો આગણ.

કલ્યાણ પરંપરાથી શોભિત, સુમન, શ્રેણિ જેનો આશ્રય કરે છે એવો, વિખ્યાત, મેરૂ જેવો નિશ્ચલ આ વૃદ્ધ તપોગણ વિજયી વર્તે છે; વિશ્વના અલંકારરૂપ, વિસ્તાર પામેલા, સજ્જનોને આનંદ ઉપજાવનાર, ઉન્નતિયુક્ત, એવા એ ગણનાજ અન્ય ગણોપાદ હોય તેવા એના આગળ દેખાય છે. ૩૦

તેને વિષે વિસ્મયકારક એવા ચારૂ ચારિત્ર ચૂડામણિ, શ્રીમાન્ શ્રી વિજયેન્દુસૂરિ થયા જે ભવ્ય જંતુના ચિંતામણિ હતા; તેમના પટ્ટ ઉપર મહીન્દ્રે પૂજિત એવા ક્ષેમ કીર્તિ થયા જેમણે કરેલી કલ્પ સુત્ર વૃત્તિ કિયા વિદ્વાનોને વિસ્મય પમાડતી નથી ? ૩૧

જ્ઞાનાંબુ રત્નાકર, કીર્તિના વિસ્તારથી મનોહર, શુભ ગણ શ્રેણિરૂપી લતાનાજલધર, એવા શ્રી રત્નાકર સૂરિ થયા; સકલ ક્ષિતિ મંડલ ઉપર વિખ્યાત અને નિઃસશય તમોહારી એવા એમના નામથીજ તપોગણનુ નામ રત્નાકર એવું પડેલુ છે. ૩૨

તેના પછી અનુક્રમરૂપી પૂર્વ શૈલના સૂર્ય, કામકરીના અંકુશ, યોગીંદ્ર ચૂડામણિ શ્રી અભયસિંહ સૂરિ થયા, તેમના પટ્ટ ઉપર પ્રકટ પ્રભાવથી પ્રસિદ્ધ, વાદિઓના તેજનો ધ્વસ કરનાર, ભવ્યજનોના ચિંતામણિ, એવા શ્રી જયચંદ્ર સૂરિ થયા. ૩૩

સમસ્ત તાપનો સંહાર કરતી, સચ્છીલરૂપી દંડ ઉપર રહેલી સ્ફુરચ્ચંદ્રકલા જેવી ઉજ્જ્વલ, એવી એમની કીર્તિ દશે દિશાએ શ્વેત છત્રરૂપે વિસ્તરી રહી છે; તેમના પટ્ટ ઉપર ઉન્મત્ત એવા વાદીઓરૂપી મત્તવારણોના સિંહ, પાપનો સંહાર કરનાર, ગણધર શ્રી રત્નસિંહ સૂરિ થયા તે ચિરકાલ જય પામો. ૩૪

અનેક શિષ્યે જેમના ચરણ કમલ, સેવાયલા છે એવા ભવ્ય જનોનાં તલસી રહેલાં નયનોરૂપી ચકોરના ચંદ્રરૂપ, રાજાઓ જેને નમન કરે છે એવા, તેમનો ચારિત્ર રત્ન નામના રસિકશિષ્ય લેશે, સર્વને આશ્ચર્ય પમાડનારૂં, નાના પ્રકારના વિચારયુક્ત, કુમારપાલ ચરિત્ર રચ્યું છે. ૩૫

આ પવિત્ર અને વિચિત્ર ચરિત્ર જે જેની અભ્યર્થનાથી રચ્યું તે અશેષ ગુણના પ્રવર્તાવનાર મુનિચંદ્ર નામના સૂરિ નિત્યે જય પામો. ૩૬

જિનેન્દ્રે કે મત ધારી વિના અન્યનો ગચ્છ શાસ્ત્રને યથાર્થ જાણી શકે નહિ, માટે શુદ્ધ સજ્જનોએ મારી કૃતિને પ્રેમથી વિચારીને શોધી લેવી;–પરોપકાર કરતાં અન્ય ધર્મ નથી. ૩૭

જે મારા જડતારૂપી અંધકારને હરનારા, પોતાની વાણીની પ્રભાથી પરિપૂર્ણ, સર્વત્ર અજવાળું કરનારા, પ્રતાપપૂર્ણ, તથા સુર્યની પેઠે દોષાપહ, એવા શ્રી જય મુર્તિરૂપ પાઠકવર યોગીશ્વર છે, તે સર્વદા આનંદ ઉપજાવનારા, સ્વતઃ પૂર્ણ આનંદ પામી સર્વદા આનંદને વિસ્તારો. ૩૮

શ્રી રત્નસિંહ ગુરૂ ચરણ કમળના ભ્રમર ચારિત્ર સુંદર ગણિએ રચેલા કુમારપાલ ચરિત્રનો અનશન નામનો દશમો સર્ગ થયો. ૩૯

## દશમઃસર્ગઃ

---